વાલ્મીકિરામાયણ.

બાલકાંડ.

મનહરરામ.

શ્રી

વાલ્મીકિરામાયણ.

બાલકાંડ.

कूजन्तं राम रामेति मधुरं मधुराक्षरम् ।
आरुह्य कविताशाखां वन्दे वाल्मीकिकोकिलम् ॥

ભાષાંતર કરનાર

મનહરરામ હરિહરરામ મહેતા, બી. એ.

સંવત ૧૯૭૨.

કિંમત રૂ. ૧.

રા. મનહરરામ હરિહરરામ મહેતાએ શાંતિમંદિર સાંતાક્રુઝ (થાણા જીલ્લા)
માં પ્રકટ કર્યું

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦.

શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું
સાકડીશેરી રોડ—અમદાવાદ.

પ્રસ્તાવના.

क्व सूर्यप्रभवो वंश: क्व चाल्पविषया मति. ।
तितीर्षुर्दुस्तर मोहादुडुपेनास्मि सागरम् ॥

વાલ્મીકિ રામાયણનાં ગદ્યાત્મક **ભાષાંતરો** તો ગુજરાતીમા છે, પણ તેવા ભાષાંતરો ગમે તેવાં ઉત્તમ હોવા છતાં પણ પદ્યની મઝા પદ્યમાંજ હોવાથી આ પ્રયાસ કરવો પ્રાપ્ત થયો છે. અલબત્ત ભાષાંતર પદ્યાકાર હોય તે છતાં પણ મૂળના કરતાં તેમાં ઘણી ન્યૂનાધિકતા હોય છે અને તેવી ન્યૂનાધિકતા જેમ બને તેમ ઓછી કરી મૂળ કાવ્યને તેના યથાર્થ સ્વરૂપમાં દર્શાવવું એ ભાષાંતરકારનું કર્તવ્ય છે. આ કર્તવ્ય આ *ભાષાંતરમાં કેટલે અંશે સિદ્ધ થયું છે એનો નિર્ણય વિદ્વજ્જનોએ કરવાનો છે.

ગુજરાતી ભાષાનો હાલમાં થતો વિકાસ અને પ્રચાર ધ્યાનમાં રાખી ભાષાતરમા **સંસ્કૃત** શબ્દો તથા સમાસોનો જરા છૂટે હાથે ઉપયોગ કરેલો છે, પણ વાક્યરચના જેમ બને તેમ સાદી અને સરળ રાખેલી હોવાથી તેમજ પાનાને છેડે અઘરા શબ્દ વિગેરેના અર્થ તથા ખુલાસા આપેલા હોવાથી, હુ આશા રાખુ છું કે થોડાક સર્ગોના અભ્યાસપછી વાચકને ભાષાતર અઘરૂં નહીં લાગે.

સંસ્કૃત અનુષ્ટુભની મઝા ગુજરાતી અનુષ્ટુભમાં મ્હારા વિચાર પ્રમાણે ન આવતી હોવાથી અને **રામાયણ** સરખા મહાકાવ્યને યોગ્ય ગુજરાતીમા કોઇ પણ વૃત્ત કે છંદ મ્હને માલમ ન પડવાથી ભાષાંતરનું પદ્ય કયા આકારમા મૂકવું એ પ્રશ્ને ઘણી મુઝવણ ઉત્પન્ન કરી હતી. આખરે બહુ વિચાર અને ઘણા

---

* આ ભાષાતર નિર્ણયસાગર છાપખાનાએ પ્રસિદ્ધ કરેલી વાલ્મીકિ રામાયણની પ્રતિપરથી કરેલું છે

પ્રયત્નો કર્યા પછી શામછંદની યોજના કરવામાં આવી છે, જેની સાર્થકતા આસાથે પ્રસિદ્ધ કરેલા સાક્ષર શિરોમણી શ્રીયુત કેશવલાલભાઇએ તેના શાસ્ત્રીય દૃષ્ટિએ કરેલા અવલોકનપરથી સ્પષ્ટ થશે. આ છંદ વાંચવાની ધાટી *ઝૂલણા છંદ રાગડો તાણીને નહીં પણ એમને એમ વાંચીએ તે પ્રમાણે વાંચવાથી સહજ હાથ આવી જશે અને એ પ્રમાણે ધાટી બરોબર હાથ આવ્યા પછી કોઇ પણ રાગમાં ગાવો હશે તો તે ગવાઇ પણ શકાશે.

છેવટે આ અનુવાદને યોગ્ય સત્કાર મળતાં અનુભવ અને અભ્યાસથી તેમજ થયલા અવલોકનના પ્રકાશથી બાકીનું કાવ્ય આથી વધારે રસિક આકારમા મૂકી ગુર્જર સાહિત્યની સેવા બજાવવા હું શક્તિમાન થાઉં એમ ઇશ્વિરપ્રત્યે પ્રાર્થના કરી તથા શ્રીયુત કેશવલાલભાઇ તેમજ મ્હારા બીજા મિત્રોનો તેમણે આપેલા ઉત્તેજન બદલ અને રા. શંકરરાય અમૃતરાય રાયજીનો તેમણે આ પુસ્તક છાપવાનું કામ ઘણા કૌશલ્યથી કરવા બદલ ઉપકાર માની આ મ્હારો પ્રથમ પ્રયાસ રસિક ગુર્જર સમાજ આગળ રજુ કરૂં છું.

પોષ સુદિ પૂર્ણિમા,
સંવત ૧૯૭૨.
સાંટાક્રુઝ.

મનહરરામ હરિહરરામ મહેતા.

---

* " આજ મહારાજ ! જલપર ઉદય જોઈને ચદ્રનો હૃદયમા હર્ષ જામે "
રા મણિશંકર ભટ્ટ

વાલ્મીકીય રામાયણ.

બાલકાંડ.

કર્તા મનહરરામ હરિહરરામ.

વાલ્મીકિના જગપ્રસિદ્ધ સંસ્કૃત કાવ્યનું ગૂજરાતી પદ્યાત્મક ભાષાંતર આ પહેલુંજ છે. ભાષા સસ્કૃત પ્રત્યેના પક્ષપાતને લીધે કંઇક કઠિન પણ મનોહર છે. સસ્કૃતમા વૃત્ત અને ગૂજરાતીમાં જાતિ વ્યાપક થવાની વિશેષ યોગ્યતા ધરાવે છે તે કારણથી મૂળનો અનુષ્ટુભ છંદ મૂકી દેઈ રા. મનહરરામે ભાષાંતરમાં માત્રાત્મક પદ્યબંધની યોજના કરી છે. પ્રચલિત માત્રાત્મક છંદોમાં ચરણોની અને ચરણોમાં સંધિની સખ્યા નિયત હોય છે. ભાષાંતરમાં એ રૂઢિ બાજુ ઉપર મૂકી પદ્યબંધ યથેચ્છ લાંબા ટૂંકા ચરણે અસ્ખલિત ચાલ્યો જાય છે. માત્રામેળમા ચરણના અંતે અને કવચિત વચ્ચે પણ સંવાદ જાળવવા યતિ રાખવામા આવે છે, તે અહીં અનાવશ્યક હોવાથી વિરામ ચિહ્નજ યોગ્ય વિરામ સ્થાનની ગરજ સારે છે. આર્ષબંધની સાદાઇનૂ તત્ત્વ અનુવાદમા ઉતારવા પ્રાસનો અહીં ત્યાગ કર્યો છે. તેથી પ્રાસે દૃષ્ટિ ખેંચનારા વિભાગોના અભાવે પ્રત્યેક સર્ગ એક અખંડ પદ્યબંધ બની રહે છે ગૂજરાતીમાં સંધિ સખ્યા ચરણ સંખ્યા અને પ્રાસથી મુક્ત કવિતા [Blank Verse[નો આ પ્રકાર લક્ષ ખેંચનારો છે. મૂળનુ ગૌરવ ભાષાંતરમાં આણવાને રા. મનહરરામે સારો શ્રમ લીધો છે.

અમદાવાદ.
તા. ૧૩-૧-૧૫.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

અનુક્રમણિકા.

* સર્ગ ૩૬ માનો થોડો ભાગ તથા સર્ગ ૩૭ મો કંઇક અશ્લિલ હોવાથી ભાષાંતરમાં છોડી દીધા છે અને તેને લીધે સર્ગ ૩૭ થી સર્ગ ૪૮ સુધી સંખ્યા માંડવામાં ભૂલ થતાં સર્ગના માંડેલી સંખ્યામાં એક ઉમેરવો.

શ્રીમદ્ રામાયણ.

બાલકાંડ.

સર્ગ ૧ લો.

નારદ.

હરિગીત

તપકાર્ય ને વેદોતણા અધ્યયનમા જે ઝૂઝતા,
સહુ [1]વાકવિદ જનમા વડિલ [2]નારદ મુનિને પૂછતા
[3]વાલ્મીક તપસ્વી—“ હે મહર્ષિ ! કોણ સાપ્રત કાળમા
આ લોકમહી ગુણિજન, કૃતજ્ઞી, ધર્મ જેની જાણમા,
વળી સત્યવચની, વીર્યવત, દૃઢતાથકી વ્રત પાળતો,
ચારિત્રથી જે યુક્ત, સહુ પ્રાણીમહી હિત ધારતો
સુદર સ્વરૂપે આત્મને વશ રાખતો વિદ્વાન છે,
જે ક્રોધને જિતનાર, [4]અસૂયારહિત કાંતિમાન છે,
વળી જે સમર્થનુ રોષથી આવિષ્ટ દર્શન જોઇને,
ભય પામતા સહુ દેવતા નિજ અડગ હિમ્મત ખોઇને,

---

૧ ભાષા જાણનાર ૨ દેવર્ષિ નારદ–બ્રહ્માના પુત્ર બ્રહ્માના મસ્તકમાથી ઉત્પન્ન થયા હતા એમને દસ પ્રજાપતિઓમાના એક ગણવામા આવે છે ૩ રામાયણના કર્તા–આદિકવિ વાલ્મીક બ્રાહ્મણ હોવા છતા લુટારાનો ધંધો કરતા એક વખત ત્હેમને સપ્તર્ષિઓ મળ્યા જ્હેમણે એમને ઉપદેશ કર્યો અને રામને ઉલટાવીને એટલે “ મરા મરા ” એવો મંત્ર આપ્યો આ મંત્ર જપતા જપતા હજારો વર્ષ થઇ ગયા તે એટલે સુધી કે મુનિપર વલ્મીક એટલે મ્હોટુ કીડીઆરું બંધાઈ ગયુ, જે ઉપરથી એમનુ નામ વાલ્મીકિ પડ્યુ. ૪ અદેખાઇ

એ જાણવા મુનિશ્રેષ્ઠ વિનવું પરમ કૌતૂહલ મને,
છો આપ સર્વ સમર્થ, વિદિત હશે પુરૂષ કો આપને."
વાલ્મીક મુનિના વચન આવાં શ્રવણ કરીને પ્રીતથી,
વદતા ત્રિલોકજ્ઞાની નારદ વચન હર્ષિત ચિત્તથી—
"જે ગુણ ગણાવ્યા હે [1]ઋષર્ષભ! જગતમા દુર્લભ બહુ,
પણ કહુ હું સુણજો કોણ નર જેમા વસે આ ગુણ સહુ
[2]ઇક્ષ્વાકુવંશજ રામના નામે કરી વિખ્યાત છે
નિજ આત્મ રાખી નિયમમા વશ રાખી જેણે જાત છે,
બહુ વીર્યવાળો, બુદ્ધિશાળી, ધૈર્યનીતિ ધારતો,
શ્રીમાન, કાંતિવાન, વક્તા, શત્રુને સંહારતો,
દૃઢ [3]મહા હનુ ને વિપુલ સ્કંધો, [4]કંબુ સરખો કંઠ છે,
વિસ્તીર્ણ જેનુ [5]વક્ષ ને ગૂઢ હાંસડીના દંડ છે,
તેજસ્વી એ મહાબળ ધનુર્ધર શત્રુઓનો કાળ છે,
[6]આજાનુબાહુ, રમ્ય શિર, રૂપાળ ભાળ વિશાળ છે,
એ છે પ્રતાપી, [7]સ્નિગ્ધ વર્ણું, અંગ સર્વ સમાન છે,
ને અક્ષવક્ષ વિશાળ, લક્ષણવંત લક્ષ્મીવાન છે,
ધર્મજ્ઞ, શુદ્ધ, યશસ્વી એ નર મન પ્રજાહિત રાખતો,
જ્ઞાની, સમાધિમાન, [8]નિગ્રહી, સત્યનિશ્ચય ભાખતો,
બ્રહ્માસમો શ્રીમાન, રિપુનો કાળ [9]દશરથબાળ છે,
જીવલોકનુ રક્ષણ કરે ને ધર્મનો રખવાળ છે,
નિજ ધર્મનો પાલક પ્રભુ, બહુ સ્વજનને સંભાળતો,
શાસ્ત્રજ્ઞ એ સહુ વેદ ને [10]વેદાંગતત્ત્વો જાણતો,

૧ ઋષિઓમા શ્રેષ્ઠ ૨ ઈક્ષ્વાકુના વંશમા જન્મેલો ઇક્ષ્વાકુ એ મનુનો પુત્ર અને કોશલ દેશનો પહેલો રાજા એણે સૂર્યવંશ સ્થાપ્યો ૩ જડબા ૪ શંખ ૫ છાતી ૬ ઘુંટણ લગણ પ્હાચે એટલા લાંબા હાથ ૭ તેજસ્વી ૮ ઇંદ્રિઓને વશ રાખનાર ૯ અયોધ્યાના રાજા અને રામના પિતા ૧૦ વેદના છ અંગ નીચે પ્રમાણે છે.—શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ અને નિરૂક્ત

છે [1]ધનુર્વેદમહીં કુશલ, એ અદીન ને સ્મૃતિમાન છે,
સાધુ, વિચક્ષણ, લોકપ્રિય, સુવિવેક બુદ્ધિવાન છે,
સરિતાથી જેમ સમુદ્ર સજ્જનયુક્ત સુગુણનિધાન છે,
આ રૂચિરદર્શન આર્યસમીપ સદૈવ સર્વ સમાન છે,
નિજ માતૃ [2]કૌસલ્યાતણા આનંદવર્ધન રામ છે,
પૃથિવીસમા રાખે ક્ષમા, પ્રિય [3]સોમ સુંદર શ્યામ છે;
ગાંભીર્યમા સાગર અને વળી ધૈર્યમા હિમવાન છે,
કાલાગ્નિસરખા ક્રોધમા, વીર્યમહીં વિષ્ણુસમાન છે;
છે ધર્મ બીજા સત્યમાં, ઔદાર્યમા શું [4]કુબેર રે,
આ સર્વગુણસંપન્ન સત્યપરાક્રમી મનમા ધરે
જનહિત સદા, નિજ જ્યેષ્ઠ પ્રિય સુત રામને શુભ આપવા
[5]યુવરાજપદ દશરથ મહીપ ઇચ્છા પ્રગળ કરતા હવા.
અભિષેકની તૈયારી દેખી, પ્રથમ [6]કૈકેયી રાણીને
આપેલ વર કરી યાદ માગ્યુ યોગ્ય અવસર જાણીને
તે દેવીએ નિજ સ્વાર્થઅર્થે રાય દશરથપાસ રે
"યુવરાજપદ આપો ભરતને રામને વનવાસ રે."
બંધાયલા તે ધર્મપાશે સત્યવચની મહીપતિ
વનવાસ આપ્યો દશરથે પ્રિય પુત્રને ધરી સન્મતિ.
નિજ તાતની આજ્ઞાથકી કૈકેયીતણા પ્રિયકારણે,
પિતૃપ્રતિજ્ઞા પાળવા [7]રઘુવીર તે વિચર્યો વને.

૧ ચાર ઉપવેદ એટલે આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને શસ્ત્રશાસ્ત્ર, આમાનો એક ઉપવેદ, એમા ધનુષવિદ્યાને લગતી બાબતો લખવામા આવી છે ૨ દશરથની પટરાણી અને રામની મા ૩ ચંદ્ર સરખો પ્રિય ૪ કુબેર ભંડારી તે યક્ષ અને કિન્નરોનો રાજા, પુલસ્ત્યના પુત્ર વિશ્રવસનો છોકરો અને રાવણનો ઓરમાન ભાઈ ૫ અહિંથી જે જે વાતોના ઇશારા કરવામા આવ્યા છે તે તે વાતો વિસ્તારપૂર્વક આગળ કાવ્યમા આવશે. પહેલા ચાર સર્ગો પ્રસ્તાવનારૂપ છે ૬ દશરથની એક રાણી ને ભરતની મા ૭ રઘુ એ ઈક્ષ્વાકુવંશનો એક મહાન પ્રતાપી રાજા થઈ ગયો છે તે ઉપરથી એની પછીના વંશજો રાઘવ, રઘુવીર, રઘુકુળતિલક વિગેરે નામથી ઓળખાય છે.

જોઈ જતા જંગલવિશે નિજ વડિલ બાંધવ રઘુપતિ,
લક્ષ્મણ [1]સુમિત્રાનંદવર્ધન વિનયયુક્ત મહામતિ
ભ્રાતાતણો પ્રિય ભ્રાત એ ભ્રાતૃત્વ શુભ દર્શાવીને
વનમા ગયો નિજ વડિલપાછળ હેત હૃદયે લાવીને.
સતી [2]દેવમાયા [3]હિતનિરત પ્રમદા પરમ પંકાયલી,
શુભ સકળ લક્ષણયુક્ત ઉત્તમ [4]જનકકુળમા જાયલી,
રઘુકુળતિલકની વલ્લભા પ્રિય પ્રાણસમ મનમોહિની
સીતા પતિસહ સંચરી શશિસાથ જેવી [5]રોહિણી.
જ્યારે જવાને નીકળ્યા ત રામલક્ષ્મણજાનકી,
પાછળ ગયા દૂર તાત દશરથ નગરજન મમતાથકી.
પછી શૃંગવેર નગરનિકટ તટ ગંગઉપર આવતા,
પ્રિય ગુહ નિષાદાધિપતિ ધર્મિષ્ઠને મળવું થતાં,
આપી રજા નિજ સારથીને રાખી ગુહને સાથમાં
વનવન ફરી બહુ જલભરી નદી સંતરી પડી વાટમાં.
કરી માન્ય વચનો જે મહાત્મા મુનિ ભરદ્વાજે કહ્યા
રઘુકુળતિલક તે રામ આવી ચિત્રકૂટ ઉપર રહ્યા.
ત્યા રમ્ય એક કુટિર કરી કરતા રમણ અતિ ઉલ્લસે,
તે દેવ ને ગંધર્વસરખા સર્વદા સુખમા વસે.
વન રામ આમ જવાથી અતિ આક્રંદને કરતા રહ્યા
પ્રિય પુત્ર શોકાતુર દશરથ રાય સ્વર્ગભણી ગયા.
પછી રાજ્યમાટે ભરત જે મહાબળ ન ચુકતો કર્મથી,
કીધો નિયુક્ત પ્રમુખ વસિષ્ઠસહિત દ્વિજોએ ધર્મથી.
પણ રાજ્યની ઇચ્છા ન કરતા રાખી ટેક અડગ રહ્યો,
શુભ રામપાદપ્રસાદીસારૂ વીર તે વનમા ગયો.

---

૧ દશરથની એક રાણી અને લક્ષ્મણની મા ૨ દેવોએ કરેલી માયા જેવા ૩ હિતમા આસક્ત, ભલામા તત્પર ૪ સીતા વિદેહ દેશના મિથિલા નગરના રાજા જનકની પુત્રી હતી તેથી તે જાનકી, મૈથિલી, વૈદેહી વિગેરે નામથી પણ ઓળખાય છે ૫. ચંદ્રની માનિતી પત્ની

ત્યાં જઈ મહાત્મા સત્યવિક્રમી રામચંદ્ર વડીલતણી
નિજ [1]આર્યભાવ બતાવીને કરી યાચના વિનયે ઘણી.
"ધર્મજ્ઞ છો રાજા ત્હમે હે રામ!" એમ વચન કહ્યા,
પણ રામ પરમ ઉદાર સુમુખ મહાયશસ્વિ અડગ રહ્યા.
નહી ઇચ્છતા તે રાજ્ય મહાબળ તાતના [2]નિર્દેશથી
આપી ભરતને ગાદીપર મૂકવાતણા ઉદ્દેશથી
નિજ [3]પાદુકા ને ફરી ફરી પાછા જવા આજ્ઞા કરી,
સાધુ ભરત જેની પ્રબળ મનકામના ન હવે સરી,
કરી સ્પર્શ રઘુવરચરણનો [4]ફરી રાજ્યનો પાલક થયો,
રામાગમનની રાહ જોતો નદીગ્રામમહી રહ્યો.
પાછો વળ્યો ભાઇ ભરત પણ આવતા જન ગામના
લેવા પ્રસાદ શ્રીમાન સત્યપરાક્રમી [5]વશી રામના.
તેથી થવા એકાંત તે વધુ વાર નહીં રહેતા અહીં
ચાલ્યા ગયા [6]રાજિવનયન ઘન દંડકાવનની મહીં.
કરી વધ વિરાધ અસુરતણો, દર્શન કર્યા શરભંગના,
સુ સુતિક્ષ્ણ ને બાધવસમેત અગસ્ત્ય મુનિ ધર્મજ્ઞનાં.
પ્રીતિ પરમ હૃદયે ધરી, કરી માન્ય વચન મુનીંદ્રના
લીધા શરાસન, ખડગ, અક્ષય ભાથુ ઉત્તમ ઇન્દ્રનાં.
પછી વનમહી વનચરસહિત રઘુવીરવર વસતા હતા
ત્યા અસુરરાક્ષસના વધાર્થે ઋષિજનો બહુ આવતા.
તે દંડકાવનવાસીસન્મુખ અગ્નિસરખા તેજમા
લીધી પ્રતિજ્ઞા સહુ અસુરનો સાધવા વધ સ્હેજમા
રામે અને પછી કીધી કદ્રુપ શૂર્પણખા તે રાક્ષસી,
જે [7]કામરૂપ ધરી વિહરતી [8]જનસ્થાનમહી વસી.

---

૧ અમીરી વૃત્તિ. ૨ આજ્ઞા ૩. પાવડી. ૪. પાછો આવી. ૫ ઇદ્રિઓ વશ કરી છે એવા ૬. કમળ જેવી આખોવાળા ૭ પોતાની ઇચ્છા પ્રમાણેનું રૂપ. ૮ લોકોના વસવાટનું સ્થળ.

અહીં વન મહીં રહી જન નિવાસીસાથ ઉદ્યમ આદર્યો
ઇક્ષ્વાકુવ શજ રાઘવે કરી યુદ્ધ નાશ રણે કર્યો
તે શૂર્પણખાના વચનથી [1]ઉદ્યુક્ત રાક્ષસ સર્વનો
ખર, ત્રિશિરસ, ક્રૂર દૂષણ ને [2]અનુગામી ચૌદ સહસ્રનો.
પછી ક્રોધમૂર્છિત રાવણે આ જ્ઞાતિવધનુ સાભળી
મારીચ રાક્ષસપાસ કીધી સ્હાયમાટે માગણી.
પણ મારીચે "બળવાન સાથે બાથ ભીડીએ નવ કદિ
માટે ક્ષમા કર, હે [3]દશાનન !" એમ બહુ વાર્યો વદી.
કીધો અનાદર વચનનો પણ કાળપ્રેરિત રાવણે
લઇ સગમા મારીચને તે ગયો આશ્રમઆગણે.
માયાવી મારીચ લઇ ગયો દૂર ઉભય દશરથપુત્રને
કરી હરણ સીતા રાવણે હણીને [4]જટાયુ ગૃધ્રને.
જોયો હણેલો ગૃધ્રને, વળી [5]મૈથિલીનુ સાભળ્યુ
સતપ્ત શોકે રામ વ્યાકુળ રુદન કરતા આકળુ.
પછી અગ્નિનો સસ્કાર ગૃધ્ર જટાયુને દુખથી દીધો
શોકાર્ત રામે વનમહીં [6]સીયશોધમાર્ગ પછી લીધો.
કરતા રુદન તે રામને સીયશોધમા ફરતા વને
રાક્ષસ કબંધ મળ્યો રૂપે [7]વિકૃત ભયકર દર્શને.
તે દુષ્ટનો ધર્મિષ્ઠ મહાબળ રઘુપતિએ વધ કર્યો,
જે દાહ કરતા સ્વર્ગભણી આ વચન કહી ચાલ્યો ગયો–
"હે રામ ! શ્રમણા નામ [8]શબરી નિપુણ છે બહુ ધર્મમાં
ત્હેની ત્હમે પાસે જજો એ ધર્મચારી કર્મમા."
તેજસ્વી તે શત્રુસૂદન તેથી ગયા શબરીકને
સત્કાર અર્પ્યો દેવીએ તે દશરથાત્મજ રામને.

૧ ઉદ્યમ કરતા ૨. પાછળ ચાલનારા ૩ દશ માથાવાળો એટલે રાવણ. ૪. ગીધ જટાયુ તે રામનો મિત્ર હોઇ રાવણ સાથે લડેલો ૫ સીતા ૬ સીતા. ૭ કદરૂપો. ૮ શબર નામની એક જ ગલી જાતની સ્ત્રી. ૧ દશરથનો આત્મજ એટલે પુત્ર.

પંપાતટે હનુમાનને મળી, ત્યાંથી રઘુવર નીકળ્યા,
કરી માન્ય [1]મારૂતીવચન સુગ્રીવને આવી મળ્યા.
આરંભથી તે અંતસુધી નિજ વાત [2]કપિવરને કહી
સીતાહરણની વિશેષમા મહાબળ નરે આ તક ગ્રહી.
સુગ્રીવ વાનર ઉત્તમે પણ સર્વ આ શ્રવણે ધર્યું
ને અગ્નિને સાક્ષી કરી પછી રામસખ્ય પ્રીતે કર્યું.
નિજ વૈરની વાર્તા કહી બહુ હૃદય દુઃખે બાળીને,
રામે લીધી તેથી પ્રતિજ્ઞા નાખવા હણી વાલીને.
પણ વીર્યમાં શંકા કરી રાઘવતણા સહારની,
તે સુગ્રીવે વાર્તા કહી વાનરપતિ બળવાનની
ને દાખવી પર્વતસમી મહાકાય ઉત્તમ રામને
તે દુંદુભિની સુગ્રીવે હરતી હૃદયની હામને.
પણ રઘુવરે આ [3]અસ્થિપિંજર જોઇને મન હૃષ્ટથી
સંપૂર્ણ દશ [4]યોજન ઉડાવ્યું સહજ [5]પાદાંગુષ્ટથી,
મહાબાહુએ પછી એક શર નિજ[6]શરાસનથી મોકલ્યું,
જે સપ્ત તરૂવર શાલ, ગિરિ ભેદી [7]રસાતળમા ગયુ
વિશ્વાસ આણી મનવિશે કપિનાથ તે હર્ષિત થયો,
રાઘવસહિત મહાવીર કિષ્કિંધા ગુહાઆગળ ગયો.
સુગ્રીવ [8]હરિવર [9]હેમપિંગલ ગર્જતો ત્યા સાભળ્યો
વાલી [10]કપીશ્વર આ મહાનાદે કરી ક્રોધે બળ્યો
[11]તારાતણી લઇ અનુમતિ સુગ્રીવસાથે જઇ લડયો,
પણ રામના શર એકથી સંગ્રામમાં સ્હેજે પડયો.
માની વચન સુગ્રીવના હણી આમ વાલીરાજને
અભિષેક કીધો મિત્રનો નરવર વીરે રાજ્યાસને.

---

૧ મરૂત એટલે વાયુનો પુત્ર તે હનુમાન, ૨ વાનરોમા શ્રેષ્ઠ ૩ હાડપિંજર. ૪ એક યોજનના આસરે ૮-૯ માઇલ ૫ પગના અંગુઠા ૬ ધનુષ ૭ અતળ, વિતળ, સુતળ, રસાતળ, તળાતળ, મહાતળ અને પાતાળ એ સાત પાતાળમાનુ એક. ૮ વાનરોમા શ્રેષ્ઠ. ૯ સોનાના જેવો પીળો. ૧૦ વાનરોનો રાજા. ૧૧ વાલીની સ્ત્રી.

તેડાવી સહુ તહીં વાનરોને કપિવરે તત્કાળમાં
પછી મોકલ્યા દશ દિશમહીં [1]જનકાત્મજાની ભાળમાં.
સંપાતિ ગૃધ્રતણાં વચન કરી માન્ય મારૂતિ મહાબળી
કૂદી ગયો વિસ્તીર્ણ શત યોજન મહાર્ણવ ઉછળી.
પ્હોંચી ગયો લંકામહીં રાવણથકી રક્ષિત ભલી,
દીઠી [2]અશોકવને પછી ત્યા ધ્યાન ધરતી મૈથિલી.
દર્શાવીને શુભ [3]મુદ્રિકા કહ્યુ રામના [4]વ્યાપારનું
સીતાતણું સાંત્વન કરી મર્દન કર્યું મહાદ્વારનુ;
સેનાપતિ પછી પાચ મારી અક્ષ શૂરનો વધ કર્યો,
હણી સપ્ત પુત્ર પ્રધાનના [5]અરિપાશમા પકડઇ ગયો,
પણ [6]પિતામહના વર વડે છે મુકત પોતે જાણીને
રાખી ક્ષમા સહુ રાક્ષસોપ્રતિ લઇ જતા જે તાણીને
છોડી અશોકની વાટિકા સહુ દગ્ધ પુરી લંકા કરી,
કહેવા કથા પ્રિય રામને પાછો ફર્યો તે મહા [7]હરિ.
આવી મહાત્મા રામની કરીને વિનયથી પ્રદક્ષિણા
કહ્યું–" મ્હે કર્યા દર્શન પ્રભુ! સાક્ષાત તે કમલાક્ષીના"
પછી રામ સુગ્રીવસાથ આવ્યા મહત તે ઉદધિતીરે
ને ક્ષુભિત સાગરને કર્યો આદિત્યસમ શરથી વીરે.
સરિતાપતિ તે સાગરે પછી આત્મના દર્શન દીધા,
સાગરવચનથી નલ કપિએ સેતુના કારજ કીધા.
તે સેતુપરથી સર્વસહ લંકાપુરી રાઘવ ગયા,
કરી યુદ્ધ રાવણ વીરને રણમા હણી વિજયી થયા.
મળતા પછી તે મૈથિલીને પરમ લજ્જા લાગતા,
સહુ જનસમક્ષ કહ્યા વચન બહુ [8]પરૂષ હૃદયે વાગતા.
[9]પાવકપ્રવેશ કર્યો સતીએ સહન નત્ર શબ્દો કરી
ને [10]વિગતદોષ થઇ રૂડા અગ્નિવચનથી સુંદરી.

---

૧ જનકની આત્મજા એટલે પુત્રી સીતા. ૨ આસોપાલવની વાડી. ૩ વીંટી. ૪ કરેલું કામ. ૫ દુશ્મનોની જાળમા ૬ બ્રહ્મા ૭ વાનર ૮ કઠણ ૯ અગ્નિ ૧૦ દોષ વગરની

આ કર્મ મહાત્મા દેવઅર્ચિત રાઘવે જે આચર્યું,
ત્રૈલોક્ય સુરઋષિગણસહિત સતુષ્ટ સચરાચર થયું.
અભિષેક કરી લંકામહીં રાક્ષસપતિ વિભીષણતણો,
કૃતકૃત્ય ને નિશ્ચિંત થઇ વીર હર્ષ તે પામ્યા ઘણો.
કરી પુનઃજીવિત વાનરો વર અમરગણપાસે લઇ,
ચાલ્યા અયોધ્યા સુહૃદસહ [1]પુષ્પકમહીં આરૂઢ થઇ.
રઘુવીર સત્યપરાક્રમીએ આશ્રમ ભરદ્વાજને
જઇ મોકલ્યો પ્રિયપ્રાણ ભાઇ ભરતકને હનુમાનને.
ઋષિસાથ સહુ ગઈ ગુજરી વાર્તા કરી પ્રભુ સચર્યા
પુષ્પકમહીં સુગ્રીવસહ શુભ નંદિગ્રામ પછી ગયા.
નિષ્પાપ રામે નંદિગ્રામે બધુઓની સાથમા
ત્યાગી જટા સહુ સામટા નિજ રાજ્ય લીધુ હાથમાં.
સહુ તુષ્ટ, પુષ્ટ, પ્રહૃષ્ટ, ધાર્મિક, મુદિત એના રાજમા,
[2]દુર્ભિક્ષભયવર્જિત સદા નિશ્ચિંત સર્વ સમાજમા,
રોગોરહિત સહુ પુરૂષ કદિ નવ પુત્રમૃત્યુ દેખતા,
સૌભાગ્ય ભોગવતી અખડ વસે સતી સુ પતિવ્રતા;
જળ, અનળ કે વાયુ પ્રબળ કો લોકને પીડતા નહીં,
મળતા ન કોઇ ક્ષુધાર્ત કે તસ્કર ન કો વસતા તહીં.
એ નગરને વળી રાષ્ટ્ર છે સપૂર્ણ શુભ ધનધાન્યથી,
[3]કૃતયુગસમા વસતા સહુ સુખમા સદા આનદથી.
શત [4]અશ્વમેધ કરી વળી બહુ દાન આપી હેમના
વિદ્વાનને વિધિયુક્ત [5]કોટિઅયુત ગાયોનાં ઘણા
રાઘવ મહાયશ વીરવર શત રાજવશો સ્થાપશે
સહુ લોક [6]ચાતુર્વર્ણ્યને નિજ ધર્મમા વરતાવશે.

---

૧ એ નામનુ વિમાન ૨ દુકાળની બ્હીક વગરના ૩ સત યુગ ૪ એ નામનો યજ્ઞ, એવા યજ્ઞનુ વર્ણન અગાડી આવે છે ૫ ક્રોડો ને હજારો ૬ બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્ર

[૧]દશ શતપર દશસહસ્ર વર્ષો રાજ્યઉપર વિરાજશે,
રઘુકુળતિલક રાજિવનયન પછી બ્રહ્મલોક સિધાવશે.
[૨]પાપઘ્ન પુણ્યપવિત્ર રામચરિત્ર વેદસમાનનો
જે પાઠ કરશે સર્વ તે સહુ પાપમુક્ત થશે જનો.
આખ્યાન રામાયણતણું આ જે પુરૂષ વળી વાંચશે
તે પુત્રપૌત્રાદિસહિત શુભ સ્વર્ગમા વસવા જશે.
કરશે પઠન જે કોઈ બ્રાહ્મણ વાકવિદ ઉત્તમ થશે,
કરશે પઠન જે કોઇ ક્ષત્રિ રાજ્યપદને પામશે,
કરશે પઠન જે વણિક ત્હેના અર્થ સિદ્ધ સદા હશે,
કરશે પઠન જે કોઈ શુદ્ર મહત્વ મેળવતો જશે.

સર્ગ ૨ જો.

બ્રહ્મા.

ધર્મિષ્ઠ [૩]વાકયવિશારદે નારદકથન શ્રવણે ધર્યું,
ને સર્વ શિષ્યસહિત મહા મુનિરાજનું પૂજન કર્યું.
વિધિસર થતા પૂજન પછી દેવર્ષિએ આજ્ઞા લઈ
સહુ વાકવિદમાં વડિલ મુનિએ વાટ સ્વર્ગતણી ગ્રહી.
વાલ્મીક પછી [૪]જાન્હવિનિકટ [૫]તમસાતણા તટપર ગયા
[૬]કર્દમરહિત સ્થળ નિરખીને તાપસ તહીં ઉભા રહ્યા,
ને વચન વદતા હર્ષથી પાસે ઉભેલા શિષ્યને—
" કર્દમરહિત આ સ્થાન સુદર ભરદ્વાજ તું [૭]પશ્યને,
સજ્જનતણા શુભ હૃદયસરખું નીર અહીંનું નિર્મળું,
હે [૮]તાત ! કલશ ઉતાર ને મુજ આપ તું [૯]વલ્કલ ભલું.

૧ અગીઆર હજાર ૨ પાપનો નાશ કરનાર ૩ ભાષામા કુશળ ૪ ગ ગા. ૫ તમસા નદી અલાહાબાદથી થોડે નીચે ગ ગાને મળે છે. ૬ કાદવ ૭ જો, નીરખ, દેખ. ૮ સસ્કૃતમા આ શબ્દ પ્રેમથી શિષ્ય, છોકરા વગેરેને ઉદ્દેશીને વપરાય છે ૯ ઝાડની છાલનું વસ્ત્ર.

તમસાતણા આ તીર્થ ઉત્તમમા કરીશ હુ સ્નાન રે."
વદતા વચન આ મુનિવરે [૧]ગુરૂશુશ્રૂષાગુણજાણ રે
સત્વર ભરદ્વાજે મૂકયુ વલ્કલ મુનિના કરમહી
તે લઇ જિતેદ્રિય વિચરતા ઘન વિપુલ વનમાં અહીંતહીં.
સુદર વિહરતું ત્યાં નિકટ ભગવાનની નજરે પડયું
નિર્ભય થઈ કો [૨]ચારૂનિસ્વન [૩]ક્રૌચકેરૂ જોડલું.
તે સમય ત્હેના નિરખતાં નર [૪]મિથુનમહીં સોહામણો
કો [૫]પાપનિશ્ચય પારધીએ વૈરવીણ સહસા હણ્યો.
શુભ [૬]તામ્રશિરધર મત્ત સહચર વિહગનાથ ઘવાયલો
વિસ્તીર્ણ થયલી પાંખ ને શોણિતમહીં ખરડાયલો,
નિજ નજરઆગળ દેખીને બહુ તફડતો મહીતલપરે
ભાર્યા થએલ વિયોગિની કરતી રુદન કરૂણસ્વરે.
નિરખી વિહગને આમ [૭]નિર્ઘૃણ [૮]વ્યાધશરથી વધ થયું
ધર્મિષ્ઠ તે ઋષિનુ હૃદય કારૂણ્યથી પીગળી ગયું.
ગણી પાપ આ, વળી ક્રૌંચીને બહુ રુદન કરતી જોઇને
કારૂણ્યપ્રેરિત વધા સાધુ વચન તામસ ખોઇને—
"[૯]શાશ્વત પ્રતિષ્ઠા હે [૧૦]નિષાદ ! હવે ત્હને મળવી નથી
હણ્યું એક ત્હે આ મિથુનમહીંનુ ક્રૌચ મોહિત કામથી."
વદી આ વચન સકલ્પ મુનિ વિક્ષત[૧૧] હૃદયમહીં ઉપન્યો
શોકાર્ત હુ આ શકુનઅર્થે શાં વચન બોલી ગયો.
ચિતન કરી [૧૨]મહાપ્રાજ્ઞ તે મુનિપુંગવે[૧૩] આ રીતથી
નિજ શિષ્યને તત્કાળ વચનો કહ્યા હર્ષિત ચિત્તથી—

---

૧ ગુરૂસેવાના લાભ જાણનાર ૨ મધુર સ્વરવાળુ ૩ એક જાતનુ પક્ષી ૪ નર અને માદાનુ જોડું ૫ પાપ કરવાના નિશ્ચયવાળો ૬ લાલ માથાવાળો ૭ નિર્દય. ૮ પારધી ૯ હમ્મેશને માટે ૧૦ નિષાદ નામની જાતનો માણસ. ૧૧ ઘાયલ થયલું. ૧૨ બહુ ડાહ્યા. ૧૩ મુનિઓમા શ્રેષ્ઠ.

"પદબંધ ને સમ અક્ષરે વળી [1]તત્રિલયમય સર્વથા
પ્રવૃત્ત હુ શોકાર્તનો આ શ્લોક થાય ન અન્યથા."
સતુષ્ટ શિષ્યે માન્ય કીધા મુનિવચન ઉત્તમ સહુ,
આ શિષ્યના વર્તનથકી હર્ષિત થયા ઋષિવર બહુ.
તમસાતણા આ તીર્થમા શુભ સ્નાન પછી મુનિએ કર્યા
ને મનન કરતા શ્લોકનુ મુનિશ્રેષ્ઠ તે પાછા ફર્યા.
બહુ નમ્ર ને શ્રુતવાન[2] શિષ્ય ભરત કલશ લઇ જલ ભર્યો
નિજ સ્કધઉપર ચઢાવીને સત્વર ગુરૂપાછળ ગયો.
ધર્મજ્ઞ તે પછી શિષ્યસહુ ચાલ્યા ગયા આશ્રમમહી
ત્યા અન્ય વાત કર્યા છતા મન શ્લોકવાત રમી રહી.
આવ્યા ચતુર્મુખ એટલે ત્યા લોકનાથ સ્વયપ્રભુ
મળવા પ્રીતે મુનિશ્રેષ્ઠને તેજસ્વી તે બ્રહ્મા વિભુ.
દર્શન કરી વિભુવરતણા વાલ્મીક પરમ વિસ્મિત થયા
ઉઠી વિનયથી [3]નિર્વાક સહસા જોડી કર ઉભા રહ્યા.
વિધિસર પ્રણામ કરી પછી પૂછ્યુ [4]નિરામય પ્રીત ધરી
ને પાદ્યઆસનઅર્ધ્યવદનથી પ્રભુપૂજા કરી.
બેઠા પછી ભગવાન બ્રહ્મા પરમ અર્ચિત આસને,
મુનિપુગવે પણ ગ્રહ્યુ આસન પિતામહના શાસને.
સાક્ષાત લોકપિતા તહી આસનઉપર બેઠા રહ્યા,
વાલ્મીક મુનિ પણ મનન કરતા ધ્યાનમગ્ન થઇ ગયા.
[5]પાપાધમે કારણરહિત કઈ વૈરથી પ્રેરાઇને
કર્યું પાપ કેવું ચારૂનિસ્વન ક્રૌચનરને મારીને.
દુખાર્ત તે ક્રૌચીવિશે ફરી શોકવશ તેથી થઇ
અતિશોકગ્રસ્ત મુનિ વદ્યા તે શ્લોક પાછો મનમહી.
તે સમય મુનિપુગવપ્રતિ બોલ્યા પિતામહ હાસ્યથી,
"ઋષિ શ્લોક આ બાધ્યો ત્હમે તેમા કઇ સશય નથી.

૧ તત્રિ એટલે તારવાળા વાજિંત્ર સાથે ગવાતા ગાયનમા જેવી લ્હે હોય છે તેવી લ્હેવાળુ ૨ વિદ્વાન ૩ બોલ્યા વગર ૪ કુશળ ૫ ઘણોજ પાપી.

થઈ મ્હારી આ ઇચ્છાથી બ્રહ્મ ! સારસ્વતિ પ્રવૃત્ત રે,
ઉત્તમ ઋષિ રચજો હવે સંપૂર્ણ રામચરિત્ર રે,
ભગવાન ધીર ધીમાન ધર્માત્મા યશસ્વી રામનું
સહુ લોકને કહો [1]વૃત્ત જે નારદકનેથી સાંભળ્યું.
સૌમિત્ર, સીતા, રામ ને વાર્તા સહુ રાક્ષસતણી
ધીમાન કહેજો લોકમા સહુ પ્રકટ ને છૂપી વળી.
નારદ મુનિને વિદિત નહીં તે વિદિત સહુ ત્હમને થશે,
આ કાવ્યમા વાણી ત્હમારી કોઇ નહી મિથ્યા જશે.
માટે તપસ્વી ! મમ વચન શરૂઆત કરજો કામની
રચજો ત્હમે શુભ શ્લોકબંધ કથા મનોરમ રામની.
જ્યાલગણુ વળી નદીઓ અને મહીધર મહીતલપર વસે
ત્યાંલગણુ રામાયણકથા આ લોકમાં પ્રચલિત થશે.
વળી ત્યાંસુધી આ લોક ને મમ લોકમા વસશો યતિ ! ”
કહી થયા અંતર્ધાન ત્યા ભગવાન બ્રહ્મ પ્રજાપતિ.
ભગવાન મુનિ સહ શિષ્યગણુ આથી થયા વિસ્મિત બહુ,
આ શ્લોક વારવાર ગાતા શિષ્ય થઇ હર્ષિત સહુ.
સમ અક્ષરોને ચાર પદવત શોકમાં ઉત્પન્ન થયું
મુનિવચન વારવાર ગાતાં શ્લોકપદ પામી ગયું.
પછી [2]ભાવિતાત્મા તે મહર્ષિ શ્રેષ્ઠના મનમાં [3]જચ્યું
કે કાવ્ય રામાયણતણુ આ શ્લોકમા સઘળું રચુ.
પછી વાકચતુર ઉદારદર્શન તે મહર્ષિ યશસ્વીએ
કરી માન્ય બ્રહ્મ પ્રજાપ્રતિના વચન શ્રેષ્ઠ તપસ્વીએ
પદબંધ વૃત્તઉદારવાળુ સમ હજારો શ્લોકમાં
રચ્યુ કાવ્ય ઉત્તમ રામનું સુંદર યશસ્કર લોકમા,
સમ મધુર સંધિ-યોગપુર મહીં બોધ ઉત્તમ નિર્મળો,
મુનિપ્રણિત રઘુવરચરિત રાવણવધસહિત સહુ સાંભળો.

૧ વૃતાત. ૨ શુદ્ધ આત્માવાળા ૩ હિંદી ભાષામા જચના એટલે ધ્યાનમા ઉતરવુ, ઠસવુ તે ઉપરથી જચ્યુ એટલે ઠસ્યુ.

સર્ગ ૩ જો.

વસ્તુદર્શન.

સુણી વાણી તે ધીમાનની ધર્માર્થસહ હિત આપતી
વધુ સ્પષ્ટ વસ્તુ જાણવા તત્પર થયા સુમહામતિ.
[૧]પૂર્વાભિમુખ ગ્રહીને કુશાસન આચમન કરી કર ધરી
ગતિ યોગબળથી દેખવા લાગ્યા મુનિ સહુની ફરી.
દીઠા **સી**તાને **રામલક્ષ્મણ** રાણીસહ **દશરથ** વરી
નિજ રાષ્ટ્રમહીં હસી બોલતા ચેષ્ટા યથાવત આચરી.
વળી સત્યવચની **રામ**ને વનમાં વિચરતા જે થયું
સીતાસહિત તે સર્વ ત્હેણે હૃદયમહીં જોઇ લહ્યુ.
દીઠુ થયુ ને જે થવાનુ સર્વ તે સહુ સાથમા
ધર્મિષ્ઠ મુનિએ યોગબળથી આમળુ શુ હાથમાં.
પછી તત્વત નિરખી સકળ નિજ યોગબળથી મહામતિ
અભિરામ **રા**મવૃત્તાંત રચવા ઋષર્ષભ કરતા ગતિ.
ભગવાન ઋષિએ જેમ મુનિ **નારદ**કનેથી સાભળ્યું
કર્માર્થગુણસંયુકત ને ધર્માર્થગુણ શુભથી ભર્યું
રત્નાઢય જેમ સમુદ્ર ઉત્તમ રત્નથી સુદર સજ્યું
સર્વ શ્રુતિમનહર ચરિત **ર**ઘુવશનુ ઋષિએ રચ્યુ.
શુભ **રા**મજન્મ, [૨]અમોઘ બળ, અનુકૂળતા સહુના પ્રતિ,
વળી સત્યશીલતા, સૌમ્ય ને શમતા, સુજનપ્રિયતા અતિ;
વિધવિધ વિચિત્ર વૃતાંત જે કૌશિકકનેથી સાભળ્યા,
મગળ વિવાહ સની **જા**નકીનો, ધનુષના ભેદન ભલાં,
ગુણ પ્રબળ દશરથ પુત્રના, સવાદ બન્ને [૩]**રા**મના,
રઘુકુળતિલકઅભિષેક ને કૈકેયીતણી શુભ કામના;
અભિષેકમહીંનુ વિઘ્ન ને વનગમન **સી**તાનાથનુ,
વિલપન અને [૪]સ્વર્ગમન તે મહીપતિ મહાશોકાર્તનું;

---

૧ પૂર્વ તરફ મ્હો રાખી. ૨ નિષ્ફળ ન જાય એવુ. ૩ દાશરથી રામ અને પરશુરામ. ૪ કૈલાસવાસ.

અતિશય વિષાદ પ્રજાતણો વળી વિસર્જન રામે કર્યું,
સંવાદ અધિપ નિષાદસહ [1]સૂતનિવર્તન શોકે ભર્યું;
ગંગાતણો સંતાર ને દર્શન મુનિ ભરદ્વાજનાં,
જઈ ચિત્રકૂટ કુટિરમહી વસવાટ તે રઘુરાજના,
ભાઈ ભરતનું આગમન જેને પ્રશાંત કર્યો ઘણો,
[2]સલિલક્રિયા નિજ તાતની અભિષેક પાદુકાતણો;
પછી ભરતનો ધારી જટા વસવાટ નંદિગ્રામમાં,
વન દંડકામા ગમન, અસુર વિરાધવધ સંગ્રામમાં,
શરભાંગનાં દર્શન અને મેળાપ સુભગ સુતિક્ષ્ણનો,
અર્પણ રૂડુ [3]અંગરાગનું, સહવાસ અનસૂયાતણો,
દર્શન મુનીંદ્ર અગસ્ત્યના વળી ઐંદ્ર ધનુષનુ ગ્રહણ રે,
સંવાદ શૂર્પણખાસહિત ને ત્હેનુ કદ્રુપકરણ રે,
વધ ઉભય ખરત્રિશિરસતણો, [4]ઉત્થાન રાવણ વૈરીનું,
મારીચ રાક્ષસનાશ ને વળી હરણ તો વૈદેહીનું,
રાઘવતણુ વિલપન અને ગૃધમૃત્યુ મિત્ર અતૂલનુ,
સુ કબંધ ને શબરીસમાગમ, [5]અશન શુભ ફલમૂલનું;
આકંદ પંપાસરઉપર, દર્શન હનૂમત વીરનુ,
પછી ગમન પર્વત ઋષ્યમૂકે, મિલન સુગ્રીવ ધીરનું;
[6]વિશ્વાસજય સુગ્રીવનો વળી સખ્ય ત્હેની સાથનું,
વિગ્રહ વડો વાલીસહિત ને મથન તે કપિનાથનું;
સુગ્રીવની પછી રાજ્યપ્રાપ્તિ. શોક તારાએ કર્યો,
[7]વર્ષાનિવાસસ્વિકાર ને જે કોપ રઘુસિંહે ધર્યો,
સંગ્રહ તહીં સહુ સૈન્યનો, વર્ણન વળી વસુધાતણું,
વિધવિધ દિશે પ્રસ્થાન ને વળી દાન શુભ [8]અભિજ્ઞાનનું;

---

૧ સારથિ ૨ શ્રાદ્ધ. ૩ શરીરે ચોપડવાનો રંગ ૪ પ્રયાસ કરવો તે. ૫ આહાર. ૬ સુગ્રીવનોવિશ્વાસ જીતી લીધો તે. ૭ ચોમાસુ પુરૂ થાય ત્યા લગણ રહેવાની કબુલત ૮ વીંટી.

પછી ઋક્ષબિલદર્શન અને બેશન સુ [1]અનશનવ્રત ધરી,
સંપાતિદર્શન, ગિરિગમન, અર્ણવઉલ્લંઘન ઉછળી,
સાગરતણાં શુભ વચનથી દર્શન થયુ મૈનાકનું,
ગર્જન ઘણેરૂં રાક્ષસીનું, મિલન છાયાગ્રાહનુ;
વધ સિંહિકાનો, મલયગિરિદર્શન વળી લંકાતણું,
રાત્રીવિશે લંકાગમન હરિવર વીરા હનુમાનનું;
કરવું અહીં શું તે વિચારી ગમન ભૂમિ [2]આપાનમાં,
હરિનાથનુ દાખલ થવું [3]શુદ્ધાતના શુભસ્થાનમાં;
દર્શન કર્યું પુષ્પકતણુ વળી સુભટ રાવણ રાયનુ,
જઇને અશોકવને કર્યું વૈદેહી કંચનકાયનુ,
પ્રિય મુદ્રિકાનુ દાન ને ભાષણ ભલુ હનુમાનનું,
સીતાસહિત [4]તર્જન વળી તે વિરૂપ રાક્ષસનારનું;
ત્રિજટાતણું વળી સ્વપ્નદર્શન, શુભ મણિનુ દાન રે
હરિવર હનુમતે કરેલુ વૃક્ષનુ ભગાણુ રે,
સહુ રાક્ષસીનુ ન્હાસવું વળી વાયુસુતનો [5]ગ્રાહ રે,
સહુ [6]કિંકરોનો નાશ ને લંકાતણો મહા દાહ રે;
ગર્જન અતિ તે સમયનુ, [7]પ્રતિપ્લવન પછી સાગરતણું.
મધહરણ, રાઘવ રામને આપેલ આશ્વાસન ઘણુ;
મણિદાન ને સાગરસમાગમ, સેતુનુ બંધન નળે,
રાત્રીવિશે લંકાતણો ઘેરો કર્યો વાનરદળે,
સંસર્ગ શુભ વિભીષણતણો જે રામને આવી મળ્યો,
ઉપાય રાવણવધતણો જેણે પછી પ્રીતે કહ્યો,
વધ કુંભકર્ણતણો અને વળી મેઘનાદ મહાનનો,
સહુ સૈન્યસહિત વિનાશ વૈરી પ્રબળ રાવણ રાયનો,

---

૧ કંઇ પણ આહાર કર્યા વગર બેસી રહ્યા ૨ મદિરાપાન ગૃહ ૩ રાણીવાસ
૪ સીતાને ધમકી આપી તે ૫ પકડાવવુ ૬ નોકરો ૭ પાછા ઓળંગી જવુ

પ્રાપ્તિ પરમ પ્રિય જાનકીની રામને અરિપુરમહીં,
અભિષેક વિભીષણનો, રૂચિર પુષ્પકતણું દર્શન તહીં;
સહુનું અયોધ્યાપ્રતિ ગમન, સયોગ સુ ભરદ્વાજનો,
પ્રેષણ અનિલસુતનું અને સગમ ભરત મહારાજનો;
અભિષેક રઘુકુળતિલકનો વળી વિસર્જન બળ સર્વનું,
પરિત્યાગ વૈદેહીતણો, રંજન પ્રજાજનવર્ગનુ;
આ વગર વળી વસુધાતલે રઘુવરચરિત જે જે થયુ,
ભગવાન ઋષિવર વાલ્મીકે આ કાવ્યમાં તે તે કહ્યું.

સર્ગ ૪ થો.

કુશલવ.

શ્રી રામને જ્યારે થયું પછી રાજ્યપદ શુભ પ્રાપ્ત રે
ભગવાન વાલ્મીકે રચ્યુ પદઅર્થયુક્ત વૃત્તાંત રે.
બોલ્યા સમર્થ તપસ્વી તે ચોવીસ શ્લોક હજાર રે
સહુ સર્ગ મળીને પાચસો ષટકાંડ કહેતાં વાર રે.
વળી કાંડ ઉત્તર રચ્યું અધિક રઘુચરિતનુ [૧]સહભાવી રે
ઋષિવર મહાત્મા વાલ્મીકે શુભ ભાવ હૃદયે લાવી રે.
પછી ભાવિતાત્મા પ્રભુ મહર્ષિ મનમહીં ચિંતન કરે
કરી પ્રસિદ્ધ આ શુભ કાવ્યને સન્મુખ સભા કોણજ ધરે ?
આવ્યા ઉભય ત્યા તેટલે મુનિવેષ [૨]કુશલવ ધારીને
કર્યું ગ્રહણ ઋષિના પાયનુ શિર ચરણસરસુ નામીને.
દીઠા મુનિએ રાજવી કુશલવ મહાશ્રીમાન રે,
ધર્મજ્ઞ, સ્વરસંપન્ન, આશ્રમવાસી તે યશવાન રે.
બહુ બુદ્ધિશાળી ઉભયભાળી કુશળ કુશલવ વેદમાં
મુનિ મન કરી પ્રીત ચિત્ત ધરી વેદાર્થ શિખવ્યો સ્હેજમાં.
શિખવ્યાં પછી સીતાચરિત, [૩]પૌલસ્ત્યકેરો અસ્ત રે,
આ રમ્ય રામાયણતણું મહા કાવ્ય શ્રેષ્ઠ સમસ્ત રે.

---

૧ ભવિષ્યમા થવાનું તે સહિત ૨ રામના પુત્ર જે વાલ્મીકના આશ્રમમાં ઉછર્યા હતા. ૩ પુલસ્ત્યનો પુત્ર રાવણ

ગંધર્વસરખા રૂપમાં, [1]ગાંધર્વતત્ત્વ પીછાનતા,
શુભ મધુર સુરસંપન્ન ને વળી [2]સ્થાન[3]મૂર્છન જાણુતા
તે ઉભય ભ્રાતા થયા ગાતા પરમ ઉત્તમ તાનમાં
આ રામકાવ્ય મધુર અતિ પાઠન અને વળી ગાનમાં,
ત્રણ ખરજમધ્યમતાર સપ્તકના મધુરસુર સાતથી,
લયમય અને વળી [4]નવરસે ભરપૂર જે ભલીભાતથી.
સંપૂર્ણ રૂપલક્ષણુવડે શુભસ્વરથી કરતા દીંગ રે
રવિચંદ્રકેરા બિંબસરખા રામના પ્રતિબિંબ રે.
તત્ત્વજ્ઞ ને સ્થિરચિત્તયુકત હૃદયમહીં સઘળું ધર્યું,
સપૂર્ણ ઉત્તમ રામનુ આખ્યાન આ મોઢે કર્યું.
પછી આ કુમારે એક દિન ઉપદેશકેરી રીતથી
ઋષિ, દ્વિજ અને સાધુસભામાં ગાયુ હર્ષિત ચિત્તથી.
શુભ સકળ લક્ષણુયુકત તે આત્મા મહા ગાતા હતા,
કરી શ્રવણુ ઉત્તમ ગાન ઋષિમુનિવર સહુ વિસ્મિત થતા.
મુનિ ભાવિતાત્મા ધર્મવત્સલ પ્રબળ હર્ષથકી ભર્યા
સહુ સજળ નયને "સાધુ સાધુ" એ વચન બોલી રહ્યા.
સ્તુતિપાત્ર કુશલવની પ્રશસા કરી રહ્યા સહુ લોક રે
"શું ગીતનુ માધુર્ય ને છે મધુર કહેવો શ્લોક રે."
પૂર્વે બનેલુ પણુ બધુ પ્રત્યક્ષ જાણે જોયલું
પ્રીતિજનક ને મધુર વળી સુરસંપદાથી સોહ્યલું
આ કાવ્યના શુભ ભાવમહીં તે ઉભય ઉંડા ઉતરી
ગાતા પ્રશંસા પામતા ઉચા મધુર સ્વરથી કરી.
હર્ષિત થઇ આપ્યો ઉમળકે કલશ કોઇ તપસ્વીએ
મૃગચર્મ આપ્યું કૃષ્ણુ ને વલ્કલ સુ કોઇ યશસ્વીએ.

---

૧ ગાંધર્વ વેદનુ તારતમ્ય જાણતા. ૨ દરેક સુરનુ યોગ્ય સ્થળ ૩ સાત સુરના ક્રમે કરીને આરોહ અવરોહ ૪ શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્દભુત–આ આઠ રસ ઉપરાત કેટલીએક વખત શાંત, વાત્સલ્ય અને ભક્તિને ઉમેરવામા આવે છે.

કોએ કમંડલ આપ્યું [1]મૌંજી, યજ્ઞસૂત્ર સુપ્રીતથી
[2]કૌપીન, દર્ભાસન, વિશિષ્ઠ [3]કુઠાર હર્ષિત ચિત્તથી.
વળી [4]કાષ્ઠરજ્જુ, [5]જટાબંધન ગાન સુણુતાંવાર રે
કોઇએ દીધું નિજ વસ્ત્ર ભગવું, [6]કાષ્ઠકેરો ભાર રે;
વળી યજ્ઞનું શુભ ભાંડ, કો આસન રૂડું [7]ઔદુંબરી,
[8]સ્વસ્તિવચન બોલ્યા ઋષિ કો હૃદય આનંદે ભરી.
બહુ મુદિત મુનિપુંગવ તપસ્વી દીર્ઘ આયુષ ઇચ્છતા
વરદાન દે સહુ સત્યવચની બાલગાયન પ્રીછતા.
પછી સહુ મુનિ બોલ્યા વચન આનંદથી ઉભરાઇને
કરતા પ્રશંસા પ્રીતથી ઉદ્દેશી કુશલવ ભાઇને:–
"હે [9]ગીતકોવિદ બાલકો! આશ્ચર્યજનક અપાર રે,
સર્વશ્રુતિમનહર અને કવિઓતણો આધાર રે,
મુનિવરરચિત, આયુષ્યવર્ધન, પરમપુષ્ટિવાન રે
ગાયું યથાક્રમ પ્રેમથી સંપૂર્ણ આ આખ્યાન રે."
સઘળે પ્રશંસા પામતા ફરતા ઉભયને અહીંતહીં
શુભ રાજમાર્ગઉપર દીઠા રામે અયોધ્યાનીમહીં.
બોલાવીને નિજ મ્હેલમાં કુશલવ ઉભયને પ્રીત ધરી
શત્રુસૂદન તે રાઘવે [10]પૂજાર્હની પૂજા કરી.
બેસી વિલસતા દિવ્ય કાંચનના સરસ સિંહાસને
સહુ સચિવને ભ્રાતાસહિત રઘુરાય રાજિવલોચને
જોઇ સ્વરૂપસંપન્ન કુશલવ નમ્ર અનુપમ ભ્રાત રે
શત્રુઘ્નલક્ષ્મણભરત ત્રણને હર્ષથી કહી વાત રે:–
"આ દેવસમ ગાયકતણા મુખથી, ધરી સહુ ધ્યાન રે
કરજો શ્રવણ આ પરમ [11]ચિત્ર [12]પદાર્થવત આખ્યાન રે."

---

૧ મૌંજ નામના ઘાસનું બનાવેલું જનોઇ ૨ લંગોટી. ૩ કુહાડી ૪ લાકડા બાંધવાની દોરી. ૫ જટા બાંધવાની દોરી ૬ લાકડાનો ભારો. ૭ ઉંદુબરના ઝાડની છાલનું બનાવેલ ૮ 'કલ્યાણ થાઓ' એવા કલ્યાણકારી વચન. ૯ ગાયનમાં કુશળ. ૧૦ માનને યોગ્ય. ૧૧ અજાયબજેવું. ૧૨ પદ અને અર્થવાળું.

સુણી વચન આરંભ્યું મધુર નિજ ગાન તે ગાયકવરે
બહુ સ્પષ્ટ મંજુલ તંત્રિસમ પ્રીતિજનક ઉચે સ્વરે.
તનમનહૃદયને મુદિત કરતું ગાન સુંદર ચાલતું,
બેઠેલ જન સહુ [1]સંસદિના શ્રવણનું રંજન થતું.
પછી વચન બોલ્યા રામ કે–“ કુશલવ તપસ્વી મહાન રે
જે મુનિ અને મહીપાળના શુભ સકળ લક્ષણવાન રે
મુજ ભૂતિકર ઉત્તમ ચરિત અનુભવસહિત જે ગાય છે
તે શ્રવણ સહુ કરજો ત્હમે નિજપાપ એથી જાય છે.”
આજ્ઞા થતા તે કુશલવે આરંભ્યું [2]માર્ગવિધાનથી
પરિષદસહિત રઘુવર થયા આસક્ત ઉત્તમ ગાનથી.

સર્ગ ૫ મો.

અયોધ્યા.

જે વંશના નૃપતિ મહાત્મા થઇ અપૂર્વ વિજયકરા
ધારી [3]પ્રજાપતિ પ્રથમથી [4]અનવરત અખિલ વસુંધરા,
જે વંશના [5]સગરે ખણ્યો સાગર મહાવિસ્તાર રે
જે બ્હાર પડતાંવાર ચઢતા પુત્ર સાઠ હજાર રે,
વિખ્યાત તે ઇક્ષ્વાકુવંશમહીં મહાત્માવાન રે
ઉત્પન્ન થયું આ શ્રેષ્ઠ રામાયણતણું આખ્યાન રે.
તે ગાઇશું આખ્યાન શુભ સંપૂર્ણ આદિથી અમો
ધર્માર્થકામથી યુક્ત જે ઇર્ષ્યાવગર સુણજો ત્હમો –

રામછંદ.

[6]સરયૂના તટઉપર પૂર્ણ અત્યંત ધનધાન્યથી,
વૃદ્ધિ પામેલ [7]ઉત્તરોત્તર, નિત્ય આનંદમય

---

૧ સભા. ૨ સંગીત, નૃત્ય અને અભિનય (ઍક્ટિંગ) ની ઉત્તમ શૈલી
૩ બ્રહ્માએ પ્રથમ દશ પ્રજાપતિ ઉત્પન્ન કર્યા જેઓએ સઘળી સૃષ્ટિ રચી તેઓના નામ મરીચ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ, પ્રચેતસ ઉર્ફે દક્ષ, ભૃગુ અને નારદ ૪ ચાલુ ૫ આ સગર રાજાનું આખ્યાન આગાડી આવે છે.
૬ હિમાલયમાથી નીકળી ગંગાને મળતી એક નદી. ૭ વધારેને વધારે.

દેશ કોશલ મહા. ત્યાં વસે અયોધ્યા
નામની લોકવિખ્યાત જે નગરી
[1]મનુ માનવેંદ્રે સ્વહસ્તે જ નિર્મી હતી.
મહત વિસ્તારમય; એવી આ શ્રીમતી મહાપુરી
લાંબી દ્વાદશ અને પ્હોળી યોજન ત્રણ.
શોભતી તે અતિ રચિત સુંદરરીતે
મુક્ત પુષ્પોથી અવરાયલા, નિત્યશઃ જલથી સિંચિત મહા
રાજમાર્ગોવડે, દ્વાર સહુ શોભતાં તોરણે
ગોઠવ્યા હાટચહુટાં બહુ સુંદર વિભાગમાં.
અટારી ઉચ્ચપર સહજ ફરફર થતી
ધ્વજવડે વિલસતી આ મહાપુરીમહીં
નાટયભવનો બહુ સુંદરીસારૂ યોજેલ જે.
રમ્ય અમરાઇઓ પુષ્પની વાટિકા.
સર્વ યંત્રો અને આયુધો સેંકડો [2]શતઘ્નીઓથી રક્ષેલ એ
નગરને કોટ ફરતો હતો,
ને ઉંડી ખાઇની મેખળાથી વિંટાએલ એ
નગરી દુર્ગમ હતી શત્રુ કે મિત્રને.
વાજી, વારણ વળી ગાય, ઉંટો અને ખર થકી
નગરી એ પૂર્ણ છે.
અતુલ કાંતિવતી શ્રીમતી નગરીમાં
વાસ કરતા હતા સર્વ વર્ગોતણા
શિલ્પિઓ, સુત અને માગધો.
આપવા વિવિધ ઉપહાર આવેલ
સામંત રાજાતણા સંઘથી,

---

૧ બ્રહ્માનો પ્રપૌત્ર વિવસ્વત્ યાને સૂર્ય ત્હેનો પુત્ર વૈવસ્વત મનુ. પહેલા એ પ્રજાપતિતરીકે ગણાતો; એ સૂર્યવંશ અને અયોધ્યાનો સ્થાપનાર; એની પુત્રી ઇલાના લગ્ન ચંદ્રના પુત્ર બુદ્ધસાથે થયેલા જેમાંથી ચંદ્રવંશ થયો. ૨ એને એક જાતની તોપ સમજવામાં આવે છે. લોખંડના ખીલાવાળા મોટા પત્થરના ગોળા તરીકે પણ એને વર્ણવવામાં આવી છે.

અવનવા દેશના નિવાસી અત્ર આવેલ બહુ
વણિક લોકોતણા વૃંદથી,
વિવિધ રત્નોવડે ઝળકતા મ્હેલ મહા પર્વત સમાનથી,
કામિનીઓનિમિત્તે કરેલાં રૂડાં કેલિનાં સ્થાનથી
સર્વથા પૂર્ણ એ મહાપુરી શોભતી
ઈંદ્રની જેમ [1]અમરાવતી.
ઝળકતી હેમઆભૂષણોએ કરી,
ચળકતી રત્ન ને શ્રેષ્ઠ નારીગણોએ ભરી,
શોભતી રાજ્યમ્હેલોવડે, નિરર્થક સ્થળથકી એ નરી,
ઓપતી મદિરોની રૂડી હારની હારથી એ વરી,
સુદર સપાટ ભૂઉપર આવી રહી એ પુરી
સતત ભરપૂર છે શાલિતંદુલ અને
શેરડીરસસમા સલિલથી.
દુદુભિ ને મૃદગોથકી ગાજતું,
[2]પણુવવીણાતણા સ્વરથકી વાજતું,
રાજતું સ્થાન ઉત્તમ અતિ અવનિપર
ઉગ્ર તપનેવડે પ્રાપ્ત કીધેલ શુભ
સ્વર્ગના સુદર વિમાનસમ.
યોગ્ય આગણુથકી યુક્ત પરીપૂર્ણ આ મહાપુરી
ઉત્તમ નરોવડે. બાણુવેધનથી અજ્ઞાત,
ત્યાગેલ કો ભ્રાત કે કરી પલાયન અહીં
ગુપ્ત વસનાર કો મનુષની જાત
આ નગરમાં છે નહીં; પણ અહીં વસી રહ્યા
બાહુબળ કે મહા તીક્ષ્ણ શસ્ત્રોવડે
વનમહીં વિચરતા મત્ત વ્યાઘ્રો,
વરાહો અને સિંહને સહજ હણી નાખતા

૧ ઇંદ્રની નગરી. ૨ એક જાતનું વાજીંત્ર.

પુરૂષ [1]લઘુહસ્ત ને [2]વિશારદ, હજારો [3]મહારથી,
અગ્નિહોત્રી અને વિપ્ર ઉત્તમ ગુણી,
વેદવેદાંગપારંગતો, મહત દાતા, સદા
સત્ય વચની, મહાત્મા મહર્ષિસમા.

સર્ગ ૬ ઠો.

રાજાપ્રજા.

આ અયોધ્યા નગરનીમહીં [4]વેદવિદ, સર્વના સંગ્રહી,
દીર્ઘદર્શી, મહાતેજ, સહુ [5]પૌર ને ગ્રામ્ય જનને પ્રિય,
[6]અતિરથિ, ધર્મમાં પરાયણ,
યજ્ઞ કરનાર, ઇક્ષ્વાકુવંશી, [7]વશી,
[8]મહર્ષિતુલ્ય રાજર્ષિ, વિખ્યાત ત્રણ લોકમાં,
મહા બળવાન, સંહાર કરનાર નિજ શત્રુનો,
મિત્રથી યુક્ત ને ધન તથા અન્ય સંચયવડે
[9]શક્ર ને [10]વૈશ્રવણસમ, સહુ લોકરક્ષક
મહાતેજ મનુનાસમા રાય દશરથ વસે.
સત્યવચની સદા ધર્મ ને અર્થ ને કામ–
ત્રિવર્ગમાટે મહા યત્ન કરનાર તે
ભૂપ પાલન કરે શ્રેષ્ઠ આ નગરીનું
ઇંદ્ર પાલન કરે જેમ અમરાવતી.
આ નગરવરમહીં વસી રહ્યા
નિત્ય આનંદમય મહાત્મા
ધર્મથી યુક્ત, સંતુષ્ટ નિજ ધનથકી,
અલોભી, બહુશ્રુત, સત્યવાદી નરો.

---

૧ મારવામા હલકા હાથના. ૨ કુશળ. ૩ અગીઆર હજાર યોદ્ધાઓનો ઉપરી શસ્ત્ર શાસ્ત્રમા પ્રવીણ ૪ વેદ જાણનાર ૫ શેહેર અને ગામડાના લોક. ૬ દશહજાર મહારથિ યોદ્ધાઓને સ્વાધીન લઇ યુદ્ધ કરી શકે તેવો યોદ્ધો. ૭ ઇન્દ્રિઓને વશ રાખનાર. ૮ ઋષિ એટલે સાધુ પુરૂષ, ઋષિઓનો ઋષિ તે મહર્ષિ, ઋષિરાજ તે રાજર્ષિ; ઋષિ બ્રાહ્મણ તે બ્રહ્મર્ષિ અને ઋષિદેવ તે દેવર્ષિ ૯ ઈંદ્ર. ૧૦ વિશ્રવસનો પુત્ર કુબેર.

આ પુરોત્તમમહીં નહીં કો દરિદ્રી,
અલ્પસંચયી ને અર્થ જેનો નહીં સિદ્ધ, જે
રહિત કુટુંબ કે ગાય ને અશ્વ, ધનધાન્યથી.
કામી કે [1]કદર્ય, ક્રૂર, વિદ્યારહિત પુરૂષ
નાસ્તિક નહીં કો દીસે.
સર્વ નરનારીઓ ધર્મમાં પરાયણ,
શીલ આચરણથી હર્ષમય,
જીતેંદ્રિય, શુદ્ધ શું મહર્ષિ.
આ નગરવરમહીં નહીં કો
મુકુટ, કુંડલ અને હારથી વિહીન, જે
અલ્પભોગી, નહીં મિષ્ટ ખાનાર, જે
અંગને લિપ્ત કરતો નથી મનહર સુગંધિઓ.
શુદ્ધ ભોજન અને દાન જે નહીં કરે,
નિષ્ક, અંગદ, અલંકાર જે હસ્તના નવ ધરે,
કો ન એવો તહીં; આત્મસંયમી સહુ
અગ્નિહોત્રી અને સોમયાગો કરે
સર્વ તસ્કર નહીં ધર્મથી ભ્રષ્ટ કે
વર્ણસંકર અયોધ્યા નગરમાંહી કો.
સર્વ નિજકર્મમાં પરાયણ
નિત્ય જીતેંદ્રિય બ્રાહ્મણો વસી રહ્યા
દાન અધ્યયનમાં શીલ
ને દાનના પ્રતિગ્રહમા વિચારી બહુ.
નહીં ત્યાં કોઇ નાસ્તિક, [2]અસૂયક, અવિદ્વાન કે
જે નહીં સત્યવાદી અને બહુશ્રુત,
કો ન [3]અજ્ઞાન ષડઅંગથી, દીન, અવ્રત
અને ભ્રમિત ચિત્તે, ન કો વ્યથાથી પીડાતો.

---

૧ અતિલોભી ૨ અદેખો. ૩ વ્યાકરણ, છંદ, જ્યોતિષ, નિરૂક્ત, કલ્પસૂત્ર અને શિક્ષા–એટલા વેદના છ અંગ કે ભાગ કહેવાય છે.

કો ન દેખાય ત્યાં નર અને નારીઓ
શ્રી અને સ્વરૂપહીન, રાજભક્તિવિના.
બ્રાહ્મણાદિ ચતુર્વર્ણમાં સર્વ છે
પૂજકો દેવ ને અતિથિના.
સર્વ કૃતજ્ઞ, દાતા, બહુ શૂર ને વિક્રમી,
સર્વ દીર્ઘાયુષી, ધર્મ ને સત્યના આશ્રિતો,
પુત્ર, પૌત્રાદિ ને સ્ત્રીસહિત
આ પુરોત્તમમહીં વાસ કરતા હતા.
ક્ષત્રિઓ વર્તતા સર્વ બ્રાહ્મણની આજ્ઞાતળે,
વૈશ્ય કરતા સહુ ક્ષત્રિઓનુ અનુકરણ ને
કર્મમાં પરાયણ શુદ્ર સેવા કરે
સર્વ ત્રણ વર્ણની. પૂર્વમાં જેમ મીમાન
મનુ માનવેન્દ્રે સુરક્ષી હતી આ પુરી
તેમ રક્ષણ કરે આજ ઇક્ષ્વાકુવશજ
મહારાજ દશરથ પ્રભુ.
અગ્નિસરખા અને કુટિલતારહિત,
જે સહન ના કરી શકે પરાભવ,
પૂર્ણ વિદ્વાન યોદ્ધા મહા વસી રહ્યા
આ મહાપુરીમહીં જેમ કો ગુફામા કેસરી.
પૂર્ણ આ નગર કાંબોજ, બાલ્હીક અને વનાયુ
ને વળી સિંધુતટઉપરના દેશના
છે હરિહયસમા ઉત્તગ હયોવડે.
વળી વસે આદિ વિંધ્યા અને હિમાદ્રિમાંહિ
ઉત્પન્ન થયલા મદોન્મત્ત બળવાન માતગ
પર્વતસમા અંગના, કોઈ [1]ઐરાવતી વશના,
કોઈ મહાપદ્મ, અંજન અને વામનદ્વિપકુલજ,

---

૧ ચાર દિગ્ગજો એટલે ચાર દિશાઓનુ રક્ષણ કરનાર હાથીઓ.

[1]ભદ્ર ને મંદ્રને મૃગતણી જાતના,
ભદ્રમૃગમંદ્ર, મૃગભદ્ર, મૃગમંદ્ર
વળી ભદ્ર ને મદ્રની મિશ્ર જાતિતણા.
આવી વિસ્તારમાં દ્વિયોજન,
દૃઢ મહાદ્વારના મ્હેલથી શોભતી,
સહસ્ર લોકોથી આવૃત્ત, કલ્યાણમય,
[2]સત્યનામા અયોધ્યાઉપર આજ શાસન કરે
શક્રસરખા મહાતેજ મહારાજ દશરથ
કરી શાંત સહુ શત્રુ નક્ષત્રપર
ચંદ્રમાની પેઠે.

સર્ગ ૭ મો.

પ્રધાનમંડળ

ઈક્ષ્વાકુવંશજ મહાત્મા મહીપતિતણા
કાર્યમા [3]દક્ષ ને [4]ગુપ્તહેતુજ્ઞ,
હિતપ્રિયપરાયણ નિરંતર અમાત્યો હતા.
આઠ આ વીરના યશસ્વી પ્રધાનો
શુદ્ધ, તત્પર સદા રાજ્યના કાર્યમા
ધૃષ્ટિ, સુરાષ્ટ્ર ને રાષ્ટ્રવર્ધન
અને જયંત, અકોપ ને ધર્મપાળ પ્રવીણ,
સર્વેમા શ્રેષ્ઠ સુમંત્ર અર્થાત જે

---

૧ હાથીઓમા ચાર જાતિ છે ભદ્ર જાતિના હાથીને સમાન અંગ, ઉંચુ માથું, વિશાળ છાતી, મ્હોટા કાન અને લાંબી પુછડી હોય છે એ હિમ્મતવાળો હોય છે ને છુટ થાકી જતો નથી, મંદ્ર જાતિનો રંગે કાળો, પીળી આંખવાળો, સરખા શરીરનો, ન૨મથી અને અંકુશને ગાઠે નહી એવો હોય છે, મૃગ જાતિનો હાથી રંગે સફેતાસપર, કાળા માથાવાળો હોય છે અને મીર ન્હાના માથાનો અને કલાગરો હોય છે ૨ નામ પ્રમાણે ગુણવાળી ૩ કુશળ ૪ છાનો હેતુ જાણનારા

ઇષ્ટ બે [1]ઋત્વિજો ઋષિવર વસિષ્ઠ
ને વામદેવ. છે વળી મંત્રીઓ
ગૌતમ, સુયજ્ઞ, જાબાલિ,
દીર્ઘાયુ માર્કંડ, કાત્યાયન દ્વિજ વડો
મંત્રના કાર્યમાં નિત્ય શામેલ આ
અમાત્યો, ઋત્વિજો, ઋષિજનો
રાજ્યસેવા પરાપૂર્વથી જે કરે,
તે સહુ યુક્ત વિદ્યા અને વિનયથી,
કુશળ, લાજાળ, શ્રીમંત, દૃઢ વિક્રમી,
નિગ્રહી, મહાત્મા, સર્વ શસ્ત્રજ્ઞ,
સાવધ, સદા વચનસર વર્તતા,
સર્વ તેજસ્વી, યશવાન ને ક્ષમાથી પૂર્ણ,
સ્મિતહાસ્ય કરી બોલતા.
ક્રોધ કે કામ કે અર્થના હેતુએ
કદિ ન ઉચ્ચારતા વચન મિથ્યા, વળી
દૂતસેવાવડે સર્વ જાણી જતા
થાય ને થયું તે અત્રર કે આપના પક્ષમાં,
કુશલ વ્યવહારમાં,
મિત્રતાની કસોટીપર કસાયલા,
દોષી નિજ પુત્રને દંડતા,
અહિત નહીં શત્રુ નિર્દોષને ઇચ્છતા,

---

૧ ધર્મગુરૂ, આ સ્થળે હોતા અને અ ર્ધ્યુ ઋત્વિજ મુખ્ય ચાર હોય છે હોતા, ઉદ્ગાતા, અ ર્ધ્યુ અને બ્રાહ્મણ હોતા ઋગ્વેદી હોય છે અને એનું કામ મંત્ર ભણી આહુતીઓ અપાવવાનુ છે ઉદ્ગાતા સામવેદી હોય છે અ ર્ધ્યુ યજુર્વેદી હોય છે તે જમીનનો માપ લે છે, વેદી બાંધે છે, યજ્ઞપાત્રો તૈયાર કરે છે, બળતણ તથા પાણી લઇ આવે છે, અગ્નિ સળગાવે છે અને પશુ લાવી તેનો વધ કરે છે બ્રાહ્મણ અથર્વવેદી હોય છે અને એ સર્વ કામપર દેખરેખ રાખે છ એ બ્રહ્માજી પણ કહેવાય છે. ઋત્વિજો કેટલીક વખતે આઠ અને બહુ મ્હોટી ક્રિયાઓમા તો સોળ પણ હોય છે ઉપલા ચાર ઉપરાંત બ્રાહ્મણાછંસી, પ્રસ્તોષ્ટ્ર, મૈત્રવરુણ, પ્રતિપસ્થાતૃ, પોતૃ, પ્રતિહર્તૃ, અછાવાક, નેષ્ટ્ર, અગ્નિધ, સુબ્રહ્મણ્ય, ગ્રાવસ્તુત અને ઉન્નેતૃ.

કોશસંગ્રહ અને સૈન્યની વૃદ્ધિમાં
યુક્ત વળી [1]નિયતઉત્સાહી તે
વીર સહુ ચાલતા કરી અનુકરણ શુભ
રાજના શાસ્ત્રનું. વિષયની વાસનામુક્ત
સહુ શુદ્ધ જનનું કરે નિત્ય રક્ષણ, વળી
ક્ષત્રિ કે બ્રાહ્મણોને ન કહિ પીડતા,
કોશ ભરતા કરી દંડ લઇ ધ્યાનમા
પુરૂષ અપરાધીનુ બળાબળ.
જે સમય આ હતા શુદ્ધ ને
એકબુદ્ધિ પ્રધાનો મહારાય દશરથતણા
તે સમય નહી કો નગર કે રાષ્ટ્રમાં
દુષ્ટ, પરદારલંપટ અને
મનુષ જે સત્ય વદતો નહીં. સર્વ શાંતિ હતી.
વસ્ત્ર સુંદર અને આભરણ ધારતા,
શુદ્ધ વ્રત પાળતા, ગુણવડે સર્વ ગુરૂજનમહીં
મેળવી માન્યતા,
સતત જાગૃત નયન નીતિના
રાયના હિતાર્થે રાખતા,
નિજ પરાક્રમથી પરદેશમા કીર્તિ પ્રસરાવતા,
તિવ્ર બુદ્ધિવડે સત્ય નિશ્ચયઉપર આવતા,
સર્વ સ્થળકાળમાં સ્વગુણ દર્શાવતા,
સંધિવિગ્રહતણા તત્ત્વને જાણતા,
સત્વરજતમતણી સંપદા ધારતા,
મંત્રને ગુપ્ત કૌશલ્યથી રાખતા,
નીતિશાસ્ત્રજ્ઞ તે સતત પ્રિયવાદી જન
સુગુણસંપન્ન સહુ અમાત્યોસહિત શાસન કરે

૧. નિયમસંગનો ઉત્સાહ રાખતા

રાય નિષ્પાપ રઘુકુલદિપક પૃથિવીપર.
શુભ્ર દૂતોવડે જાણી લઇ સત્યને,
વર્જિત અધર્મ કરી, ધર્મથી લોક કલ્યાણુને રક્ષતો,
પ્રજાપાલક પિતા, લોક વિખ્યાત, દાનેશ,
સંગ્રામમા સત્ય તે
અધિક કે તુલ્ય બળવાન શત્રુરહિત,
સર્વ આજ્ઞાનુસર વર્તતા
સુભટ સામંતમિત્રોસહિત
પુરૂષશાર્દૂલ આ રાય દશરથ કરે
જગતપર રાજ્ય નિષ્કંટક પ્રતાપથી
સ્વર્ગપર ઈંદ્રિસમ.
હિતમહીં યુક્ત, [1]અનુરક્ત, સહુ કુશળ ને
સબળ મંત્રીવડે સતત વિંટળાયલો
વિમળ પાર્થિવ પ્રકાશે પ્રભુ
પરમ તેજસ્વી કિરણોથી સંયુક્ત શુભ
ઉદય પામેલ [2]માર્તંડસમ.

સર્ગ ૮ મો.

અશ્વમેધવિચાર.

આમ ઐશ્વર્યેથીયુક્ત ધર્મજ્ઞ આ મહાત્મા
રાય દશરથ હતા વંશની વૃદ્ધિકરનાર
સંતાનથી રહિત કરવા છતાં ઉગ્ર તપ.
સંતતિવિષય ચિંતન નિરંતર થતાં
એ મહાત્માની બુદ્ધિ થઇ
પુત્રપ્રાપ્તિઅર્થે [3]વાજીમેધ કરવા.
તેથી ધર્મિષ્ઠ આ મહાતેજસ્વી ને બુદ્ધિશાળી નૃપે

---

૧ પ્રેમ ધરાવતા ૨ સૂર્ય. ૩. અશ્વમેધ યજ્ઞ.

સર્વ મંત્રી [1]કૃતાત્માસહિત
યજ્ઞ કરવાતણો યોગ્ય નિશ્ચય કરી
મંત્રીમાં ઉત્તમ સુમંત્રને
આણવા સદ્ય આજ્ઞા કરી
સર્વ ગુરૂજનસહુ [2]પુરોહિત વસિષ્ઠને.
આમ આજ્ઞા થતાં ત્વરિતગતિમાન સુમંત્ર તે
તેડી લાવ્યો જઈ વેદપારગત સમસ્ત
સુયજ્ઞ, કાશ્યપ અને જાબાલિ
[2]પુરોહિત વસિષ્ઠ ને વામદેવાદિ દ્વિજ ઉત્તમો.
આપીને યોગ્ય સત્કાર ધર્મિષ્ઠ આ નરવરે
તત્ર આવેલ સહુ વિપ્રવરપ્રતિ કહ્યાં
ધર્મ ને અર્થથીયુક્ત મંજુલ વચનઃ-
"પુત્રનેસારૂ હુ વિલપતો સુખ નથી પામતો, મુનિવરો!
અશ્વમેધ કરવા–શાસ્ત્રવિધિપુરઃસર યજ્ઞ કરવાતણી
પ્રબળ ઇચ્છા મ્હને. તેથી હે મુનિવરો!
કેવી રીતે થશે કામના સફળ મમ
ત્હેનું ચિંતન કરો." શ્રવણ કરી સર્વ
"બહુ સારૂ" કહી માન્ય કીધા વચન
મુખથી નિકળેલ પાર્થિવતણા
પ્રમુખ સુ વસિષ્ઠસહ સર્વ દ્વિજ ઉત્તમે;
ને પરમ હર્ષ પામેલ તે સર્વ ઉચર્યા વચન
રાય દશરથપ્રતિ–"હે નરાધિપ! કરો
સજ્જ સામગ્રીઓ, છોડી મૂકો [3]તુરંગ;
સરયૂનાતીર ઉત્તરઉપર યજ્ઞભૂમિ રચો
ધાર્મિકી બુદ્ધિ થઇ પુત્રને કારણે

---

૧ શુદ્ધ આત્માવાળા ૨ કુળગુરૂ. ૩ ઘોડો. પૃથ્વીના રાજાઓઉપર પોતાનું સામ્રાજય સ્થાપિત કરવા ઘોડાને છૂટો મૂકવામા આવતો. જે બાંધે તેનો પરાજય કરવામાં આવતો.

ત્હારી હે નરાધિપ! પ્રાપ્તિ તેથી થશે
પુત્રની સર્વથા ત્હારી ઇચ્છામુજબ."
સાંભળી આમ બ્રાહ્મણતણાં વચન
સંતુષ્ટ રાજા થયો. હર્ષથી નયન વ્યાકુળ થતાં
વચન રાયે કહ્યાં નિજ અમાત્યોપ્રતિ–
"હે સમર્થો! ત્હમે ગુરૂવચન અનુસરી
સજ્જ સાહિત્ય સર્વે કરો
રક્ષિત સમર્થ પુરૂષોથકી
રાખીને સાથમાં [1]ઉપાધ્યાય
અશ્વ છૂટો મુકો, ને કરાવો ત્હમે
સરયૂના તીર ઉત્તરઉપર
મંગળ વિધાન શુભ યજ્ઞભૂમિતણું,
વળી કરો શાંતિનું કર્મ ક્રમ ને વિધિ અનુસરી
કરી શકે સર્વ રાજા મહાયજ્ઞ આ
થાય આ કર્મ ઉત્તમ પરીપૂર્ણ જો
દોષ કે કષ્ટહીન. ફરી રહ્યા
નિત્ય વિદ્વાન બ્રહ્મરાક્ષસો છીદ્રની શોધમાં
ને વિધિહીન થતાં યજ્ઞ
કર્તા સદા નાશને પામતો.
તેથી હે [2]સાધનસમર્થ મમ મંત્રીઓ!
વિધિપુરસર સમાપ્તિ થવા આપણા યજ્ઞની
ઉદ્યમ કરો સહુ." "એમ કરીશું" કહી
માંન્ય સત્વર કર્યાં [3]પ્રતિપૂજિત મંત્રીઓએ સહુ
વચન મહારાજ પાર્થિવતણાં.
આપી આશિર્વચન ઉત્તમ નૃપાળને
નૃપની આજ્ઞાથી સ્વસ્થાન પ્રત્યે ગયા

૧ ધર્મશિક્ષક ૨ સાધનોને લીધે શક્તિવાન ૩ સત્કાર પામેલા.

સર્વ ધર્મજ્ઞ તે દ્વિજવરો.
કરી વિસર્જન સહુ વિપ્રનું
રાજશાર્દૂલ તે મહામતિ દશરથે
સચિવમંડળપ્રતિ તુરત આજ્ઞા કરી
સર્વ ઋત્વિજતણા શાસનો અનુસરી
સજ્જ કરવા સહુ સદ્ય સામગ્રીઓ યજ્ઞની,
ને રજા આપી સહુ સચિવને
રાજરાજેન્દ્ર અંતપુરપ્રતિ ગયા
ને કહ્યું નિજ હૃદયવલ્લભા પત્નિઓને થવા
સદ્ય તૈયાર દીક્ષિત થવા કેમકે
પુત્રની પ્રાપ્તિઅર્થે કરે યજ્ઞ પોતે મહા.
શ્રવણ કરી આ અતિ પ્રિય વચન નાથનાં
સુભગ તે સુંદરીઓતણાં મુખ થયા
સુશોભિત હિમઋતુ વીતી જતાં કમળગણ.

સર્ગ ૯ મો.

સુમંત્રસંવાદ.

શ્રવણ આ સર્વ વાર્તા કરી
[1]સૂત સુમંત્ર મહીપાળ દશરથપ્રતિ
આ પ્રમાણે વદયો—" હે મહારાજ ! તવ
પુત્રની પ્રાપ્તિના વિષયમાં એક પૂર્વે કહી
સર્વ ઋષિઓપ્રતિ જગતવિખ્યાત
ભગવાન મહાબળ [2]સનત્કુમારે શુભ કથા
તે પ્રભુ સાંભળો—
" [3]કશ્યપ ઋષિતણા સુત વિભાંડકગૃહે

---

૧ સારથી, સુમંત્ર મંત્રી સારથીનું પણ કામ કરતો હતો. ૨ બ્રહ્માના એક પુત્ર.

જન્મશે પુત્ર તે ઋષ્યશૃંગ પ્રતાપી મહા.
તે મુનિ વનમહીં વૃદ્ધિ પામી સદા
વનમહીં વિચરશે. તાત આજ્ઞાનુસર વર્તતો,
અધિક નહીં જાણતો, પાળતો લોકવિખ્યાત ને
બ્રાહ્મણપ્રશસ્ત શુભ [1]દ્વિવિધ બ્રહ્મચર્ય વિપ્રેંદ્ર તે
કાળ કરશે વ્યતીત સરલ કરી શુશ્રૂષા
અગ્નિ ને નિજ મહાયશસ્વી તાતની.
આ સમય [2]અંગના રાજ્યઆસનઉપર
જગતવિખ્યાત તે રોમપાદ પ્રતાપી મહાબળ હશે.
આ મહીપતિતણા [3]વ્યતિક્રમથકી થશે
ઘોર દુષ્કાળ દારૂણમહાભયદ સહુ લોકને.
રાય દુઃખિત અનાવૃષ્ટિથી
શ્રુત અને વૃદ્ધ આમંત્રીને બ્રાહ્મણો
સર્વ તે કુશળ વ્યવહાર ને વેદકર્મોમહીં
વિપ્રને વિનવશે પાપમુક્તિઅર્થે
[4]નિયમ દર્શાવવા. શ્રવણ કરી આ સહુ
[5]સર્વ દ્વિજસત્તમો વેદપારગ પછી
બોલશે મહીપતિપ્રતિ વચન-"કો ઉપાયે કરી
આણવો વિભાંડકસુત અહીં. હે મહીપાળ! તે
વિપ્રવર વેદવિદ વિભાંડકપુત્રને
આણી, સત્કારી ને દાન વિધિસર કરો
એકચિત્તે ત્હમે રાજકન્યા રૂડી
સુભગ શાંતાતણું."
સાંભળી વચન આ રાય ચિંતન કરે
તે મહાવીર્યશાળી પુરૂષ કેમ આવે અહીં.

---

૧ ગૃહસ્થાશ્રમ માંડયા પછી પણ માત્ર ઋતુકાળના વખતે સ્ત્રીગમન કરે તે.
૨ સરયૂ અને ગંગાના સંગમ આગળનો પ્રદેશ ૩ ધર્મભંગ. ૪ નીમ-ધર્મ ક્રિયા.
૫ ઉત્તમ બ્રાહ્મણો.

નિયતઆત્મા મહીપતિ કરી મંત્ર
નિજ મંત્રીઓસાથ [1]આદિશશે
પુરોહિત ને સચિવ સર્વને ત્યાં જવા.
શ્રવણુ વચનો કરી રાયનાં
[2]વ્યથિત હૃદયે અને [3]પ્રણુત આનનથકી
સર્વ તે પ્રાર્થશે પાર્થિવ પ્રતાપીને.
"હે મહારાજ ! આ વિભાંડક ઋષિતણા ભયથકી
ત્યાં જવાની ન હિમ્મત અમે ધારીએ.
તેથી કરશો ક્ષમા; પણુ અમે કો ઉપાયે કરી
દોષને ટાળવા લાવશું વિપ્રને આ સ્થળે."
અંગપતિએ પછી સ્હાય લઇ કુશળ વારાંગનાઓતણી
અણુાવ્યો તે સ્થળે ઋષિસુત તપસ્વીને.
દેવઆજ્ઞાથકી મેઘવૃષ્ટિ થઇ
ને મહાભાગ તે નૃપતિએ
દાન દીધું યથાન્યાય શાંતાતણું.
હે અયોધ્યાપતિ રાય દશરથ પ્રભુ !
આ ઋષિ ઋષ્યશૃંગ પ્રતાપી થશે
પુત્રની પ્રાપ્તિના યજ્ઞમા
આપનો પ્રથમ ઋત્વિજ વડો."
આ વચન જે કહ્યા પ્રભુ સનત્કુમારે
તે કર્યા વિદિત મ્હેં સર્વ પ્રભુ ! આપને."
આથી હર્ષિત થઈ દશરથે સૂત સુમંત્રને
શા ઉપાયે વિભાંડકઋષિપુત્રને અણુાવ્યો
તે યથાસ્થિત સહુ કહી જવાને કહ્યું.

---

૧ ફરમાવશે ૨ દુખીત ૩ નીચે મોઢે

સર્ગ ૧૦ મો.

ઋષ્યશૃંગઆખ્યાન.

રાયના આમ પુછવાથકી
વચન સુ સુમંત્ર બોલ્યો પછી—
" શ્રવણ કરજો પ્રભુ ! સર્વ મંત્રીસહિત
વિભાંડકપુત્રને મંત્રી લાવ્યા તહીં
શા ઉપાયો ધરી.
રાજ ! તે રોમપાદ પ્રતાપીપ્રતિ
અમાત્યો ને પુરોહિત વધા આ વચન—
" હે મહારાજ ! અમ યોજિત ઉપાય [1]નિરપાય છે.
વિપ્ર એ વનમહીં વિચરતો
તપ અને વેદના અધ્યયનમાં થતો
સર્વદા મગ્ન [2]અનભિજ્ઞ છે
નારીના વિષયસુખથી તદન.
એ પરમ પુરૂષને આણશુ પુરમહીં
યોજી સાધન રુચિત ઇંદ્રીને કરી કરે
પ્રબળ મંથન પુરૂષચિત્તનું.
યોજના ત્હેવી સત્વર કરી
રૂપશૃંગારથી બહુ ભરી
જાય ગણિકા તહીં;
સર્વ સત્કાર કહિ પામશે
લાવશે વિવિધ યુક્તિથી ઋષિપુત્રને. "
શ્રવણ કરી આ વચન રાયશાસન થતાં
પુરોહિતમંત્રીઓ નૃપવચન અનુસરી
એમ વર્ત્યા સહુ.
સુમુખ વારાંગના ગઇ મહાવનમહીં

---

૧ નિષ્ફળ ન જાય એવા. ૨ અજાણ્યા

આશ્રમનિકટ રહી યત્ન કરતી થઇ
દર્શનાર્થે પછી નિત્ય આશ્રમનિવાસી ઋષિપુત્રનાં.
તાતસેવા કરી નિત્ય સંતુષ્ટ તે તપસ્વી
કદિ ન આશ્રમ તજી બ્હાર ફરતો હતો.
એ ઋષિસત્તમે નવ પ્રથમ જોયલાં જન્મથી
કોઈ નરનારી કે નાગરિક, રાષ્ટ્રજન.
એક દિવસે પછી ભ્રમણ કરતો યથેચ્છા
વિભાંડકસૂનુ તે સ્થળે જઇ ચઢયો
ને દીઠી સર્વ વારાંગના,
જે મધુર સ્વરથકી ગાન કરતી હતી.
ચિત્ર વેષોવડે સજ્જ સહુ પ્રેમદા
આ ઋષિપુત્રને પૂછવા લાગી કે
"વિપ્ર ! તું કોણ છે ? શું કરે છે અહીં ?
જાણવા એ અમે ઇચ્છીએ.
[1]વિજન આ દૂર વનનીમહીં
કેમ તું ફરી રહ્યો એકલો ? એ તું અમને કહે."
આમ [2]અદૃષ્ટ રૂપવાન ને [3]કામરૂપા રૂડી
સુંદરીઓતણાં દર્શને [4]ઉદ્ભવિત
પરમ આનંદના વેગમાં
મતી કરી વિદિત કરવા કથા
પરમ વિખ્યાત નિજ વંશની
એ ઋષિપુત્ર બોલ્યો વચન—
"સુત હું ઓરસ પિતા મમ વિભાંડકતણો.
અખિલ ભૂલોકમાં નામ ને કર્મવિખ્યાત હું
ઋષ્યશૃંગર્ષિ છું.
સમીપ આશ્રમ રહ્યું મ્હારૂં ત્યાં સર્વ શુભદર્શના
આજ આવો ત્હમો; વિધિપુરઃસર કરૂં

૧ નિર્જન. ૨. કોઇ દિવસ દીઠેલી નહીં એવા રૂપવાળી. ૩ સુંદર. ૪ ઉત્પન્ન થએલા.

યોગ્ય પૂજન હું તમ સર્વનું."
કરી શ્રવણ વચન ઋષિપુત્રનાં
સર્વ સંમત થયાં ને સહુ અંગનાઓ ગઇ
ઋષિતણું આશ્રમ નિહાળવા.
ત્યાં જતાં "અર્ઘ્ય આ,
જળ તથા ફળ અને મૂળ આ"
એમ વચનો વદી પરમ પૂજન કર્યું
સર્વ તે કામિનીઓનું આ
અતુલ ઋષિઆત્મજે.
પ્રતિગ્રહી આ પૂજા પરમ ઔત્સુકયથી
સર્વ તૈયાર થઇ આશ્રમ ત્યજી જવા
ઋષિતણા ભયથકી
ને કહ્યાં વચન મુનિ ઋષ્યશૃંગપ્રતિ.
"દ્વિજ અહો! ગ્રહણ કર, આજ અમ મુખ્ય ફળ અર્પિએ;
ભક્ષ કર સર્વ તે વિપ્ર! વીન વિલંબે.
આમ કહી સર્વ દઇ
[1]હર્ષઆશ્લેષ ઋષિપુત્રને
રૂચિર મોદક વિવિધ ભક્ષ્ય આપ્યાં
બહુ પ્રેમથી. સ્વાદ લઇ સર્વનો
એમ માન્યું મને પરમ તેજસ્વીએ
આ [2]અનાસ્વાદિત ફળો સહુ.
વિપ્ર આજ્ઞા લઈ,
કરવું છે વ્રત કંઈ એમ સમજાવી દઇ,
ગઇ સહુ શશીમુખી તાતના ભયથકી
સઘ સ્વસ્થાનમાં.
સર્વ ચાલી જતાં હૃદય વ્યાકુળ થતાં
પુત્ર કશ્યપતણો અહીંતહીં વિચરતો.

૧ આનંદથી ભેટયા. ૨ ચાખેલા નહીં એવાં.

તે મહાવીર્યે શ્રીમાન મુનિ વિભાંડકપુત્ર વળતે દિને
પછી ગયો તે સ્થળે જ્યા દીઠી
શુભ અલંકારથી યુક્ત વારાંગના.
આવતો જોઇ તે વિપ્રને હૃષ્ટ હૃદયે ગઇ
સર્વ સ્હામી અને વચન વદતી મધુર–
“[1]સૌમ્ય! સ્વાગત ત્હને. આશ્રમ અમારૂં જે
[2]ચિત્ર ફલમૂલ ભરપૂર છે.
ત્યાં પધારો મુનિ! તૃપ્ત દીલ બહુ થશે.”
સાંભળી વચન આ પરમ [3]હૃદયંગમ
ગમન કરવાતણી વૃત્તિ મુનિએ કરી.
હર્ષથી સર્વ પાછી ફરી
અંગદેશે રૂડી અંગનાઓ લઇ
તે મહાત્મા ઋષિપુત્રને.
વિપ્ર તેજસ્વી તે દેશમાં આવતાં
દેવ વર્ષ્યો સહજ પરમ આલ્હાદકર જગતને.
આવતાં મેઘ સાથે લઈ, વિપ્ર તાપસ તહીં
મહીપ સ્હામા જઈ નમ્રતાયુક્ત
નિજ શિર નમાવ્યું [4]બહુ પ્રીત ધરતિસરસું;
ને વિધિયુક્ત મન શાંતથી અર્ઘ્ય અર્પણ કર્યો
ને કરી યાચના તે મહાત્માકને
ક્રોધનું કારણ ન આપવા મગલ પ્રસાદની.
અર્પી અંતઃપુરે લઇ જઇ તે મહાવીર્યને
પરમ હર્ષિત પ્રભુ અંગના પાલકે
શાંત મનથી કરી સુભગ શાંતા સુતા.
ઋષ્યશૃંગ પ્રતાપી મહાતેજ
નિજ પત્ની શાંતાસહિત
અત્ર કરતો સફળ કામના વાસ વસતો થયો.

---

૧ ભલા, મળતાવડો. ૨ નવાઇ લાગે એવા. ૩ હૃદયને હરી લે એવા. ૪ બહુ પ્રસન્ન થયલા.

સર્ગ ૧૧ મો.

ઋષ્યશૃંગનિમંત્રણ.

સુમંત્ર વદતો વચન-“ બુદ્ધિશાળી પ્રભુ
દેવપ્રવરે કહ્યાં વાકય જે તે હું રાજેન્દ્ર ! ત્હમને કહું.
રાજ ! ઇક્ષ્વાકુકુલનીમહીં ધાર્મિક, શ્રીમાન ને
સત્યવચની થશે રાય દશરથ વડો.
સખ્ય ત્હેને થશે અંગપતિ સાથ જ્હેને હશે
એક કન્યા મહાભાગ શાંતા કરી.
અંગપતિ રોમપાદ પ્રતાપીકને
મહાયશ રાય દશરથ જઇ વિનવશે આમ કહી-
“ પુત્રહીન હું રહ્યો, તેથી ધર્મિષ્ઠ હે !
કુલની વૃદ્ધિઅર્થે યજ્ઞ સુ કરાવવા
આપ આજ્ઞા તુ શાંતાતણા કાંતને. ”
સાંભળી આ વચન રાયનાં મનમહી વિચારી
આપશે પુત્રીને પુત્ર ને પતિસહિત.
પ્રતિગ્રહી વિપ્રને [1]જ્વરરહિત રાય તે
હૃષ્ટ આત્માથી શુભ યજ્ઞ આરંભશે.
કીર્તિની કામનાયુક્ત તે ધર્મવિદ મહીપતિ
પુત્ર ને સ્વર્ગની પ્રાપ્તિઅર્થે મહાયજ્ઞ આરંભવા
ઉભય કર જોડીને [2]વરણ કરશે મહાશ્રેષ્ઠ તે વિપ્રનું;

---

૧. ચિંતા વગરનો ૨ જ્યારે યજ્ઞ કરવો હોય છે ત્યારે યજમાન પોતાનો પ્રતિનિધિ જે સોમપ્રવાક કહેવાય છે ત્હેને યજ્ઞ કરાવનાર બ્રાહ્મણો જે શ્રોત્રીય કહેવાય છે ત્હેમની પાસે મોકલે છે, તે શ્રોત્રીયપાસે જઇ પૂછે છે કે અમુક રાજા સોમયજ્ઞ કરવાના છે અને આપને ત્યા હોતા તરીકે કર્મ કરાવવા વિનતિ કરવામાં આવે છે. શ્રોત્રીય ત્હેને પૂછે છે કે કહ્યો યજ્ઞ કરવાના છે ને ઋત્વિજો કોણ છે ? ત્હેનો જવાબ દેવામાં આવે છે એટલે તે પાછો પૂછે છે કે શું આપશો ? તેનો જવાબ દેવામા આવે છે કે આટલી ગાય. પછી શ્રોત્રીયને ઠીક લાગે તો તે આમ ત્રણનો સ્વીકાર કરે છે. આ વરણ કહેવાય છે. અહીં પ્રતિનિધિ મોકલવાને બદલે દશરથરાજાએ જાતેજ વરણ કર્યું છે.

ને થશે સફળ સહુ કામના રાયની
મુખ્ય તે દ્વિજવડે.
પ્રાપ્ત કરશે પ્રભુ પાર્થ તે
[1]અમિતવિક્રમ અને વંશની વૃદ્ધિકર;
સર્વ ભૂતોમહીં વિશ્રુત, યશસ્વી, પ્રિય
ચાર પુત્રોતણી. આમ ભગવાન તે
દેવવર પ્રભુ સનત્કુમારે
[2]દેવયુગમાં અગઉ આ કથા કથી હતી.
તેથી હે પુરૂષશાર્દૂલ! જઇ જાતથી
સૈન્યવાહનસહિત સદ્ય સત્કાર સારો કરી
અત્ર લઇ આવશો તે મહાપુરૂષને."
શ્રવણ કરી આ વચન સૂત સુ સુમંત્રનાં
હૃષ્ટ દશરથ થયા.
લઇ પછી અનુમતિ ઋષિવર વસિષ્ઠની,
રાખી અંતઃપુર અમાત્ય સહુ સાથમાં,
ત્યાં ગયા નૃપતિ તે જ્યાં વસે દ્વિજ વડો.
વન અને સરિત ઓળંગતા,
હળુહળુ ચાલતા, આવી પ્હોંચ્યા સહુ
જે સ્થળે તે મહામુનિ વસે.
ત્યાં જઈ તે ઋષિપુત્ર દ્વિજશ્રેષ્ઠનાં
રૂચિર દર્શન કર્યાં રોમપાદનીસમીપ
દીપ્ત વન્હિસરખા. નૃપતિ તે રોમપાદે
યથાન્યાય પૂજન કર્યું રાય દશરથતણું.
મૈત્રીનાકારણે હૃષ્ટ આત્માવડે
વિદિત કીધો રૂડો સખ્યસંબંધ
ધીમાન ઋષિપુત્રને; તેથી તે અતિથિનું
પૂજન કર્યું મહાત્મા મુનિપુંગવે.

૧ અતિશય પરાક્રમી. ૨ સત્યયુગ.

આમ સત્કાર પામેલ તે નરર્ષભ
તહીં રહ્યા સાત કે આઠ દિન
ને પછી આમ વચનો વદ્યા તે મહીપતિપ્રતિ-
" થાઉં ઉદ્યુક્ત હે નરપતિ ! શુભ મહાકાર્યમાં,
આવવા દે તું મ્હારે નગર
સુશિલ નિજ સ્વામીસહ ત્હારી શાંતા સુતા."
સાંભળી વચન ધીમાનગમનાર્થનાં
નૃપતિએ વિપ્રને ગમન કરવા કહ્યું
શીઘ્ર ભાર્યાસહિત. " ઠીક " કહી રાયને
મહત ઋષિપુત્ર તે નીકળ્યો નૃપની આજ્ઞાથી નિજ
સુશિલ ભાર્યાસહિત.
તે પછી રાય દશરથ અને
તે મહા વીર્યનર રોમપાદ પ્રતાપી યુગલ જોડી કર
પરમ પ્રીતિથી આશ્લેષ અકકેકને
કરી ઉભય હર્ષ પામ્યા અતિ.
પછી રઘુનંદને સુહૃદઆજ્ઞા લઇ
શીઘ્ર પ્રસ્થાન કીધું અયોધ્યાપ્રતિ.
શીઘ્રગામી દૂતો સાથ આદેશ તે
નૃપતિએ મોકલ્યો પૌરજનને સહુ
નગર શણગારવા-
સિક્ત જલથી કરી ધૂપપરિમલભરી
પરમ [1]સમૃષ્ટ ને રૂચિર ધ્વજપતાકાઓવડે
શુભ્ર અલંકારથી સજ્જ કરવા પુરી.
રાયનું આગમન સાંભળી હૃષ્ટ સહુ નગરજન
રાયઆજ્ઞાનુસર સજ્જ સહુ કરી રહ્યા.
તે પછી મહીપતિ મોખરે રાખીને દ્વિજર્ષભ

---

૧ સાફ કરેલી.

શંખ ને દુંદુભિના મહા ગર્જતા ઘોષસહ
શુભ અલંકારથી યુક્ત તે નગરમાં
તુરત દાખલ થયા.
સ્વર્ગમાં પ્રવિશતા અમરવર ઇંદ્રસહ
કાશ્યપ મહર્ષિસમ, શક્રસ્હાયક મહાવિક્રમ નરેંદ્રથી
સત્કૃત દ્વિજેંદ્રને નગરમાં પ્રવિશતો દેખીને
સર્વ નાગર જનો પ્રમુદિત થયા બહુ.
પછી જઇ રાય અંતઃપુરે પૂજન કરી પ્રીતે
તે મહાવિપ્રનું શાસ્ત્રસર ને કૃતકૃત્ય મનમાં થયા.
વળી સહુ અંતઃપુરવાસીઓ આ વિશાલાક્ષી શાંતાતણું
કાંતસહ આગમન અહીં થતાં
રૂચિર દર્શન કરી પ્રેમઆનંદ બહુ અનુભવે.
આમ તે સર્વથી ને અધિક પાર્થથી
પરમ પૂજાયલી દ્વિજસહિત તહીં વસી
સુખથી કિંચિત સમય.

સર્ગ ૧૨ મો.

યજ્ઞનિશ્ચય.

તે પછી થઇ ગયો વ્યતિત કંઇ કાળ ને
મનહર વસંત આવી રહી,
જે સમય મન થયું નૃપતિને યજ્ઞ કરવાતણું.
શિરવતી પ્રણમીને દેવવર્ણી મહાવિપ્રને
વંશવૃદ્ધિઅર્થે સંતતિસારૂ શુભ
યજ્ઞ આરંભવા પ્રિય કરી યાચના.
"ઠીક છે" એમ ઉત્તર દઇ તે નરાધિપતિને
આમ વચનો કહ્યાં તે ઋષિસત્તમે-
"હે નારાધિપ! કરો સજ્જ સામગ્રીઓ,

છોડી મૂકો તુરગ, સરયૂનાતીર ઉત્તરઉપર
યજ્ઞભૂમિ રચો."
તે પછી નૃપતિએ સઘ આજ્ઞા કરી
સત્વર સુમંત્રને તેડી લઇ આવવા
બ્રાહ્મણો વેદપારગ અને ઋત્વિજો
બ્રહ્મવાદિન મહા ઉત્તમ સુયજ્ઞ
કાશ્યપ અને જાબાલિ ઋષિવર વસિષ્ઠને
વામદેવાદિ દ્વિજવરસહિત.
ત્વરિતવિક્રમ પછી સૂતવર સુમંત્ર સત્વર ગયો
તેડી લાવ્યો તહીં વેદપારંગત સમસ્તને.
પૂજન પ્રીતે કરી સર્વનું રાય ધર્મિષ્ઠ તે દશરથે
મુનિવરોપ્રતિ કહ્યાં
ધર્મને અર્થથી યુક્ત મંજુલ વચન—
"ઋષિવરો! પુત્રને સારૂ સંતાપથી યુક્ત હું
સુખ નથી પામતો. તેથી કરવા કરૂં
યજ્ઞ હયમેધ હું. આ ઋષિપુત્રના પ્રભાવે
સફળ હું કરીશ મમ પ્રબળ મનકામના."
શ્રવણ કરી સર્વ "બહુ સારૂં" કહી
માન્ય કીધાં વચન મુખથી નીકળેલ પાર્થિવતણાં
પ્રમુખ વસિષ્ઠસહ સર્વ દ્વિજ ઉત્તમે;
ને પછી અગ્રસ્થાને રહ્યા ઋષ્યશૃંગ પ્રતાપીસહિત
સર્વ ઉચર્યા વચન તે નરાધિપપ્રતિ—
"હે મહીપતિ! કરો સજ્જ સામગ્રીઓ,
છોડી મૂકો તુરગ, સરયૂના તીર ઉત્તરઉપર
યજ્ઞભૂમિ રચો. ત્હારી હે નરાધિપ!
ધાર્મિકી બુદ્ધિ થઈ પુત્રને કારણે
તેથી પ્રાપ્તિ થશે સર્વથા અમિતવિક્રમ ત્હને
ચાર પુત્રોતણી. આ વચન સાંભળી વિપ્રનાં

રાય હર્ષિત થયો ને વદ્યો હર્ષથી શુભ વચન
નિજ અમાત્યોપ્રતિ—" ગુરૂવચન અનુસરી
શીઘ્ર સામગ્રીઓ સજ્જ કરજો સહુ.
રક્ષિત સમર્થ પુરૂષોથકી રાખીને સાથમાં ઉપાધ્યાય
અશ્વ છુટો મૂકો ને કરાવો ત્હમે
સરયૂના તીર ઉત્તરઉપર મંગળ વિધાન શુભ
યજ્ઞભૂમિતણું; ને કરો શાંતિનું કર્મ
ક્રમ ને વિધિ અનુસરી.
કરી શકે સર્વ રાજા મહાયજ્ઞ આ
થાય આ કર્મ ઉત્તમ પરિપૂર્ણ જો
દોષ કે કષ્ટહીન. ફરી રહ્યા
નિત્ય વિદ્વાન [1]બ્રહ્મરાક્ષસો છીદ્રની શોધમાં
ને વિધિહીન થતા યજ્ઞ
કર્તા સદા નાશને પામતો.
તેથી હે સાધનસમર્થ મમ મંત્રીઓ !
વિધિપુરઃસર સમાપ્તિ થવા આપણા યજ્ઞની
ઉદ્યમ કરો સહુ." "એમ કરીશું" કહી
માન્ય વચનો કરી મંત્રીઓએ સહુ
વચન મહારાજ પાર્થિવતણાં તેમ કરતા થયા,
ને પછી સ્તુતિ કરી
આ મહાવીર્ય ધર્મજ્ઞ પાર્થિવતણી
સર્વ દ્વિજશ્રેષ્ઠ સ્વસ્થાનપ્રત્યે ગયા.
તે જતાં વિપ્રવર નરવર મહામતિ
કરી વિસર્જન સહુ સચિવનું
સદ્ય ચાલ્યા ગયા રાણીના વાસમાં.

૧ વિદ્વાન બ્રાહ્મણ અવગતિએ પામી ભૂત થાય તે બ્રહ્મરાક્ષસ કહેવાય છે.

સર્ગ ૧૩ મો.

યજ્ઞસામગ્રી.

એક સંવત્સર સહજ ચાલ્યો ગયો
ને પુનઃ પ્રાપ્ત થઈ મનહર વસંત તે સમય તે
વીર્યવત નૃપતિ કાકુત્સ્થ
પુત્રાર્થ હયમેધ કરવાની ઇચ્છાથી પ્રેરાયલો
મુનિવર વસિષ્ઠ પાસે ગયો
ને કરી નમ્ર અભિવંદનો, ન્યાયસર પૂજીને
વિનયસર વાકય પુત્રાર્થ બોલ્યો પછી,
તે દ્વિજોત્તમપ્રતિ-"બ્રહ્મ હે !
કરાવો યજ્ઞ મ્હારો ત્હમે ઉક્ત રીતીવડે.
હે મુનિપુંગવ ! વિધાન એવું કરો
યજ્ઞના અંગમાં વિઘ્ન નવ થાય કો.
સ્નિગ્ધ મમ સુહૃદ છો,
પરમ ગુરૂ આપ મ્હારા મહા.
ઉદ્યત થયા પછી યજ્ઞનો ભાર છે
સર્વ તમ શિરઉપર."
"તેમ કરીશું" કહી નૃપતિને ઉત્તમ દ્વિજે કહ્યું
કે "કરીશ સર્વ હું કહીશ જે તું મ્હને."
તે પછી યજ્ઞનિષ્ઠિત મહાવૃદ્ધ દ્વિજ ઉત્તમો,
પરમધાર્મિક વયોવૃદ્ધ પુરૂષો અને
કુશલ રથકાર, [1]કર્માતિકો, શિલ્પકારો, સુતારો અને
[2]ખનક ઉત્તમ વળી જોશીઓ, ચતુર નટનર્તકો,
શુદ્ધ ને શાસ્ત્રવિદ નર બહુશ્રુત સહુ લોકને
સમીપ તેડાવીને વચન આવાં કહ્યાં-
"અનુસરી રાયશાસન ત્હમે

૧ કામ કરનાર. ૨ ખોદનાર.

શીઘ્ર ઉદ્યુક્ત સહુ થઇ જજો યજ્ઞના કર્મમાં.
લાવજો સત્વર સહસ્રગણુ [1]ઇષ્ટિકા.
બાંધજો નૃપતિઓકાજ
બહુ ગુણુવડે યુક્ત ભવનો રૂડાં.
બ્રાહ્મણોસારૂ બાંધો ત્હમે
શેકડો શુભ [2]સુનિષ્ઠિત નિવાસગૃહો
પૂર્ણુ બહુ ભક્ષ્ય ને અન્નપાનોવડે.
દૂરથી આવતા પાર્થિવોને વળી
પૌરજનકાજ સુંદર રચો
પૃથક ને ભિન્ન વિસ્તારવાળાં સ્થળો.
વાજી ને વારણોકાજ શાળા બહુ ને રચો
મહત શય્યાગૃહો ને અવાસો મહા
દેશપરદેશના નિવાસી આવતા સુભટસારૂ ત્હમે.
ભક્ષ્ય પુષ્કળ અને સર્વ ઇચ્છિત પદાર્થોવડે
ઉપસ્થિત મંદિર મહાન વળી
નગરજનસારૂ સુંદર રચો.
આપજો અન્ન નવ કદિજ [3]લીલા કરી,
આપજો પણુ ત્હમે સર્વને યોગ્ય સત્કાર વિધિપુરઃસર,
જેથી સત્કૃત અને પૂજીત થયા અમે
એમ માને રૂડું લોક સહુ વર્ણુના.
કામ કે ક્રોધને વશ થઇ ન કરવી
કોઇની અવજ્ઞા.
પૂજજો તમ યથાક્રમ વિશેષે કરી
પુરૂષ ને શિલ્પિઓ સર્વ ઉદ્યુક્ત જે
યજ્ઞના કર્મમાં અધિક ઉત્સાહથી.

---

૧ ઈંટ. ૨ સગવડવાળા. ૩ બેદરકારી.

પરમ પૂજન સુભોજન અને વસુવતી
સર્વ લોકોતણું યોગ્ય કરજો ત્હમે
કંઇ ન મૂકયાવગર.
વર્તજો આમ સહુ પ્રીતિવત ચિત્તથી."
તે પછી "કંઇજ મૂકયાવિન યથેષ્ટ કીધું અને
વળી કરીશું બધું" એમ જઇને કહ્યું
સર્વ તે સેવકે મુનિવર વસિષ્ઠને.
પછી મહામંત્રિ સુ સુમંત્રને નિકટ બોલાવીને
મુનિવર વસિષ્ઠ બોલ્યા વચન—
"સુમંત્ર ! નિમંત્રજો પૃથ્વીમહીંના સુધાર્મિક નરાધિપતિને,
હજારો બ્રાહ્મણો, ક્ષત્રિઓ, વૈશ્ય વળી શૂદ્રને.
તેડી લાવો સહુ દેશથી
યોગ્ય સત્કાર કરી માનવો,
તેડી લઇ આવજે કરી તું સત્કાર સ્વયમેવ તે
પૂર્વસગંધી શુભ સત્યવાદી મહાભાગ
મિથિલાધિપતિ શૂર નૃપ જનકને,
સ્નિગ્ધ ને સતત પ્રિયવાદી સદવૃત્તિવત
[1]દેવસંકાશ કાશીપતિ,
પરમ ધાર્મિક અને વૃદ્ધ કેકયપતિ
પુત્ર સહ, શ્વસુર જે રાજશાર્દૂલનો;
ને મહા ધનુર્ધર રોમપાદ નરવર
અંગપતિ રાજ દશરથતણા મિત્રને
અર્પીને યોગ્ય સત્કાર અહીં આણજે પુત્રસહ;
રાય કોશલપતિ ભાનુમંત પ્રીતિયુકત સત્કારસહ,
કુશલ સહુ શાસ્ત્રમાં શૌર્યે ને પરમ ઔદાર્યથી
યુકત નરશ્રેષ્ઠ પ્રાપ્તિજ્ઞ મગધાધિપ.

---

૧ દેવના જેવા

અનુસરી રાયશાસન ત્હમે
અત્ર તેડાવજો ઉત્તમ નૃપો સહુ પૂર્વદેશોતણા,
સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્રના પાર્થિવો;
તેડી લઇ આવજો
નરવર સમસ્ત દક્ષિણતણા.
શીઘ્ર લાવો વળી
સર્વ સેવક અને બાંધવોસહિત જે
અન્ય સ્નેહી નૃપો વસી રહ્યા પૃથ્વીના તલઉપર.
પાઠવી દૂત મહાભાગ આ સર્વને
તેડી લાવો અહીં રાયઆજ્ઞાથકી."
શ્રવણ કરી વાકય આ ઋષિવર વસિષ્ઠનાં
લાવવા શીઘ્ર સહુ રાયને
ચતુર સુમંત્ર સચિવે કર્યો
તુરત આદેશ શુભ નરપ્રતિ.
તે વળી મહામતિ સચિવ ધર્મિષ્ઠ સુમંત્ર
સ્વયમેવ મુનિશાસને તેડી લઇ આવવા
વિવિધ રાયો વડા તુરત નીકળી પડયો.
તે પછી સર્વ કર્માંતિકો
વૃત્ત સહુ યજ્ઞના કાર્યનુ
આવીને કહી જતા મુનિવર વસિષ્ઠને.
બ્રહ્મ આ શ્રેષ્ઠ સતુષ્ટ તેથી થતાં
વચન સહુ જનપ્રતિ આ પ્રમાણે કહે-
"આપવું નવ કદી કંઇજ લીલા કરી
કે અવજ્ઞાવડે. એવી રીતે કર્યા કૃત્યથી
નાશ પામેછ દાતા પુરૂષ એજ નિઃસંશય."
તે પછી રાતદિન આવતા બહુ થયા

રાય દશરથતણા પુરમહીં
કંઇ કંઇ મહીપતિ લઇ લઇ રત્ન બહુ સાથમાં.
પ્રીત બહુ ઋષિવર વસિષ્ઠ તે
આમ બોલ્યા વચન રાય દશરથપ્રતિ–
“ હે પુરૂષવ્યાઘ્ર ! આવી ગયા
સર્વ નરવર અહીં ત્હારી આજ્ઞા વડે,
ને યથાયોગ્ય સત્કાર પામ્યા સહુ
રાજસત્તમ મહારાજ ! મ્હારાથકી
યજ્ઞના અર્થનાં કાર્ય સહુ થઇ ગયાં
અત્ર એકત્ર પુરૂષોવડે;
તેથી આવો પ્રભુ ! યજ્ઞ કરવા હવે
યજ્ઞનાસ્થાનપર ને જુઓ
યજ્ઞનું સ્થાન જે સર્વ ઇચ્છીત પદાર્થો વડે
રાય ! સંપૂર્ણ જાણે કર્યું સર્વ નિર્મિત મને. ”
વચન પછી અનુસરી ઉભય તે
મુનિવર વસિષ્ઠ ને ઋષ્યશૃંગર્ષિનાં
નરપતિ નીકળ્યા એક દિવસે સુ નક્ષત્રમાં.
પ્રમુખ મુનિસત્તમ વસિષ્ઠસહ સર્વ વિપ્રો પછી
રાખીને મોખરે મહામુનિ વિભાંડકપુત્રને
યજ્ઞસ્થાને ગયા
ને યથાવિધિ યથાશાસ્ત્ર દીક્ષિત કરી
પત્નીસહ પરમ શ્રીમંત તે પાર્થને
યજ્ઞ શુભ આદર્યો.

---

૧ દીક્ષણીય ઇષ્ટિ કરી દીક્ષિત કરવામા આવે છે આથી બીજો દેહ પ્રાપ્ત થાય છે.

સર્ગ ૧૪ મો.

યજ્ઞ.

પૂર્ણ સંવત્સરે તુરગ પાછો વળે
આદર્યો [1]યજ્ઞ શુભ નૃપતિએ
સરયૂના તીર ઉત્તરઉપર.
અગ્રમાં ઋષ્યશૃંગર્ષિ સહ
સર્વ બ્રાહ્મણવરે આદર્યાં કર્મ તે
મહાત્મા નૃપતિનાં શુભ મહાયજ્ઞ હયમેધનાં.
કર્મ સહુ વિધિસર કરી રહ્યા.
વેદપારગ સહુ યાજકોએ હવે
આદર્યાં કર્મ ત્યાં
વિધિપુરઃસર યથાન્યાય ને શાસ્ત્રને અનુસરી.
કરી લઇ [2]પ્રવર્ગ્ય [3]ઉપસદ યથાશાસ્ત્ર સહુ

---

૧ દશરથ રાજાએ માત્ર અશ્વમેધ નથી કર્યો પણ યજ્ઞોમા શ્રેષ્ઠ અગ્નિષ્ટોમ કરેલો અગ્નિષ્ટોમ કઇ એક યજ્ઞ નથી પણ ઘણા યજ્ઞોનો સમૂહ છે. તે આદિ અને અંત વગરનો છે એટલે ત્હેને જેટલો ચલાવવો હોય તેટલો ચાલે છે એમા ઉત્તમ સોમપાન કરવામા આવે છે કે જેથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે આમા પ્રથમ તો દીક્ષણીય દષ્ટિ કરી યજમાનને દીક્ષિત કરવામા આવે છે કે જેથી તે યજ્ઞ કરવાને પાત્ર થાય. પણ સોમપાન કરવાસારૂ પાત્ર થવાને માત્ર દીક્ષા લેવાથી જ નથી ચાલતુ અને તેથી એને પ્રવર્ગ્ય કરવો પડે છે ત્યાર પછી અશ્વમેધ આ મેધ પણ સોમયાગ આગળ ગૌણ છે કારણ આમા યજમાન અશ્વના રૂપમા હોમાઇને દિવ્યદેહ પ્રાપ્ત કરી દેવગણમા દાખલ થઇ પવિત્ર સોમપાનસારૂ સંપૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરે છે. આવી રીતે અધિકાર પ્રાપ્ત કરી તે શ્રેષ્ઠ અગ્નિષ્ટોમ સોમયાગ કરી, 'સોમપાન કરી, સ્વર્ગને સિદ્ધ કરે છે. ૨. પ્રવર્ગ્ય ત્રણ દિવસ ચાલે છે અને તે દિવસમા બે વખત એટલે સ્હવારે અને સાંજે કરવામા આવે છે આ કર્મ કરવાથી યજમાનને દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે કે જે કર્યા વગર તે દેવલોકમાં દાખલ થઇ સોમપાન કરવા પાત્ર થતો નથી. ૩. ઉપસદ દિવસમા બે વખત કરવામા આવે છે એટલે સ્હવારે ને સાંજે. એ દુશ્મનોનો નાશ કરવાસારૂ કરવામાં આવે છે

વિપ્રવર્ગે કર્યાં અધિક કર્મો યથાશાસ્ત્ર વિધિસર વળી.
પ્રથમ પૂજન કરી દેવતાઓતણું
હૃષ્ટ મુનિપુંગવોએ સુ પ્રાતઃસવન આદિ કર્મો કર્યાં;
ઇંદ્રનું યોગ્ય અર્ચન કરી
અનઘ તે નૃપતિએ સ્નાન મંગળ કર્યું
ને યથાક્રમ પછી આદર્યું [1]સવન મધ્યાહ્નનું.
તે પછી સર્વ બ્રાહ્મણવરે
તે મહાત્મા નૃપતિને કરાવ્યું યથાશાસ્ત્ર ત્રીજું સવન.
તે પછી ઋષ્યશૃંગાદિ બ્રાહ્મણ મહા
સર્વ લાગ્યા તહીં તુરત આવાહવા
યોગ્ય મંત્રોવડે શક્ર આદિ વિબુધ ઉત્તમો.
મધુર ગીતો અને સ્નિગ્ધ મંત્રોવડે
સર્વ હોતા કરી દેવના આવાહન
આપતા શુભ હવિર્ભાગ પ્રત્યેકનો.
અંગ નહીં લુપ્ત કે અજોગું કોઇ પણ ક્રિયાનું.
મંત્રને અનુસરી સર્વ અત્રે થયું ક્ષેમવત.
તે દિવસ કો ન બ્રાહ્મણ તહીં
શ્રાંત કે ક્ષુધિત કે
કો ન વિદ્યા અગર શત અનુચરવગર.
નિત્ય ભોજન મળે બ્રાહ્મણોને, કરે
નિત્ય ભોજન તહીં [2]નાથવતો અને તાપસો,
ભોજન મળે વળી [3]શ્રમણને;
વૃદ્ધ, વ્યાધિત અને સર્વ સ્ત્રીબાલકો
પામતા નિત્ય ભોજન રૂડાં તૃપ્તિ પામ્યાવિના.
“ આપજો આપજો અન્ન ને વસ્ત્ર વિધવિધ ” બધે

---

૧ આ કર્મ દિવસમા ત્રણ વખત કરવામા આવે છે. એમા સોમરસ કાઢવામ આવે છે અને યજમાનને સ્નાન કરાવવામા આવે છે. ૨ આશ્રિતો–નોકરો. ૩ ભિક્ષુક.

ધૂમ આ ઉડી રહી.
આપનારા જન અનેકશઃ આપતા.
દિવસ પ્રત્યેક તહીં વિધિસર કરેલ પર્વતસમા
અન્નકૂટો બહુ. [1]વિહિત અન્નપાનથી
આ મહાત્માતણા યજ્ઞમાં
વિવિધ દેશોથી આવેલ સહુ
પુરૂષ ને સ્ત્રીગણો.
અન્ન વિધિવત અને પરમ સ્વાદિષ્ટ છે
આમ કરતા પ્રશંસા સહુ વિપ્રવર
બોલતા વચન કે–" તૃપ્ત સર્વે અમો.
ભદ્ર ત્હારૂં થજો." શ્રવણુ રાઘવ કરે.
શુભ અલંકૃત પુરૂષ પીરસતા વિપ્રને
રાખીને સ્હાયમાં ચાર જન ભૂષિત મણિકુંડળે.
[2]કર્મઅંતરમહીં ધીર ને વીર વાણીવડે
વિપ્ર કરતા હતા વિવિધ ત્યાં વાદવિવાદ
અકેકશુ જયની ઇચ્છાથકી.
યજ્ઞમાં કુશલ તે બ્રાહ્મણોએ કર્યાં
સર્વ કર્મો યથાશાસ્ત્ર પ્રત્યેક દિન.
દ્વિજ ન કો ત્યાં હતો અવ્રત, અબહુશ્રુત,
વાદકુશલ નવ જે વિપ્ર અષડંગવિદ.
તે પછી [3]યૂપ આરોપવાનો સમય આવતાં
બિલ્વ, ખાદિર અને તરૂવર પલાશ પ્રત્યેકના છ,
વળી દેવદારૂતણા બે
અને શ્લેશમાતકતણો એક,

---

૧ સત્કાર પામેલા. ૨ બે ક્રિયાની વચ્ચેના વખત દરમીઆન. ૩ પશુ બાંધવાના સ્તંભ; અન્ન અને પુષ્ટિની કામનાવાળાએ બિલ્વના, સ્વર્ગની કામનાવાળાએ ખાદિરના, તેજ અને બ્રહ્મજ્ઞાનની કામનાવાળાએ પલાશના યૂપો વાપરવા એમ ઐતરેય બ્રાહ્મણમાં જણાવ્યું છે.

યૂપો સહુ [1]બાહુપરિવેષનાં
સર્વશાસ્ત્રજ્ઞ ને યજ્ઞકોવિદ
મહા બ્રાહ્મણોએ બનાવ્યા તહીં.
યજ્ઞસૌંદર્યને નિમિત્તે
એકવીસ યૂપ આ અલંકૃત હેમથી,
એકવીસ [2]અરત્ની સર્વ લંબાઇમાં,
એકવીસ વસ્ત્રથી પરમ પ્રત્યેક ઢંકાયલા
દૃઢપણે શિલ્પિઓએ સહુ સ્થાપિત કર્યા પછી.
આઠ ખુણાવડે સર્વ યોજાયલા,
વસ્ત્ર સુંદરવડે રૂચિર ઢંકાયલા,
પુષ્પ ને ગંધથી પરમ પૂજાયલા
શોભતા તે હતા
ગગનમાં વિલસતા દીપ્ત સપ્તર્ષિસમ.
ત્યાં યથાન્યાય કીધી હતી
ઈંટ તૈયાર સુપ્રમાણસર.
અગ્નિનું સ્થાન બાંધ્યું હતું
શિલ્પના કર્મમાં કુશલ બ્રાહ્મણવરે.
કુશલ વિપ્રોતણા કરથકી રચાયલું
અગ્નિનુ સ્થાન આ રાજશાર્દૂલનુ
અષ્ટદશ ઇષ્ટકાઓવડે યુક્ત પ્રત્યેક ત્રણ બાજુએ
શોભતું હેમપંખાળ શુભ ગરૂડસમ.
પછી ઉદ્દેશી સહુ દેવને
શાસ્ત્રને અનુસરી નિયુક્ત કીધા તહીં
પક્ષીપશુઉરગહયજળચરો સર્વ ઋષિમંડળે.

---

૧ બે હાથ ફરીવળે એટલા જાડા. ૨ હાથ.

સર્વે આ યૂપસાથે લીધા
બાંધી ત્રણસો પશુ અશ્વરત્નોત્તમ
નૃપતિ મહારાજ દશરથતણો.
હયતણી પછી કરી પ્રદક્ષિણા
રાણી કૌસલ્યાએ પરમ આનંદથી
કતલ કીધો મહા અશ્વને
ઉત્તમ [1]કૃપાણના ત્રણજ ઝટકાથકી.
ધર્મની કામનાએ કરી
રાણી કૌસલ્યાએ સ્વસ્થ ચિત્તે કર્યો
વાસ તે [2]પતત્રીસાથ તહીં એક રાત્રીતણો.
તે પછી યોજી હયસાથ [3]મહિષી,
પરિવૃત્તી ને વાવાતા
શાસ્ત્રં હોતૃઅધ્વર્યુઉદગાતૃએ.
નિયત ઇંદ્રિય અને પરમ સંપન્ન સહુ ઋત્વિજોએ
પછી તે પતત્રીથકી
[4]મેદને કાઢી હોમ્યો તહીં શાસ્ત્રત..
નૃપતિ દશરથ યથાકામ ને ન્યાયસર
મેદના ગંધનો ધુમ લેતો હતો
નાશ કરવા સહુ પાપ નિજ.
સોળ ઋત્વિજ સમસ્તે દીધા
હોમી વહ્નિમહીં
વિધિપુરઃસર સહુ અંગ તે અશ્વનાં.
અન્ય યજ્ઞોમહીં શુભ હવિ અપાય છે
પ્લક્ષ શાખાવડે, પણ સુ હયમેધમાં

૧ તરવાર. ૨ ઘોડો. દિવ્ય દેહ પામ્યો એટલે ત્હેને પતત્રી એટલે પાખવાળો કહેવામા આવે છે ૩ ક્ષત્રી રાજા ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર વર્ણની સ્ત્રીઓ કરી શકતા. ક્ષત્રી સ્ત્રી મહિષી, વૈશ્ય વાવતા અને શૂદ્ર પરિવૃત્તી કહેવાતી. ૪ ચરબી.

અનુસરી [૧]કલ્પસૂત્રો અને બ્રાહ્મણો
વાપરે શાખ વૈનસતણી
ત્રણ દિવસ ચાલતો યજ્ઞ શુભ અશ્વનો.
તે પછી [૨]ચતુષ્ટોમ પ્રથમ, દ્વિતીય [૩]ઉકથ્ય,
[૪]અતિરાત્ર ત્હેની પછી,
[૫]જ્યોતિ ને [૬]આયુષ્ટોમ, [૬]અભિ અને [૬]વિશ્વજીત
જે પછી [૫]આપ્તોર્યામાદિ યજ્ઞો વિવિધ
ત્હીં કર્યા શાસ્ત્રને અનુસરી.
સ્વયભૂએ સ્વત [૭]વિહિત પૂર્વે કરેલા મહાયજ્ઞમાં
સ્વકુલવર્ધન નૃપે દક્ષિણામાં દીધો
પૂર્વનો ભાગ પૃથ્વીતણો હોતૃને,
પશ્ચિમવિભાગ અધ્વર્યુને,
આપી ઉત્તર દિશા સર્વ બ્રહ્માજીને
ભૂમિ દક્ષિણની ઉદગાતૃને.
ન્યાયસર યજ્ઞની પછી સમાપ્તિ કરી
સુકુલવર્ધન પુરૂષસિહ તે નૃપતિ
શ્રીમાન ઇક્ષ્વાકુનદન પ્રભુ
પરમ પ્રમુદિત થયો

---

૧ પ્રત્યેક વેદના બે વિભાગ છે (૧) મત્ર અને (૨) બ્રાહ્મણ બ્રાહ્મણોમા મત્રની ઉત્પત્તિ, અર્થ, ઉપયોગ અને ત્હેના રહસ્ય સમજાવવામા આવ્યા છે. સૂત્ર અને બ્રાહ્મણ વચ્ચે કાંઇ એવો વિરોષ ફરક નથી કયા મત્રો કયે કયે પ્રસગે બોલવા વિગેરે બાબતોની વિગતવાર હકીકત સૂત્રોમા આપેલી છે અને ત્હેની ઉત્પત્તિ, અર્થ, રહસ્ય વિગેરે બાબતો બ્રાહ્મણોમા વિશેષ રીતે ચર્ચવામા આવી છે. ૨ વસુ, રૂદ્ર, આદિત્ય અને વિશ્વદેવ એ ચાર દેવવર્ગે ચાર સ્તોત્રવડે અગ્નિનું સ્તવન કર્યું તેથી આ ચતુષ્ટોમ કહેવાયો એ અગ્નિષ્ટોમનું એક અંગ છે ૩ ઉકથ્ય એ જ્યોતિષ્ટોમ અને અગ્નિષ્ટોમના સાત અંગમાનુ એક અગ છે. ૪ ગવામયન નામનો સત્ર એટલે યજ્ઞનો સમૂહ જે ૩૬૦ દિવસ ચાલે છે ત્હેના ૧૪ અંગમાનું એક અગ. ૫. જ્યોતિષ્ટોમ અગ્નિષ્ટોમનું એક અગ છે. ૬ અગ્નિષ્ટોમનુ સહુથી છેલ્લું અંગ. ૭ નક્કી કરેલા.

ઋત્વિજોને ધરાદાન દઇ.
તે પછી ઋત્વિજોએ કહ્યાં
અનઘ તે રાયને આ પ્રમાણે વચન–
" હે મહીપ ! રક્ષવા આ મહી આપજ સમર્થ છો.
ભૂમિનું કામ અમને નથી
તેમ તે પાળવા શક્તિ નહીં અમારી,
કેમકે છે જ [1]સ્વાધ્યાય અમ નિત્યનો ઉદ્યમ.
તેથી નૃપશ્રેષ્ઠ ! નિષ્ક્રય ત્હમે આપશો
ગાય શુભ હેમ, મણિરત્ન કે.
પ્રયોજન છે ન ધરણીનુ અમ કોઇને.
આમ તે સુણી વચન વેદપારગ મહાવિપ્રનાં
ગાય દશ લાખ ને કોટિ દશ કનક
વળી ચતુર્ગુણ રજત આપ્યુ મહીપાલકે.
સર્વ આ દ્રવ્ય વસુસહિત સહુ ઋત્વિજો
લઇ ગયા ધીમત વસિષ્ઠ ને
ઋષ્યશૃંગ પ્રતાપીકને.
ત્હેમણે ન્યાયત ભાગીને વ્હેંચતાં
સર્વ દ્વિજસત્તમે પરમ હર્ષિત મને
વચનથકી દાખવી પુષ્કળ પ્રસન્નતા.
તે પછી પાર્થિવે
તત્ર આવેલ સહુ બ્રાહ્મણોને દીધું
[2]જાંબુનદ હેમ બહુ કોટિબધ.
એક દારિદ્રયથી યુક્ત કો
દ્વિજતણી યાચનાએ કરી
તે રઘુનંદને આપી દીધાં મહા મૂલ્યનાં
શ્રેષ્ઠ નિજ હસ્તનાં આભરણ.
વિધિવત પ્રસન્ન સહુ દ્વિજ થતાં

૧. વેદનુ અધ્યયન. ૨ એક જાતનુ સોનું.

હર્ષંવ્યાકુલ મહીપાલ દ્વિજવત્સલે
નમન પ્રેમે કર્યું સર્વને.
પરમ પ્રમુદિત સહુ બ્રાહ્મણોએ તુરત
ધરણીએ ઢળેલા ધીર નરવીર દાનેશને
નવાજ્યો વિવિધ આશિષવડે.
પાપને નાશતો સ્વર્ગને આપતો
યજ્ઞ ઉત્તમ કરી પરમ દુસ્તર મહાપાર્થે તે
મહાત્મા દશરથે પ્રીતમનથી કહ્યાં
આ પ્રમાણે વચન ઋષ્યશૃંગપ્રતિ-
"યોગ્ય સુવ્રત અહો! આપ કરવા હવે
કાર્ય કરવાનુ જે કુળતણા વર્ધનાર્થે પ્રભુ!"
દ્વિજવર વદયો વચન-"[1]તથેતિ,
ચાર પુત્રો થશે કુલની વૃદ્ધિકરા."
મધુર વચનો સુણી પરમ હર્ષિત થઇ
નમન દ્વિજને કર્યું ભૂપવર દશરથે.

સર્ગ ૧૫ મો.

વિષ્ણુ.

વેદને જાણતા તે મહા બુદ્ધિશાળી દ્વિજે
ધ્યાન કિંચિત ધરી [2]લબ્ધસઙ્ઞા થતા
વચન નૃપને કહ્યાં-
"પુત્રની પ્રાપ્તિઅર્થે કરાવીશ હુ
પાર્થિવ! અથર્વવેદનીમહીં
ઉક્ત મંત્રોવડે પુત્રઇષ્ટિ ત્હને."
તે પછી પુત્રના કારણે

૧ તેમ થાઓ. ૨ જાગૃત

પરમ તેજસ્વીએ ઇષ્ટિ આ આદરી.
કર્મને અનુસરી માંડી મંત્રોવડે
આપવા અગ્નિમાં આહુતિ.
દેવગંધર્વઋષિસિદ્ધ ઉત્તમ સહુ
યજ્ઞનો ભાગ નિજ વિધિવત સ્વિકારવા
થયા એકત્ર ત્યાં.
તે સભામાં યથાન્યાય એકત્ર થઇ
દેવતાઓ સહુ વચન કહેતા હવા
લોકકર્તા મહા તાતને-'બ્રહ્મ ભગવાન!
બાધે બહુ તવ પ્રસાદે કરી
રાક્ષસ મહાન નિજ વીર્યથી
નામ રાવણ પ્રભુ!
કેવળ અશક્ત એનીઉપર
તાત! કરવા અમે શાસન.
આપ્યું વરદાન ભગવાન પ્રીતે કરી
આપીને માન કરીએ સદા
સહન અમ સર્વ તે દુષ્ટ રાક્ષસતણું.
કરી રહ્યો અસુર ઉદ્વેગ ત્રણ લોકમાં
દ્વેષ રાખી હૃદય
પ્રબળ ઇચ્છા પરાભવતણી એ કરે
[1]ત્રિદશપતિ શક્રના.
તાત! [2]દુર્ધર્ષ વરદાનથી મોહીને
પીડન કરે અતિ
યક્ષગંધર્વબ્રાહ્મણઋષિઅસુરનુ.
દુષ્ટ એ અસુરને પ્રખર આદિત તપાવે નહીં,
વાયુ નવ વાય એનીઉપર,

---

૧ દેવના પતિ ૨ અજીત

ચલિત ઉર્મીતણી માલથી યુક્ત સાગર પણ ન હાલતો.
ઘોરદર્શન મહા રાક્ષસપતિતણો
લાગતો ભય બહુ;
તેથી ભગવાન યોજો ત્હમે
કઇક ઉપાય એ દુષ્ટના વધાર્થ.'
આમ સહુ સુરતણાં વચન શ્રવણે ધરી
ચિંતન કરી પિતા વાક્ય મધુરા વદયા-
"જાણું ઉપચાર હું એ દુરાત્મનતણા નાશનો.
માગ્યું વરદાન એણે [1]અવધ્યત્વનુ
દેવ, ગંધર્વ, રાક્ષસ અને યક્ષના હાથથી
ને તથેતિ કહ્યુ મ્હે હતુ.
મનુષનું નામ એ રાક્ષસે નવ લીધૂ
કંઇ [2]અવજ્ઞા થકી.
વધ દુરાત્મનતણો સાધિત થશે હવે
કોઇ નહી અન્ય પણ મનુષના કરથકી.
પ્રિય વચન સાંભળી લોકસૃષ્ટાતણા
હર્ષિત થયા બહુ સુર અને મહાર્ષિ.
આ સમે આ સ્થળે
શંખચક્રગદાપદ્મ કર ઝાલીને,
તપ્ત [3]હાટકતણાં [4]કેયૂરો ઘાલીને,
[5]તોયદસમાન શુભ ગરૂડ વાહન કરી,
પીત અંબર ધરી,
ઉત્તમ સુરોવડે પૂજ્ય તેજસ્વીવર
વિશ્વપતિ વિષ્ણુ આવ્યા અને
સ્વસ્થ ચિત્તે સમીપબ્રહ્મ આસન ગ્રહ્યું
દેવ સર્વે કરી નમન વાણી વદ્યા-

૧ વધ ન થાય ત્હેનું. ૨ તીરસ્કાર. ૩ સુવર્ણ. ૪ કડાં. ૫ વાદળ

"વિષ્ણુ હે ! લોકના—જગતના હિતાર્થે
આજ ત્હમને અમે યોજીએ.
હે વિભુ ! અવતરો ચાર અંશે કરી
દાની, ધર્મજ્ઞ, તેજસ્વી, સમમહર્ષિ
અયોધ્યાધિપતિ રાય દશરથતણી
[1]હ્રી અને [2]શ્રી અને કીર્તિસમ
ત્રિભાર્યાઓતણા ઉદરથી
ત્યા ત્હમે મનુષ થઇ સમરમાં વધ કરો
દેવથી અવધ્ય, પ્રવૃદ્ધ તે લોકકંટક
દશાનન મહા અસુરનો.
મૂર્ખ રાક્ષસપતિ [3]વીર્યઉદ્રેકથી
[4]બાધતો દેવગંધર્વ ને સિદ્ધઋષિસત્તમો
દુષ્ટ એ રાક્ષસે મારી નાખ્યા [5]મહારૌદ્રથી
[6]નંદનવને લીલાખેલ કરતા સુ ગંધર્વ ને અપ્સરા.
આ દુરાત્મનતણા વધાર્થે સર્વ મુનિસહ અમે
સિદ્ધગંધર્વયક્ષો વિભુ ! શરણ ત્હારે થયા.
પરમગતિ દેવ છો તમ અમો સર્વની.
હે પરંતપ ! ત્હમે દેવ દુશ્મનતણા વધાર્થે
મન કરો આવવા સદ્ય નરલોકમા."
સ્તવન આવું થતાં લોકને વદ્ય દેવેશ તે
[7]ત્રિદશપુંગવ હરિ જનક્વર મુળીસહિત
તત્ર એકત્ર ધર્મિષ્ઠ દેવોપ્રતિ વચન મધુરા વદ્યા–
"ત્યાગ ભયનો કરો. ભદ્ર સહુનું થશે.
સર્વ ઋષિદેવને ત્રાસ કરનાર એ

---

૧ શરમાળપણુ ૨ સમૃદ્ધિ ૩ વીર્ય ઉભરાઇ જવાથી ૪ પીડા કરે છે. ૫ બહુ ક્રૂરતાથી. ૬ ઇંદ્રનો બાગ. ૭ દેવોમા શ્રેષ્ઠ

ક્રૂરદુર્ધર્ષ રાવણુતણો
પુત્ર, પૌત્રો, અમાત્યો અને
મંત્રી, સહુ જ્ઞાતિબાંધવસહિત
વધ ત્હમારા હિતાર્થે કરીશ યુદ્ધમા.
મનુષલોકે વસી પૃથિવી પાળીશ
સંવત્સર સહસ્ત્ર અગીઆર હું."
આપી વરદાન આ દેવને
આત્મવત વિષ્ણુ કમલાપતિ
ચિંતન કરે પછી જન્મભૂમિતણું.
અંશ કરી ચાર કમલાક્ષ ભગવાન કમલાવરે
રૂચિ કરી તાતની નૃપતિ દશરથપ્રતિ.
આ પ્રમાણે થતાં દિવ્ય સ્તુતિઓવડે
સ્તવન પ્રભુનું કર્યું દેવઋષિરૂદ્રગંધર્વઅપ્સરાએ.
"હે સુરેંદ્ર પ્રભુ! વધ સમૂળો કરો
ઉગ્ર તેજસ્વી, ઉદ્ધત, મહા દર્પથી યુક્ત તે
શત્રુ દેવેશનો, તીવ્ર કંટક સહુ સાધુતાપસતણો,
ત્રાસક તપસ્વીનો, લોક ત્રણ પીડતો,
દુષ્ટ રાવણ અસુરમુખ્યનો.
નષ્ટ સમૂળો કરી સૈન્યબાંધવસહિત
ઉગ્ર પૌરૂષથકી યુક્ત રાક્ષસપતિ
આવજો દેવના ઈંદ્ર! રક્ષેલ તવ
[1]દોષ ને પાપગત સદ્ય સ્વર્લોકમાં."

---

૧ દોષ ને પાપ જ્હેના જતા રહ્યા છે એવા

સર્ગ ૧૬ મો.

દિવ્ય પાયસ.

આમ નિશ્ચય કરી બ્રહ્મઆજ્ઞા લઇ
દેવઋષિપૂજ્ય ભગવાન વિષ્ણુ પછી
લોપ તહીંથી થયા.
આ સમય અરિદમન નૃપતિ તેજસ્વી દશરથ મહા
પુત્ર ઇચ્છાથકી કર્મ કરતા હતા પુત્રઇષ્ટિતણુ
ત્યાં પછી પ્રકટ યજમાનના
પાવક થકી થયો એક પ્રાણી મહા,
વીર્ય ને બળમહીં શ્રેષ્ઠ, અતુલ પ્રભાયુક્ત તે,
રક્ત મુખવાન ને દુદુભિસ્વર મહા,
[1]સ્નિગ્ધ તનુરોમ ને
કેશ મસ્તક અને મૂછના સિંહસમ,
કૃષ્ણ ને રક્ત અબરવડે સજ્જ, શુભ લક્ષસ પન્ન,
દિવ્યાભરણભૂષિત ને શૈલશૃંગસરખો,
[2]દૃપ્તમદમત્ત શાર્દૂલસમ વિક્રમી,
શુભ [3]દિવાકરતણા દિવ્ય આકારનો,
જ્જવલિત અગ્નિની જ્વાલસમ જ્યોતિમય
ગ્રહણ કરમા કરી તપ્ત જાબુનદવર હેમની
[4]રજતથી અદર રસાયલી પત્નીસમ પ્રિય સુ માયામયી
વિપુલ શુભ [5]પાત્રિ, પરિપૂર્ણ જે
દિવ્ય [6]પાયસથકી.
તે મહા પુરૂષ દશરથતરફ નિરખીને
આમ બોલ્યો વચન–
"જાણ ભૂપાલક! પ્રજાપતિ તરફથી

---

૧ ચમકતા ૨ અભિમાન અને મદથી મસ્ત, અભિમાનથી ભરેલો ૩ સૂર્ય. ૪ રૂપુ. ૫ થાળી. ૬ ખીર.

અત્ર આવેલ હું પુરૂષ છુ.
ઉભય કર જોડી રાયે કહ્યાં
વચન-"ભગવાન! સ્વાગત ત્હમે, આપનુ શુ કરૂ ?"
તે પછી તે મહા પુરૂષ બોલ્યો વચન-
"નૃપતિશાર્દૂલ હે! દેવનિર્મિત, પ્રજાકર અને
ધન્ય, આરોગ્યવર્ધન ગ્રહણ કર તું આ પાયસ.
આપજે આ તું નૃપ! તત્ર [1]અનુરૂપ ત્રણ પત્નિને
ભક્ષ આનું કરો એમ કહી.
પ્રાપ્તિ પુત્રોની તેથી થશે,
અર્થ જે સાધવા યજ્ઞ આ તે કર્યો."
"તથેતિ" એમ કહી પ્રીત તે નૃપતિએ
દેવની [2]દત્ત, દેવાન્નસપૂર્ણ તે
હેમની પાત્રીને મસ્તક ઉપર ધરી,
શિર નમાવી પ્રતિગ્રહણ ત્હેનુ કર્યું.
રૂચિરદર્શન મહાભૂત અદભુતને
અર્પી અભિવદનો ત્હેની કરતો હવો
પરમ પ્રમુદિત મહીપાલક પ્રદક્ષિણા.
રાય દશરથ પછી
પ્રાપ્ત કરી દેવનિર્મિત મહા પાયસ
પરમ હર્ષિત થયા જેમ કો અધનને ધન મળે.
પરમ તેજસ્વી અદભુત આકારનો
ભૂત પરવારી નિજ કર્મ અદૃશ્ય ત્યાંથી થયો.
નૃપનુ અતઃપુર થયુ પછી દીપ્તિમત હર્ષરશ્મીવડે
શારદી ચદ્રના કિરણથી નભસમું.
તે પછી અંતઃપુરમાં જઇ
પુત્રપ્રાપ્તિકર પાયસ પ્રતિગ્રહણ કરવા કહી

---

૧ ત્હારા જેવી ૨ આપેલી.

અર્ધ પાયસ દીધું પાર્થિવે રાણી કૌસલ્યાને,
સુમિત્રાને દીધું અર્ધનું અર્ધ,
[1]અવશિષ્ટનું અર્ધ સુતકારણે આપ્યું કૈકેયીને,
[1]શિષ્ટનું અર્ધ અમૃતસમું
પાયસ વિચાર કરીને દીધું
તે મહામતિ મહીપાલકે સુમિત્રા રાણીને.
આમ પાયસ દીધુ હૃષ્ટ તે નૃપતિએ
પૃથક નિજ પત્નીને.
સર્વ તે શ્રેષ્ટ મહીપાલની પત્નીએ
પૃથક પ્રાશ્રન કરી પરમ પાયસતણું
અલ્પ સમયે ધર્યો ગર્ભ આદિત્ય ને અગ્નિસમ.
રાય નિજ રાણીને ગર્ભવતી દેખીને,
સઘ મનકામના સિદ્ધ થઇ પેખીને,
હર્ષ પામે પ્રભુ
સિદ્ધ ને ઋષિગણુથી પૂજીત સુરેંદ્ર હરિનામમો.

સર્ગ ૧૭ મો.

વાનરો.

આમ પુત્રત્વ આ મહાત્મા નૃપતિનુ
વિષ્ણુએ લીધું કે
સત્વર સ્વયભૂ ભગવાન બોલ્યા વચન
સર્વ દેવોપ્રતિ—"સર્વના હિતૈષિ,
સત્યવાદી, મહાવીર વિષ્ણુતણી સ્હાયમાં
પરમ બલવાન, માયાવી ને ઇચ્છિત સ્વરૂપધર,
વાયુવેગી, બહુ શૂર વળી યુક્ત જે
બુદ્ધિ ને જ્ઞાનનીતિવડે, વિષ્ણુસમ વિક્રમી,

૧ બાકી રહેલાનું.

અજીત, સંગ્રામસાધન સહુ જાણતા,
દિવ્ય શુભ અંગના,
ગુણ અને અસ્ત્રસંપન્ન સહુ દેવસમ દેહીઓ
મહત ઉત્પન્ન કરો.
મુખ્ય [1]ગંધર્વી ને અપ્સરાઓવિશે,
[2]યક્ષપન્નગતણી કન્યકાઓવિશે,
ઋક્ષ[3]વિદ્યાધરીકિંનરી વાનરીઓ વિશે
તમસમા વિક્રમી પુત્ર ઉત્પન્ન કરો
વાનર સ્વરૂપમાં.
ઉત્પન્ન કર્યો હતો મ્હેં સુરો !
[4]ઋક્ષપુંગવ અગઉ જાંબુવાન પ્રબળ.
મુખથી નિકળી પડયો
વીર ખાતાં બગાસું સહજ."
શ્રવણ ભગવાનની આવી આજ્ઞા કરી
પુત્ર ઉત્પન્ન કરતા થયા
દેવ સહુ વાનરસ્વરૂપમા.
ઋષિ અને મહાત્મા, સિદ્ધ, વિદ્યાધરો,
ઉરગ ને ચારણો
પુત્ર ઉત્પન્ન કરે વીર વનચર વડા.
પર્વત મહેંદ્રસમ વાનરેંદ્ર પ્રબળ
વાલિ આત્મજ થયો ઇંદ્રનો,
મહત સુગ્રીવ તેજસ્વીવર સૂર્યનો,
સર્વ હરિવરમહી શ્રેષ્ઠ ને બુદ્ધિમત
તાર આત્મજ બૃહસ્પતિતણો,
[5]ધનદનો પુત્ર શ્રીમાન તે ગંધમાદન કપિ,
અનલ હરિ વિશ્વકર્માતણો,

૧ દેવતાઓના ગવૈયા તે ગંધર્વ ૨ કુબેરભંડારીના નોકરો. ૩ આકાશવાસી એક જાતના લોક. ૪ રીંછોમા શ્રેષ્ઠ ૫ કુબેર ૬ દેવોના શિલ્પી.

અગ્નિસમ પ્રભા, યશ, તેજ ને વીર્યમાં
અધિક નિજ તાતથી
નીલ શ્રીમાન કપિ પુત્ર પાવકતણો.
રૂપસંપન્ન ને [1]રૂપસમત મહા
[2]અશ્વિની કુમારના મૈંદ ને દ્વિવિદ બે,
વાનર સુષેણ શુભ વરૂણનો,
શરભ બલવાન [3]પરજન્યનો,
વજ્રસમ દેહનો, ગરૂડસમ વેગનો,
પરમ ધીમાન બળવાન શ્રીમાન હનુમાન હરિ
પુત્ર મારૂતતણો.
અસુર દશગ્રીવવધકારણે
ઉદ્યત સહુ સુરે સહજ ઉત્પન્ન કર્યા
અમિત બળવાન વીર વિક્રમી
કામરૂપી મહા દેહી ગિરિગજસમા
ઋક્ષ, [4]ગોપુચ્છ ને વાનરો.
પુત્ર ઉત્પન્ન પ્રત્યેક અમરે કર્યા
વીર્ય, વિક્રમ અને રૂપમાં આત્મવત્.
ઉન્નત પરાક્રમી તાત કરતા વધુ શ્રેષ્ઠ [5]ગોલાંગુલો.
ઋક્ષી ને કિન્નરીઓવિશે ઉત્પન્ન કર્યા સહુ
દેવ, ગંધર્વ, ઋષિ, તાર્ક્ષ્ય, [6]કિંપુરૂષ ને
યક્ષ વળી ઉરગ ને સિદ્ધવિદ્યાધરે
હર્ષથી સહસ્રશઃ વાનરો
આપ ઇચ્છાનુસરી વિચરતા,
દર્પબલ સિંહશાર્દૂલતુલ્ય ધરતા,
બલ અતિ ધરાવતા, કામરૂપ ધારતા,

---

૧ જેના રૂપનો રતે સ્વિકાર કરેલો છે ૨ દેવોના વૈદ્ય ૩ મેઘ ૪ ગાયના જેવા પુંછડાવાળા વાંદરા ૫ ગાયના જેવી પુંછડીવાળા વાંદરા. ૬ ઘોડાના માથાવાળા માણસ

શિલાઓ મારતા, પર્વતો પ્રહારતા,
નખ અને [1]દંષ્ટ્ર આયુધથી સહારતા,
અસ્ત્રકોવિદ મહા મહીધર ચળાવતા,
સ્થિર દ્રુમ ઉખાડતા,
ક્ષોભ સરિતાપતિ સમુદ્રને વેગથી પમાડતા,
પદપ્રહારે કરી પૃથ્વીને ફાડતા
ગાન કરતા મૃદુલ પંખીને
ગગનથી નાદ કરી પાડતા,
નભસ્તલ ફોડતા, અભ્ર ગ્રહી દોડતા,
વનમહીં ભટકતા મત્ત માતંગ નવ છોડતા,
દુસ્તર સમુદ્ર ઓળંગતા
યૂથપાલક મહાત્મા હરિ
આમ ઉત્પન્ન થયા કોટિગમે.
વાનરપ્રધાન આ યૂથપાલક સહુ.
ઉત્પન્ન કર્યા હરિ વીર ઉત્તમ વડા યૂથના પાલકે.
જઈ રહ્યા કેટલા સહસ્રો
આદ્રિત્રર ઋક્ષવાને હરિ
કેટલા વિવિધ પર્વત અને કાનનં.
સર્વ યૂથપ રહ્યા
ઉભય ભ્રાતા રવીપુત્ર સુગ્રીવ ને
ઈંદ્રસુત વાલી, હનુમાન, નલ, નીલ ને
અન્ય હરિમુખ્યસહ.
ગરૂડસમ વીર્યવત, વિગ્રહવિશારદ
ત્રાસ કરતા ફરે સિંહ. વ્યાઘ્રો અને ઉરગને.
વિપુલવિક્રમ મહાબળ મહા બાહુ વાલી હરિ
રક્ષતો ઋક્ષ, ગોપુચ્છ ને વાનરો
પરમ ભુજવીર્યથી.

---

[1] દાંત.

વિવિધ સંસ્થાનમાં વસી રહ્યા,
વિવિધ [1]વ્યંજન અને લક્ષણે લસી રહ્યા,
મેઘના વૃંદશા, શૈલના શૃંગશા,
મહા બળવાન રૂપવાન ને
ભીમ વપુવાન વાનર વડા યૂથપાધિપવડે
રામની સ્હાયના કારણે
આવૃત્ત થઇ ગઇ પૃથિવી આ આર્ણવઅરણ્યપર્વતસહિત.

સર્ગ ૧૮ મો.

પુત્ર લાભ.

આમ પૂરો થતા તે મહાત્માતણો અશ્વમેધ પ્રવર
અમર ચાલ્યા ગયા નિજનિજ સ્થાનમા
ગ્રહણ કરી ભાગ શુભ.
નરપતિ સમાપ્ત કરી સર્વ દિક્ષાનિયમ
પત્નિગણ, ભૃત્ય ને સૈન્ય વાહનસહિત
પુરમહીં પધાર્યો.
યોગ્ય સત્કૃત થઇ, પરમ પ્રમુદિત થઇ
વિવિધ પૃથિવીશ્વરો પ્રણમી મુનિપુંગવ
સ્વદેશ પ્રત્યે ગયા.
શુભ્ર વસ્ત્રે સજ્યા સૈન્ય સહુ હૃષ્ટ શ્રીમાનના
શોભતાં બહુ હતાં આમ સ્વગૃહ જતાં.
સર્વ ભૂપાળને સત્વર વળાવીને
રાય શ્રીમાન દશરથ વડો
રાખીને વિપ્ર ઉત્તમ મહા મોખરે
પુનઃ દાખલ થયો પુરમહીં.
ઋષ્યશૃંગર્ષિ પૂજિત શાંતાસહિત

[1] નિશાન.

પ્રસ્થિત થતાં પછી
પાછળ ગયા મહાપાર્થ ધીમાન તે
પ્રબળ પરિવારસહ.
આમ સહુનું વિસર્જન કરી,
મનતણી કામના કરી પુરી,
રાય સુખમાં વસે ચિંતન કરી સદા પુત્રના જન્મનું.
યજ્ઞ પૂરો થતા ષડ ઋતુ વિતિ જતાં બારમા માસમા
ચૈત્ર મહિનાતણી શુભ તિથિ નવમીએ
પરમ નક્ષત્ર હતું ઉત્તમ પુનર્વસુ,
પંચ ગ્રહ ઉચ્ચના, મેષનો સૂર્ય ને મંગળ મકરમહીં,
શનિશ્ચર તુલાના,
કર્કરાશીમહીં ગુરૂ અને શુક્ર શુભ મીનના,
લગ્ન હતું મીનનું,
ઉદય પામ્યા તહીં ચંદ્ર ને ગુરૂ ઉભય.
આ સમય જન્મ આપ્યો મહારાણી કૌસલ્યાએ
દિવ્ય લક્ષણથી સંયુક્ત
ને સર્વ લોકે નમસ્કૃત જગન્નાથ તે
વિષ્ણુના અર્ધ ઇક્ષ્વાકુનંદન, મહાભાગ, મહાબાહુ,
[1]રક્તાક્ષ, [2]રક્તોષ્ટ, દુંદુભિસ્વન પુત્ર શુભ રામને.
અમિત તેજસ્વી સુતરત્નથી કૌસલ્યા
શોભતા દેવમાં શ્રેષ્ઠ તે
[3]વજ્રપાણીવડે અદિતિસમ.
સત્યવિક્રમી અને સુગુણસંપન્ન ચતુરંશ વિષ્ણુતણો
ભરત ઉત્પન્ન થયો પુત્ર કૈકેયીતણી કૂખથી.
સર્વ અસ્ત્રોમહીં કુશલ બે

---

૧ લાલ આંખ ૨ લાલ હોઠ ૩ ઇંદ્ર

વીર લક્ષ્મણ અને શત્રુઘ્ન
વિષ્ણુના અર્ધ ઉત્પન્ન થયા
સતી સુમિત્રાતણા ઉદરથી.
પુષ્ય નક્ષત્રમાં મીનલગ્ને થયો
જન્મ ધીમાન શુભ ભરતનો.
કર્કલગ્ને સુ નક્ષત્ર અશ્લેષામા
અવતર્યા સુત સુમિત્રાતણા.
પૃથક ઉત્પન્ન થયા રાયને
ચાર પુત્રો મહાત્મા વડા
અમિત ગુણવાન, રૂપવાન ને રૂચિર
નક્ષત્ર [1]પ્રોષ્ટપદસમ.
ગાન કરતા હવા મધુર ગંધર્વગણ,
નૃત્યતી અપ્સરા, ગર્જતા દુંદુભિ દેવના
વૃષ્ટિ થઈ ગગનથી પુષ્પની.
આ સમય અયોધ્યા નગરમા
આદર્યો ઉત્સવ મહાન જનમંડળે.
રાજમાર્ગો વિપુલ
નગરજન, નટ અને નર્તકોએ ભર્યા,
ગાયકગણોતણા ગાનવાદનથી ગર્જી રહ્યા.
રાજતા સર્વ રત્નોથી ભરપૂર છે.
દાન દીધાં ઘણાં
સૂત અને માગધા, બન્દિજનને નૃપે.
આપી ગાયો સહસ્રો અને વિત્ત વિપ્રવરને.
દિવસ અગીયારમે
કર્મ મહીપે કર્યું નામનુ.
મહાત્મા જ્યેષ્ઠનું રામ, કૈકેયીસુતનુ ભરત,
લક્ષ્મણ અને શત્રુઘ્ન સુત સુમિત્રાતણા.

---

૧ ઉત્તરાભાદ્રપદ અને પૂર્વાભાદ્રપદ.

નામ પાડયાં પરમ પ્રીત મુનિ વસિષ્ઠે.
ભોજન થયાં ભલાં બ્રહ્મનાં,
પૌર વળી જાનપદ લોકનાં.
વિમળ રત્નોતણા [1]ઓઘ આપ્યા બહુ વિપ્રને.
આમ ઉજવ્યાં રૂડાં જન્મ આદિ ક્રિયાકર્મ રાડે.
રામ [2]કેતુ સમા જ્યેષ્ઠ [3]રતિકરણ નિજ તાતને
સંમત થયા સહુ ભૂતને બુદ્ધ સ્વયંભૂસમા.
વેદવિદ, શૂર ને લોકહિતમાં નિરત,
સુગુણસંપન્ન, જ્ઞાની મહા,
સત્યવિક્રમી, વડા રામ તેજસ્વી જે
ઇષ્ટ સહુ લોકને નિર્મળ શશાંકસમ.
ગજતણા સ્કંધપર, હયતણા પૃષ્ઠપર
રથની [4]ચર્યા હીં નિપુણ આસક્ત દિનનિશ હતા
તે ધનુર્વેદના પઠન ને તાતસેવા હીં.
બાળપણથીજ લક્ષ્મીવર્ધન લક્ષ્મણે
દાખવ્યો અચળ દૃઢ પ્રેમ નિજ
જ્યેષ્ઠ ભ્રાતા મહા લોકપ્રિય રામપર.
લક્ષ્મીસંપન્ન લક્ષ્મણ હતો
રામહિતકર સદા
મન અને તનવડે નિજ અપર પ્રાણસમ.
ધનુષ કરમાં ગ્રહી, સદ્ય પાછળ જઈ
અશ્વઆરૂઢ થયા રાઘવતણુ કને
પાલન જતા વડિલ વીર મૃગયાતણા ખેલમાં.
નૃવર શ્રી રામ લક્ષ્મણવિના
લે નં નિદ્રા કદિ અન્ન પણ મિષ્ટ જે
આમ શત્રુઘ્ન લઘુ ભ્રાત લક્ષ્મણતણો
પ્રાણ કરતા અધિક પ્રિય હતો ભરતને.

---

૧ ઢગલા. ૨ ધૂમકેતુ સરખા (તેજસ્વી) ૩ આનંદ આપનાર ૪ ફેરવવામાં

આ મહાભાગ પ્રિય પુત્ર ચારો વડે
દશરથ મહીપ હર્ષિત થયા
જેમ દેવોવડે પિતામહ.
સુગુણસંપન્ન, [1]હ્રીમાન, યશવાન, સર્વજ્ઞ ને
જ્ઞાનવંતા સહુ દીર્ઘદર્શી થતાં
અવિરત પ્રભાવના દીપ્ત તેજસ્વી આત્મજતણા
તાત દશરથ થયા
હૃષ્ટ સહુ સૃષ્ટિના અધિપ બ્રહ્માસમા.
વેદના અધ્યયનમાં નિરત આ મનુજશાર્દૂલો
નિષ્ઠિત હતા સહુ તાતસેવા અને ધનુર્વેદની મહીં
એક સમયે મહારાજ ધાર્મિષ્ઠ દશરથ પિતા
[2]મંત્ર કરતા હતા બાંધવ અને ઉપાધ્યાયસહ
પુત્રનાં લગ્નનો.
આમ કરતા હતા ગાત્ર તે
મંત્રીઓસહિત નૃપ મહાત્મા
તે સમય આવી પ્હોચ્યા તહીં
પરમ તેજસ્વી [3]કૌશિક મુનિ.
પ્રબળ કાંક્ષિત મહારાજદર્શનતણા
વચન મુનિએ કહ્યાં દ્વારઅધ્યક્ષને
"સત્વર જાઉં તું કહે અત્ર આવ્યો છું હું
ગાધિસુત કૌશિક." વચન આ સાંભળી
સર્વ [4]સભ્રાંત પ્રવૃત્ત થઈ
સઘ દોડી ગયા મહીપના મ્હેલમાં.
રાજભવને જઈ
વિદિત ઇક્ષ્વાકુવંશજ મહારાજ નૃપને કહ્યું

---

૧ શરમાળ ૨ વિચાર ૩ વિશ્વામિત્ર ઋષિ એમનું સંપૂર્ણ આખ્યાન આગળ આવે છે. ૪ ગભરાયલા

આગમન ઋષિ કુશિકપુત્રનું.
શ્રવણ વચનો કરી હૃદય હર્ષે ભરી
રાય સ્હામા ગયા લઈ પુરોહિત સહુ
જેમ સ્વાગત બૃહસ્પતિનું [1]વાસવ કરે.
દર્શન કરી સુવ્રત તેજ તાપસતણાં
અર્ઘ્ય અર્પ્યા નૃપ પ્રસન્નમુખ રાઘવે.
શાસ્ત્રવિધિ અનુસરી અર્ઘ્ય પ્રતિગ્રહ કરી
કુશળ અવ્યય પુછ્યું નૃપતિને—
કૌશિક સુધાર્મિકે કુશલ નૃપને પુછ્યુ
કોશજનપદસુહૃદ સર્વ બાંધવતણું.
સર્વ સામંત સન્નત અને જીત સહુ શત્રુઓ ?
કર્મ સુકૃત શું છે દૈવી ને માનુષી ?
તે મહાભાગ મુનિપુંગવે
પછી યથાયોગ્ય વાતો કરી કુશલની
મુનિવર વસિષ્ઠ ને ઇતર ઋષિજનસહિત.
નૃપતિસત્કૃત ઋષિ હૃષ્ટ મનથી ગયા મ્હેલમાં
ને લીધાં આસન [2]યથાર્હતઃ.
પરમ ઔદાર્યથી યુક્ત તે હૃષ્ટ મહીપાલકે
પૂજન કરી કહ્યાં વચન કૌશિક મહામુનિપ્રતિ.
"દિવ્ય અમૃતની સંપ્રાપ્તિસમ,
ઘોર દુષ્કાળમાં મેઘની વૃષ્ટિસમ,
યોગ્યદારાથી [3]અપ્રજ મનુષને થયા પુત્રસમ,
નાશ પામેલ કો વસ્તુના લાભસમ
પરમ આનંદના ઉદયસમ
આગમન આપનું. સ્વાગત મહામુનિ !
હર્ષથી યુક્ત હું શું કરૂં આપનું કાર્ય ઉત્તમ ઋષિ !
શુશ્રૂષાપાત્ર છો બ્રહ્મ હે !

---

૧ ઇંદ્ર. ૨ યોગ્યતા પ્રમાણે. ૩ સંતતિ વગરના.

પ્રાપ્ત છો આપ પ્રારબ્ધથી માનદ !
આજ છે સફળ મુજ જન્મ–
મુજ જીવિત સાર્થક થયું.
રાત મ્હારી થઇ યુક્ત સુપ્રભાતથી
આપ વિપ્રેંદ્રદર્શન થતાં.
આપ રાજર્ષિપદકારણે
તપ તપી પરમ તેજસ્વી થઇ
પ્રાપ્ત કર્યું છે હવે શ્રેષ્ઠ બ્રહ્મર્ષિપદ.
પૂજ્ય છો આપ બહુધા મ્હને.
વિપ્ર ! અદ્ભુત છે આગમન આપનું.
ઉત્તમ પવિત્ર તે હે પ્રભુ !
આપ દર્શન મ્હને [1]ક્ષેત્ર શુભ ગમન છે.
આપની શી ઇચ્છા ? આગમન કાર્ય શું ?
ઉત્સુક મહામુનિ ! અર્થ સાધી થવા
આપનો પરમ અનુગૃહિત હું.
આપ નિશંક સુવ્રત ર્‌હો કાર્યના કારણે.
આપનું કાર્ય હું કરીશ મુનિ ! સર્વથા
કેમકે આપ અમ દૈવત.
આપનુ આગમન દ્વિજ અહો !
અભ્યુદય મુજ મહા.
એથી બ્રાહ્મણ ! હવે પ્રાપ્તિ મુજને થશે
ધર્મ ઉત્તમ તણી. આત્મવાન નૃપનાં
હૃદયસુખ શ્રુતિસુખ [2]વિનીત વચનો સુણી
[3]પ્રથિત ગુણવાન યશવાન મુનિ હર્ષ પામ્યા પરમ.

---

૧ જાત્રાને સ્થળે જવા જેટલુ પુણ્યકારક. ૨ નમ્ર ૩ વિખ્યાત

સર્ગ ૧૯ મો.

વિશ્વામિત્ર યાચના.

શબ્દ અદ્ભુત આ શ્રવણ કરી રાજશાર્દૂલના
[1]હૃષ્ટરોમા મહાતેજ કૌશિક વદયા–
"રાજશાર્દૂલ હે! વચન આ જગતમા
અન્યસરખાં નહીં, પણ મહાવંશમાં [2]જાત
વળી મુનિવર વસિષ્ઠ ઉપદિષ્ટ યોગ્ય જ ત્હને.
રાજશાર્દૂલ! જે કાર્ય મુજ હૃદયમાં
તે તણો નિશ્ચય કરી તું થા સત્યવચની ખરો.
સિદ્ધિઅર્થે લીધો મેં નિયમ,
તેમહીં વિઘ્ન બે રાક્ષસો કામરૂપી કરે.
ફરી ફરી કરેલ વ્રતની સમાપ્તિસમય
મહા બળવાન ને સુશિક્ષિત રાક્ષસો મારીચસુબાહુ બે
ઓઘ વરસાવતા વેદિપર
માસ ને રૂધિરના. આ પ્રમાણે થતા
નિયમ [3]અવધૂતને નિશ્ચય [4]અભૂત થઇ
જાય છે શ્રમ વિફળ. તેથી આવ્યો અહીં
દેશ કરી ત્યાગ હું પરમ ઉત્સાહહીન.
વર્જ્ય વળી વ્રતમહીં આપની ઉક્તિ છે.
તેથી પાર્થિવ અહો! મતિ મુજ થતી નથી
ક્રોધઉદગાર કરવાતણી.
તેથી હે રાજશાર્દૂલ! તું
સોંપ તુજ સત્યવિક્રમ વડા
[5]કાંકપક્ષ ધરતા વીર સુત રામને.
મુજથી રક્ષિત રહી રામ શક્તિ ધરે
દિવ્ય નિજ બળવડે

૧ હર્ષથી જેના રોમ ઉભા થયા છે એવા. ૨ જન્મેલા. ૩ ફોક. ૪ નહતો–નષ્ટ.
૫ લમણાપરનાં જુલફા

વિઘ્નકર અસુરનો નાશ કરવાતણી.
[1]શ્રેય આપીશ નિઃશંક હું વિધ વિધ પ્રકારનાં,
જેથી તે પામશે ખ્યાતિ ત્રણ લોકમાં.
શક્ત નથી કો રીતે ઉભય તે
સ્થિત થવા રામની સમક્ષમાં.
અન્ય વળી એ વિના કો ન માનવ અહીં
થાય ઉત્સાહી જે આ ઉભય અસુરના વધાર્થે.
વીર્યઉદ્ધત મહાપાપ તે
છે ફસ્યા કાળના પાશમાં.
રાજશાર્દૂલ ! એ નહિ બરોબરી કરે
મહાત્મા રામની.
ઉચિત નથી ધારવી પાર્થ હે ! પુત્રપ્રીતિ વળી.
સત્ય હું જાણું ને રાય ! તુ જાણ જે
રાક્ષસ મુઆ પડ્યા.
આ મહાત્મા મહાવિક્રમી રામને
ઓળખું હું જ એવું ન કંઇ;
પણ મહાતેજ આ મુનિવર વસિષ્ઠ ને
ઇતર હાજર રહ્યા તાપસો જાણતા રામને.
તેથી રાજેંદ્ર હે ! ધર્મ ને પરમ યશ
સ્થિર આ જગતમાં પ્રાપ્ત કરવાની ઇચ્છા ત્હને
તો મ્હને સોંપ તુજ રામને.
રાય કાકુત્સ્થ હે ! મંત્રીઓ તવ સહુ
પ્રમુખ બ્રાહ્મણવર વસિષ્ઠસહ દે ત્હને સંમતિ
તો કર વિસર્જન તું આજ મુજ ઇષ્ટ તવ
પુખ્ત આત્મજ વડા રામનું.
તેથી તું પાર્થ ! દશ યજ્ઞની રાતપર્યંત શુભ

---

૧ ગુણ.

આપ રાજીવનયન રામને.
યજ્ઞનો કાળ નવ વ્યતિત થઇ જાય
કર એમ તું રઘુપતિ! ભદ્ર ત્હારૂં થજો.
શોક નવ મનવિશે ધારજો."
આમ ધર્માર્થથી યુક્ત વદી વચન વિરમ્યા પછી
પરમ તેજસ્વી મતિમાન ધર્મિષ્ઠ કૌશિક મુનિ.
શુભ વચન સાંભળી કુશિકઆત્મજતણા
થઇ મહત શોકઆવિષ્ટ
કપિત નૃપતિ મોહ પામ્યો બહુ.
લબ્ધસજ્ઞા થતાં રાય ઉભો થયો
પણ ભયાન્વિત થઈ તુરત બેસી ગયો.
હૃદયમનવિદારણ મુનિવચન સાંભળી
તે મહાત્મા નૃપતિ વ્યથિત હૃદયે થઇ
ઢળી પડયો તુરત આસન થકી.

સર્ગ ૨૦ મો.

દશરથ જલ્પના.

કૌશિકતણા વચન સાંભળી
રાજશાર્દૂલ મુહૂર્ત મુર્છિત રહ્યા
લબ્ધસંજ્ઞા થતાં વચન આવાં વદયા—
"કૌશિક! હજી ન મુજ રામ રાજીવનયન
વર્ષ સંપૂર્ણ ષોડશતણો. યોગ્યતા એની નવ
રાક્ષસોસાથ મુનિ! યુદ્ધ કરવાતણી.
પતિ અને ઇશ [1]અક્ષોહિણી સૈન્યનો
યુદ્ધ કરૂં નિશાચરસાથ [2]બલ્લસહિત હું.
યોગ્ય સહુ અસુરગણસહિત રણ ખેલવા

૧ ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ પદાતિનું બનેલું લશ્કર ૨ લશ્કર.

ભૃત્ય મમ શૂર છે,
અસ્ત્રમહીં કુશળ ને વિક્રમી પૂર છે.
યોગ્ય નથી તેથી મુનિ! લઇ જવો રામને.
ધનુષ કરમાં ગ્રહી સ્વત ઉભો રહી
સમરમાં મોખરે રક્ષક થઇ લડીશ
એ નિશાચરસહિત જ્યાંલગી પ્રાણ મુજ દેહમા.
નિયમચર્યા સુરક્ષિત થતાં આમ આ
આપની બ્રહ્મ! નિર્વિઘ્ન પુરી થશે.
હુંજ આવીશ તહીં.
યોગ્ય નથી તેથી મુનિ! લઇ જવો રામને.
રામ નાદાન છે, એ બલાબલથી અજ્ઞાન છે,
અવિદ્યાવાન છે, અસ્ત્રબલસાધન અજાણ છે.
કપટરણ ખેલતા અસુરસહ યુદ્ધ કરવા મુનિ!
યુદ્ધ કૌશલ્યહીન રામ નિ:શંક અસમાન છે.
નહિ જીવુ રાઘવવિયોગથી
સંશયવિહીન મુહૂર્ત માત્ર પણ હું.
યોગ્ય નથી તેથી મુનિ! લઇ જવો રામને.
બ્રહ્મ સુવ્રત અહો! લઇ જવો હોય જો રામને
લઇ જશો હું અને
મ્હારી [1]ચતુરંગિણી સૈન્યસહ.
હે કુશિકઆત્મજ! [2]ષટદશ સહસ્ર વર્ષ થયો
આ મ્હને પુત્ર અતિ પરિશ્રમે.
યોગ્ય નથી તેથી મુનિ! લઇ જવો રામને.
ચાર મુજ પુત્રમાં પરમ પ્રીતિતણુ
પાત્ર ધર્મિષ્ઠ મુજ જ્યેષ્ટ સુત રામ છે.
યોગ્ય નથી તેથી મુનિ! લઇ જવો રામને.
કેવું છે વીર્ય રાક્ષસતણું

1 હાથી, ઘોડા, રથ અને પદાતિવાળી. 2 સાઠ હજાર.

પુત્ર કોનાં અને કોણ જાતે વળી ?
હે મુનિપુંગવ ? પ્રમાણ શાં અસુરનાં અંગનાં ?
કોણ રક્ષણ કરે એ અસુરસંઘનાં ?
તેથી સંહાર હું, રામ કે સૈન્ય મુજ
કેમ [1]કૂટયોધી તે રાક્ષસતણો કરે ?
રણમહીં કેમ ઉભો રહું
દુષ્ટ ને વીર્યઉદ્ધત અસુરનીસમીપ.
વચન આ સાંભળી કૌશિક વદયા પછી—
"પ્રબળ પૌલસ્ત્યવંશજ મહા
અસુર રાવણ કરી પ્રાપ્ત વરદાન બ્રહ્માકને
બાધતો સકળ ત્રણ લોકને.
નૃપતિ ! આવૃત્ત છે
એ મહાવીર્ય બળવાન રાક્ષસ સહસ્રોવડે.
હે મહારાજ ! સંભળાય કે
રાક્ષસાધિપ રાવણ વડો
પુત્ર છે વિશ્રવસ મુનિતણો,
ભાઈ સાક્ષાત વૈશ્રવણનો.
અવજ્ઞાએ કરી પરમ બલવાન એ
વિઘ્ન કરતો નથી યજ્ઞમાં;
પ્રેરતો પણ ઉભય અસુરને વિઘ્ન જેઓ કરે
મહા બળવાન મારીચ અને સુબાહુ."
શ્રવણ વચનો કરી કુશિકઆત્મજતણા
નૃપતિએ આમ મુનિને કહ્યું—
"એ દુરાત્મનસમીપ
યુદ્ધમહીં વિપ્ર ! નહી હું ઉભો રહી શકું.
તેથી ધર્મજ્ઞ ! કરશો કૃપા આપ મુજ પુત્રપર.
બ્રહ્મ હું અલ્પ ભાગ્યવતના

[1] કપટથી યુધ્ધ કરનારાળા.

આપ દૈવત અને આપ ગુરૂ છો વડા.
દેવદાનવ પતગ, પ્રબળ ગંધર્વ ને પન્નગો
સહન નવ કરી શકે યુદ્ધમાં દશાનનને મુનિ !
તો પછી શું ગજું અલ્પ માનવતણું.
વીર્ય લે છે હરી વીર્યવાનોતણું
રાય રાવણ વડો સઘ સંગ્રામમા.
તેથી મુનિશ્રેષ્ઠ ! સામર્થ્ય મ્હારૂં નથી
પુત્ર કે સૈન્યસહ
યુદ્ધ કરવા મહાવીર્ય તે
અસુરપતિ કે અસુરદળની સાથે વિભુ !
દેવસરખો રૂચિર બાલ નાદાન સગ્રામ કૌશલ્યહીન.
તેથી નહી આપુ મુજ પુત્રને.
વીર્યવાળા અને સુશિક્ષિત મારીચસુબાહુ બે.
આપઆજ્ઞા પ્રભુ ! તો હુ આવું સુહૃદગણસહિત
એકનીસાથ યુદ્ધ કરવા.
આ મુનિ ! માન્ય નહીં આપને
તો હું બાંધવસહિત આજ યાચુ કૃપા આપની.
શ્રવણ કરી આમ મહીપતિતણી [1]જલ્પના
વિપ્રવર કુશિકસુત સઘ પામ્યા મહા ક્રોધને,
ને થયો વહનિ બ્રહ્મર્ષિનો
ઉજ્જવલ [2]આજ્યથી
સિક્ત શુભ હવનના સુહુત અગ્નિસરખો.

---

૧ ઘટે તે કરતા વધારેના બોલ અણઘટતા વચનો. ૨ ઘી. ૩ સારી રીતે હોમાયલા.

સર્ગ ૨૧ મો.

વસિષ્ઠઉપદેશ.

સ્નેહના કારણે રાયનાં
અદઅદિત કંઠથી ઉક્ત વચનો સુણી
ક્રોધથી યુક્ત કૌશિક મુનિ
વચન મહીપાલપ્રત્યે વદ્યા—
" ઇચ્છતો રાય ! તું ભંગ કરવા હવે
જે લીધી તેં પ્રતિજ્ઞા અગઉ.
રઘુકુલજ પુરૂષને વર્તન અયુક્ત આ
ક્ષય કરે કુલતણો. આ ત્હને માન્ય તો
જઇશ પાછો હું જેવોજ આવ્યો અહીં.
આમ મિથ્યા પ્રતિજ્ઞા કરી
સુહૃદગણસહિત કાકુત્સ્થ ! સુખી તું થજે."
આમ કૌશિક મહારોષને વશ થતાં
ચલિત વસુધા થઇ, દેવને ભય થયો,
ત્રાસ પામી ગયું જગત સહુ.
વાત આ જાણી સુવ્રત મહાધીર તે
ઋષિવર વસિષ્ઠ વચનો વદ્યા આમ નૃપતિપ્રતિ –
"જન્મ પામેલ ઇક્ષ્વાકુના કુલમહીં
રાય ! છો ધર્મ સાક્ષાત બીજા ત્હમે.
નૃપતિ ! ¹ધૃતિમાન, શ્રીમાન, સુવ્રત ત્હમે.
યોગ્ય નથી તેથી કહુ ત્યાગ નૃપ ! ધર્મનો.
ખ્યાત ત્રણ લોકમાં રાય ! રાઘવનું ધર્મત્વ છે,
તેથી પ્રતિપાદન કરો નૃપ ! સ્વધર્મનું.
યોગ્ય ન અધર્મ કરવો ત્હને.
' હું કરીશ ' એ પ્રતિજ્ઞા લઇ

---

૧ સંતોષી

અન્યથા ઉક્ત નિજ વચન કરવાથકી
નાશ વ્રતકર્મ પામે સહુ.
મોકલ તું તેથી નૃપ ! રામને.
નહિ પરાભવ કરે યુદ્ધમહીં રાક્ષસો
અગ્નિસંરક્ષિત સુધાસમા
ગાધિસુતઆશ્રિત શ્રી
અસ્ત્રમહી કુશલ કે નહિ કુશલ રામનો.
મૂર્તિમત ધર્મએ, વીર્યમાં [1]વર્યએ,
તપતણો [2]ઇષ્ટ એ, વિવિધ અસ્ત્રોમહીં [3]નિષ્ઠ એ,
લોકમહી રાય ! વિદ્વત્વમાં [4]શિષ્ઠ એ.
કો નથી જાણતો કો ન વળી જાણશે
રામને મનુષ સચરાચર ત્રિલોકમાં.
રાય ! નથી જાણતા રામને
દેવ, ઋષિ, અમર ને રાક્ષસો
યક્ષગંધર્વકિન્નર શુભ મહોરગો.
કુશિકઆત્મજ હતા રાજ્યપદનીઉપર
તે સમય નૃપતિ ! આપ્યાં હતાં એમને
અસ્ત્રરૂપમાં શિવે
પરમધાર્મિક સહુ કૃશાશ્વના પુત્રને.
એ સુત કૃશાશ્વના
હોઇ દૌહિત્ર બ્રહ્માતણા
વિવિધ રૂપવાન બહુ વીર્યથી યુક્ત ને
પરમભાસ્વર [5]જયાવહ વળી.
જન્મ આપ્યો પરમ તેજથી યુક્ત
શત અસ્ત્ર ને શસ્ત્રને, સુદર [6]સુમધ્યમા

---

૧ શ્રેષ્ઠ ૨ ઇષ્ટદેવતા, જેને પ્રાપ્ત કરવા–પ્રસન્ન કરવા તપ કરવામા આરે છે ને ૩ નિપુણ. ૪ સુગમ ગ જય આપવાવાળા. ૬ સુંદર મધ્ય ભાગ એટલે કમ્મરવાળી.

જયા ને સુપ્રભા [1]દક્ષની પુત્રીએ.
પ્રાપ્ત વરદાનથી શુભ જયાયે કર્યા
અસુર દળ વધાર્થે
અરૂપ ને અમિત બળવાન સુત પંચદશ
સુપ્રભાએ કર્યા પુત્ર ઉત્પન્ન વળી તેટલા
જે [2]દુરાક્રામ, [3]દુર્ધર્ષ, બળવાન
વિખ્યાત સંહારના નામથી.
અસ્ત્ર આ જાણતા યથાવત કુશિકઆત્મજ મહા
ધર્મવિદ એ વળી ઉત્પન્ન કરી શકે
નવિન અસ્ત્રો અપર.
ભૂત કે ભવ્ય શું રાય અવિદિત નથી
આ મહાત્મા સુધર્મજ્ઞ મુનિમુખ્યને.
છે મહાતેજ યશવાન બળવાન બહુ
આમ કૌશિક મુનિ.
તેથી નથી યોગ્ય સંશય કંઇ રાખવા
મહીપતિ ! રામના ગમનને કારણે.
શક્ત કૌશિક સ્વયં નાશ કરવા સહુ અસુરનો,
પણ કરે યાચના આવી તવપાસ એ
માત્ર તવ પુત્રના હિતાર્થે."
આમ મુનિવચનથી ચિત્ત બહુ પ્રસન્નથી
પરમ. પ્રમુદિત થયો રઘુવૃષભ પાર્થિવ.
પ્રથિત યશવાન તે પાર્થ રાઘવગમન રૂચતાં
પુત્ર ગાધેયને સોંપવા બુદ્ધિ કરતો હવો.

૧ દશ પ્રજાપતિમાના એક. ૨ જેનાપર આક્રમણ ન થઇ શકે એવા, અજીત.
૩ ભયંકર, જેનો સંહાર ન થાય એવા.

સર્ગ ૨૨ મો.

રામગમન.

આ પ્રમાણે વદયા મુનિવર વસિષ્ઠ ત્યાં એટલે
[1]હૃષ્ટવદને મહારાજ દશરથ મહીપાલકે
અણાવ્યા રામલક્ષ્મણ ઉભય ભ્રાતને.
માત ને તાત દશરથ નૃપે સ્વસ્ત્યયન કર્યું પછી
ને પુરોહિત ભણ્યા મંત્ર મંગલ મહા.
મસ્તક સુંઘી પછી પુત્રનું પાર્થિવે
કુશિકસુતને કર્યા સદ્ય સ્વાધીન બહુ પ્રીત આત્માથકી
રામલક્ષ્મણ ઉભય ભ્રાતને.
આમ રાજીવનયન રામને
જોઇ ગયલા મુનિશ્રેષ્ઠ કૌશિકકને
વાયુ વાતો સુખસ્પર્શ ને નિર્મળો.
આ મહાત્મા શુભ પ્રયાણ કરતાં થઇ
પુષ્પની વૃષ્ટિ ને દેવનાં દુંદુભિ ગડગડયા,
શંખ નિર્ઘોષ છાઇ રહ્યા.
અગ્રમાં ગાધિસુત ત્હેની પાછળ હીંડે
કાકપક્ષધર ધન્વી મહાયશસ્વી
રામ જ્હેની પછી લક્ષ્મણ.
ભાથું સ્કંધે લઇ, ધનુષ કરમાં ગ્રહી,
દશ દિશ અલંકૃત કરી રહી
નરવર [2]ત્રિશીર્ષપન્નગસમા
ચાલતા ગાધિસુતની પુઠે,
પિતામહપછાડી આશ્વિની કુમાર ઓજસ્વી શું.
પાછળ મુનીંદ્રની ચાલતા,

---

૧ પ્રસન્ન મુખથી-હસતે મોડે. ૨ ત્રણ ગાથાવાળો નાગ.

અનિંદિત અંગથી શોભતા,
શ્રીવડે દીપ્ત કરતા હતા મુનિ કુશિકપુત્રને.
ધનુષકર ઝાલીને,
ચર્મનું [1]અંગુલિત્રાણ શુભ ધાલીને
ધારતા ખડગ તેજસ્વી તે
રૂચિરવપુ રામલક્ષ્મણ ઉભય
ભ્રાત અતિ અનિંદિત અંગથી ઓપતા
શ્રીવડે શોભતા દીપ્ત કરતા કુશિકપુત્રને
ત્હેની પાછળ હીંડે જેમ [2]અજ્ઞેય [3]સ્થાણુપુઠે
પુત્ર બે [4]સ્કંદ ને વિશાખા.
દોઢ યોજન પછી ચાલતાં,
સરયૂના દક્ષિણ તટે જતાં
કૌશિક વદ્યા મધુર રામપ્રત્યે વચન–
"વત્સ હે! સલિલ કરમાં તું લે.
કાળ[5]પર્યયવિના ગ્રહણકર મંત્ર તું
અતિબલા ને બલા.
એથી શ્રમ કે ન જ્વર લાગશે,
એથી તવ રૂપમાં વિક્રિયા નવ થશે
ત્હારૂં[6] ધર્ષણ નહીં રાક્ષસો કરી જશે
પછી ભલે સુપ્ત કે તું અસાવધ હશે.
રામ! નહીં પૃથ્વીમાં કોઇ બળવાન તવ તુલ્ય છે,
પઠન કરતાં વળી અતિબલા ને બલા
કોઇ નહીં થાય તુંસમાન ત્રણ લોકમાં.
આ બલા અતિબલા રામ! સહુ જ્ઞાનની માત છે.
તેથી સૌભાગ્યદાક્ષિણ્યમાં,

---

૧ રક્ષણ માટે આંગળીપર પહેરવાની ખોલી. ૨ જેનું જ્ઞાન ન થાય એવા. ૩ શંકર ૪ કાર્તિકસ્વામી. ૫ગુમાવ્યા વગર. ૬. ઓચિંતો છાપો મારવો તે, સહાર.

બુદ્ધિનિશ્ચય અને જ્ઞાનમાં,
તેમ પ્રતિપક્ષીના સહજ સંહારમાં
હે અનઘ ! કો ન લોકે થશે તુંસરખો.
તેથી હે નરોત્તમ ! પઠન કર મંત્ર આ
ઉત્પન્ન થશે નહીં [1]ક્ષુધા કે પિપાસા.
રામ ! આ ઉભય વિદ્યાતણા અધ્યયનથી થશે
પ્રાપ્ત જગમાં ત્હને પરમ યશ.
તેજથી યુક્ત એ પિતામહની સુતા
પાર્થ હે ! છે તવસમાન એ,
સંશયવિહીન કંઇ બહુ ગુણનિધાન એ,
તપથી કરી પ્રાપ્ત એ, બહુ ફળથી વ્યાપ્ત એ,
તેથી ઇચ્છા કરૂં દાન કરવા ત્હને.
રામ કાકુત્સ્થ રઘુનાયકે
આ વચન સાંભળી હૃષ્ટવદને કરી
સ્પર્શ જલનો, થઇ શુદ્ધ, કર્યું ગ્રહણ વિદ્યાતણું
ભાવિતાત્મા મહર્ષિ કુશિકપુત્રની પાસથી.
પ્રાપ્ત વિદ્યા થતાં ભીમવિક્રમ રઘુનાથ શોભી રહ્યા
શારદી [2]સહસ્રરશ્મિ દિવાકરસમા.
સર્વ ગુરૂકાર્ય પછી કરી લઇ કુશિકઆત્મજપ્રતિ
સરયૂના તટઉપર ત્રણ જણે
રાત્રી ગાળી બહુ સુખમહીં.
રાજસુતસત્તમો તૃણની [3]અનુચિત શયનપર સુતા
તે છતાં કુશિકસુત વચન લાલિત્યથી
ગાળી બહુ સુખમય વિભાવરી.

---

૧ ભૂખ કે તરસ. ૨ હજાર કિરણવાળા સૂર્ય જેવા. ૩ અયોગ્ય

સર્ગ ૨૩ મો.

રુદ્રાશ્રમ.

શર્વરી વીતી અઈ પ્રભાત નિર્મળ થતાં
મહામુનિ કૌશિકે આ પ્રમાણે કહ્યું
[1]પર્ણશય્યામહીં સ્વસ્થ સૂતેલ કાકુત્સ્થને-
"કૌસલ્યા સુપ્રજા, રામ હે !
પ્રવર્ત્યો કાળ સંધ્યાતણો
તેથી નરવ્યાઘ્ર ! ઉઠીને કરો
ઉભય [2]આન્હિક અને ધ્યાન શુભ ઇષ્ટનું."
પરમ ઔદાર્યથી યુક્ત આ ઋષિવચન સાંભળી
સ્નાન કીધાં ઉભય તે નરોત્તમ વીરે,
ઉદકપ્રાશન કરી પરમ જપ તે જપ્યા.
આન્હિક કરી રહી હૃષ્ટ હૃદયે થઇ
તે મહા વીર્યવતા ઉભય રાઘવો
વંદન કરી ગમનકારણે
આવી ઉભા તપોધનસમીપ.
તે મહાવીર્ય આગળ જતા
સરયૂના પરમ શુભ સંગમકને કર્યા
દિવ્ય દર્શન નદી [3]ત્રિપથગા ગંગના.
એક આશ્રમ હતુ પુણ્ય ત્યાં
જ્યાં પરમ તપ કરે
આત્મસંયમી ઋષિ સહુસ્ત્ર વર્ષો થયા.
પુણ્ય આશ્રમતણું
દર્શન કરી પરમ પ્રીત રાધવ થઈ
વચન બોલ્યા મહાત્મા કુશિકસુતપ્રતિ-
"કોનું આ પુણ્ય છે આશ્રમ ?
કોણુ નર અહીં વસે ? જાણવા ઇચ્છીએ

---

1 પાતરાની પથારી 2 નિત્ય કર્મ 3 સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ લોકમાં ગમન કરતી.

પરમ ભગવાન! એ કૌતૂહલ અમારૂં."
વચન આ સાંભળી હસી વદ્યા આમ મુનિપુંગવ-
"શ્રવણ કર રામ હે! કોનું આ પૂર્વમાં આશ્રમ.
મૂર્તિવાળો હતો પ્રથમ કંદર્પ તે
બુધજનો કામ જેને કહે.
કરી રહ્યા તપ હતા આ સ્થળે
સ્થાણુ શુભ નિયમ લઇ.
લગ્ન કરી દેવના ઇશ તે
ત્યાંથી પર્યાણ કરતા હતા મરૂદગણ સાથમાં.
તે સમય પરમ [2]દુર્મેધ આ [3]મનિસિજે
ચલિત મનથી કર્યા તે મહાયોગીને.
તેથી હુંકારસહ રામ! રુદ્રે કરી
સ્થિર દૃષ્ટિ અનન્યજઉપર,
જેથી તે દુર્મતિના શરિરનાં થયાં
સર્વ ગાત્રો તદન ભસ્મવત.
આમ દેવેશના ક્રોધથી દગ્ધ ગાત્રો થતા
થઇ ગયો કામ તે રામ! હીન અંગથી.
ખ્યાત એ ત્યારથી જગમહી અનંગના નામથી;
ને મૂકયું અંગ જયાં અનંગે
દેશ શ્રીમાન છે અંગ તે.
પુણ્ય આશ્રમ અહો રામ! આ રૂદ્રનું.
ધર્મપર મુનિ વસે વીર! અણુજાણ સહ પાપથી
અત્ર શિષ્યો પરાપૂર્વના
રામ શુભદર્શને! ગાળીશું આજની રાત આ
પુણ્ય નદીઓતણી મધ્યમાં
ને જશું પાર કાલે પછી.
શુદ્ધ સર્વે થઇ પુણ્ય આ આશ્રમમહીં જઇ

---

૧ મૂર્ખ ૨ કામ

વાસ કરીએ અહીં માર્ગ એ ઉત્તમ.
સ્નાન ને જપ વળી હોમ હુવનો કરી
હે નરોત્તમ ! નિશા આપણે ગાળીશું
આ સ્થળે સુખમહીં.
આમ સંવાદતા ત્હેમને જોઈ [1]તપદીર્ઘચક્ષુવડે
પરમ પ્રમુદિત મુનિ હર્ષ પામી સહુ
અર્ઘ્ય ને પાદ્ય આતિથ્ય અર્પ્યાં કુશિકપુત્રને,
અતિથિની ક્રિયા કરી રામલક્ષ્મણપ્રતિ.
પ્રાપ્ત સત્કાર કરી રંજન કર્યું મુનિગણતણું
અતિથિએ મધુર વાર્તાવડે.
શાંત ઋષિએ કર્યાં તે પછી કર્મ સંધ્યાતણાં,
ને સહુ સુવ્રત મુનિસહિત એમનો વાસ દર્શાવતા
કામઆશ્રમપદે વાસ સુખથી કર્યો
તે મહાભાગીએ.
પરમ ધર્મિષ્ઠ મુનિશ્રેષ્ઠ કુશિકાત્મજે
રંજીત કર્યા મનોરંજક કથાવડે
ઉભય અભિરામ નૃપપુત્રને.

સર્ગ ૨૪ મો.

તાટકારણ્ય.

પ્રભાત નિર્મળ થતાં રાખી ગાધેયને મોખરે
આવી પ્હોંચ્યા અરિંદમ નદીતટઉપર.
સર્વ મહાત્મા સુવ્રત મુનિગણો
નાવ આણી તહીં ને કહ્યાં ગાધિસુતને વચન–
" પ્રથમ આગળ કરી રાજસુત ઉભયને
બેસશો શ્રેષ્ઠ મુનિ નાવમાં, પંથ મંગલ હજો.

---

૧ તપને લીધે થયલી લાંબી નજરવાળી આંખોવડે.

ઋષિવર વિલંબ કંઇ નવ થજો.”
મુનિવર “તથેતિ” વચ ઉચરી,
સર્વ ઋષિઓનું પ્રતિપૂજન પછી કરી,
રામલક્ષ્મણસહિત ઉતરતા સદ્ય સાગર જતી સરિતને.
સાંભળ્યો તે સ્થળે શબ્દ
વર્ધિત થતો [1]સલિલસંરંભથી.
મધ્યમાં આવતાં
પરમ ઉત્સુક થતાં જાણવા શબ્દકારણ
મહાતેજ તે રામ લઘુ ભ્રાતસહ
પ્રશ્ન મુનિને કર્યો તેથી નદીમધ્યમા-
“હે પ્રભુ! પાણીને ભેદતો તુમુલ આ ધ્વનિ શું છે?”
વચન આ સાંભળી યુક્ત કૌતૂહલથી
શબ્દકારણ સુધર્મિષ્ઠ કહેતા હવા-
“[2]અચલ કૈલાસપર પરમ સર માનસ.
નિર્મિત થએલ એ બ્રહ્મના મનથકી
રામ! કહેવાય સર માનસ.
તે સરથકી સ્રવી સરિત
આલિંગતી અયોધ્યા નગરીને,
સરથી પ્રવૃત્ત તે પુણ્ય સરયૂ પરમ
બ્રહ્મસરથી વહે.
સરયૂ તે સરિત શુભ જાન્હવીને મળે,
આ તુમુલ શબ્દ તે [3]વારિસંક્ષોભનો.
રામ કાકુત્સ્થ! તું પ્રણમ સ્થિર ચિત્તથી.”
મુનિવચન સાંભળી ઉભય અતિ ધાર્મિકે
નમન કર્યું ત્હેમને. દક્ષિણ તટે જઈ
તે પછી અગાડી [4]લઘુવિક્રમ જતા હવા.

---

૧ પાણીના ઉછળવાથી ૨ પર્વત ૩ પાણીના ઉછળવાનો ૪ ઝડપથી ચાલતા.

દેખી બહુ ઘોર વન વિજન ત્યાં
નરવરાત્મજ સુ ઇક્ષ્વાકુવંશજવરે
પ્રશ્ન પૂછ્યો મુનિ શ્રેષ્ઠ તેજસ્વીને-
" [૧]ઝિલ્લીકાગણથી ચકચૂર જે,
ઘોર [૨]શ્વાપદથી ભરપૂર જે,
જહીં વગર પારનાં [૩]શકુન બહુ વિધ વિધ પ્રકારનાં
દારુણ ધ્વનિવડે ભૈરવસ્વર કરે,
[૪]વારણ [૫]વરાહ ને સિંહ વ્યાઘ્રોથી શોભાયલું,
[૬]અશ્વ, ધવ, કર્ણ, તિંદુલ, કકુભ,
બિલ્વ, પાટલ અને બદરી તરૂવરથકી ભરાયલું
દુર્ગ દારુણ કહ્યું વન કહો ?'
વચન આ સાંભળી પરમ તેજસ્વી કૌશિકમુનિ
આમ કાકુત્સ્થપ્રત્યે વદયા–
" શ્રવણ કર વત્સ હે ! કોનું આ દારુણ અરણ્ય છે.
આ સ્થળે હે નરોત્તમ ! હતા
વૃદ્ધિ ઉત્તરોત્તર પામતા
દેવનિર્મિત મહાદેશ વિખ્યાત શુભ મલદ ને કરૂષ બે.
બ્રહ્મ રાક્ષસ મહા વૃત્રના વધ પછી
ભક્ષ કરવાની ઇચ્છાથકી
બ્રહ્મહત્યા ક્ષુધાર્તે કર્યો પેવસ [૭]સુરેશના શરિરમાં.
તેથી મળલિપ્ત તે થઇ જતાં
મલિન દેવેશને દેવ ને ઋષિગણે
કરાવી સ્નાન શુભ કલશથી
મુક્ત મળથી કર્યો. હર્ષ પામ્યા સુરો
આપીને મળ અને [૮]કારૂષ મહેદ્રના અંગના

૧ ઝલ, કસારી વિગેરે નાના પ્રાણી ૨ માસાહારી પ્રાણી. ૩ પખી. ૪ હાથી. ૫ ડુક્કર. ૬ જૂદી જૂદી જાતના ઝાડો. ૭ ઇદ્ર, બ્રહ્મ રાક્ષસ વૃત્રને મારવાથી બ્રહ્મહત્યા લાગતા ઇદ્રનુ શરિર મળથી ખરડાઈ ગયુ. ૮ છાણ–મેલ.

આ સુભગ દેશને. ઈંદ્રે વળી
શુદ્ધ, નિર્મળ અને નિષ્કરૂષ થઇ જતાં
પ્રીત થઇ આપ્યું વર શ્રેષ્ઠ આ દેશને–
" અગમળ ધારતા, વધુ વધુ વૃદ્ધિને પામતા
ખ્યાત લોકે થશે દેશ આ
મલદ ને કરૂષના નામથી."
શક્ર ધીમતવરે દેશનું પૂજન કર્યું ખરે
દેખી દેવો સહુ " સાધુ સાધુ " વદયા.
દેશ આ મલદ ને કરૂષ બહુ કાળ પર્યંત શુભ
ઉત્તરોત્તર મહાવૃદ્ધિ પામી થયા
પૂર્ણ ધનધાન્યથી.
વીતતાં સમય કંઇ ઉત્પન્ન થઇ અહી
તાટકા યક્ષિણી, કામ જે રૂપિણી,
ધારતી બલ બહુ સહસ્ર [1]નાગોતણું.
સુંદ ધીમાનની પત્ની કમળાન એ,
[2]શક્રવિક્રમ મહાતેજ મારીચની માત એ;
ગોળ બાહુ, મહાશિર્ષ ને
વિપુલ મુખ, મહત વપુવાન એ
ઘોર આકારની, દુષ્ટ આચારની
લોકને નિત્ય ત્રાસે બહુ ને વિનાશે સહુ
દેશ શુભ મલદ ને કરૂષ આ.
તાટકા યક્ષિણી વાસ કરતી રહે
અર્ધ યોજનઉપર રોકીને પથને.
રાઘવ! અરણ્ય આ એનુ છે.
તેથી તે સ્થળ જઈ સ્વબળ આશ્રયલઇ
વધ તું કર દુષ્ટચારિણીતણો.
રામ! આ મુજ સુ આદેશથી

---

૧ હાથી ૨ ઇદ્રના જેવો પરાક્રમી.

કરતું આ દેશને પુનઃ નિષ્કંટક.
રામ! આ દારુણ અસહ્ય રાક્ષસીવડે
આમ [1]ઉત્સાદિત પ્રદેશમાં
કો ન આવી શકે.
રાઘવ! કહ્યું ત્હને દારુણ અરણ્યનું વૃતાંત આ.
કોઈ નિવૃત્ત નવ કરી શકે
સર્વે ઉત્પાત કરતી મહા યક્ષિણી ઘોરને.

સર્ગ ૨૫ મો.

તાટકા.

શ્રવણ કરી વચન ઉત્તમ અતુલ મુનિતણાં
પુરુષશાર્દૂલ બોલ્યા પછી શુભ ગિરા—
"[2]અલ્પવીર્યા મુનિ! યક્ષીઓ હોય છે
સાંભળ્યું એમ તો કેમ અબળા ધરે
બળ બહુ સહસ્ર નાગોતણું?"
અમિત ઓજસ્વી રાઘવવચન સાંભળી
હૃષ્ટ હૃદયે ઋષિ અરિંદમ રામને
લક્ષ્મણસહિત મધુર વાકય કહેતા હવા—
"સાંભળો વત્સ હે! કેમ અબલા બલોત્કટ થઇ
વીર્યબલયુક્ત વરદાનથી. એક પૂર્વે હતો
વીર્યવત યક્ષ મહા સુકેતુ નામનો.
સંતતિવગરનો યુક્ત રાઘવ! સદાચારથી
પરમ તપ તે તપ્યો.
પ્રીત તેથી થઇ પિતામહે યક્ષપતિને દીધું
રત્ન કન્યા રૂડું તાટકા નામનું.
આપતાં પુત્ર નહીં યક્ષને રાઘવ! પિતામહ યશસ્વીએ

---

૧ નાશ થયલા. ૨ થોડા બળવાળી

પ્રીતથી આપ્યું બળ પુત્રીને [1]કુંજર સહસ્રનું.
બાળી આ વૃદ્ધિને પામતાં,
રૂપ ને યૌવનવતી થતાં,
યશસ્વી પત્ની થઈ જંભસુત સુંદની.
સમય કંઇ વીતતાં
યક્ષીએ એક દુર્ધર્ષ પુત્ર પ્રસવ્યો,
નામ મારીચ, રાક્ષસ થયો જે મહા શાપથી.
સુંદનો ક્ષય થતાં રામ! તે યક્ષીએ
પુત્રસહ મતિ કરી
પીડવા બ્રહ્મઋષિસત્તમ અગસ્ત્યને.
ક્રોધવ્યાકુલ થતી ભક્ષવા ગાજતી
યક્ષી ઋષિશ્રેષ્ઠ સ્હામી ધસી
જોઇને આમ ધસી આવતી
શાપ મારીચને રાક્ષસ થવા દીધો
કુપિત મુનિસત્તમે. પરમ વળી ક્રોધથી
શાપ દેતાં કહ્યું તાટકા યક્ષીને—
"હે મહા યક્ષિણી![2] વિકૃતાનન તું [3]વિકૃત થઇ
મનુષભક્ષણની ઉત્સુક હઇ
મૂલ તવ રૂપ પરિત્યાગીને
પ્રાપ્ત કર સદ્ય રૂપ ઘોર તું."
આમ ઋષિશાપથી મૂર્છતી ક્રોધના તાપથી
તાટકા યક્ષિણી આ શુભ પ્રદેશ ઉજ્જડ કરે
જ્યાં મુનિ અગસ્ત્ય તપ આચરે.
વધ તું કર રામ હે! ગો અને વિપ્રના હિતાર્થે
પરમ દુર્વૃત્ત આ દુષ્ટ વિક્રમવતી
ઘોર યક્ષીતણો રામ! ત્રણ લોકમાં.

---

1 હાથી 2 બદસુરત-બદશીકલ. 3 કુબડી. 4 ખરાબ આચરણ-વર્તનવાળી

તું વિન ન પુરૂષ કો ઉદ્યમ કરી શકે
શાપ[1]સંસ્પૃષ્ટ આ યક્ષીના નાશનો.
હે નરોત્તમ ! નહીં ઓવધ કરવામહીં
કઇજ કરવી[2] ઘૃણા કેમકે
રામ ! ચાતુરવરણ હિતાર્થે
રાજપુત્રોતણું એજ કર્તવ્ય છે.
રાઘવ [3]નૃશંસ અનૃશંસ કે [4]પાતક સદોષ કે
નિત્ય કર્તવ્ય એ લોકરક્ષણતણા કારણે
લોકરક્ષકતણું.
[5]રાજ્યધુર્ધરતણો સનાતન ધર્મ એ;
તેથી કાકુત્સ્થ ! તુ નાશ કર એ અધર્મિણીતણો
કેમકે જાણતી એ નથી ધર્મ શું.
સાંભળ્યું નૃપતિ હે ! નષ્ટ ઇંદ્રે કરી
વિરોચનની સુતા મંથરા,
ઇચ્છતી જે સકળ પૃથ્વીના નાશને.
નાશ તેમજ કર્યો વિષ્ણુએ
રાઘવ ! [6]અનિદ્ર આ લોકવિધ્વંસને[7] ઇચ્છતી
કાવ્યની માત ભૃગુપત્નિ સુ સતીતણો.
ઇતરવળી રાજપુત્રો મહાત્મા પુરુષસત્તમે
વધ કર્યો નારીનો ધર્મથી વિમુખ જે.
ત્યાગ કરીને ઘૃણા રામ ! મુજ શાસને
વધ તું કર યક્ષીનો.

---

૧ યુક્ત, પામેલી ૨ દયા ૩ ક્રૂર. ૪ પાપવાળું કે દોષવાળું એટલે ધર્મવિરૂદ્ધ કે નીતિવિરૂદ્ધ ૫ રાજ્યની ધુંસરી ધારણ કરનારનો ૬ બીકને લીધે નિદ્રાનો ત્યાગ કર્યો છે એવી ૭ નાશ

સર્ગ ૨૬ મો.

તાટકાવધ.

યુક્ત પુરૂષાર્થથી વચન આ સાંભળી મુનીદ્રનાં
દશરથાત્મજ સુવ્રત રામ! વાણી વદયા
ઉભય કર જોડીને–"તાતનાં વચન, નિર્દેશ ને
તાતનાં વચન ગૌરવાર્થે
વચન કૌશિકતણું પરમ કર્તવ્ય નિઃશંક છે.
પુર અયોધ્યામહીં મમ મહાત્મા પિતા દશરથે
સર્વ ગુરૂઓતણી મધ્યમાં
બ્રહ્મ! ઉપદેશ દીધો મ્હને
તેથી કૌશિકવચન તવ [1]અવજ્ઞેય છે.
તાતના વચન મનમાં ધરી
આપ બ્રહ્મવાદીના શાસન અનુસરી
કરીશ નિઃશંક હું શ્રેષ્ઠવધ તાટકા યક્ષીનો.
દેશગૌબ્રાહ્મણહિતાર્થ ઉદ્યત હું છું
આપ મુનિ અતુલનાં વચન સહુ પાળવા."
આટલું બોલીને શત્રુસૂદન મહા રાઘવે
ધનુષને મુષ્ટિથી પકડીને શુભ કર્યો તીવ્ર ટંકાર,
ગર્જી રહ્યો ઘોષ જેનો દશ દિશામહીં.
શબ્દ એ સાભળી ત્રાસ પામી ગયા
તાટકાવનતણા વાસીઓ;
મોહ પામી ગઇ યુક્ત ક્રોધે થઇ
તાટકા યક્ષિણી.
સાંભળી શબ્દ તે ક્રોધમૂર્છિત થતે
દોડી તે કોપ કરી શબ્દના સ્થળતરફ.
વિકૃતાનનવતી ક્રોધથી બળી જતી,

---

૧. અવજ્ઞા કરવા જેવું, નહી માનવા યોગ્ય.

[1]બૃહુત પરિમાણની વિકૃતા યક્ષિણી
દેખીને રાઘવ વદયા વચન આમ લક્ષ્મણપ્રતિ--
"જોની લક્ષ્મણ અહો ! પેલી યક્ષીતણું
ઘોર ભૈરવ વપુ માત્ર દર્શનથકી
હૃદય ભેદાય ભીરુતણા.
મહુત માયાબળ ધરાવતી,
એ દુરાધર્ષ જે યક્ષી અહીં આવતી
ત્હેની સ્હામું થઇ ભાઇ! હમણાં કરૂ
કર્ણ ને નાસિકાવગરની.
હું ન ઉત્સાહ કરૂ વીર! એ યક્ષીવધ સાધવા
કેમકે સ્રીત્વથી રક્ષિત છકેલ એ.
એવી મ્હારી મતિ નાશ એની ગતિવીર્યની
હું કરૂં. આ પ્રમાણે વચન
રામ વદતા હતા એટલે
તાટકા ક્રોધથી મૂર્છતી ઘોર બહુ ગર્જતી
બાહુ ઉંચા કરી રામઉપર ધસી.
ત્હેની કરી [2]ભર્ત્સના ગાધિસુત બ્રહ્મ હુંકારસહ
આમ વચનો વદયા-" સ્વસ્તિ રાઘવતણો જય થજો. "
દુષ્ટ પણ યક્ષીએ સહજ [3]સંભ્રાત ક્ષણભર કર્યા
ઉભય તે ભ્રાતને બહુ [4]રજોમેઘથી
ઘોર રજ ઉરાડી. લાગી વર્ષાવવા
યક્ષી વિસ્તારી માયા પછી
રાઘવઉપર શિલા મહુત વરસાદસમ.
મહુત પાષાણ વરસાદનુ
સહજ વારણ કરી બાણવરસાદથી
રોષ હૃદયે ધરી ધાવતી આવતી
યક્ષીના રાઘવે છેદી નાખ્યા કરો.

---

૧ મ્હોટા કદવાળી ૨ ધમકાવી. ૩ ગભરાવી નાખ્યા. ૪ ધુળના વાદળથી.

[1]છિન્નભુજ એ હુઇ શ્રમથી થાકી જઇ
કર્ણ ને નાસિકા રહિત થઇ
રોષથી યુક્ત સૌમિત્રના હાથથી.
રૂપ બહુ વિધ ધરી [2]દર્શનરહિત થઇ
એ સ્વમાયાવડે [3]મુગ્ધ કરતી હવી
કામરૂપધારિણી રાક્ષસી.
આમતેમ ફરતી અપરિમિત બળવતી
લાગી તે ભયંકર [4]અશ્મ વર્ષાવવા.
સર્વથા જોઇ ઘેરાયલા
અશ્મવર્ષાથી પ્રેરાયલા
વચન કૌશિક વદયા આમ રાઘવપ્રતિ–
"રામ! બહુ થઇ દયા.
યક્ષિણી પાપિણી દુષ્ટ આચારિણી.
યજ્ઞમહીં વિઘ્નકર યક્ષી એ પામતી
વૃદ્ધિ માયાવડે.
રામ! રાક્ષસ સહુ કાળ સંધ્યા થતા
તદન [5]દુર્ધર્ષ થઇ જાય છે,
તેથી વધ કર તું એ દુષ્ટનો સદ્ય
સંધ્યા પ્રવર્ત્યાઅગઉ.
વચન આ સાંભળી રાઘવે
[6]શબ્દવેધિત્વ નિજ દાખવ્યું
બાણથી ઘેરી લઇ અશ્મવૃષ્ટિ કરતી યક્ષીને.
બાણની જાળથી [7]રુદ્ધ માયાવી બળવાન તે
ગર્જના કરી ધસી રામલક્ષ્મણઉપર.
આવતી રાક્ષસી વિક્રમી વજ્રશી વેગથી ધસમસી
બાણના વેધથી હૃદયના ભેદથી

---

૧ કપાઇ ગયલા હાથવાળી ૨ અદ્રશ્ય થઇ ૩ મોહ પમાડતી ૪ શિલા–મ્હોટા પત્થર ૫ અજીત ૬ અવાજપરથી બાણ મારવું તે ૭ રોકાયલી

પડી જઈ થઇ ગઈ મૃત્યુવશ.
વધ થઇ ભાળીને ભીમ વપુવાળીને
"સાધુ સાધુ" વદી રામપૂજન કર્યું શક્ર ને સુરોએ.
પરમ પ્રમુદિત સહસ્રાક્ષ ને
સહુ સુરો આમ બોલ્યા વચન
કુશિકઆત્મજપ્રતિ-"કૌશિક મુનિ થજો
પરમ કલ્યાણ તવ, તુષ્ટ આ કાર્યથી
સહુ થયા ઈંદ્રસહ મરૂદગણ.
સ્નેહ દર્શાવજો બ્રહ્મ! રાઘવપ્રતિ.
અર્પજો રામને સત્યવિક્રમ તપોબળથકી યુક્ત
સહુ આત્મજ કૃશાશ્વના.
રામ છે પાત્ર હે બ્રહ્મ!
તવ [1]અનુગમનરત હતાં. રાજસુત એ મહા
કર્મ કરનાર છે સર્વ સુર લોકનુ."
આમ વચનો કહી પરમ પ્રમુદિત થઇ
પૂજન કરી મુનિ કુશિકઆત્મજતણું
સર્વ સુર સ્વર્ગપ્રત્યે ગયા.
કાળ વર્ત્યો પછી રુચિર સંધ્યાતણો;
એટલે તાટકાવધથી સંતુષ્ટ ને હૃષ્ટ તે મુનિવરે
રામનું શિર સુંઘી આ પ્રમાણે કહ્યું—
"રામ અભિરામ હે! રાત રહીશું અહીં
કાલ જઇશું પ્રભાતે રઘુરાય! મ્હારા રુચિર આશ્રમે."
વચન આ સાભળી ગાધિસુતનાં થયા
હૃષ્ટ રાઘવ બહુ ને તહીં તાટકાવનમહીં
ગાળી રાત્રી સુખે.
શાપમુક્તિ થતાં દિસતું તે દિવસથી
પરમ રમણીય વન [2]ચૈત્રરથ વનસમું.

---

૧ પાછળ ચાલવામા આસકત. ૨ યક્ષાધિપતિ કુબેરનો બાગ

યક્ષીના વધથી સુરસિદ્ધના સંઘથી પ્રશંસિત રામ
વસતા હવા ત્યા મુનિસંગમાં.

સર્ગ ૨૭ મો.

અસ્ત્રદાન.

રાત્રી તે વીતી જતાં કૌશિક યશસ્વીએ
હાસ્ય કરી મધુરસ્વરથી વચન રાઘવપ્રતિ કહ્યાં-
"હે મહા યશસ્વી રાજસુત!
તુષ્ટ સંપૂર્ણ હું; ભદ્ર ત્હારૂ થજો.
પરમ પ્રીતિથકી અસ્ત્ર સહુ આપતો જેવડે ભૂનિપર
ઉરગગંધર્વસુરઅસુરસમ શત્રુને
વશ કરી યુદ્ધમા પ્રાપ્ત કરશે તું જય.
આપું છુ એ ત્હને દિવ્ય અસ્ત્રો સહુ.
ભદ્ર ત્હારૂ થજો. આપીશ ત્હને હવે
દંડચક્ર હુ મહા દિવ્ય જે.
ધર્મ ને કાળ વળી વિષ્ણુવાસવતણા ચક્ર
અતિ ઉગ્ર જે રામ! છે
વીર! વજ્રાસ્ત્ર ને શિવતણું શૂલવત.
બ્રહ્મશિરઐશિક હુ અસ્ત્ર આપીશ ત્હને.
હે મહાબાહુ નરવ્યાઘ્ર કાકુત્સ્થ! હુ
શ્રેષ્ઠ બ્રહ્માસ્ત્ર ને શુભ ગદા મોદકી
દીપ્ત શિખરી ગદા યુગલ આપીશ ત્હને.
ધર્મ ને કાળપાશ પ્રબળ
વળી વરુણપાશ આપીશ ઉત્તમ ત્હને.
શુષ્ક ને આર્દ્ર બે અશ્નિઓ,
રાઘવ! પિનાક, નારાયણ
વળી શિખર નામનુ અસ્ત્ર આગ્નેય જે,
અસ્ત્ર વાયવ્ય હે અનઘ! છે નામ જેનુ પ્રથમ,

હયશિરક્રૌંચને પ્રબળ બે શક્તિઓ
રામ કાકુત્સ્થ! આપીશ ત્હને.
અસુરવધકારણે સર્વ આપીશ હું
ઘોર કાપાલ, કંકાલ, મુસલ અને કિંકિણી.
હે મહાબાહુ! અસિરત્ન નંદન અને
અસ્ત્ર વિદ્યાધર નૃવરઆત્મજ! હું આપીશ ત્હને
સૌમ્ય, સ્વાપન અને શમન
ગાંધર્વપ્રિય મોહન રામ! આપીશ ત્હને.
રાજસુત પુરુષશાર્દૂલ હે યશસ્વી!
ગ્રહણ કર અસ્ત્ર વર્ષણ, વિલાપન અને
ઉગ્ર શોષણ, સુ સંતાપન,
પરમ દુર્ધર્ષ કંદર્પપ્રિય માદન,
અસ્ત્ર ગંધર્વપ્રિય માનવ,
અસ્ત્ર મોહન અતિ પ્રિય પિશાચોતણું,
તામસ બલાઢ્ય સૌમન અને
પરમ દુર્ધર્ષ મૌસલ વળી
સત્ય, સંવર્ત ને શ્રેષ્ઠ માયામય;
રામ! પરતેજ [1]ઉપકર્ષતું [2]સૌર તેજપ્રભ,
શિશિર [3]સોમાસ્ત્ર, ત્વષ્ટ્રાતણુ અસ્ત્ર દારુણ મહા,
ભગનું દારુણ અને માનદ શિતેશુ શુભ
કામરૂપ ધારતાં, બળ અતિ ધરાવતાં
ઉત્તમ ઉદાર અસ્ત્રોનુ સત્વર ગ્રહણ
કર મહાબાહુ નૃપપુત્ર અભિરામ હે!
તે પછી પૂર્વભણી મુખ કરી સ્વસ્થ ઉભા રહી
શુદ્ધ મુનિએ દીધાં દાન શુભ મંત્ર ઉત્તમતણાં
પ્રીતથી રામને.
અસ્ત્રસંગ્રહ દીધો રામને બ્રાહ્મણે

---

૧ આકર્ષી લેતુ ૨ સૂર્યનું ૩ ચંદ્રનુ અસ્ત્ર

સર્વ [1]દુષ્પ્રાપ પણુ દેવને.
મંત્રઉચ્ચાર મુનિ શ્રેષ્ઠ કરતા હતા
તે સમય આવી ઉભાં સમીપ અસ્ત્ર સુ [2]મહાર્હ જે.
સર્વ કર જોડીને
રામપ્રતિ હર્ષથી આમ વદતાં વચન—
"ઉત્તમ ઉદાર રાઘવ અહો ! આપકિંકર અમે;
ઇષ્ટ કરશું અમે આપનુ; ભદ્ર ત્હમને હજો"
વચન આ સાંભળી અસ્ત્ર બળવાનનાં
પ્રીતઆત્મા મહારાઘવે
પ્રતિગ્રહણુ સર્વ અસ્ત્રનુ કર્યું.
સ્પર્શ કરી કરવતી,
"આવજો સ્મરણુ જ્યારે કરૂં" એમ કહી,
પ્રીતમન રામ તેજસ્વી તે
વદી મુનિવર વિશ્વામિત્રને
ત્યાંથી ગમનાર્થ તત્પર થયાં.

સર્ગ ૨૮ મો.

સંહારઉપદેશ.

ગ્રહણુ કરી અસ્ત્રનું હૃષ્ટમુખ શુદ્ધ કાકુત્સ્થ તે
વચન કહેતા હુવા કુશિકઆત્મજપ્રતિ માર્ગમાં ચાલતા—
"મેળવ્યાં અસ્ત્ર ભગવાન ! મ્હેં
પરમ દુર્ધર્ષ પણુ દેવથી.
અસ્ત્રસંહાર પણુ જાણુવા બ્રહ્મ ! ઇચ્છા મ્હને."
મધુર રાઘવતણાં વચન આ સાંભળી
શુચિ મહાતપ સુવ્રત પરમ ધૃતિમાન કુશિકાત્મજે
રામને સર્વ સંહારમંત્રો કહ્યા—
"સત્યવંતાસ્ત્ર ને સત્યકીર્તિરભસ,

૧ મળવો મુશ્કેલ. ૨ મ્હોટી યોગ્યતાવાળા

ધૃષ્ટ, પરિહારતર, પર વળી અવાંગમુખ,
લક્ષ્ય, સુ અલક્ષ્ય, દઢનાભ, દશઅક્ષ,
શતવકત્ર, દશશીર્ષ, શતઉદર ને પદ્મનાભ પ્રબળ
વળી મહાનાભ ને દુંદુ, સુ-સ્વ-નાભ ને
શકુન, નૈરાસ્ય, જ્યોતિષ અને
વિમલ, યોગધર, વિનિદ્ર ને
દૈત્યપ્રમથન ઉભય.
અસ્ત્ર શુચિબાહુ, મહાબાહુ ને વિરૂચ, નિષ્કલિ વળી
સાર્ચિમાલી, ધૃતિમાલી ને વૃત્તિમાન પ્રબળ
રુચિર, પિત્રય તથા સૌમનસ
ઉત્તમ વિધૂત, શુભ મકર, પરવીર, રતિ,
ધાન્ય, ધન, કામરૂપ, કામરુચિ, મોહ,
આવરણ, પથાન, જૃભક વળી
સર્પનાથ પ્રબળ, વરૂણ શુભ.
પરમ ભાસ્વર અને કામરૂપ આ સહુ આત્મજ કૃશાશ્વના
મ્હારી પાસેથી લે રામ ! તું.
ભદ્ર ત્હારૂં હજો; રાઘવ તુ પાત્ર છે."
વચન આ સાંભળી "તેમ થાઓ" કહ્યુ
હૃષ્ટ આત્માથી રાઘવવરે.
તે સમય દિવ્ય ભાસ્વર રુચિર અ ગના
સુખપ્રદ મૂર્તિમત અસ્ત્ર સહુ,
કોઇ અંગાર ને અર્કસમ
કો વળી ધૂમ[1] ને ચંદ્રસમ,
આવી કર જોડીને મધુર કહેતાં હવા વચન શ્રી રામને—
"પુરૂષશાર્દૂલ હે ! શાસન કરો ત્હમે
આ રહ્યાં શું કરીએ આપ સેવા અમે."
"કાર્યકાળે કરૂં સ્મર્ણુ તવ સ્હાય કરજો મ્હને"

---

૧ ધૂમ એટલે ધુમાડો ધૂમકેતુના અર્થમા હોવાનો સંભવ વધારે લાગે છે.

એમ વદી સર્વને રાઘવે
પછી યથેચ્છા જવાને કહ્યું.
કરી સ્તવન રામનુ ફરી વળી પ્રદક્ષિણા
"એમ કરશુ" કહી સર્વ ચાલ્યાં ગયાં સ્વસ્થળે.
અસ્રસબંધમાં સર્વ શિક્ષણ લઇ
માર્ગમાં ચાલતા કૌશિક મુનિપ્રતિ
રાઘવ વદયા મધુર વચન આ પ્રમાણે—
"પેલુ પર્વતનિકટ મેઘમંડળસમુ [1]વૃક્ષખંડ શુ દિસે ?
કૌતૂહલ પરમ મુનિ ! મ્હારૂં છે
દર્શનીય મનહર અતીવ એ,
મૃગથી [2]આકીર્ણ એ,
વળી અલંકૃત મધુરભાષી વિધ વિધ શકુંતોવડે.
બ્હાર આવ્યા વિભુ ! [3]રોમહર્ષણ અરણ્યથી હવે
એમ આ દેશસુખથી દીસે.
કોનું આશ્રમ કહો આ રહ્યું સર્વ ભગવાન ! તે.
હે મહામુનિ ! શું આવ્યા અહીં આપણે જે સ્થળે
દુષ્ટચારિણુ દુરાત્મન મહાપાપી બ્રહ્મઘ્ન તે
વિઘ્ન યજ્ઞે કરે આપનું સ્થળ અહો બ્રહ્મ ! કયા
જે સ્થળે યજ્ઞનુ રક્ષણ કરીશ હું વધ કરી અસુરનો.
સર્વ એ શ્રવણુ કરવા પ્રભુ ! મ્હારી ઈચ્છા પરમ."

સર્ગ ૨૯ મો.

સિધ્ધાશ્રમ.

વચન આ સાંભળી અતુલ રઘુરાયનાં
કુશિકઆત્મજ મહાતેજ મુનિસત્તમે
આ પ્રમાણે કહ્યું—"હે મહાબાહુ નૃપપુત્રવર ?
દેવપૂજિત મહાતપસ્વી
વિષ્ણુ અહીં તપ અને યોગઅર્થે વસ્યા વર્ષ બહુ—

૧ ઝાડનું ઝુંડ ૨ ભરપુર ૩ રૂવાડા ઉભા કરે એવુ.

સેંકડો યુગલગી. આ હતું આશ્રમ
અગઉ મહાત્મા અહો રામ! વામનતણું,
સિદ્ધિ પામ્યા અહીં તે તપસ્વી મહા,
ખ્યાત આશ્રમ થયું સિદ્ધ આશ્રમતણા નામથી.
આજ સમયે કરી સ્થાપના ખ્યાત ત્રણ લોકમાં રાજ્યની
ઇંદ્રને મરુતગણસહિત સહુ દેવપર મહત જય મેળવી
વિરોચનપુત્ર બલિ રાજને.
પરમ બલવાન અસુરેંદ્ર તે
યજ્ઞ કરતો હતો તે સમય
દેવ સહુ અગ્નિને આગળ કરી અહીં
આવી આશ્રમમહીં વિષ્ણુને આમ કહેતા હવા—
"વિષ્ણુ હે! વિરોચનપુત્ર બલિ યજ્ઞ ઉત્તમ કરે,
કાર્ય કરી લે તું નિજ વ્રતસમાપ્તિઅગઉ.
આપતો સર્વ એ અહીં અને તહીંથકી
એની પાસે જઇ કોઇ જે માગતો.
તેથી માયાતણો દેવહિત સાધવા
વિષ્ણુ! આશ્રય લઇ રૂપ વામન ગ્રહી
પરમ કલ્યાણ કર સર્વનું.
આ સમય અગ્નિસમપ્રભ અને દીપ્ત ઓજસથી
ભગવાન કશ્યપ મહાદેવી અદિતિતણી સાથ ને સ્હાયથી
ઉત્તમ સહસ્ર વર્ષોતણા દિવ્ય વ્રતની કરી સમાપ્તિ
સ્તવન કરતા હતા [1]વરદ મધુસૂદનનુ–
"હે તપાત્મક, તપોમય, તપોરાશિ, તપમૂર્તિ પુરુષોત્તમ!
દર્શન હું કરી રહ્યો આપનાં તપશ્ચર્યાવડે.
જોઉં હું જગત આ સર્વ તવ શરીરમાં
પ્રભુ અનાદિ [2]અનિર્દેશ્ય હે!
શરણ હું આપને." આથકી પ્રસન્ન થઇ

---

૧ વરદાન આપનાર. ૨ ન બતાવાય એવા અથવા ન કળી શકાય એવા.

હરિ વદયા વચન નિષ્પાપ કશ્યપપ્રતિ—
"માગ વર, ભદ્ર ત્હારૂં હજો, માગજે યોગ્ય વરદાન તું."
વચન આ સાંભળી મરીચિસુત કશ્યપ વદયા પછી—
"વરદ ભગવંત સુવ્રત અહો !
યોગ્ય છો આપ સુપ્રીત વર આપવા.
અદિતિ ને દેવ સહુ હું વળી યાચું કે
આપ નિષ્પાપ કરી ગ્રહણ પુત્રત્વનું
અદિતિના ઉદરથી પ્રકટ જગમાં થશો,
અસુરસૂદન થશો ભ્રાત લઘુ શક્રના,
યોગ્ય કરવા પ્રભુ ! સ્હાય સહુ દેવ શોકાર્તની
આપ દેવેશ્વરપ્રસાદથી કર્મસિદ્ધિ થતા
નામ આ સ્થળનું પડી સિદ્ધ આશ્રમ જશે.
ઉઠો ભગવાન વિભુ ! અહીંથકી."
તે પ્રમાણે પછી તે મહાતેજ વિષ્ણુ
થઇ પ્રકટ શુભ અદિતિના ઉદરથી
ગ્રહણ કરી રૂપ વામનતણું
જઇ ઉભા દૈત્ય વૈરોચનસમક્ષમાં.
માત્ર ત્રણ પાદ ભૂમિતણી ભીખ માગી
પ્રભુ લોકહિતરત પછી લોકના અર્થમા
આક્રમણ કરી ઉભા આપ ત્રણ લોકનું.
પરમ ઓજસથી અરિ બલિનું નિયમન કરી
આપ્યું ત્રૈલોક્ય તેજસ્વીએ સુરવર મહેન્દ્રને
પુન વશ રાખવા.
વિષ્ણુ તે વાસ કરતા હતા
આશ્રમ વિશિષ્ટ આ શ્રમવિનાશકમહીં.
રામ ! વામનપ્રતિ મ્હારી દૃઢ ભક્તિના કારણે
હું પણ અહીં વસું.

આજ આશ્રમમહીં આવતા વિઘ્નકર રાક્ષસો.
અહીંજ વધ સાધવો પુરુષશાર્દૂલ ! એ દુષ્ટનો.
રામ ! આપણ જશું શ્રેષ્ઠ એ સિદ્ધ આશ્રમમહીં.
વત્સ ! આશ્રમ પરમ રુચિર આ
જેવું છે મ્હારૂં એ ત્હેવું છે ત્હારૂં એ."
આ પ્રમાણે કહી રામલક્ષ્મણસહિત
પરમ પ્રમુદિત મુનિ આશ્રમમહી ગયા
શોભતા પુનર્વસુયુક્ત ધુમ્મસ જતાં ચંદ્રસમ.
દેખીને ત્હેમને આશ્રમનિવાસી સહુ મુનિવર
સહર્ષ ઉભા થઇ યોગ્ય ધીમાન કૌશિકની પૂજા કરી
અર્પ્યું આતિથ્ય તે રાજસુત ઉભયને.
તે પછી મુહૂર્ત વિશ્રામ લઈ રાજઆત્મજ રઘુનંદને
ઉભય કર જોડી મુનિવ્યાઘ્રને આ પ્રમાણે કહ્યું-
"ગ્રહણ દીક્ષા કરો આપ આજેજ મુનિપુંગવ !
કાર્ય છે સિદ્ધ આ સિદ્ધ આશ્રમમહી.
સત્ય વચનો હજો આપના."
આમ કહેવાથી દીક્ષા લીધી
પરમ તેજસ્વી ઋષિ [1]નિયત [2]નિયતેદ્રિયે.
કોવિદ [3]કુમારસમ શોભતા રામલક્ષ્મણ વીરે
ગાળી તે રાત્રી આનંદમા.
પછી પ્રભાતે ઉઠી પ્રથમ સંધ્યા કરી શુદ્ધ થઇ
નિયમસર જપ જપી વંદન કર્યું જઇ
પ્રથમ હુત અગ્નિને ને પછી
પરમ તેજસ્વી હોતા વિશ્વામિત્રને.

---

૧ વ્રત કરનાર. ૨ ઇંદ્રિઓ જેણે વશ રાખી છે એવા. ૩ સ્કંદ-કાર્તિક સ્વામી અને વિશાખા.

સર્ગ ૩૦ મો.

મારીચસુબાહુનિવારણ.

તે પછી દેશકાલજ્ઞ વાક્યજ્ઞ શત્રુઘ્ન રઘુનંદને
દેશકાલાનુસર વાક્ય મુનિ કૌશિકપ્રતિ કહ્યાં—
"મુનિશ્રેષ્ઠ ભગવાન હે! ક્ષણ ન વીતિ જાય તેથી અમે
જાણવા ઇચ્છીએ કાળ જે સમય કરવાનુ રક્ષણ નિશાચરથકી.
આમ શુભ વચન ઉચ્ચારતાં,
યુદ્ધતત્પર ઉભય વીર કાકુત્સ્થને ભાળતાં,
સર્વ મુનિ પ્રીત થઇ રાજપુત્રોની કરતા હવા પ્રશંસા.
"રક્ષણ કરોની રાઘવ! ત્હમે અમારૂં
પૂર્ણ ષડ રાત્રિસુધી આજથી.
અચળ મૌનિત્વ ધારણ કર્યું રામ! દીક્ષિત મુનિપુંગવે."
વચન આ સાંભળી, ત્યાગ નિદ્રા કરી,
અવનિપતિઆત્મજ યશસ્વી તે
ષડ અહોરાત્ર રક્ષણ કરે શુભ તપોવનતણું.
રક્ષણ કરી રહ્યા પરમ ધન્વી વીર અરિંદમો
કુશિકઆત્મજ મુનિવરતણું.
આમ શુભ કાળ વીતી જતાં દિવસ છઠ્ઠો પંઠી આવતાં
વચન રામે [1]સમાહિત થવા લક્ષ્મણપ્રતિ કહ્યા,
યુદ્ધઉત્સુક વચન ત્વરિત રાઘવતણા મુખથકી નીકળતાં
વેદિ કરી પ્રજ્વલિત શુભ પુરોહિતઉપાધ્યાયવિપ્ર સહુએ.
દર્ભ ને [2]ચમસ વળી [3]સ્રુક અને [4]સમિધકુસુમોથકી યુક્ત તે
વેદિ કરી પ્રજ્વલિત કુશિકઆત્મજ અને
શ્રેષ્ઠ ઋત્વિજસહિત સર્વ બ્રાહ્મણવરે.
મંત્ર ભણતાં યથાન્યાય તે યજ્ઞમાં
વૃત્તિ કરતા હતા એટલે

---

૧ તૈયાર, હોશીઆર. ૨ સોમરસ પીવાનુ પાત્ર. ૩ સરવો. ૪ લાકડાં.

શબ્દ આકાશમાં અતિ ભયાનક થયો.
[1]કાળપ્રાવૃષમહીં ગગનને ઘેરી લે
મેઘ, ધાતા હુવા તેમ માયાવી રાક્ષસગણો.
ભીમરૂપ મારીચસુબાહુ બે અસુર અનુચરસહિત
આવી વરસાદ વરસાવતા રુધિરના.
રુધિરથી વેદિને આમ રેલાયલી દેખીને
રામ સહુસા ધસ્યા અગાડી એટલે
સહજ દૃષ્ટિ પડી અસુરપર આભમાં.
દેખી સહુસા ધસી આવતાં અસુરને
રામ રાજીવનયન જોઇ લક્ષ્મણતરફ આમ બોલ્યા વચન–
" જો તુ લક્ષ્મણ અહો ! હાકી કાઢીશ નિઃશંક હું
અસ્ત્ર માનવત્રડે દુષ્ટ આ માસભક્ષક મહારાક્ષસો
મેઘને અનિલશું.
હું ન ઉત્સાહ હણી નાખવાનો કરૂ. "
આમ વચનો કહી પરમ સક્રુદ્ધ તે રાઘવે
પરમ ભાસ્વર પરમ માનવ ઉદારને
વેગથી ચાપપર સાધીને માર્યું મારીચના ઉરઉપર.
તે પરમ અસ્ત્ર માનવથકી ઘાવાયલો
સાગરમહીં પડયો પૂર્ણ શત યોજન ઉડી જઇ.
ચેતનરહીત બહુ તફડીઆં મારતો,
માનવ [2]શીતેષુના બલથી પીડિત થતો,
પરાજીત જોઇ મહાદુષ્ટ મારીચને
રામ બોલ્યા વચન આમ લક્ષ્મણપ્રતિ–
" જો તું લક્ષ્મણ અહો ! મનુથી [3]સંહિત
મહા માનવ શીતેષુ આ પ્રાણ લેતું ન પણ
મોહ કરી આમ લઇ જાય છે.
વધ હું નિશ્ચય કરૂં દુષ્ટચારી, રુધિરમાંસહારી,

---

૧ વર્ષાકાળમા. ૨ મોહ પમાડે એવું બાણ ૩ બનાવેલું

મહાપાપકર્મી, મહાક્રૂર, [1]યજ્ઞઘ્ન રાક્ષસતણો."
આમ કહી [2]હસ્તલાઘવથી રાઘવવરે
લઇ લીધું પરમ શર અસ્ત્ર આગ્નેયને.
છોડતાંવાર શર રાક્ષસ સુબાહુપર
વિદ્ધ થઇ ભૂમિપર પડી ગયો અસુરવર.
અસ્ત્ર વાયવ્ય લઇ નાશ સહસા કર્યો
અસુરદળ સર્વનો પરમ ઔદાર્યથી યુક્ત તે
યશસ્વી રાઘવે
સર્વ યજ્ઞઘ્ન રાક્ષસતણો વધ થતાં,
હૃષ્ટ મુનિઓ હતાં પૂજન કર્યું પ્રીતે
રઘુકુલજ રામનું ઇંદ્ર જયવાનસમ.
પૂર્ણ પછી યજ્ઞ તે થઇ જતા કૌશિક મહામુનિ
રાક્ષસવિહીન સહુ દેખીને દશ દિશા
વચન કાકુત્સ્થપ્રતિ આ પ્રમાણે વદયા—
"હે મહાબાહુ! હું કૃતાર્થ છું.
ગુરુવચન પાળીને હે મહાયશ, મહાવીર! તેં
સત્ય કર્યું નામ આ સિદ્ધ આશ્રમતણું."
આ પ્રમાણે કરી વખાણ બહુ રામના
તે મહામુનિવરે રામને સાથ કરવા લીધા
કર્મ સંધ્યાતણું.

સર્ગ ૩૧ મો.

સિદ્ધાશ્રમનિર્ગમન.

આમ કૃતકાર્ય તે રામલક્ષ્મણ વીરે
હૃષ્ટ આત્માથકી રજનિ ગાળી તહીં સિદ્ધ આશ્રમમહીં.
શર્વરી વીતી જતાં વ્હાણું મંગળ થતા
અન્હિક ક્રિયા કરી આવી ઉભા ઉભય
અન્ય ઋષિગણસહિત કુશિકઆત્મજસમીપ.

૧ યજ્ઞનો નાશ કરનાર. ૨ હાથ ચાલાકીથી.

વંદન કરી મુનિ જ્વલિત પાવકસમા શ્રેષ્ઠને
પરમ ઔદાર્યથી યુક્ત શુભ મધુર વચનો કહ્યા—
"હાજર અમે મુનિવ્યાઘ્ર! તમ [1]કિંકરો.
આપ આજ્ઞા કરો શ્રેષ્ઠ મુનિ! શાસન શું આપનો?"
વચન આ સાભળી ગાધિસુતપ્રમુખસહ
સર્વ ઋષિઓ પછી આમ કહેતા હવા–
"રામ નરશ્રેષ્ઠ હે! આપણ જશું જહીં
પરમ ધર્મિષ્ઠ મિથિલાધિપતિ જનક શુભ યજ્ઞ કરનાર છે.
પુરુષશાર્દૂલ હે! આવી અમસાથ ત્યા
દર્શન કરીશ ધનુરત્ન અદભુતનું.
અમિત બલવાન ને ઘોર તે
યજ્ઞમહીં પરમ ભાસ્વર ધન્ આપ્યું પૂર્વે સભાનીમહીં
સર્વ દેવે મળી દેવરાત નૃપતિશ્રેષ્ટને.
રામ! આરોપી શકતો ન એ દેવગંધર્વરાક્ષસમનુષ કોઇપણ.
રામ! જિજ્ઞાસુ આ ધનુષના બલતણા
મહીપપુત્રો [2]મહીક્ષિત મહાબલ ઘણા
વ્યર્થ આવી ગયા [3]ચાપ આરોપવા.
દર્શન કરીશ ત્યાં હે પુરુષવ્યાઘ્ર કાકુત્સ્થ! તું
જનક નૃપશ્રેષ્ઠનાં
ધનુષ ને યજ્ઞ વળી પરમ અદભુતતણા.
આપ્યું મિથિલાધિપતિ જનકને દેવતા સર્વએ
ઉત્તમ સુનાભ ધનુ રામ! શુભ યજ્ઞના ફલમહીં.
હાલ પૂજાય એ રાયના મ્હેલમાં
વિવિધ ધૂપો અને ગંધઅગુરુવડે દેવસમ.
આમ વચનો કહી સર્વ ઋષિસંઘ ને
ઉભય કાકુત્સ્થ સાથે લઇ કૌશિક પ્રયાણ કરતા વદયા
વાક્ય આમંત્રી વનદેવતા સર્વને—

૧ સેવક ૨ રાજા. ૩ ધનુષ.

"સ્વસ્તિ. સિદ્ધાર્થ હું સિદ્ધ આશ્રમથકી
જાઉ છું જાહ્નવીતીર ઉત્તરઉપર ગિરિ હિમાચલપ્રતિ."
એમ કહી તે તપોધન મુનિવ્યાઘ્ર કૌશિક ઋષિ
ઉત્તર દિશાપ્રતિ પ્રયાણ કરતા હવા.
મુનિવર અગાડી ને ત્હેની પાછળ હીંડે
બ્રહ્મવાદી સહુ શત [1]શકટમા ભરી યજ્ઞસામગ્રીઓ.
તે મહાત્મા તપોધનતણી પાછળ ગયા સહુ
સિદ્ધ આશ્રમતણા નિવાસી મૃગ અને પક્ષીગણ.
દૂર નીકળી જતાં સૂર્ય નીચો થતાં
સર્વ ઋષિસંઘમૃગપક્ષીગણની સહિત
[2]શોણના તટપર મુકામ મુનિએ કર્યો.
અસ્ત દિનકર થતાં સ્નાન ને હુત હુતાશન કરી
પ્રમુખ કૌશિકસહિત અમિત ઓજસ્વી ઋષિઓ તહીં
સર્વ બેસી ગયા.
રામલક્ષ્મણ ઉભય સર્વ વિપ્રોનું પૂજન કરી
સુખથી બેઠા મહાતેજ ધીમાન કૌશિકસમીપ.
પરમ તેજસ્વી તે રાઘવે કૌતૂહલથી
મહાતેજ મુનિવ્યાઘ્ર કૌશિક તપોધનપ્રતિ પૂછતાં
આ પ્રમાણે કહ્યુ—"કોણ આ દેશ ભગવંત !
સમૃદ્ધિમય વનથકી શોભતો ?
મ્હારી ઇચ્છા પરમ જાણવા એ મુનિ !
આપ છો યોગ્ય કહેવા બધું તત્વત"
આમ આ રામવાક્યોથી પ્રેરાઇને
સુવ્રત તપસ્વી તે મુનિગણની મધ્યમાં
દેશનું સર્વ કહેતા હવા.

---

૧ ગાડા. ૨ નદીનું નામ.

સર્ગ ૩૨ મો.

વિશ્વામિત્રવંશવર્ણન.

કુશની કન્યાઓ.

રામ! કરનાર [1]અક્લિષ્ટ વ્રત પરમ ધર્મજ્ઞ સજ્જનપૂજક
બ્રહ્મયોની હતો એક કુશ નામ તાપસ મહા.
કુલિન ને પુણ્ય ગુણયુક્ત વૈદર્ભી પત્નીવિશે
ચાર ઉત્પન્ન કર્યા પુત્ર ઉત્સાહી મહા દીપ્તિવત આત્મસમ
વસુ અસૂર્તરજસ કૂશાંબ કુશનાભ શુભ નામના.
તે મહાત્મા કુશ તપસ્વીએ
પરમ ધર્મિષ્ઠ નિજ સત્યવાદી સહુ પુત્રને
પૃથ્વી પાલન કરી ધર્મ મ્હસ પ્રાપ્ત કરવા કહ્યું.
વચન આ સાંભળી કુશતણા
સર્વે સુતસત્તમ નરાધિપો પુર વસાવી રહ્યા.
ધાર્મિક કુશાબ તેજસ્વીએ નગર કૌશાબી શુભ,
મહોદયપુર કુશનાભ નર ધાર્મિકે,
મહામતિ અસૂર્તરજસે ધર્મારણ્ય
ને રાય વસુએ વસાવ્યું નગર ગિરિવ્રજ.
આ ગિરિવ્રજ પુરી, જેનું શુભ નામ વળી વસુમતી,
તે મહાત્માવર વસુતણી
વિલસી રહી વસુમતી પાંચ ગિરિવરથી વીંટળાયલી.
રમ્ય નદી માગધી માગધ પ્રદેશથકી વહી જતી
શોભતી પંચ ગિરિમુખ્યની મધ્યમાં પરમ માલાસમી.
રામ! આ નૃપતિવર વસુતણી માગધી
પૂર્વે બાજુ જઇ વહી જતી
ધાન્યથી ધીક્તા ક્ષેત્રની મધ્યમાં.
રામ! ધર્મિષ્ઠ કુશનાભ રાજર્ષિએ

1 જેમા ક્લેશ અથવા ઉપદ્રવ નડયો નથી એવુ.

પ્રિયતમ ઘૃતાચી પત્નીવિશે
ઉત્પન્ન કરી પછી શ્રેષ્ઠ શત કન્યકા.
એક સમયે મહારૂપ યૌવનવતી, શુભ અલંકારથી શોભતી,
કાળ [1]પ્રાવૃષમહીં વિજળીસમ વિલસતી,
રામ! ઉદ્યાનમહીં આવીને ગાનવાદન કરી નૃત્યતી
તે [2]વરાભરણભૂષિત સહુ પરમ આનંદ લેતી હતી.
જગતમહીં અપ્રતિમ રૂપની ચારુ સર્વાંગી તે
આવી ઉદ્યાનમાં શોભતી
ઘનની મધ્યમહીં તેજસ્વી તારાસમી.
જોઇ તે સર્વને સુગુણસંપન્ન રૂપયૌવનથકી ભરી
સર્વનો આત્મ વાયુ વદયો આ વચન —
"ધારું મનકામના હુ ત્હમારાપ્રતિ.
સર્વ શુભ પત્ની મ્હારી થઇ, ભાવ [3]માનવ તજી
પ્રાપ્ત દીર્ઘાયુ સર્વે કરો.
ચલ સદા યૌવન મનુષ્યનુ, પ્રાપ્ત યૌવન ત્હમે
આજ અક્ષય કરી અમર થાઓ સહુ.
આમ [4]અક્લિષ્ટકર્મી મહા વાયુના વચન કરી શ્રવણ
અપહાસ્ય કરતી વદી સર્વ શત કન્યકા—
"શ્રેષ્ઠ સુર! વિચરતો તું સહુ ભૂતના અંતરે.
વિદિત અમને સહુ ઉત્તમ પ્રભાવ ત્હારો પ્રભુ!
તો શું કરવા [5]અવજ્ઞા અમારી કરે.
દેવ! સુરસત્તમ! સમસ્ત અમ પુત્રી કુશનાભની.
દેવ તુંને છતાં યોગ્ય સામર્થ્ય સહુ ધારીએ
સ્થાનથી ભ્રષ્ટ કરવા ત્હને;
પણ અમે તેમ કરીએ નહીં રક્ષવા તપ અમારૂં મહા
દેવ [6]દુર્મેધ હે! સમય નવ આવશો

1 ચોમાસુ 2 ઉત્તમ આભરણોથી શણગરાયલી 3 માણસપણું છોડી
4 જેના કામમા ક્લેશ અથવા ઉપદ્રવ નડતો નથી. 5 અપમાન 6 મૂર્ખ

સત્યવાદી પિતાની અવજ્ઞા કરી
સર્વ કરીએ અમે સ્વયંવર સ્વચ્છંદે.
છે અમારો પ્રભુ પરમદૈવત પિતા.
તે મહા પુરુષ અમ સર્વને આપશે
તેજ ભર્તા અમારો થશે."
વચન આ સાંભળી પરમ કોપે કરી
વાયુ ભગવાન પ્રભુ પેવસ થઇ તુરત સર્વનાં ગાત્રમાં
ભગ્ન કીધા સહુ.
વાયુથી ભગ્ન શત કન્યકા પરમ [1]સંભ્રાંત થઈ
નૃપતિગૃહમાં ગઈ સજળલોચન સહિત લાજતી.
પરમ દેખાવડી આમ પ્રિય પુત્રીને
ભગ્ન ને દીન બહુ દેખીને રાય સંભ્રાત બોલ્યો વચન-
"પુત્રીઓ! આ શું રે! કોણ કરતો અવજ્ઞા વળી ધર્મની?
કોણ પુરુષે ત્હમો સર્વને આમ કુબ્જા કરી ?
કેમ નથી બોલતી કરતી ચેષ્ટા ત્હમે ?"
આમ કહી રાય નિશ્વાસ નાખી થયો
પરમ ઉત્સુક સહુ વૃત્તને જાણવા.

સર્ગ ૩૩ મો.

વિશ્વામિત્રવંશવર્ણન.

બ્રહ્મદત્ત.

આમ ધીમાન કુશનાભનાં વચન સહુ સાંભળી
સર્વ શત કન્યકા મસ્તક નમાવીને
તાતનાં શુભ ચરણુસાથ સ્પર્શાવીને
આ પ્રમાણે વદી-"સર્વ આત્મક મરુત રાય હે!
અશુભ માર્ગ ગ્રહી ઇચ્છતો અમ પરાભવ પ્રભુ!
ધર્મ પણ ના જુએ. તાત માથે,

---

૧ ગભરાયલી.

નત સ્વતંત્ર છઇએ અમે, પૂછ અમ તાતને જો ત્હને આપતા.
લક્ષ અમ આ વચન ઉપર નહીં આપી પાપાત્મીએ
બોલતાં બોલતાં નાશ કીધો અમો સર્વનો."
શ્રવણુ વચનો કરી પરમ ધાર્મિક મહાતેજ તે નૃપતિએ
આમ વાક્યો કહ્યાં શ્રેષ્ઠ શત કન્યકાઓપ્રતિ–
"પુત્રી! કીધું ત્હમે પરમ કર્તવ્ય ઉત્તમ ક્ષમાવાનનું.
એકમતથી ત્હમે કુલપ્રતિષ્ઠાનું રક્ષણુ કર્યું
એ બહુ પ્રશસ્ત છે.
શુભ અલંકાર નરનારીનો છે ક્ષમા,
[1]દુષ્કર વિશેષ જે દેવ સંબધમાં.
પ્રાપ્ત કરજો ક્ષમા આવી પ્રત્યેક મુજ વંશજો.
પુત્રીઓ હે! ક્ષમા દાન છે, સત્ય છે, યજ્ઞ છે,
યશ અને ધર્મ છે; સ્થાપિત ક્ષમામહીં વિશ્વ આ સર્વ છે."
આમ વચનો કહી પુત્રીઓનું વિસર્જન કરી
દેવસમ વિક્રમી પરમ મંત્રજ્ઞ તે મહીપતિ
પુત્રીના દાનના વિષયમા
દેશ ને કાળ મનમાં ધરી
પુરુષ ને કુળતણાં [2]સામ્ય સબધમા
સર્વ મંત્રીસહિત મત્ર કરતો હવો.
આ સમય બ્રાહ્મ તપ તપી રહ્યો
પરમ તેજસ્વી તે ઉર્ધ્વરેતા[3] શુભાચારી ચૂલી તપસ્વી મહા.
ઋષિની સેવા કરે તે સમય
સોમદા પુત્રી ગંધર્વી ઉર્મિલાની.
નમ્રતાયુક્ત ધર્મિષ્ઠ ગંધર્વીએ
આમ કઇ કાળ ગુરુ સેવતા તુષ્ટ ત્હેને કર્યો.
કાળયોગે મુનિ આમ બોલ્યો વચન—
"તુષ્ટ હું, ભદ્ર ત્હારૂં થજો. શું કરૂં તવ પ્રિય?"

૧ મુશ્કલ ૨ સરખાપણું ૩ બ્રહ્મચારી

જાણી પરિતુષ્ટ મુનિને પછી
પરમ પ્રહૃષ્ટ વાક્યજ્ઞ ગંધર્વી મધુર સ્વરે
વાક્યકોવિદ તપસ્વીપ્રતિ વચન ક્હેતી હવી–
" બ્રાહ્મ લક્ષણવડે યુક્ત છો આપ બ્રહ્માથકી ઉપન્યા.
આપ મહા તપસ્વી બ્રાહ્મ તપયુક્ત
ધર્મિષ્ઠ શુભ પુત્ર મમ ઇષ્ટ છે.
બ્રહ્મ! હું અપતિ છું. પત્ની નવ કોની હું.
પુત્ર પ્રભુ! આપશો બ્રાહ્મ સાધનવડે."
આથકી પ્રસન્ન બ્રહ્મર્ષિએ
ઉત્તમ દીધો પછી બ્રાહ્મ [1]માનસ તનય
ખ્યાત જે ચૂલીના પુત્ર બ્રહ્મદત્તના નામથી.
રાય બ્રહ્મદત્ત તે કાંપિલ્યા નામની નગરીમાં
લક્ષ્મીથી યુક્ત શુભ વાસ કરતો થયો સ્વર્ગમાં ઇંદ્રસમ.
રામ કાકુત્સ્થ! કુશનાભ ધાર્મિક મહા નૃપતિએ
સહજ બુદ્ધિ કરી આપવા
સર્વ નિજ કન્યકા રાય બ્રહ્મદત્તને.
તેથી આમંત્રી બ્રહ્મદત્તને તે મહાતેજ મહીપાલકે
પ્રીત હૃદયે દીધી સર્વ શત કન્યકા.
દેવપતિતુલ્ય બ્રહ્મદત્ત તે નૃપતિએ
ગ્રહણ પાણીતણું પછી યથાક્રમ કર્યું.
પાણીના સ્પર્શ માત્રે કરી સર્વ શત કન્યકા
[2]વિગતજ્વર [3]વિકુબ્જા થઈ પરમ યુક્ત લક્ષ્મીવડે.
વાયુના કોપથી મુક્ત સહુ દેખીને
પરમ પ્રમુદિત થઇ હર્ષ પામ્યો મહીપ
આથકી અનેકધા.
રામ કાકુત્સ્થ! કુશનાભ તે નૃપતિએ
પછી વિસર્જન કર્યું રાય બ્રહ્મદત્તનું

---

૧ મન થકી ઉત્પન્ન થયલો. ૨ સંતાપ વગરની ૩ ખુંધવાપણા વગરની.

સર્વ દારાઉપાધ્યાયના ગણુસહિત.
રામ! ગંધર્વી તે સોમદા
મેળવી ન્યાયસર પુત્રવધુ આમ આ
પરમ આનંદને પ્રાપ્ત કરતી હવી.
સર્વ વધુને બહુ પ્રેમથી ભેટતી
રાય કુશનાભને પુષ્કળ પ્રશંસતી
હર્ષ દર્શાવતી નિજ હૃદયનો મહા.

સર્ગ ૩૪ મો.

વિશ્વામિત્રવંશવર્ણન.

કૌશિકી.

રામ! બ્રહ્મદત્ત કરી લગ્ન પ્રસ્થિત થતાં
અપુત કુશનાભ પુત્રેષ્ટિ કરતો હવો પુત્રના કારણે.
ઇષ્ટિ ચાલુ થતાં પરમ ઔદાર્યથી યુક્ત
બ્રહ્મપુત્ર કુશ શુભ વદ્યો વચન કુશનાભ મહીપતિપ્રતિ-
" પુત્ર હે! પુત્ર પ્રાપ્ત કરશે
ધાર્મિક સમાન તવ ગાધિના નામનો.
એ ત્હને આપશે કીર્તિ શાશ્વત સહુ લોકમાં.
આમ વચનો વદી રામ! કુશનાભ મહીપતિપ્રતિ
કુશ સનાતન પછી બ્રહ્મલોકે ગયો ગગનમાર્ગે થઇ.
ગાધ કાકુત્સ્થ હે! પરમ ધર્મિષ્ઠ મ્હારો પિતા.
રામ! કુશવંશજ હું કૌશિક.
સત્યવતી નામની મ્હારી સુવ્રત સતી પૂર્વની ભગિની જે
રુચિકને પરણીને નાથને અનુસરી સ્વર્ગ ગઇ સદેહે
ને થઈ નદી મહા પરમ ઔદાર્યથી યુક્ત તે કૌશિકી.
લોકહિતકારણે ભગિની મમ દિવ્ય તે
રમ્ય [1]પુણ્યોદકા ગિરિ હિમાચલથકી વહી રહી.
તે પછી કૌશિકી પ્રિય [2]ભગિનીસ્નેહસંયુક્ત હું

૧ પવિત્ર પાણીવાળી ૨ બ્હેન તરફ વ્હાલથી જોડાયલો

રામ ! સુખમાં વસું સમીપ હિમશૈલની.
સત્યને ધર્મમાં પ્રતિષ્ઠિત પતિવ્રતા
આ મહાભાગ નદી કૌશિકી
સત્યવતી પુણ્યવતી શ્રેષ્ઠ સહુ સરિતમાં.
રામ ! હું માત્ર [1]નિયમાર્થે ત્હેને ત્યજી
હાલ આવ્યો હતો સિદ્ધ આશ્રમમહીં.
રામ રાઘવ ! થયું સિદ્ધ મમ કાર્ય તવ તેજથી.
હે મહાબાહુ ! તવ પ્રશ્નથી આજ ઉત્પત્તિ ઉત્તમ કહી
મ્હારી, મુજ વંશ, આ દેશની.
રામ કાકુત્સ્થ ! કથતાં કથા
અર્ધ રાત્રી ગઇ તેથી નિદ્રા તું લે.
ભદ્ર ત્હારૂં થજો, જેથી નહી વિઘ્ન કો આવશે
આપણા માર્ગમાં.
રામ ! [2]નિષ્પંદ તરુઓ સહુ, શાંત મૃગપક્ષીઓ.
વ્યાપ્ત થઈ ગઇ દિશા રજનીના તમસથી.
મધ્યરાત્રી ધીમે વિસર્જિત થઇ જતી.
ગગન આવૃત્ત થઇ રુચિર નક્ષત્રનેત્રોવડે
થઇ રહ્યું જ્યોતિથી તેજમય.
નિજ પ્રભાએ કરી લોકમહીં પ્રાણીના હૃદય આહ્લાદતો
ઉદય શુભ લોક[3]તમનાશક [4]શીતાંશુ શશી પામતો.
અહીંતહીં વિચરતા
યક્ષરાક્ષસનિશાચર અવર ભૂતના સંઘ કાકુત્સ્થ હે !
માંસભક્ષી ભયંકર મહા. ”
વૃત્ત કહી આટલું મુનિ મહાતેજ વિરમ્યા પછી.
સર્વ મુનિઓ પછી પૂજન કરી પ્રીતે વચન વદતા હવા–

---

૧ નીમ–વ્રતને વાસ્તે ૨ સ્થિર. ૩ જગતમાના અંધકારનો નાશ કરનાર. ૪ ઠંડા કિરણવાળો

" સાધુ સાધુ, સદા ધર્મપર ને મહા આ કુશિકવંશ છે.
સર્વ [1]કુશવંશજો છે મહાત્મા પુરુષ શ્રેષ્ઠ બ્રહ્મસમા,
જે મહીં આપ કૌશિક યશસ્વી વિશેષે કરી.
શ્રેષ્ઠ સરિતામહીં કૌશિકી આપની છે કુલોદ્દ્યોતકર.
મુદિત મુનિશાર્દૂલવડે પ્રશંસિત મહા
કુશિકઆત્મજ થયા યુક્ત નિદ્રાવડે
અસ્ત શ્રીમાન આદિત્યસમ.
રામ સૌમિત્રસહ વિસ્મિત થઇ બહુ
ને મુનિશાર્દૂલતણી પ્રશંસા કરી
ઉભય નિદ્રાની કરતા હુવા સેવના.

સર્ગ ૩૫ મો.

ગંગા.

સહુ મહર્ષિસહિત શેષ રાત્રી તહીં
શોણના તીરપર સુખથી ગાળ્યાપછી
મંગળ પ્રભાતના પ્હોરમા કૌશિક મહા મુનિ
આ પ્રમાણે વદ્યા–" રામ ! રજની ગઇ.
રાઘવ ! પ્રભાત મંગળ થયું.
કાળ વર્ત્યો હવે કર્મ સંધ્યાતણો.
ઉઠ તું ઉઠ કલ્યાણ ત્હારૂં થજો.
થાની તૈયાર તું ગમનને કારણે. '
વચન આ સાંભળી આન્હિક ક્રિયા કરી
ગમનતત્પર વચન રામ કહેતા હુવા–
" શુભ જલ અગાધ ને અલંકૃત [3]તટવતી
ઉતરીશું બ્રહ્મ ! આપણ કહ્યા માર્ગેથી ? "
રામનાં વાક્ય આ સાંભળી વચન કૌશિક વદ્યા–
" રામ ! આપણ જશું પંથ જે આ મહર્ષિ ગ્રહે.

---

૧ કુશવંશમા ઉત્પન્ન થયલા. ૨ કુળ દીપાવનારી. ૩ તીરવાળી નદી.

તે પછી દૂર નીકળી જતાં અર્ધ દિન ગત થતાં
પ્રાપ્ત દર્શન થયાં મહત મુનિઓથી સેવીત
સરિત શ્રેષ્ઠ જાન્હવીતણાં.
પુણ્ય સલિલે કરી ભરાયલી, હંસસારસથી સેવાયલી
સરિતનાં દર્શન કરી, થઇ હર્ષિત સહુ મુનિ
રામરાઘવસહિત સર્વ વસતા હવા [૧]તટિનીના તટઉપર.
સ્નાત થઈ ને યથાન્યાય તર્પણ કરી પિતૃદેવોતણું
અગ્નિહોત્ર કરીને પ્રાશન કરી પ્રીતે
[૨]અમૃતહવીતણું [૩]મુદિતમાનસ ઋષિ જાન્હવીતીરપર
સર્વ બેસી ગયા તે મહાત્મા કુશિકપુત્રને ફરી વળી.
ત્યા પણ યથાર્હ[૪] રાઘવ [૫]યથાન્યાય બેઠા પછી
હૃષ્ટમન રામ કૌશિકપ્રતિ આમ બોલ્યા વચન–
" બ્રહ્મ ! ત્રણ લોકમાં વહી જતી ગંગ આ [૬]ત્રિપથગા તટવતી
કેવી રીતે ગઈ [૭]નદનદીપતિપ્રતિ ઇચ્છું તે જાણવા. "
રામવચનોથી પ્રેરાઇને કૌશિક મહામુનિ
આમ કહેતા હવા જન્મ ને વૃદ્ધિ ગંગાતણાં–
" રામ ! [૮]ધાતુનિધિ મહાન હિમવાન શૈલેંદ્ર[૯] છે.
ત્હેની બે અવનિમાં અપ્રતિમ રૂપવતી કન્યકા.
માત તેઓની મેના, સુતા મેરુની,
[૧૦]ગેહિની [૧૧]સુમધ્યમા પ્રિય હિમાચલતણી,
ત્હેમની જ્યેષ્ટ પુત્રી અહો રામ ! ગંગા થઈ,
દ્વિતીય કન્યા ઉમા નામની.
સર્વ અમરે પછી રામ ! નિજ કાર્ય કંઇ સાધવા
નમ્ર કરી યાચના મહત શૈલેંદ્રની પાસથી

૧ નદી ૨ અમૃત જેવુ હવા ૩ હર્ષિત મનવાળા. ૪ યોગ્યતાપ્રમાણે. ૫ રીતસર ૬ ત્રણ માર્ગે જનારી ૭ નદ તથા નદીઓનો પતિ સમુદ્ર ૮ ધાતુઓનો ભંડાર ૯ પર્વતોનો રાજા. ૧૦ પત્ની ૧૧ સુંદર મધ્ય ભાગ એટલે કટીવાળી.

જ્યેષ્ટ પુત્રી ત્રિપથગા સરિત શ્રેષ્ઠ ગંગાતણી.
ધર્મથી આપી હિમવાન પર્વતવરે
લોકહિતકારણે રામ કાકુત્સ્થ !
સ્વચ્છંદપથગામિની લોકત્રણપાવની ત્રિપથગા ગંગને.
રામ ! [1]ત્રણ લોકહિતકાંક્ષીઓ લોકકારણ કરી
આમ પ્રતિગ્રહણ નદી ગંગનું, તેડી ત્હેને
પછી અંતરાત્મામહીં કૃતાર્થ સઘળા થયા.
રામ ! તે શૈલની અન્ય દુહિતા ઉમા
ગ્રહણ કરી ઉગ્ર વ્રત, તપ તપી દારુણ તપોધના
ઉગ્રતપયુક્ત સહુ લોકથી પૂજ્ય દુહિતા ઉમા
આપી તે ગિરિવરે અપ્રતિમ રૂપવત રુદ્રને.
રામ ! ગિરિરાજની લોકમાં પૂજ્ય એ બે સુતા
એક આ સરિતમહીં શ્રેષ્ટ ગંગા અને દ્વિતીય દેવી ઉમા.

સર્ગ ૩૬ મો.

ગંગા.

મુનિતણાં આ વચન સાભળી ઊભય તે રાઘવે
નમન કરી વચન મુનિપુંગવપ્રતિ કહ્યા—
"બ્રહ્મ ! કહી પરમ આ ધર્મથી યુક્ત ઊત્તમ કથા.
કહો હવે હે મુનિ ! શુભ કથા શૈલની જ્યેષ્ટ દુહિતાતણી.
અર્થ વિસ્તારથી આપ જાણો કથા દેવમાનવતણી.
તે જગતપાવની કેમ થઇ છે [2]ત્રિપથપ્લાવની ?
કેમ વિશ્રુત થઇ સરિતસત્તમ મહા ગંગ આ
ત્રિપથગા નામથી ? પરમ ધર્મજ્ઞ કૌશિક કહો
શા મહા કર્મ એણે કર્યા બ્રહ્મ ! ત્રણ લોકમા ?
આથી તે કૌશિક તપસ્વી કહેતા હવા
સર્વ ઋષિમધ્યમા પુણ્ય ઉત્તમ કથા નિખિલ [3]કાકુત્સ્થને.

---

૧ ત્રણ લોકના હિતને વાસ્તે ઇતેજ્નાર ૨ ત્રણ માર્ગમા વહેનારી. ૩ આ પછીનો ભાગ કંઇક અશ્લીલ હોવાથી છાડી દીધો છે.

સર્ગ ૩૭ મો.

સગરના પુત્રો.

રામ! પૂર્વે હતો અયોધ્યાધિપતિ
નરાધિપ સગર નામે કરી.
પરમ ધર્મિષ્ઠ તે નૃપ પ્રજાકામનાયુક્ત અપ્રજ હતો.
રાઘવ! વિદર્ભદુહિતા રૂડી કેશિની નામની
પરમ ધર્મિષ્ઠ સતવાદિની એની હતી જ્યેષ્ટ સહચારિણી,
દ્વિતીય પત્ની સતી સુમતિ [1]સંજ્ઞાવતી
આત્મજા સુંદર અરિષ્ટનેમીતણી ભગિની સુ સુપુર્ણની.
પત્નીઓ સાથ મહારાજ આવી હિમાચળ કરે
તપ ભૃગુપ્રસ્રવણ ગિરિઉપર.
આમ શત વર્ષ પુરાં થતાં તપથી આરાધિત મહામુનિ
સત્યવકતામહીં શ્રેષ્ઠ ભૃગુએ કર્યું
દાન વરનું સગર રાયને–
"લાભ તુજને થશે હે અનઘ મહીપતિ! મહાન સંતાનનો.
પ્રાપ્ત પુરુષર્ષભ! કરીશ તું અપ્રતિમ કીર્તિ આ લોકમાં;
જન્મશે તાત! તવ એક પત્નીવિશે
એક આત્મજ મહા વંશકર,
દ્વિતીય પત્ની ત્હને આપશે સાઠ શુભ આત્મજ હજારને."
આમ નરવ્યાઘ્ર તે બોલતાં
સુમતિ ને કેશિની અતિશય પ્રસન્ન થઇ
[2]અંજલિપુટ કરી પરમ પ્રીતિથકી આપ્રમાણે વદી—
"એક કોને થશે બ્રહ્મન! અનેક કોને થશે?
કોતૂહલ શ્રવણ કરવાનું એ.
સત્ય તમ વચન બ્રહ્મન! હજો."
વચન આ સાંભળી પરમ ધાર્મિક ભૃગુ પરમ વાણી વદયા—

---

૧ નામની. ૨ હાથજોડી.

"માંગી લો, જેવી ઇચ્છા ધરો;
એક વંશકર કે પુત્ર બહુ
મહા બળવાન યશવાન ઉત્સાહી જે,
કોણ ઇચ્છે કહ્યું વર કહો."
મુનિવચન સાંભળી
એક વંશકર આત્મજ સતી કેશિનીએ લીધો
રાઘવ ! સુપર્ણભગિની સુમતિએ લીધા
પરમ ઉત્સાહી યશવાન શુભ સાઠ સુત સહસ્રો.
રામ ! તે ઋષિતણી પ્રદક્ષિણા પછી કરી
શીર્ષ નિજ ચરણસરસુ ધરી
રાય ભાર્યાસહિત સ્વપુરપ્રત્યે ગયો.
કાળ કંઇ વીતી જતાં પુત્ર પ્રસવ્યો
સુવિખ્યાત પટરાણીએ રામ ! અસમંજને
ને સુમતિએ રૂડું ગર્ભતુંબ[1] પ્રસવ્યું.
તુંબ તે તૂટતાં પુત્ર નીકળ્યા પછી સાઠ હજાર જે.
રાખી તે સર્વને [2]કુંભઘૃતપૂર્ણમાં પોષતી ધાત્રીઓ.
આમ કંઇ કાળ વીતી જતા
તે થયા યુક્ત યૌવન અને રૂપથી.
સગરનો જ્યેષ્ટ અસમંજ સુત રામ કાકુત્સ્થ હે !
બાળકો પકડતો સરયૂમાં ફેંકતો
ડુબતાં દેખીને નિત્ય હસતો હતો.
આમ સદ્પુરુષને પીડતા
પાપઆચરણી ને [3]પૌરજનઅહિતરત
પુત્રને પુરથકી પાર કીધો પિતાએ પછી.
અંશુમાન કરીને પુત્ર બળવાન અસમંજનો
સર્વપ્રતિ પ્રિયવદ લોકપ્રિય બહુ હતો.

૧ તુંબડાના આકારનો ગર્ભનો ગોળો ૨ ઘીએ ભરેલા ઘડામાં. ૩ લોકોને નુકસાન કરવામાં આસક્ત

સમય કંઇ વીતી જતાં સગરની મતિ થતાં
યજ્ઞ કરવાતણો તુરત નિશ્ચય કરી
ઉપાધ્યાયગણુસહ પરમ વેદજ્ઞ તે નૃપતિએ
યજ્ઞ શુભ આદર્યો.

સર્ગ ૩૮ મો.

અશ્વહરણ.

આ કથા સાંભળી પરમ પ્રમુદિત રઘુનંદને
[1]અનલસમ દીપ્ત મુનિને કહ્યાં આ પ્રમાણે વચન—
"સર્વ વિસ્તારપૂર્વક કથા શ્રવણ કરવા તણી
મ્હારી ઇચ્છા પરમ, બ્રહ્મ! મુજ પૂર્વજે
કેવી રીતે કર્યો યજ્ઞ તે કહો કથા."
કૌતૂહલયુક્ત રઘુવરવચન સાંભળી
કૌશિક કહે કથા સહજ હસીને પછી રામ કાકુત્સ્થને—
"રામ! કર શ્રવણ વિસ્તારપૂર્વક કથા
આ મહાત્મા સગર રાયની.
શંકરશ્વશુર હિમવાન વિખ્યાત
વિન્ધ્યાગિરિ ઉભય અકકેકને દેખતા.
આ ઉભય ગિરિતણા મધ્ય દેશની મહીં
હે પુરુષવર! થયો યજ્ઞ નૃપ સગરનો.
હે પુરુષવ્યાઘ્ર! છે દેશ સુ પ્રશસ્ત એ યજ્ઞકર્મ કરવા.
"રાજ! આ દેશને પાળતો દૃઢ ધનૂ ધારતો
મહારથી અંશુમાન કરતો અશ્વસરક્ષણ.
રામ! યજમાનના યજ્ઞની જે દિને પર્વણી
અસુરનું રૂપ ધરી અશ્વ લીધો હરી વાસવે.
આ રીતે તે મહાત્માતણા અશ્વનું હરણ થયું એટલે
સહુ ઉપાધ્યાય કહેતા વચન નૃપતિ યજમાનને—

---

૧ અગ્નિના જેવા તેજસ્વી

"આજ આ પર્વણીને દિને
યજ્ઞના અશ્વનું હરણ વેગે થયું
તેથી કરી નાશ હર્તાતણો અશ્વ લઈ આવશો,
નહીંતર મહીપ હે! યજ્ઞ આ દોષથી યુક્ત થઇ
અશુભ સહુનુ થશે. રાય! એવુ કરો
થાય શુભ યજ્ઞ તમ રહીત આ વિઘ્નથી."
વચન આ સાંભળી સહુ ઉપાધ્યાયના
વાકય સગરે સભામહીં કહ્યાં આત્મજ સહસ્ર નિજ સાઠને–
"હે પુરુષર્ષભ! આદર્યો યજ્ઞ આ
મંત્રથી પવિત્ર મહાભાગ બ્રાહ્મણવરે,
તો હું સમજુ નહીં કેવી રીતે થઇ રાક્ષસતણી ગતિ.
તેથી જઇને ત્હમે શોધ એનો કરો.
પુત્ર! કલ્યાણ સહુનુ થજો. પુત્ર! સહુ શોધજો
યુકત સાગરતણી માળથી પૃથિવીને
જોઇ અકકેક યોજનમહીં.
પૂઠ પકડી ત્હમે અશ્વહર્તાતણી
મ્હારી આજ્ઞાથકી ખોદજો [1]વસુમતી
જ્યાં લગી થાય દર્શન મહા તુરગના.
દીક્ષિત હું અહીંજ બેઠેલ છું
પૌત્ર ને ઉપાધ્યાયગણસહ તુરગદર્શન લગી."
રામ! તે હૃષ્ટમન પરમ બલવાન સુત રાયના
શોધ કરતા હવા સહુ મહીતલમહીં તાતનાં વચનથી
તે પુરુષશાર્દૂલે વજ્રસમ ભુજવડે
ભેદવા માંડયું ભૂતલ પછી રામ! અકકેક યોજનમહીં.
વજ્રસમ શૂલથી ઘોર મહા હળવતી
પરમ ભેદાયલી વસુમતી રામ! બહુ નાદ કરતી હવી.
નાગરાક્ષસઅસુર ઇતર સત્વો સહુ

---

૧ પૃથ્વી.

હે દુરાધર્ષ ! કોલાહલ કરી રહ્યા.
રામ ! ખોદી ભૂમિ યોજન સહસ્ર ષષ્ઠી
શું સહુને અનુત્તમ રસાતળ જેવું.
ખોદતાં [1]અદ્રિથી યુક્ત દ્વીપ જંબુને
નરવરાત્મજ પરિક્રમણ કરતા હવા.
આથી [2]સભ્રાંત થઇ બ્રહ્મપાસે ગયા
દેવ, ગંધર્વ, પન્નગ અને અસુર સહુ.

સર્ગ ૩૯ મો.

ભૂતલભેદન.

વચન આ દેવનાં સાંભળી બ્રહ્મ ભગવાન કહેતા હવા
સગરપુત્રોતણા અદ્દભુત [3]કૃતાંતસમ બળથકી
ત્રાસ ને મોહ પામેલ સહુ દેવને—
"પરમ ધીમાન [4]વસુદેવઆત્મજની સર્વસ્વ વસુધા; સુરો !
માધવની મહિષીએ. તેથી ભગવાન પ્રભુ
કપિલરૂપ ધારીને અનિશ ધારણ કરે છે ધરા.
પ્રભુતણા કોપથી દગ્ધ સઘળા થશે રાજપુત્રો પ્રબળ.
પૃથિવીનો આમ [5]નિર્ભેદ ને સગરપુત્રોતણો [6]છેદ
દીઠેલ છે દીર્ઘદર્શી જને."
આ વચન સુણી પિતામહતણાં
સર્વ તેત્રીસ તે [7]અરિંદમ દેવતા
પરમ સંહૃષ્ટ સ્વસ્થાન ચાલ્યા ગયા.
સગરપુત્રો પછી પૃથિવીને ભેદતાં
નિકળતો શબ્દ [8]નિર્ઘાતસમ.
સર્વ ભૂ ભેદીને કરી પછી તેની સાગરસહ પ્રદક્ષિણા
તાતને જઇ કહ્યુ—' કર્યું પરિક્રમણ મહી સર્વનુ,
[9]સૂદન કર્યું અમે દેવદાનવઉરગરાક્ષસપિશાચપન્નગતણુ;

---

૧ પર્વત ૨ ગભરાઇને ૩ કાળ ૪ વિષ્ણુ ૫ ખનન, ખોદાણુ. ૬ નાશ. ૭ શત્રુ-નો નાશ કરનાર ૮ વીજળીનો કડાકો. ૯ નાશ.

પણ ન જોયો અમે અશ્વ કે અશ્વહર્તા, પિતા !
શું જ કરીએ હવે ધર્મવત્સલ ! વિચારો ત્હમે. ”
પુત્રનાં આ વચન સાંભળી રાજસત્તમ સગર
ક્રોધ અતિશય કરી આમ બોલ્યો પછી—
“ પુન: ખોદો ત્હમે. ભૂમિતલ ભેદીને
અશ્વનો ચોર કરી કેદી ને પુન: ફરજો સહુ
સત્વર કૃતાર્થ થઇ. ”
આ વચન સાંભળી સગર મહાત્માતણા પુત્ર તે
સર્વ દોડયા રસાતલભણી.
ખોદતાં ખોદતાં રાજપુત્રોની નજરે પડયો
ભૂમિતલ ધારતો [1]પર્વતોપમ દિશાગજ
મહાખ્યાત વિરૂપાક્ષના નામથી.
રામ ! વિરૂપાક્ષ તે મહા ગજે
પર્વતઅરણ્યસહ પૃથિવી ધારણ કરી શિરઉપર.
રામ કાકુત્સ્થ ! કો પર્વણીને દિને
આ મહા ગજ અતિ શ્રમથકી
વિશ્રમાર્થે કરે ચલિત નિજ શીર્ષ ભૂકંપ તવ થાય છે.
રામ ! દિક્પાલ તે ગજતણી કરી શુભ પ્રદક્ષિણા
માન દઇ સર્વ ચાલ્યા મહીપપુત્ર તે રસાતલ ભેદતા.
ભેદીને પૂર્વ તે દક્ષિણ ભણી ગયા.
દક્ષિણ દિશામહીં ધરતિ ધરતો દીઠો
તે મહાત્મા મહત પર્વતોપમ મહા ગજ મહાપદ્મને.
પરમ વિસ્મિત થઇ કરી ગજપ્રદક્ષિણા
મહાત્મા સગરના પુત્ર ભેદી રહ્યા પશ્ચિમ દિશા પછી.
પશ્ચિમ દિશામહીં તે મહાબળ મહીપઆત્મજોને થયાં
દર્શન દિશાગજ મહાન [1]સમઅચલ સૌમનસનાં.
રામ ! તેની કરી પ્રદક્ષિણા કુશળ પૂછી પછી

૧ પર્વતના જેવો

ખોદતા તે ગયા ઉત્તર દિશામહીં.
ત્યાં દીઠો ભદ્ર વપુઉપર મહી ધારતો
રામ! [1]હિમપાંડુર સુ ભદ્રને.
નિકટ તેની જઇ કરી વળી પ્રદક્ષિણા
નૃપતિપુત્રો ગયા ભૂમિતલ ભેદતા.
સગરપુત્રો પછી [2]પ્રથિત [3]પ્રાગુત્તર દિશે જઇ
રામ! લાગ્યા સહુ પૃથિવીને ખોદવા રોષથી.
ભીમવેગી મહાબળ મહાત્મા સહુ સાગરે
દર્શન કર્યાં સનાતન તહીં રામ! વસુદેવસુત કપિલનાં.
દેવપાસે દીઠો અશ્વ ચરતો વળી.
આમ હય દેખીને અતુલ હર્ષિત થઇ,
કપિલને [4]યજ્ઞહન માની લઇ, ક્રોધથી લાલ આંખો કરી
[5]લાંગલખનિત્રતરુ વિધવિધ શિલા ધરી
પરમ રોષે ધસ્યા બોલતા—"ઉભો રહે, ઉભો રહે,
ચોર અમ યજ્ઞના અશ્વનો! જાણ [6]દુર્મેધ! તું
પ્રાપ્ત તુજને થયા અમ સગરઆત્મજો."
વચન આ સાંભળી રામ! અતિ રોષઆવિષ્ટ થઇ
માત્ર હુંકાર કપિલે કર્યો, જેથી કાકુત્સ્થ!
આ અતુલ મહાત્માતણા ક્રોધથી
સર્વ સગરાત્મજો [7]ભસ્મરાશી થયા.

સર્ગ ૪૦ મો.

અશ્વપ્રાપ્તિ.

રામ! પુત્રો ગયે બહુ વખત વીતી જતાં
સગર રાયે કહ્યું તેજથી દીપ્તિમત પૌત્રને—
"શૂર [8]કૃતવિદ્ય તું પરમ તેજસ્વી [9]પિતૃવ્યસમ.

૧ બરફના જેવો સફેત ૨ પ્રખ્યાત ૩ ઇશાન ખુણો ૪ ઘોડાનુ હરણ કરી યજ્ઞ-નો નાશ કરનાર. ૫ હળ અને કોદાળી ૬ મૂર્ખ. ૭ રાખનો ઢગલો. ૮ વિદ્વાન. ૯ કાકા.

ખબર તું કાઢ શી પિતૃઓની ગતિ, કોણ હરી હય ગયું.
[1]સત્ત્વ અંતર રહ્યાં ભૂમિના વીર્યવાળાં મહા
તેથી તે સર્વના [2]ધ્વંસઅર્થે કુવર! ધારજે
[3]અસિસહિત ધનુષ પણ.
વંદયને વદીને વિઘ્નકર પુરુષને દડીને
[4]યજ્ઞપારગ! પુન: ફર કરી સિદ્ધ નિજ અર્થ તું.
સગરવચનોથી [5]લઘુવિક્રમી અંશુમત
તુરત નીકળી પડયો ધનુષ ને ખડગ લઇ.
નૃપથી પ્રેરાયલા રાજસત્તમસુતે
પ્રાપ્ત કીધો પછી માર્ગ જે ભૂની અંદર ખણ્યો પિતૃએ.
દર્શન કીધાં પછી દેવદાનવઉરગરાક્ષસપિશાચપતગોથી
પૂજિત સુ તેજસ્વી દિગ્ગજતણા.
કરી ગજપ્રદક્ષિણા કુશળઅવ્યય પૂછી
પૂછી વાર્તા સહુ પિતૃઓ ને વળી અશ્વહર્તાતણી.
સાંભળી આ સહુ દિગ્ગજ મહામતિ આમ બોલ્યો વચન—
"અર્થ છે સિદ્ધ ત્હારો હવે પુત્ર અસમંજના!
શીઘ્ર પાછો ફરીશ અશ્વસહ."
સાંભળી આ વચન સહુ દિશાગજકને
યથાન્યાયે કરી પૂછતો તે [6]યથાક્રમ ગયો.
સર્વ વાકયજ્ઞ ને [7]વાકયકોવિદ દિશાપાલકે
પૂજન કરી પૂછયુ-"અત્ર આવ્યો તું શું હયસહિત?"
શ્રવણ કરી વચન આ સદ્ય લઘુવિક્રમી તહીં ગયો
પિતૃ સાગર જહીં ભસ્મરાશી પડયા.
આમ અસમજસુત આવી ત્યા
પિતૃવધથી પરમ આર્ત દુખિત મને
મહત આક્રંદ કરતો હવો.

૧ પૃથ્વીની અંદર રહેલા પ્રાણીઓ ૨ નાશ ૩ તરવાર ૪ યજ્ઞને પાર પાડનાર ૫ ઝડપથી ચાલતો ૬ નિયમ પ્રમાણે એક પછી એક પાસે ૭ વાકયના ઉપયોગમા કુશળ.

દુઃખ ને શોક આવિષ્ટ નરશાર્દૂલે
સમીપ ચરતો દીઠો યજ્ઞહય ત્યાં પછી.
રાજપુત્રોની કરવા ક્રિયા કામનાયુક્ત તે
જલ બહુ શોધતો, પણ મહાતેજ નૃપપુત્રને
નવ જડ્યું કો [1]જલાશય તહીં.
આથી વિસ્તૃત કરી નિજ [2]નિપુણ નયન તો
તેની નજરે પડ્યો [3]પિતૃમાતુલ શુભ[4]સુપર્ણ [5]અનિલોપમ[6]ખગાધિપ.
પરમ બલવાન તે વૈનતેએ કહ્યું—
"હે પુરુષવ્યાઘ્ર! તું શોચ મા કર હવે.
[7]લોકસંમત હતો પિતૃવધ.
આ મહાબળ નૃપતિપુત્રને દગ્ધ કુપિલે કર્યા.
તેથી નથી યોગ્ય કરવી ક્રિયા
ત્હેમની પ્રાજ્ઞ! લૌકિક જલે.
કરની સલિલક્રિયા હે મહાબાહુ! તવ પિતૃની
ગિરિહિમાચલતણી જ્યેષ્ટ દુહિતા સુભગ ગંગમાં.
[8]પ્લાવિત થવા તું દે [9]ભસ્મરાશીકૃતને લોકપાવનીવડે,
થઇ જતાં [10]ક્લિન્ન આ ભસ્મ તે લોકકાંતાવડે
સગરના પુત્ર સહુ સદ્ય સીધારશે સ્વર્ગમાં.
હે મહાભાગ પુરુષર્ષભ! અશ્વ લઈ જા હવે, તવ પિતામહતણો
યજ્ઞ પરિપૂર્ણ તું કરાવ જઇ વીર હે!"
વચન આ સાભળી સુપર્ણના
તે મહાતપ મહાવીર્ય અસમજસુત
અશ્વ લઇ સદ્ય પાછો વળ્યો.
હે રઘુકુળતિલક રામ! દીક્ષિત નૃપકને જઇ
ખગપતિ સુપર્ણનાં સહુ યથાવૃત્ત વચનો કહ્યાં.
અશુમતના નૃપે ઘોર વચનો સુણી

---

૧ સરોવર. ૨ તીવ્ર ૩ બાપનો મામો ૪ સુંદર પાખવાળો ગરૂડ. ૫ પવન જેવા વેગવાળો ૬ પક્ષીઓનો રાજા ૭ લોકે માન્ય કરેલો. ૮ સીંચીત. ૯ રાખનો ઢગલો થયલા. ૧૦ ભીની.

વિધિપુરઃસર યથાકલ્પ કીધું પછી [1]યજ્ઞનિર્વિર્તન.
યજ્ઞ પૂરો કરી મહીપ શ્રીમાન તે
સ્વપુરપ્રત્યે જઇ ગંગઆગમનનો [2]મંત્ર કરતો હવો.
કાળ બહુ વીતી જતાં નિશ્ચય ન કંઇ થતાં
રાજ્ય કરી ત્રીસ સંવત્સર સહસ્ર પછી
મહીપતિ મહાન તે સ્વર્ગ પ્રત્યે ગયો.

સર્ગ ૪૧ મો.

ભગીરથ.

રામ ! રાજા સગર કાળને વશ થતાં
રાજ્યઆસનપર નિયુક્ત લોકે કર્યો
પરમ ધર્મિષ્ઠ અંશુમતને.
અંશુમત હે રઘુનંદન ! થયો મહીપાલક મહાન આ.
રાજ્ય નિજ આત્મજ દિલીપ વિખ્યાતને સોંપીને
અંશુમત રમ્ય હિમવતતણા શિખરપર
રામ ! કરતો હવો ઘોર તપ.
આમ બત્રીસ સંવત્સર સહસ્ર ગાળી તપોવનમહી
સ્વર્ગપ્રાપ્તિ કરી તે નૃપ તપોધને.
તે મહાતેજ દિલીપ પણ
નિજ પિતામહતણા વધની વાતો સુણી
પણ ન બુદ્ધિવડે નિશ્ચય કરી શકયો.
ગંગઅવતરણ વળી જલક્રિયાકરણ ને
પિતૃઉદ્ધરણ તે કેમ સાધિત થશે તેનું ચિંતન કરે.
આમ ધર્મિષ્ઠ તે [3]વિદિતઆત્મા સદા
ચિંતન કરી રહ્યો એટલે એક ઉત્પન્ન થયો
પરમ ધાર્મિક તનય ભગીરથ નામનો.
યજ્ઞ બહુ બહુ કરી તે મહાતેજ દિલીપે કર્યું

---

૧ સમાપ્તિ ૨ વિચાર ૩ આત્મજ્ઞાનવાળો

રાજ્ય નિજ ત્રીસ સંવત્સર સહસ્રનું.
પિતૃતારણ તણો કંઇજ પણ નિશ્ચય કર્યાવિના
રામ નરવ્યાઘ્ર ! તે કાળને વશ થયો.
પુત્ર ભગીરથતણો રામ ! અભિષેક રાજ્યે કરી
સ્વાર્જીત સુકર્મથી રાય તે ઈંદ્રલોકે ગયો.
હે રઘુનંદન ! પરમ ધર્મિષ્ઠ રાજર્ષિ ભગીરથ હતો.
[1]અપ્રજ હતાં [2]પ્રજાકામ મહારાજ તે
સોંપી મંત્રીગણને નિજ પ્રજારાજ્યને
તે મહાપાર્થ આસક્ત ગંગાવતરણે થયો.
[3]ઉર્ધ્વબાહુ હઈ, પંચ અગ્નિમહીં, માસ ઉપવાસી થઈ
દીર્ઘ કાળલગી તે તપ જીતેંદ્રિય તપ્યો.
આ મહાત્મા મહાબાહુને ઘોર તપ સાધતાં
વત્સર સહસ્ર વીતી ગયાં.
પ્રકટ એવે થયા ત્યાં પ્રજાના પ્રભુ
ઇશ્વર પિતામહ બ્રહ્મા સહુ દેવગણસાથ સુપ્રીત થઇ
ને વદયા વચન તપતા મહાત્મા ભગીરથપ્રતિ—
"હે જનાધિપ મહારાજ ભગીરથ ! થયો
સ્તુત્ય તવ તપવડે બહુ બહુ પ્રસન્ન હું.
માગ વર માગ સુવ્રત અહો ! "
શ્રવણ આ કરી મહાબાહુ તેજસ્વી
ભગીરથ ઉભો [4]અંજલિપુટ કરી આમ બોલ્યો વચન-
"આપ તુષમાન જો, હોય તપ મ્હારૂં ફળવાન જો
સર્વ સગરાત્મજો પરમ જલદાન પ્રાપ્ત કરજો
બ્રહ્મ ભગવાન ! મુજ હસ્તથી.
ભસ્મ તે સર્વ સગરાત્મજોની થતાં કિલન્ન ગંગાજલે
તે મુજ પ્રપિતામહ સ્વર્ગ અવિનાશીને પામજો.
દેવ ! હુ યાચતો ક્ષય ન પામે કદિ

૧ સંતતિ વગરનો ૨ સંતતિની ઇચ્છાવાળો. ૩ ઉંચા હાથ કરી. ૪ હાથ જોડી.

કુલ પ્રભુ! સંતતિવિહીન અમ.
દેવ! આ પરમ વર સર્વ ઇક્ષ્વાકુકુલને હજો."
રાય આ વચન બોલી રહ્યા એટલે
લોકના તાત મધુરાક્ષરોયુક્ત શુભ મધુર વાણી વદયા-
"હે મહારથ ભગીરથ! મનોરથ તવ મહાન છે.
સિદ્ધિ તે પામજો, ત્હારૂં ઇક્ષ્વાકુકુલવર્ધન! ભલું થજો.
શૈલ હિમવાનની આત્મજા જ્યેષ્ઠ તે
[1]હૈમવતી ગંગને ધારવા
હરનું રાજન! નિયોજન તું કર.
ગંગનું પતન નહી સહન મહી કરી શકે.
ધારણ કરે ન એ રાજશાર્દૂલ હે! શંકરશિવાય કો.
નૃપતિને આમ કહી વચન ઉદ્દેશીને
સરિતવર ગંગને સદ્ય આદેશીને
લોકના તાત તો દેવ ને મરુતગણસહિત સહુ
બ્રહ્મલોકે ગયા.

સર્ગ ૪૨ મો.

ગંગાવતરણ.

દેવના દેવ ચાલ્યા જતા
વસુમતી રામ! [2]અંગુષ્ઠના અગ્રથી દાબીને
ભગીરથે એક સંવત્સરસુધી કરી દારુણ ઉપાસના.
પૂર્ણ સંવત્સરે લોકવંદિત મહા
પશુપતિ ઉમાપતિ મહીપતિપ્રતિ વદયા-
"પ્રીત નરવર! થયો. પ્રિય હું ત્હારૂં કરીશઃ
નૃપતિ! શિરપર ધરીશ રાજ! પર્વતતણી પુત્રીને.
સર્વ લોકોથી વંદિત પછી હૈમવતી જ્યેષ્ઠ
હે રામ! અતિ મહત રૂપ વિસ્તરી વેગ [3]દુઃસહ કરી

૧ હિમાચળની પુત્રી. ૨ અંગુઠો. ૩ મુશ્કેલીથી સ્હેવાય એવો.

શિવતણા શિવ શિરે ગગનમહીંથી પડી.
ધાર્યું ગંગા પરમ [૧]દુર્ધરા દેવીએ
ગ્રહણ શંભુતણું [૨]સ્રોતસમહીં કરી
પેવસ કરીશ પાતાળમાં.
ગર્વ આ ગંગનો જાણીને
ક્રોધ ભગવાન ત્ર્યંબક હરે આણીને
બુદ્ધિ તેને કરી બાંધવા. રામ ! પુણ્યા પડી
હિમવતસમાન શુભ રુદ્રના પુણ્ય મસ્તકઉપર
તે જટામંડલતણા મહા [૩]ગહ્વરે.
મહીપર જવાતણા યત્ન નિષ્ફળ ગયા
તેમ તેને જટામંડલથી નવ જડયો નિર્ગમનમાર્ગ પણ.
ભ્રમણ કરતી રહી તેથી દેવી તહીં વર્ષ બહુ બહુ સુધી.
આમ આ જોઇને ભગીરથે પુનઃત્યા પરમ તપ આદર્યું.
તેથી અત્યંત સંતુષ્ટ થઇને કર્યું
[૪]બિંદુસરતરફ ગંગાવિસર્જન હરે.
આમ રાઘવ ! વિસર્જન થતાં સાત સ્રોતો થયા.
[૫]શિવજલા મંગલા ગંગના સ્રોત ત્રણ
હ્લાદિની, નલિની ને પાવની વહી ગયા પૂર્વમાં.
પશ્ચિમ દિશામહીં પરવર્યા સ્રોત ત્રણ શુભ
સુચક્ષુસીતાસિંધુ સરિતા મહા.
સાતમો સ્રોત ચાલ્યો ભગીરથતણા દિવ્ય [૬]સ્યંદનપુઠે.
ગગનથકી શિવશિરે, શિરથી ધરણીપરે
આવી જલ તીવ્ર સ્વર કાઢીને સર્પતું.
[૭]પતિત ને [૮]પત થતા [૯]મત્સ્યકચ્છપતણા સંઘથી
રામ કાકુત્સ્થ ! [૧૦]શિશુમારનાં વૃંદથી રાચતી વસુંધરા.
દેવઋષિયક્ષ ને સિદ્ધગંધર્વગણ
સર્વ જોઇ રહ્યા અશ્વગજવરઉપર બેસીને

૧ મુશ્કેલીથી ધારણ કરાય એવી ૨ પ્રવાહ ૩ ગુફા ૪ બિંદુસરોવર આગળ. ૫ શુભ જળવાળી ૬ રથ ૭ પડેલા ૮ પડતા. ૯ માછલી ને કાચબા. ૧૦ એક જાતના પ્રાણી.

નગરઆકૃતિવત વિમાનમાં પેસીને
ગગનથકી [1]ગોઉપર ગતિ કરતી ગ ગને.
સર્વ ઉભેલ ત્યાં દેવતા આમ અવલોકી આ લોકમાં
અતુલ અદ્દભુત ઉત્તમ સુ અવતરણ ગ ગાતણુ
પરમ આશ્ચર્યને પામતા.
આવી પ્હોંચ્યા અહીં શ્રેષ્ઠ આ [2]દૃશ્યના
[3]દર્શનેક્ષુ અમિત ઓજસી દેવતા.
આમ આવેલ સહુ સુરવડે,
એમનાં શુભ અલંકાર ઓજસવડે
[4]ગતજલદ ગગન બહુ શોભતું જેમ શત સૂર્યથી.
ઉરગશિશુમારથી મીન ચંચલ ગતિમાનથી
જેમ વિક્ષિપ્ત[5] આકાશ [6]વિદ્યુતવડે.
રાઘવ ! સહસ્રધા [7]સિતસલિલફેનઆકીર્ણ
બહુ વ્યોમ વળી વિલસતું
હંસસયુકત શુ [8]શારદાભ્રોવડે.
કવચિત સત્વર જતું, કવચિત ધીમું થતુ,
કવચિત [9]કુટિલું અને કવચિત વિસ્તારમાં,
કવચિત નીચું અને ઉંચુ કો સ્થાનમા,
કવચિત જલ [10]ઉર્ધ્વપથ ગતિ કરે,
પુન પછી પૃથ્વીતલપર પડે,
સલિલ વળી સલિલસહ આથડે.
તોય નિષ્પાપ નિર્મળ પડ્યુ શિવશિરે,
ત્યાંથી પડી ભૂમિતલપર પુન
લાગ્યું બહુ રાચવા.
જાણી ભવઅંગપર પતિત આ તોયને પુણ્ય
ગંધર્વઋષિગણ અને ભૂમિતલવાસીઓ સ્પર્શ કરતા હુવા.

---

૧ પૃથ્વીપર ૨ દેખાવ ૩ દર્શનની ઇચ્છા ધરાવનારા. ૪ વાદળા જતા રહ્યા છે એવું ૫ છવાયલું ૬ વીજળી ૭ સફેત પાણીના ફીણથી છવાયલુ ૮ શરદનાં વાદળાં. ૯ વાકુ ચુકુ. ૧૦ ઉંચે માર્ગે

પતિત જે શાપથી ભૂતલે આભથી
જલ શુભાન્વિતમહીં સ્નાન કરીને અહીં
[1]કલ્મષો ગત થતાં [2]ધૂત પાપો હતાં
પુનઃ આકાશમાં પ્રેવસ કરી ગયા સર્વ સ્વર્લોકમાં.
[3]તોય [4]ભાસ્વરમહીં લોક આનંદ લઇ સ્નાન કરી
ગંગમાં કલ્મષરહિત થયા.
અગ્રમાં ચાલતો દિવ્ય સ્યંદનમહીં
પરમ રાજર્ષિ મહારાજ ભગીરથ વડો,
જેની પૂઠે કરે ગતિ વિમળ ગંગ તે;
દેવઋષિગણુ સહુ દૈત્ય ને દાનવો
યક્ષગંધર્વરાક્ષસપ્રવરકિન્નરો
અપ્સરાઉરગ ને સર્પ સહુ જલચરો
પાછળ જતા હતા પ્રીતથી
રાજ ભગીરથતણા રથની અનુગામિની ગંગની.
નૃપતિ ભગીરથ જહીં ગમન કરતી તહીં
શ્રેષ્ટ સરિતામહીં પાપ સહુ નાશિની વસુમતીવાસિની
અનુપમ યશસ્વિની ગંગ [5]સ્રોતસ્વિની.
પ્લાવિત જતાં કર્યો યજ્ઞનો [6]વાટ
અદ્ભુતકર્મી મહાત્મા સુ યજમાન જન્હુતણો.
રામ! અભિમાન આ જાણીને ક્રોધ દીલ આણીને
જન્હુ જલ પી ગયો પરમ અદ્ભુત સહુ ગંગનું.
આમ જલ પી જતાં દેવગંધર્વઋષિ પરમ વિસ્મિત થતાં
ગંગને પુત્રીવત લેખવા વિનવતા પૂજન કરી રહ્યા
પુરુષસત્તમ મહાત્મા સુ જન્હુતણુ.
આથી સંતુષ્ટ થઇ તે મહાત્મા નૃવર જન્હુએ
[7]શ્રોત્રદ્વારા વિસર્જન કર્યું ગંગનું;

૧ દોષ ૨. ધોવાઇ જતા. ૩ પાણી ૪ તેજસ્વી. ૫ નદી. ૬ વાડો; એમાં પાણી ફરી વળ્યા. ૭ કાન માર્ગે

જેથી કહેવાય જન્હુસુતા જાન્હવી.
તે પછી ગંગ ભગીરથતણા રથનું અનુગમન કરતી પુનઃ
સાગરસુધી જઇ સરિતપ્રવરા ગઇ
કર્મની સિદ્ધિઅર્થે રસાતલમહીં.
યત્નથી ગંગને અવનિપર આણીને
ભગીરથ નરાધિપે પિતામહને દીઠા
ચેતનવિહીન સહુ ભસ્મવત.
ભસ્મની રાશિ આ સલિલ ઉત્તમવડે રામ! [1]પ્લાવિત થતાં
પાપ ચાલ્યાં જતાં સર્વ તે સ્વર્ગમધ્યે ગયા.

સર્ગ ૪૩ મો.

સાગરોદ્ધાર.

રામ! તે રાય [2]અનુગામિની ગંગસહ
ભૂમિતલમાં ગયો જ્યાં પડયા ભસ્મવત પિતૃઓ.
ભસ્મ પ્લાવિત થતાં સરિતના સલિલથી
સર્વ લોકપ્રભુ બ્રહ્મ કહેતા હુવા વચન આ નૃપતિને—
"પુરુષશાર્દૂલ હે! મહાત્મા સગરના સાઠ સુત સહસ્રો
તારિત થઇ ગયા સ્વર્ગમા દેવવત.
પાર્થ! છે જ્યાસુધી સાગરનું પુણ્ય જલ લોકમાં
ત્યાસુધી [3]સાગરો દેવસમ સ્વર્ગમા.
જ્યેષ્ઠ ત્હારી થઈ સુભગ ગંગા સુતા
લોકમા એ થશે ખ્યાત તવ નામથી;
ત્રિપથ જતી એ નદી ત્રિપથગા જે હતી
વિશ્રુત થશે હવે દિવ્ય ભાગીરથી નામથી.
રાજ મનુજાધિપ! સર્વ પિતૃતણું કરી સલિલકર્મ તું
કરની વર્જન પ્રતિજ્ઞાતણું.
અમિત યશવાન ને પ્રવર ધર્મિષ્ઠ તવ પૂર્વજે

૧ ભસ્મના ઢગલાપર પાણી ફરી વળતા. ૨ પાછળ જતી. ૩ સગરના પુત્રો.

પ્રાપ્ત ન્હોતો કર્યો આ મનોરથ મહા.
તેમ હે વત્સ! આ લોકમાં
અતુલ તેજસ્વી નૃપ અંશુમત
નિજ પ્રતિજ્ઞાપરિત્યાગ નવ કરી શક્યો
પ્રાર્થી આણી સરિત ગંગને.
સફળ વળી નવ થયો પ્રાર્થીને લાવવા ગંગને
હે અનઘ મહીપતિ! અતુલ ગુણવાન મમતુલ્ય તપવાન
તે ક્ષત્રિધર્મસ્થિત મહર્ષિસમ તેજ તે
અમિત ઓજસ્વી તવ તાત મહાભાગ રાજર્ષિ દિલીપ પણ.
કરી પ્રતિજ્ઞા નરર્ષભ! પરિપૂર્ણ તે
તેથી તું લોકમાં પરમ સમત સદા પરમ યશ પામશે.
હે અરિંદમ! વળી તે કરાવ્યું અહીં અવતરણ ગંગનુ
પ્રાપ્ત કરશે મહા ધર્મનુ ધામ તું.
હે નરોત્તમ! વળી પ્લાવિત કરી તું તવ જાતને
આ [1]સદોચિત જલે શુદ્ધ થઇ પુણ્ય ફલ પ્રાપ્ત કર.
સહુ પિતામહતણી કર તું સલિલક્રિયા.
સ્વસ્તિ, હુ જાઉ છુ નૃપતિ! સ્વસ્થાનમા તું જજે."
આમ બોલી વચન દેવના નાથ સહુ લોકના તાત
મહા યશસ્વી દેવલોકે ગયા.
તે પછી અમિત યશવાન રાજર્ષિ તે ભગીરથે
સાગરોનું યથાક્રમ યથાન્યાય
ઉત્તમ સલિલકર્મ પોતે કર્યું.
સ્નાન કરી જલમહીં શુદ્ધ પોતે થઇ સ્વપુરપ્રત્યે જઇ
તે સમૃદ્ધાર્થ નરશ્રેષ્ઠ નિજ રાજ્યપર રાજ કરતો થયો.
પ્રાપ્ત કરી પાર્થ આ સહુ પ્રજા
પરમ સમૃદ્ધ નિશ્ચિંત નિઃશોક આનંદ કરતી હુવી.
વિસ્તૃત વૃતાંત કહ્યું ગંગનું, સ્વસ્તિ હે રામ!

---

૧ સજ્જનોને યોગ્ય.

કલ્યાણ ત્હારૂ થજો. પ્રવર્ત્યો કાળ સંધ્યાતણો.
પુત્રઆયુષ્યયશસ્વર્ગધન આપતું શ્રવણ આખ્યાન આ
વિપ્ર કે ક્ષત્રિ કે ઇતર જન કો કરે
પ્રીત તેના થશે પિતૃ ને દેવતા.
દીર્ઘ આયુકરણ ગંગઅવતરણ જે પુરુષ કરશે શ્રવણ
રામ! કરશે સકળ કામના સફળ
વળી સર્વ પાપો જશે કીર્તિને આયુ વૃદ્ધિત થશે."

સર્ગ ૪૪ મો.

ક્ષીરોદમંથન.

કુશિકઆત્મજતણાં વચન આ સાભળી
રામ લક્ષ્મણસહિત પરમ વિસ્મિત થઇ આમ કહેતા હવા—
"પરમ [1]પરિપૂત અત્યંત અદ્દભુત
શુભ ગંગઅવતરણ ને સિંધુનું પુરણ હે બ્રહ્મ! આપે કહ્યું.
હે પરંતપ! કથા તવ સવિસ્તરનું ચિંતન થતાં
રાત્રી ક્ષણસમ થઈ.
આપની આ કથા પરમ શુભ સાંભળી
[2]શર્વરી જતી રહી અમ ઉભય ભ્રાતની."
વિમળ વ્હાણુ થતાં અન્હિક કરી લઈ
શત્રુસૂદન વદ્યા મુનિ તપોધનપ્રતિ—
"વીતી ગઈ આપણી ભગવતી વિભાવરી
પરમ અદભુત કથા શ્રવણ કરશું પછી.
બ્રહ્મ! સંતાર કરીએ હવે
પુણ્યશાલી ત્રિપથગા સરિત શ્રેષ્ઠનો.
જાણી આવેલ ભગવાનને
પુણ્યકર્મી ઋષિ સહુ આવ્યા અહીં.
સજ્જ સુખઆસનોએ વળી નાવ આ."

૧ શુદ્ધ, પવિત્ર. ૨ રાત

શ્રવણ કરી આ વચન મહાત્મા રામનાં
કૌશિક તપોધને ગંગસતાર ઋષિસંઘ સાથે કર્યો.
ઉત્તર તીરે જઇ પૂજન કર્યું ઋષિગણતણું.
દર્શન કર્યા પછી જાન્હવીતટથકી
પુરી વિશાલાતણું. તે પછી સહુ ગયા
પુરી વિશાલાતરફ રમ્ય ને દિવ્ય જે સ્વર્ગસમ.
ત્યાં પછી અંજલિ કરી મહા પ્રાજ્ઞ રામે પૂછયું
વૃત્ત ઉત્તમ વિશાલાતણું આમ ગાધેય મુનિશ્રેષ્ઠને—
"કોણ હે મહામુનિ! રાજવંશ પ્રવર
આ વિશાલામહીં ઇચ્છું તે જાણવા. પરમ મુજ કૌતુહલ."
વચન આ રામના સાંભળી પુરી વિશાલાતણું
પુરાતન વૃત્ત મુનિશ્રેષ્ઠ કહેતા હવા—
"રામ! સાંભળ મહેંદ્રે કહી જે કથા.
વૃત્ત આ દેશમાં જે થયું શ્રવણ કર સર્વ તું.
પૂર્વમાં કૃતયુગે દિતિ અને અદિતિના
વીર્યવાળા મહાબળ મહાભાગ ધાર્મિક સુ પુત્રો હતા.
ઇચ્છતા તે મહાત્મા થવા
નિરામય વિજર ને અમર નરવ્યાઘ્ર હે!
ચિંતન કરી પછી બુદ્ધિ કરતા હવા
પ્રાપ્ત કરવા રસ [1]ક્ષીરોદ મંથન કરી.
આમ નિશ્ચય મથનનો કરી
મંથન કર્યું અમિતઓજસે
વાસુકિ નાગના [2]યોક્ત્રથી
યોજી.[3]મંથાન [4]મંદરતણું.
આમ કરતાં વહી સહસ્ર વર્ષો જતાં
યોક્ત્રનો સર્પ ડસતો [5]દશનથી શિલા
વમન કરતો થયો અતિ વિષ મુખોથકી.

---

૧ ક્ષીરસાગર, દુધનો સમુદ્ર ૨ નેતરૂં ૩ રવઇ ૪ મંદરાચળ પર્વત. ૫ દાંત.

અગ્નિસરખું હલાહલ મહાવિષ ઉપસ્થિત થતાં
જગત સહુ દેવ ને અસુરમાનવસહિત દગ્ધ લાગ્યું થવા.
આથી શરણાર્થી દેવો સહુ જઇ ઉભા
રુદ્ર શંકર મહાદેવ પશુપતિસમીપ ત્રાહિત્રાહિ વદી.
દેવ દેવેશને વચન કહેતા હતા એટલે
શંખચક્રધર ત્યા આવી પ્હોંચ્યા હરિ
ને કહ્યું સ્મિત કરી શૂલધર રુદ્રને—
"હે સુરશ્રેષ્ઠ! [1]અગ્રત ત્હમે દેવના;
મંથન કરી ઉપસ્થિત કર્યું સુરગણે
તે ત્હમારૂં પ્રભુ! તેથી પ્રતિગ્રહણ વિષનું કરો
સ્થિત થઇને અહીં પ્રથમ પૂજામહીં."
આમ બોલી સુરશ્રેષ્ઠ તે લોપ ત્યાંથી થયા.
શ્રવણ કરી હરિવચન દેખી ભય દેવનો
ઘોર તે વિષ હલાહલ ગ્રહ્યું અમૃતપડે શિવે.
પછી વિસર્જન કરી દેવનું
સદ્ય ભગવાન દેવેશ ચાલ્યા ગયા.
પુનઃ પછી આદર્યું રામ! મંથન સહુ દેવ ને દાનવે.
તેમ કરતાં ગયો ઠેઠ પાતાળમાં
પર્વત્તોત્તમ સુ મંથાન તે.
દેવગંધર્વ સહુ તેથી મધુસૂદનનું સ્તવન કરતા હવા—
"સર્વ ભૂતો અને દેવની પરમ ગતિ આપ છો.
હે મહાબાહુ! પાલન અમારૂ કરી
આપ ઉદ્ધાર ગિરિનો કરો.'
શ્રવણ કરી વચન હૃષીકેશ હરિએ ધર્યું રૂપ [2]કામઠતણું
ને ઉભા ઉદધિમાં પીઠ દઇ પ્હાડને.
લોકઆત્મા પુરુષશ્રેષ્ઠ તે કેશવે
સુરમહીં સ્થિત થઇ

૧ મુખી. ૨ કાચબો.

શૈલનું શિખર કરમાં ગ્રહી માડયું મથન મહા.
વત્સર સહસ્ર વીતી જતાં ઉત્પન્ન થયો તહી
વેદ આયુઃ કમંડલ અને દંડ લઈ
પુરુષ ધર્મિષ્ઠ ધન્વંતરિ નામનો.
[1]અપતણા મથનથી રામ! ઉત્તિષ્ઠ રસથી થઇ
સ્ત્રીવર તેજસ્વી અતિ અપ્સરા.
આમ ઉત્તિષ્ઠ અપરસથી રાઘવ! થતાં સર્વ કહેવાય તે અપ્સરા.
ષષ્ટિ કોટી થઇ અપ્સરા
જેની છે રાઘવ! અસંખ્ય [2]પરિચારિકા.
દેવદાનવથકી પ્રતિગ્રહિત નવ થતાં
થઇ ગઇ રામ! તે સર્વ [3]સાધારણા.
તે પછી [4]વરુણકન્યા મહાભાગ થઇ વારુણી.
પ્રતિગ્રહણકાજ તે પેખતી માર્ગને
ગ્રાહ્ય કાકુત્સ્થ! દિતિપુત્રને નવ થતા
અદિતિપુત્રે ગ્રહી એ અનિંદિત વરુણઆત્મજા.
તેથી દિતિપુત્ર સહુ અસુર ને અદિતિસુત સુર થયા.
વારુણીગ્રહણથી હૃષ્ટ પ્રમુદિત સુરો.
તે પછી હે નરશ્રેષ્ઠ! ઉત્તિષ્ઠ હય શ્રેષ્ઠ ઉચ્ચૈઃશ્રવા
રામ! મણિરત્ન કૌસ્તુભ અને ઉત્તમ સુધા થયાં.
દેવ ને દાનવો આથકી યુદ્ધ કરતા
કુલક્ષય મહા રામ! લાગ્યો થવા.
અસુર ને રાક્ષસો એક સહુ થઇ ગયા
ને થયું યુદ્ધ ત્રૈલોક્યમોહન મહા ઘોર જે.
સર્વનો ક્ષય થતા વિષ્ણુ બળવાન
માયામયી મોહિનીરૂપ ધારણ કરી
સત્વર કરી ગયા હરણ અમૃતતણું.
નષ્ટ યુદ્ધે કર્યો અભિમુખ થનારને

૧ પાણી. ૨ દાસી. ૩ ગણિકા. ૪ સુરા

વિષ્ણુ અક્ષર સુ પુરુષોત્તમે.
આ મહા ઘોર યુદ્ધે થયો નાશ દિતિપુત્રનો
અદિતિના વીર આત્મજથકી.
આમ દિતિપુત્રને મારીને રાજ્યપ્રાપ્તિ કરી
પ્રમુદિત મહેંદ્ર કરતો હવો
રાજ્ય ઋષિસંઘચારણસહિત લોકનુ.

સર્ગ ૪૫ મો.

સમુદ્રમંથન.

પુત્રના વધ થકી પરમ દુખિત દિતિ
આમ કહેતી હવી નાથ કશ્યપ મરિચપુત્રને–
"થઇ હું હતપુત્ર ભગવાન હે ! તવ મહાત્મા સકળ પુત્રથી.
દીર્ઘ તપથી કરી પ્રબળ ઇચ્છા કરૂં પુત્રની
જે હણે ઈંદ્રને યુદ્ધમાં.
હું તપસ્યા કરીશ ગર્ભ આપો મ્હને.
પ્રભુ ! અનુજ્ઞા કરો આપવા
પુત્ર ઇશ્વર કરે શક્રનો નાશ જે."
વચન આ સાંભળી પરમ દુખિત દિતિપ્રતિ વદ્યા
તે મહાતેજ મારીચ કશ્યપ મુનિ—
"એ પ્રમાણે હજો, ભદ્ર ત્હારૂં થજો;
શુદ્ધ થા, જન્મ આપીશ તું તપોધના
યુદ્ધમહીં શક્રહણનાર શુભ પુત્રને.
વત્સર સહસ્ર પૂરણ થતાં શુદ્ધ તું રહીશ જો
જન્મ મુજ પુત્રને આપશે સર્વ ત્રૈલોકયહણનાર જે."
આમ કહી તે મહાતેજ મુનિએ કર્યું
માર્જન સ્વહસ્તથી પત્નીનું સ્વસ્તિવાચન કરી
સદ્ય ચાલ્યા ગયા મુનિ તપસ્યાર્થ તે.
નાથ ચાલ્યા જતાં હે નરશ્રેષ્ઠ ! દિતિ પરમ હર્ષિત થઇ

તપ કુશપ્લવ જઈ ઘોર તપતી હવી
તે તપસ્વિનીતણી તે સમય પરમ ગુણસંપદા
હે નરશ્રેષ્ઠ! સેવા સહસ્રાક્ષ કરતો હતો.
અગ્નિ, કુશ, કાષ્ટ, અપ, ફળ અને મૂળ વળી
અન્ય ઇચ્છિત પદાર્થો સહુ આપતો શક્ર તે.
લેતી પરિશ્રમ હરી અંગચંપી કરી
શક્ર સહુ કાળ દિતિ દેવીને સેવતો.
રાઘવ! સહસ્ર પૂરણ થતાં વર્ષ દશ [1]ઉણ હતાં
પરમ સંહૃષ્ટ દિતિએ કહ્યાં વચન વાસવપ્રતિ—
"વીરવર! પૂર્ણ આ તપ થતાં માત્ર દશ વર્ષ [1]અવિશિષ્ટ છે.
ભ્રાતદર્શન થશે પછી ત્હને, ભદ્ર ત્હારૂં હજો.
પુત્ર! તવકાજ હું એનું [2]આધાન એવું કરૂં
કે તું [3]વિજ્વર થઇ એની સગે
[4]જયોત્સુક સુ ત્રૈલોકયજય ભોગવે.
હે સુરશ્રેષ્ઠ! તવ મહાત્મા તાતને યાચતાં
આપ્યું વર આત્મજ સહસ્ર વર્ષે થવા."
આમ બોલી વચન દેવી તે દિતિ મહા
[5]દિનેશ્વર મધ્યમાં આવતાં સુઇ ગઇ
પગ મૂકી શીર્ષના સ્થાનમા.
શિરતણા સ્થાનમાં પગ પડયા પેખતાં
આ પ્રમાણે હતાં શુદ્ધતા ગુમ થતાં
હાસ્ય કરી પરમ પ્રમુદિત [6]પુરંદર થયો.
શરિરમહીં કરી તહીં પ્રવેશ સુરસત્તમે
રામ! પરમાત્મવાને કર્યું ગર્ભછેદન પછી સપ્તધા.
આમ [6]શતપર્વના વજ્રથી ગર્ભ ભેદાયલો
રુદન કરતાં તહીં સુસ્વરે દેવી જાગી ઉઠી.
રુદન કરતા રૂડા ગર્ભને ભેદતો

૧ બાકી. ૨ ધારણ. ૩ ચિંતારહિત. ૪ જયની ઇચ્છાવાળો. ૫ સૂર્ય. ૬ ઇંદ્ર.

પરમ તેજસ્વી વાસવ વદે "[1]મારુદ મારુદ."
હણીશના હણીશના એમ દિતિ બોલતાં
માતનાં વચન ગૌરવથકી શક્ર ચાલ્યો ગયો.
વજ્ર કરમાં ધરી શક્ર પ્રાંજલિ કરી
આમ ક્હેતો હવો દેવી તે દિતિપ્રતિ—
"પાયના સ્થાનમાં શીર્ષને રાખતાં
અશુચિ તું થઇ જતાં દેવી! ભેદન કર્યું
યુદ્ધમહીં શક્રહણુનારનુ. કર મ્હને તુ ક્ષમા."

સર્ગ ૪૬ મો.

વિશાલાપતિ સુમતિ.

ગર્ભના સાત કકડા થતાં પરમ દુઃખિત દિતિ
વિનયસર તે [2]દુરાધર્ષ સુરશ્રેષ્ટને વચન ક્હેતી હવી—
"છે થયો ગર્ભ આ સપ્તધા મમ સહસ્રાક્ષ! અપરાધથી.
દોષ ત્હારો ન બલશત્રુ દેવેશ! આમાં કંઈ.
તેથી ઇચ્છા કરૂં પ્રિય હું તવ સાધવા.
સપ્ત સ્થાનોતણા થાય પાલક મહા સપ્ત શુભ મરુત આ.
સપ્ત મુજ દિવ્યરૂપ આત્મજો પરમ વિખ્યાત થઇ
ગગનમહીં વિચરશે પુત્ર! વાતસ્કંધ પ્રદેશમા.
વિચરશે એક શુભ બ્રહ્મલોકે અને ઈંદ્રલોકે દ્વિતીય,
વિચરશે તૃતિય યશવાન મહા દિવ્ય વાયુ થઇ.
હે સુરશ્રેષ્ટ! વળી વિચરશે અન્ય મુજ આત્મજો ચાર
વિખ્યાત મારુત યથાકાળ તવ શાસને, ભદ્ર ત્હારૂં થજો."
વચન શ્રવણે ધરી શક્ર બલશત્રુ પ્રાંજલિ કરી
આમ બોલ્યો પછી—"વચન તવ સિદ્ધ સહુ સંશયવિહીન છે.

---

૧ રડ ના. ૨ અજીત

દેવનું રૂપ ગ્રહી વિચરશે દેવી ! તવ આત્મજો.
ભદ્ર ત્હારૂં હજો." તે તપોવનમહીં
આમ નિશ્ચય કરી રાઘવ ! કૃતાર્થ થઇ
સ્વર્ગપ્રત્યે ગયાં પુત્રમાતા ઉભય.
આજ દેશે રહ્યા ઇંદ્ર પૂર્વે અને
આજ દેશે કરી શુશ્રૂષા[1] [2]પરમતપસિદ્ધ દેવીતણી.
હે નરવ્યાઘ્ર ! ઇક્ષ્વાકુને ઉત્પન્ન થયો
પરમ ધાર્મિક વિશાલ વિખ્યાત આત્મજ
મહા સુંદર અલંબુષા પત્નીના પેટથી.
રામ ! તેણે અહીં આ વસાવી વિશાલાપુરી.
રાઘવ ! વિશાલનો પુત્ર છે હેમચંદ્ર પ્રબળ,
તે પછી સુચંદ્ર વિખ્યાત જેનો તનય
રામ ! ધુમ્રાશ્વ વિશ્રુત વડો, રાય ધુમ્રાશ્વનો પુત્ર સૃંજય,
અને નૃપતિ સૃંજયતણો પુત્ર શ્રીમાન સહદેવ,
સહદેવનો આત્મજ કુશાશ્વ ધર્મિષ્ઠવર.
સોમદત્ત પ્રતાપી મહાતેજ
આત્મજ નૃપ કુશાશ્વનો.
રામ ! તેનો તનુજ ખ્યાત કાકુત્સ્થ જે.
હાલ કાકુત્સ્થ નૃપસુત મહાતેજ તે
પરમ પ્રખ્યાત દુર્જય સુમતિ નામનો આ પુરીમહીં વસે.
રામ ! ઈક્ષ્વાકુ નૃપના પ્રસાદે કરી
સર્વ નરવર વિશાલાપતિ હોય છે
પરમ ધાર્મિક મહાત્મા મહાવીર્ય દીર્ઘાયુષી.
એક રાત્રી હવે સુઃખમાં ગાળશું આ સ્થળે,
જનકપુર હે નરશ્રેષ્ઠ ! જોજે પછી કાલજ સ્હવારના.
તે મહાતેજ નૃપ સુમતિને
ખબર મળતાં કુશિકપુત્રના આગમનની તહીં

૧ સેવા. ૨ ઉત્તમ તપ જેણે સિદ્ધ કર્યું છે એવી.

તે મહાયશ નરશ્રેષ્ઠ આવ્યો અને
સર્વ બાંધવઉપાધ્યાયસહ
બ્રહ્મ કૌશિકતણી પરમ પૂજા કરી
[1]પ્રાંજલિસહ કુશલ પૂછી બોલ્યો વચન.

સર્ગ ૪૭ મો.

અહલ્યા.

ત્યાં પરસ્પર સમાગમમહીં કુશલવાર્તા પછી પૂછીને
સુમતિ મહામુનિપ્રતિ આમ બોલ્યો વચન—
" વિક્રમી દેવસમ, ગામી ગજસિંહસમ,
વીરવર વૃષભશાર્દૂલસમ,
લોચન વિશાળ શુભ પદ્મના પત્રસમ,
રૂપવત અશ્વિની કુમારસમ,
સહજ સ્વેચ્છાવડે સ્વર્ગથકી અત્ર આવેલ કંઇ અમર સમ
ખડગશરધનુર્ધર યુક્ત યૌવનથકી
બ્રહ્મન ! કુમાર આ કોણ છે ? કેમ આવ્યા અહીં ?
કેમ એ છે પગે ચાલતા ?
ગગનને ચંદ્રઆદિત્ય આ દેશને તેમ શોભાવતા,
[2]ઈંગિતપ્રમાણચેષ્ટામહીં પરસ્પર [3]સામ્ય વળી ધારતા,
વીર નરશ્રેષ્ઠ વર આયુધ ધરાવતા
કેમ આ માર્ગ દુર્ગમથકી
અત્ર આવ્યા મુનિ ! ઇચ્છું તે જાણવા તત્ત્વત."
વચન આ સાંભળી કુશિકપુત્રે કહ્યું વૃત્ત સઘળું પછી.
વચન સુણી મુનિ કુશિકપુત્રનાં પરમ વિસ્મિત નૃપે
જાણીને દશરથાત્મજ થયા પ્રાપ્ત અતિથિ પરમ
પૂજન કર્યું સવિધિ શ્રેષ્ઠ સત્કારને યોગ્ય મહાબળતણું"
પ્રાપ્ત કરી પરમ સત્કાર પછી સુમતિનો
ગાળી રાત્રી તહીં રાઘવ કુમાર મિથિલા ગયા.

---

૧ હાથ જોડી ૨ હાવભાવ, અંગના પ્રમાણ અને હાલનચાલન ૩ સરખાપણું

દૃષ્ટિગોચર થતાં શુભ પુરી તે જનકરાયની
મુનિગણ પ્રશંસતા "સાધુ સાધુ" વદયા.
દેખી મિથિલાતણા ઉપવને
એક આશ્રમ રુચિર નિર્જન પુરાણ જે
પૂછયું મુનિશ્રેષ્ઠને રાઘવે-"બ્રહ્મ !
[1]મુનિશૂન્ય આશ્રમસમું આ શું છે ?
કોનું પૂર્વે હતું આશ્રમ મહામુનિ ! ઇચ્છું તે જાણવા."
શ્રવણ કરી વચન રાઘવતણાં
વાકયકોવિદ મહાતેજ તે મહામુનિ
આમ બોલ્યા પછી-"રામ ! સાંભળ કહું
કોણ મહાત્માતણા શાપથી શાપિત નૃશ્રેષ્ઠ ! આશ્રમ થયું.
દેવપૂજીત હતું દિવ્ય આશ્રમ પ્રથમ
રામ ! ગૌતમ મહાત્માતણું.
તપ કરે તે યશસ્વી અહીં નિજ સુ પત્ની અહલ્યાસહિત
રાઘવ ! અનેક વર્ષો થયાં.
એક સમયે [2]શચીપતિ સહસ્રાક્ષ મુનિવેષ ધારણ કરી
આમ બોલ્યો અહલ્યાપ્રતિ—
"વાટ જોતા નવ [3]સુમધ્યમે ! કામના અર્થી ઋતુકાળની;
ઇચ્છુ તવ સંગ હું."
છે સહસ્રાક્ષ મુનિવેષમાં એમ જાણ્યાં છતાં
રામ ! દુર્મેધ તે નારીએ માત્ર કૌતૂહલથી
મતિ કરી શચીપતિ શક્રના સંગની.
તે પછી કૃતાર્થ અંતર થકી તે વદી
"હે સુરશ્રેષ્ઠ ! હું કૃતાર્થ છુ. શીઘ્ર અહીંથી જશો પ્રભુ ! હવે
ને મુનિશ્રેષ્ઠ ગૌતમથકી દેવવર ! રક્ષજો આપણે ઉભયને."
ઇંદ્ર પણ હસી વદયો-"હે સુશ્રોણી ! હું પુરિતુષ્ટ છું,
જાઇશ સ્વસ્થાન હું."

---

૧ મુનિ જેમા રહેતા નથી એવું. ૨ ઇંદ્ર ૩ સુંદર કટિવાળી

આમ સંગમ કરી રામ ! ગૌતમતણો ભય ધરી
સદ્ય સંભ્રમથી તે [1]ઉટજથી નીસર્યો.
નીકળતાં સાથજ પ્રવેશ કરતાં દીઠો
યુક્ત તપબલથકી પરમ દુર્ધર્ષ તે દેવદાનવથકી
સ્નાત શુભ તીર્થના જલથકી સમિધકુશ કર ગ્રહી
દીપ્ત અગ્નિસમ મુનિ ગૌતમ મહાનને.
દેખી મુનિશ્રેષ્ઠને રાઘવ !
[2]વિષણ્ણ થયું વદન શચીનાથનું.
આમ મુનિવેષધારી સહસ્રાક્ષને દેખીને
[3]વૃત્તસંપન્ન મુનિ વચન [4]દુર્વૃત્તપ્રત્યે વદયા રોષથી—
"ધારી મુજ રૂપ હે દુર્મતિ !
આચર્યું આ [5]અકર્તવ્ય, તું [6]વિફળ તેથી થશે."
ક્રોધથી યુક્ત આ વચન ગૌતમ મહાત્માતણાં નીકળતાં
ભૂમિઉપર પડયાં તત્ક્ષણે વૃષણ શચીનાથનાં
'આમ શાપીત કરી ઇંદ્રને શાપી પછી પત્નીને—
"વાયુભક્ષણ કરી વળી નિરાહાર તપ આચરી
[7]ભસ્મશાયી તું અદૃશ્ય સહુ ભૂતને વાસ કરશે
અહીં આશ્રમમહીં બહુ સહસ્ર વર્ષોસુધી.
પાવન થઇશ હે પતિત ! તું
આવશે ઘોર આ વનમહીં રામ દુર્ધર્ષ
દશરથસૂનુ જે સમય.
તે મહા રામને અત્ર અર્પેલ આતિથ્યથી
લોભ ને મોહવર્જીત થઇ
આવશે તું મુદાયુક્ત મ્હારી કને પ્રાપ્ત કરી શરિરને." '
આમ કહી તે મહાતપ મહાતેજ ગૌતમ મુનિ
ત્યાગીને નારી નિજ દુષ્ટચારી અને

૧ ઝુંપડી ૨ ખિન્ન, દીલગીર ૩ યોગ્ય વર્તણુંકવાળા ૪ નીચ, હલકું કામ કરનાર. ૫ ન કરવા જેવું ૬ ફળ વગરનો. ૭ રાખમા સુનારી

આશ્રમ અપૂર્વ આ આદર્યું તપ જઇ
સિદ્ધચારણથી સેવિત શિખર રમ્ય હિમવાનને.

સર્ગ ૪૮ મો.

અહલ્યોદ્ધાર.

વિફળ પછી ઇંદ્ર વાણી વદયો
સિદ્ધગંધર્વચારણ અને પ્રમુખ અગ્નિસહિત દેવને—
"ક્રોધ જાગૃત કરાવી કર્યું કાર્ય મ્હે દેવનું
નાખીને વિઘ્ન ગૌતમ મહાત્માતણા તપમહીં,
તેથી હું અફળ ને તે [1]નિરાકૃત થઇ.
આ મહા શાપઉચ્ચારથી તપ હર્યું મ્હેં મહામુનિતણું.
તેથી હે સુરવરો! સર્વ ઋષિસધચારણસહિત
સફળ હું આમ સુરકાર્યકરને કરો."
શ્રવણ કરી આ વચન શક્રનાં
પ્રમુખ અગ્નિસહિત દેવ સહુ મરુતગણસાથ જઇ
આમ કહેતા હવા પિતૃ દેવપ્રતિ—
"મેષ આ સવૃષણ, શક્ર છે અવૃષણ,
ગ્રહણ કરી વૃષણ આ મેષનાં શક્રને શીઘ્ર આપો પ્રભુ!
આપશે પરમ સંતોષ આ મેષ
હોવા છતાં પણ અફળ.
માનવો જે વળી આપશે
આપના હર્ષઅર્થે મહા ભોગ આ મેષનો
પ્રાપ્તિ તેને થશે ફળ [2]અનશ્વરતણી."
અગ્નિનાં વચન આ સાંભળી સર્વ એકત્ર તે પિતૃએ
મેષનાં વૃષણ ચોઢયાં સહસ્રાક્ષને.
આ પછી પિતૃ દેવો ગ્રહે ભોગ ફળથી રહિત મેષનો
કેમકે રામ કાકુત્સ્થ! યોજેલ ફળ ઇંદ્રને મેષનાં.

---

૧ ત્યાગ કરેલી ૨ નાશ ન પામે એવું.

ઈંદ્ર પણ ગૌતમપ્રભાવ ને તપથકી મેષવૃષણી થયો.
તેથી આ પુણ્યકર્મીતણા
આશ્રમમહીં મહાતેજ તું આવીને
કરની તારણ મહાભાગ ને દેવરૂપિણી અહલ્યાતણું."
વચન આ સાંભળી કુશિકઆત્મજતણાં
રામ લક્ષ્મણસહિત આગળ કરી મહાતેજ મુનિશ્રેષ્ઠને
આશ્રમમહીં ગયા. દર્શન કર્યાં તહીં
તપપ્રભાએ કરી દીપ્ત, [1]દુર્દર્શ સહુ લોકસુરઅસુરને,
નિર્મિત થએલ યત્ને વિધાતાથી તે દેવમાયાસમી,
[2]ધૂમઅન્વિત મહા દીપ્ત પાવકની જ્વાલાસમી,
ધુમસને અભ્રઆવૃત રુચિર પૂર્ણ જે ચંદ્રની પ્રભાસમી,
[3]અભ્રવેષ્ઠિત દુરાધર્ષ અતિ દીપ્ત આદિત્યની પ્રભાસમી,
તે મહાભાગનાં. રામનાં દર્શન થતાં સુધી
રહી અદૃશ્ય ત્રણ લોકને ગૌતમ મહર્ષિના વચનથી.
શાપઅંતે થતાં દૃશ્ય તે
રાઘવોએ ગ્રહ્યા પાયને હર્ષથી.
દેવીએ પણ કરી સ્મરણ ગૌતમવચન
પાય ગ્રહી પરમ રાઘવતણા
પાદ્ય ને અર્ધ્ય આતિથ્ય આપ્યું પછી.
આમ આપેલ વિધિપુરઃસર કર્મનું
પ્રતિગ્રહણ રાઘવોએ કર્યું એટલે
પુષ્પવૃષ્ટિ થઇ, ગડગડયાં દેવનાં દુંદુભિ,
ઉત્સવ કરી રહ્યાં પરમ ગંધર્વ ને અપ્સરા
પરમ તપબલથી વિમલાંગી તે ગૌતમકને જતાં
"સાધુ સાધુ" વદી પૂજન કર્યું અહલ્યાનું સહુ સુરોએ.
પરમ તેજસ્વી ગૌતમ અહલ્યાસહિત થઇ સુખી
પૂજન યથાવિધ કરી પછી રામનું

---

૧ ન દેખાતી ૨ ધુમાડાથી ઘેરાયલી ૩ વાદળથી છવાયલા.

તપ મહા તપસ્વી પરમ કરતા હુવા.
રામ પણ પ્રાપ્ત કરી પરમ પૂજા મુનિપાસથી
સદ્ય મિથિલા ગયા.

સર્ગ ૫૦ મો.

જનકનો યજ્ઞવાટ.

રામ સૌમિત્રસહ આગળ કરી કુશિકપુત્રને
આવી પહોંચ્યા પછી યજ્ઞના વાટની સમીપમાં.
વચન કહેતા હુવા રામલક્ષ્મણ મુનિશ્રેષ્ઠ કૌશિકપ્રતિ—
" સાધુ સમૃદ્ધિ છે આ મહાત્મા જનકરાયના યજ્ઞની.
હે મહાભાગ ! આવેલ છે બ્રાહ્મણો
વિવિધ દેશોતણા નિવાસી
પરમ વેદાધ્યયનશાલી જે.
સેંકડો શકટથી [1]સંકુલિત સર્વ ઋષિવાટ દેખાય છે.
બ્રહ્મ ! નિશ્ચિત કરો સ્થળ ત્હમે
આપણે વાસ કરીએ જહીં. "
રામનાં વચન કરી શ્રવણ મુનિ કૌશિકે
વાસ કીધો પછી એક એકાંત ને
સલિલસિંચિત રૂડા સ્થાનમાં.
આમ કૌશિકતણું શ્રવણ કરી આગમન
અનિંદિત નૃપ પુરસ્કૃત પુરોહિત શતાનંદ ને
મહાત્મા ઋત્વિજોસહિત સત્વર ગયો અર્ધ્ય લઇ
ને કુશિકપુત્રને અર્પણ કર્યો પછી વિનય ને ધર્મથી.
જનક મહત્માતણું પ્રતિગ્રહી પૂજન પછી પૂછયું
કૌશિકે રાયનું કુશળ ને નિરામય યજ્ઞનું.
રાય જનકે પુરોધાઉપાધ્યાયસહ
કુશળઅવ્યય પૂછી સર્વ મુનિઓનું,

---

૧ ભરાયેલો.

આનંદથી યુક્ત આલિંગન યથાર્હ સહુનું કર્યું.
રાય પછી ઉભય કર જોડીને
આમ મુનિશ્રેષ્ઠ પ્રત્યે વદ્યા—
"આસન ગ્રહો મુનિપુંગવની સાથ ભગવાન હે!"
જનકનાં વચન કરી શ્રવણ બેઠા મુનિ.
રાય પણ મંત્રીઋત્વિજપુરોધાસહિત
ત્યાં યથાન્યાય બેઠા સહુ ફરી વળી.
નૃપતિ બોલ્યા પછી જોઇ કૌશિકતરફ—
"આજ દેવે કરી સફળ સમૃદ્ધિ મુજ યજ્ઞની,
પ્રાપ્ત મુજને થયું યજ્ઞફળ આજ ભગવાનના દર્શને.
યજ્ઞમાં આપ મુનિઓસહિત આવતાં
બ્રહ્મ મુનિશ્રેષ્ઠ! છું ધન્ય અનુગૃહિત હું.
બ્રહ્મ! દ્વાદશ કહ્યા દિવસ દીક્ષાતણા
પંડિતોએ અને સમય તે વીતતાં
હે કુશિકપુત્ર? દર્શન થશે સર્વ [1]ભાગાર્થી દેવોતણાં."
આમ કહી ઉભય કર જોડી પ્રહૃષ્ટ વદને નૃપે
પુનઃ પૂછ્યું મુનિવ્યાઘ્રને-
"વિક્રમી દેવસમ, વીર ગજગામી આ વૃષભશાર્દૂલસમ,
રૂપવત અશ્વિની કુમારસમ,
સહજ સ્વેચ્છાવડે સ્વર્ગથકી અત્ર આવેલ કઇ અમરસમ,
યુક્ત યૌવનથકી બ્રહ્મન! કુમાર આ કોણ છે?
કેમ આવ્યા અહીં? કેમ એ છે પગે ચાલતા?
ગગનને ચંદ્રઆદિત્ય આ દેશને તેમ શોભાવતા,
ઇંગિતપ્રમાણચેષ્ટામહીં પરસ્પર સામ્ય વળી ધારતા,
[2]કાકપક્ષધર આ વીર વર આયુધ ધરાવતા
પુત્ર કોના મુનિ! ઇચ્છું તે જાણવા તત્ત્વત."
વચન કરી શ્રવણ આ મહાત્મા જનકનાં
દશરથાત્મજતણું સર્વ મુનિએ કહ્યું —

૧ પોતાનો ભાગ લેવા આવેલા. ૨ લમણાઉપર વાળના ગુચ્છા ધરાવતા.

સિદ્ધ આશ્રમમહીં વાસ, રાક્ષસતણો નાશ
વળી નિર્ભય પ્રવાસ, દર્શન વિશાલાઅહલ્યાતણાં,
તેમ ગૌતમસમાગમ અને આગમન ત્યાં
મહા ધનુષદર્શનની ઇચ્છાથકી.
કરી નિવેદન સહુ આ મહાત્મા જનકરાયને
તે મહાતેજ વિરમ્યા કુશિકપુત્ર મુનિસત્તમ.

સર્ગ ૫૧ મો.

વિશ્વામિત્ર આખ્યાન.

વસિષ્ઠનું આશ્રમ.

સાંભળી વચન આ પરમ ધીમાન કૌશિકતણાં
[1]તપપ્રભાએ કરી વિલસતો પ્રભાએ
હૃષ્ટ રોમાંચથી યુક્ત તેજસ્વી તે તપસ્વી
જ્યેષ્ઠ ગૌતમતણો સુત મુનિ શતાનંદ
રામદર્શનથકી પરમ વિસ્મિત થયો.
જોઇ સુઃખેથી બેઠેલ નૃપપુત્રને
તે શતાનંદ મુનિશ્રેષ્ઠ કૌશિકપ્રતિ આમ બોલ્યો વચન-
" હે મુનિવ્યાઘ્ર! શું દાખવી આ ઉભય નરપતિપુત્રને
વૃદ્ધ તપમાં થઇ માત મમ અનુપમ યશસ્વિની ?
શું કહો કરી પૂજા [2]વન્યઉપહારથી
સર્વ દેહીવડે પરમ પૂજાર્હ તે રામની
મમ મહા દ્યુતિમય યશસ્વિની જનનીએ ?
શું કહ્યું રામને હે મહાતેજ તાપસ વડા!
પુરાતન વૃત્ત તે દેવની સાથ દુષ્કર્મનું ?
પરમ કલ્યાણ કૌશિક ત્હમારૂં થજો.
હે મુનિશ્રેષ્ઠ! કહો રામદર્શનથી

---

૧ તપના તેજથી. ૨ વનમા ઉત્પન્ન થયલા ફળમૂળથી.

મમ તાતસંગાત શું માત મ્હારી થઈ ?
હે કુશિકઆત્મજ ! આ મહાતેજ રઘુનાથને અત્ર આવ્યા અગઉ
મમ મહાત્મા ગુરુતરફની પ્રાપ્ત પૂજા થઈ ?
શાંત મનયુક્ત શું આગમનસમય તે રઘુવરે
વંદન કરી કર્યું પૂજન પિતાતણું ? ”
શ્રવણ આ સહુ કરી પરમ વાક્યજ્ઞ કૌશિક મુનિ
વચન ક્હેતા હવા વાક્યકોવિદ શતાનંદને–
“ હે મુનિશ્રેષ્ઠ ! કર્તવ્ય સઘળું કર્યું કંઇજ વીસર્યાવિના.
છે મુનિ પત્નીસંયુક્ત તે જેમ [1]ભાર્ગવ અને રેણુકા. ”
વચન આ સાંભળી કૌશિક ધીમાનનાં
મુનિ શતાનંદ તેજસ્વી તે વાક્ય ઉત્તમ વદયો
દશરથાત્મજપ્રતિ–“ હે નરશ્રેષ્ઠ ! સ્વાગત ત્હમે.
આજ આ અજિત કૌશિક મુનિ મહર્ષિની સાથમાં
પ્રાપ્ત અમને થયા ભાગ્યવશથી ત્હમે.
આ મહાતેજ બ્રહ્મર્ષિ છે યુક્ત અમિત પ્રભા શુભવડે
તપ થકી [2]અચિંત્ય કર્મ કરતા.
એ મહાત્મા મુનિશ્રેષ્ઠને રઘુપતિ ! પરમ ગતિ જાણજો.
રામ ! આ જગતમાં કો નથી ધન્ય અદકો તુંથી
કેમકે પ્રબળ રક્ષક ત્હમારો મહાતપ કુશિકઆત્મજ.
શ્રવણ કરજો ત્હમે આ મહાત્માતણું જે મહા બળ
યથાતત્વ હું કહુ હવે. આ મહાત્મા હતા

---

૧ જમદગ્નિ એમણે પોતાની પત્ની રેણુકાને મારી નાખવા પોતાના ચાર પુત્રોને હુકમ કરેલો તેમાથી સહુથી ન્હના પરશુરામે પોતાની ફરસીવતી માતાનો વધ કરી હુકમનો અમલ કર્યો. આથી મુનિએ પ્રસન્ન થઇ પરશુરામને વરદાન માગવા કહ્યું. એટલે પરશુરામે પોતાની માતાને જીવતી કરી તેનો ગુન્હો માફ કરવા જણાવ્યુ તે પ્રમાણે પછી રેણુકા જીવતી થઈ અને ઋષિની સાથે રહી ૨ જેનું ચિંતન ન કરી શકાય એવા કામ કરનારા

અરિતણા કાળ, શુભ ધર્મના જાણ,
વિદ્યાતણા ભક્ત, નિજ પ્રજાહિતસક્ત,
બહુ કાળ પર્યંત રાજન મહા.
સુત પ્રજાપતિતણો મૂળ કુશ નામનો મહીપતિ.
મહાત્મા કુશતણો ધાર્મિક બલાઢ્ય કુશનાભ સુત.
નૃપતિ કુશનાભનો પુત્ર તે ગાધિ વિશ્રુત વડો.
ગાધિના પુત્ર છે આ મહાતેજ વિશ્વામિત્ર.
રાય તેજસ્વી વિશ્વામિત્રે
પ્રીતથી પાળી આ મેદિની વર્ષ બહુ સહસ્રો.
એક સમયે મહાતેજ તે નૃપતિએ
યોજી નિજ સૈન્ય અક્ષૌહિણી
આદર્યું પરિક્રમણ પરમ પૃથિવીતણું.
રાષ્ટ્રનગરો વડાં, નદી મહા ગિરિ ઘણાં,
સ્થાન આશ્રમતણાં ક્રમથકી નિહાળતો રાય ફરતો હતો.
વિચરતાં વિચરતાં આમ તે શ્રેષ્ઠ જિત્વર
મહાબળ મહાત્મા કુશિકઆત્મજે
પરમ સુંદર દીઠું આશ્રમ વસિષ્ઠનું,
વિવિધ પુષ્પો અને દ્રુમલતાઓવડે લસી રહ્યું,
વિવિધ મૃગગણ અને શાંત હરિણોથકી વસી રહ્યું,
દેવદાનવ સુ ગંધર્વકિન્નરથી શોભાયલું,
સિદ્ધચારણ અને દ્વિજવરગણોથી સેવાયલું,
વ્યાપ્ત પુરુષોવડે બ્રહ્મદેવર્ષિના સંઘના,
સિદ્ધ તપવાન ને અગ્નિસમ ઉજ્જવલ અંગના,
શ્રીમત્ત બ્રહ્માસમા જ્યાં વસે મહાત્મા,
સતત ભક્ષણ કરે અનિલ ને સલિલ જે,
[1]શીર્ણ પર્ણાશની, વનફલમૂલાશની,
દાંત, જિતદોષ ને જિતેંદ્રિય,

૧ ખરી ગયલા પાદડા ખાનારા.

જપ અને હોમમહીં પરાયણ,
ઉત્તમ મહર્ષિ વાલખિલ્યવૈખાનસવડે વળી
સર્વત: શોભતું અપર શું બ્રહ્મલોકજસમું.

સર્ગ પર મો.

વિશ્વામિત્રઆખ્યાન.

વસિષ્ઠે કરેલો સત્કાર.

પુણ્ય દર્શન કરી મુનિવર વસિષ્ઠનાં
પરમ પ્રમુદિત મહાવીર બળવાન કુશિકાત્મજે
તુરત વંદન કર્યું વિનયથી.
મહાત્મા વસિષ્ઠે આપી સ્વાગત પછી દાખવ્યું આસન.
બેસતાં આસને પરમ ધીમાન કૌશિક,
યથાન્યાય અર્પ્યો ઉપાહાર ફલમૂલનો મુનિવરે.
પ્રતિગ્રહી આ પૂજા રાજસત્તમ મહાતેજ કુશિકાત્મજે
કુશલ પૂછ્યું મહાત્મા મુનિ વસિષ્ઠને
તપ અને અગ્નિહોત્રાદિ વળી શિષ્યગણ ને વનસ્પતિતણું.
કુશલ સર્વત્ર છે એમ મહાતપ વસિષ્ઠે કહ્યું
તહીં સુખાસીન તે રાજસત્તમ કુશિકપુત્રને.
તે પછી જપપરાયણ મહા બ્રહ્મસુત વસિષ્ઠે
વિવિધ પ્રશ્નો પૂછ્યા ગાધિસુત રાજને–
"રાય તું કુશલ છે? રાજ હે! ધર્મથી રંજન કરી કરે
રાજવૃત્તિથકી પાલન પ્રજાતણું?
ભૃત્ય શું વર્તતા કે ન શાસનમહીં?
હે રિપુસૂદન! વિજય તે મેળવ્યો સર્વ રિપુઓઉપર?
હે પરંતપ! ત્હને કુશળ શું [1]અનઘ નરવ્યાઘ્ર હે!
[2]બલ અને [3]કોશ, મિત્રો વળી પુત્ર ને પૌત્રનું?"
"કુશલ સર્વત્ર" છે એમ તેજસ્વી ગાધિસુતે વચન વિનયે કહ્યાં.

---

૧ નિષ્પાપ, નિર્દોષ. ૨ સૈન્ય. ૩ ભંડાર.

આમ ચિરકાળ ધર્મિષ્ઠ તે પરમ પ્રમુદિત થતા
વાત કરતા પરસ્પર ઉભય પુરુષ અકકેકને હૃષ્ટ કરતા હુવા.
અતમાં હે રઘુકુલદિપક ! પરમ ભગવાન તે વસિષ્ઠે
નૃપતિને વચન હસીને કહ્યાં—
"પ્રબળ ઇચ્છા મ્હને યોગ્ય આતિથ્ય કરવાતણી
હે મહાબળ ! તું અપ્રતિમનું બલસહિત.
રાજ ! સ્વીકાર તું સત્ક્રિયા અર્પું જે હું ત્હને.
અતિથિવર ! તું પૂજાપાત્ર હે નૃપ ! પ્રયત્નોવડે."
શ્રવણ, વચનો કરી વાણી કૌશિક વદયા—
"હે મુનિ ! પરમ પૂજન થયું
આપની આ પૂજાવાકયની ઉક્તિથી.
હે મહાપ્રાજ્ઞ ભગવાન !
આ આપના શ્રેષ્ઠ આશ્રમતણાં મૂળ ને ફળવડે,
[1]પાદ્ય ને પેય શુભ જળવડે,
ને તું ભગવાનનાં પુણ્ય દર્શનવડે,
તુ [2]પૂજાર્હે કર્યો સર્વથા પરમ પૂજીત મ્હને.
નમસ્તે. હે મહર્ષિ ! હવે જઇશ હું.
મુનિવર ! નિહાળજો મૈત્રિની નજરથી." આમ રાજા વદયો.
પણ મહાત્મા મુનિ [3]ઉદારધી પરમ ધર્મિષ્ઠ બ્રાહ્મણવરે
ફરી ફરી બોલીને બહુજ આગ્રહ કર્યો,
તેથી પછી ગાધિસુત આમ વચનો વદયા—
"બહુ રૂડું હે મુનિપુંગવ ! આપને પ્રિય કરો."
શ્રવણ કરી વચન આ જપપરાયણ મહાત્મા મુનિ વસિષ્ઠે
[4]કલ્મષવિહીન [5]કલ્માષીને નિકટ બોલાવીને આ પ્રમાણે કહ્યું—
"શીઘ્ર તું આવ [5]શબલા અને શ્રવણ મમ વચન કર.
પ્રબળ આ પાર્થિવને આજ આતિથ્ય છે આપવું.

---

૧ હાથપગ ધોવાનું અને પીવાનું. ૨ પુજા કરવા યોગ્ય. ૩ ઉદાર બુધ્ધિવાળા ૪ દોષવગરની. ૫ ડાઘવાળી-કાબરી ગાય.

તેથી હે કામધુક ! કરની તું વિધાન સત્કાર કરવાતણો
સત્વર [1]મહાર્હ ભોજનવડે દિવ્ય શબલા અહો !
ષડરસ પદાર્થથી કરની સત્કાર તું પ્રિય યથાકામ પ્રત્યેકનો.
[2]પેય ને લેહ્ય વળી ચોષ્ય રસયુક્ત
શુભ અન્નસંચય તું સર્જાવ શબલા ! ત્વરાએ કરી."

સર્ગ ૫૩ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

કામધેનુ.

મુનિતણાં વચનથી શત્રુસૂદન અહો !
સર્વ ઇચ્છિત પદાર્થો કર્યા સદ્ય ઉત્પન્ન તહીં.
[3]ઇક્ષુલાજામધુ મરી અને ઇતર ઉત્કૃષ્ઠ આસવ રૂડા,
વળી મહા મૂલ્યના પાન ને ભક્ષ્યના વિપુલ ઢગલા ઉંચા,
[4]નિચય [5]ઉષ્ણાઢ્ય [6]ઓદનતણા મહત પર્વતસમા.
અન્ન પરિપકવ ને [7]સૂપદધિની નદી,
વિવિધ રસસ્વાદથી યુક્ત ને ખાંડથી પુર્ણ
ને મિષ્ટ ભોજન સહસ્રો વળી સૃજિત ગાયે કર્યા.
આ ઋષર્ષભતણા હે રઘુનંદન ! મહાર્હ સત્કારથી
હૃષ્ટ ને પુષ્ટસંતુષ્ઠ સહુ જન થયા
નૃપતિ કૌશિકતણા સૈન્યના.
હૃષ્ટ ને પુષ્ટ રાજર્ષિ કુશિકાત્મજ
સકળ બ્રાહ્મણ પુરોહિત અને રાણીસહ.
આમ પૂજિત થતાં પરમ પ્રમુદિત મહા પાર્થ તે
ભૃત્યમંત્રીઅમાત્યોસહિત વચન આવાં વદયા—
"બ્રહ્મ પૂજાર્હ હે ! પરમ પૂજિત સુ સત્કૃત કર્યો તેં મ્હને

---

૧ ઉત્તમ પ્રકારના. ૨ પીવાના, ચાટવાના તથા ચૂસવાના. ૩ શેરડી, ધાણી અને મધ. ૪ ઢગલા. ૫ ગરમ ગરમ. ૬ રાંધેલા ચોખા. ૭ સૂપ-રસો તથા દહીં ની નદીઓ.

[1]વાકવિશારદ અહો ! વાક્ય જે હુ કહું શ્રવણ ત્હેનું કરો.
હે મહામુનિ ! મ્હને ગૌ શત સહસ્ર લઇ
આપી દો પૂજ્ય શબલા ત્હમે.
રત્ન ભગવાન ! એ, પાર્થિવો [2]હારી છે રત્નના,
તેથી એ રત્ન હે વિપ્ર ! આપો મ્હને.
દ્વિજ ! ત્હમે જાણજો મ્હારી એ ધર્મત. ”
વચન કરી શ્રવણ ભગવાન મુનિપુંગવ વસિષ્ઠ ધર્મિષ્ઠ
વદતા હવા વચન મહીપતિપ્રતિ–
“ શત સહસ્રો શું પણ કોટિ શત ગાય કે
[3]રજતની રાશિઓ લઇ હુ શબલા ન આપુ ત્હને.
હે અરિદમ ! નથી યોગ્ય પરિત્યાગ મુજ સમીપથી
[4]અનઘ શબલાતણો.
સુરભિ સયુક્ત મુજસાથ શાશ્વત રહી
આત્મવાનોતણી કીર્તિસમ.
મ્હારૂં છે [5]હવ્ય એ, મ્હારૂ છે [6]કવ્ય એ,
[7]પ્રાણયાત્રા પરમ મ્હારી એ;
બલિ અને હોમ વળી અગ્નિહોત્રાદિ શુભ કર્મનો
નૃપતિ ! આધાર એ. રાય ! આધીન એનેજ
[8]સ્વાહા વષટકાર મુજ વિવિધ વિદ્યા બધી.
સર્વ છે આમ નિઃશશય.
સત્યતઃ રાય ! [9]તુષ્ટિ કરી, મ્હારૂ સર્વસ્વ એ,
વિવિધ કારણથી નરસિહ ! શબલા ન આપુ ત્હને. ”
શ્રવણ વચનો કરી મુનિવર વસિષ્ઠનાં
વાકવિશારદ મહારાજ તે ક્રોધથી યુક્ત વાણી વદ્યા–
“ આપીશ મુનિ ! ત્હને [10]કુજર ચતુર્દશ સહસ્ર શુભ

૧ ભાષામા કુશળ. ૨ હરણ કરનારા ૩ રૂપુ ૪ નિષ્પાપ, નિર્દોષ ૫ દેવને આપવાની આહુતિ ૬ પિતૃઓને આપવાની આહુતિ ૭ જીવન ૮ સ્વાહા અને વષટકાર બાણી કરવાના યજ્ઞો. ૯ સતોષ, આનંદ. ૧૦ ચૌદ હજાર હાથી.

[1]કનકકક્ષા અને [2]ગ્રૈવ વળી હેમઅંકુશવડે શોભતા.
[3]અષ્ટશત [4]કિંકિણિતવિભૂષિત આપું હૈરણ્ય રથ
ચતુઃ શુભ શ્વેત અશ્વોથી યોજાયલા.
હય હું આપીશ ત્હને સુવ્રત ! સહસ્રદશ
દેશમાં જાત ને [5]કુલજ ઓજસ્વી જે.
વિવિધ વર્ણી વળી તરુણ સુંદર ભલી
ગાય આપીશ હું એક કોટિ ત્હને.
હે દ્વિજોત્તમ ! કહું આપ શબલા મ્હને.
જેટલાં કનક ને રત્ન ઇચ્છીશ તું
સર્વ આપીશ ત્હને. આપ શબલા મ્હને. ”
પરમ ધીમાન કૌશિકતણાં વચન સુણીને
કહ્યાં વાકય ભગવાન મુનિએ પછી–
“ રાજ કૌશિક અહો ! કોઇ રીતે હુ શબલા ન આપું ત્હને.
મ્હારૂં છે રત્ન એ, મ્હારૂં છે દ્રવ્ય એ,
મ્હારૂં સર્વસ્વ એ, મ્હારૂ છે જીવિત એ,
[6]દર્શ મ્હારોજ એ, [7]પૌર્ણમાસ પ્રવર,
રાય ! મુજ દક્ષિણા [8]આપ્તસહ યજ્ઞ એ.
।વવિધ મ્હારી ક્રિયા એ ખરી, સર્વનું મૂળ છે એ વરી
રાય ! નિઃસંશય. કહું ત્હને શું વધું
નહીં હું આપીશ આ કામદોહિની ત્હને. ”

---

૧ સોનાની સાકળ ૨ કઠા. ૩ આઠસો ૪ ઘુઘરી ૫ કુલીન ૬ અગ્નિહોત્રીએ માસમા બે વખત કરવાનો યજ્ઞ ૭ અગ્નિહોત્રીએ પુનેમને દહાડે કરવાનો યજ્ઞ. ૮ મેળવેલી.

સર્ગ ૫૪ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

યુદ્ધ.

આમ મહાત્મા મુનિએ ન કીધો
પરિત્યાગ તે કામધેનુતણો એટલે
રામ! કુષિકાત્મજે માંડી તે [1]સુરભિને ઘસડવા.
મહાત્મા મહીપથી આમ ઘસડાયલી,
[2]શોકકર્શિત મહા દુખથી પીડાયલી,
રુદન કરતી કરે ચિંતન રઘુપતિ!—
"શું મહાત્મા વસિષ્ઠે કર્યો ત્યાગ મ્હારો હવે,
ખેંચતા જેથી આ [3]રાજભૃત્યો મ્હને દીન અતિ દુખિતને.
મ્હેં શું અપકૃત કર્યું [4]ભાવિતાત્મા મહર્ષિતણું
જેથી હું દોષથી રહિત જાણ્યાં છતાં
ત્યાગ કરતા હું ધાર્મિક પરમ ભક્તનો."
આમ ચિંતન કરી, નાખી નિશ્વાસ બહુ ફરી ફરી
રાયના શેંકડો ભૃત્ય તરછોડીને
શત્રુસૂદન! અનિલવેગથી દોડીને
આવી ધેનુ ઉભી પરમ ઓજસ્વી મહાત્માતણા પાયની સમીપમાં.
રુદતી મેઘસ્વરે, ક્રોશ કરતી ક્રૂરે;
વદતી શબલા વચન—"બ્રહ્મસુત! કેમ પરિત્યાગ મ્હારો કર્યો,
જેથી આ રાજભટ ખેંચી લઇ જાય છે
આમ ભગવંત! તુજ સમીપથી."
શ્રવણ કરી વાક્ય બ્રહ્મર્ષિ વદતા વચન
શોકસંતપ્ત, દુખિત હૃદયયુક્ત
તે ભગિનીસમ સુરભિ શબલાપ્રતિ—
"હું ન ત્યજતો ત્હને, તેં ન કંઇ મ્હારૂં અપકૃત કર્યું;

૧ ગાય. ૨ શોકથી આવિષ્ટ. ૩ રાજાના નોકરો. ૪. આત્માને વશ રાખનાર.

ખેંચી લઈ જાય પણ મત્ત મહાબળ વડો મહીપતિ
બ્હેન ! શબલા ત્હને બળથકી.
એની નવ તુલ્ય છે મ્હારૂં બળ.
એ વળી રાય છે, રાય બળવાન છે,
ક્ષત્રી છે, પૃથ્વીનો પાલક મહાન છે.
વાજીને ગજવડે, રથ અને ધ્વજવડે
પૂર્ણ ભરપૂર અક્ષૌહિણી સૈન્યથી બળમહીં શ્રેષ્ઠ એ."
આમ મુનિએ કહ્યુ એટલે
તે અતુલ્ય પ્રભાયુક્ત બ્રહ્મર્ષિને
વિનયવાળા વચન પરમ વચનજ્ઞ ધેને કહ્યાં-
"હે મહાત્મા મુનિ ! કંઇ ન બળ ક્ષત્રીનુ,
અધિક બળવાન છે બ્રાહ્મણો.
સત્ય બ્રહ્મન અહો ! અધિક બળવાન છે
ક્ષાત્ર બળથી પરમ દિવ્ય બળ બ્રહ્મ જે.
અતુલ બળ ત્હારૂં છે, તેથી નહીં અધિક કૌશિક મહાવીર્યનુ.
તેજ તવ અતુલ છે, બ્રહ્મબળ અમુલ છે.
હે મહાતેજ ! તું આપ શાસન પ્રભુ ! નાશ સત્વર કરૂં
ત દુરાત્મનતણા [1]દર્પબલયત્નનો.'
આમ વદતા વચન રામ ! તે યશસ્વી વસિષ્ઠે
સર્જવા સઘ આજ્ઞા કરી બલ [2]પરબલાર્દન.
વચન શ્રવણે ધરે, સુરભિ સરજન કરે
હે મહા મહીપતિ ! માત્ર હુંભારથી
સર્જીત બીહામણા પલ્હવો શતગણા
નાશ કરતા હવા સર્વ તે સૈન્યનો
સમીપ કૌશિકતણા નયનની.
પરમ કોપે કરી નયન ગઇ વીફરી,
રાય તે [3]ઉચ્ચ ને અવચ શસ્ત્રોવડે

---

૧ અહંકાર, સૈન્ય અને પ્રયાસનો ૨ શત્રુનુ સૈન્ય નાશ કરે એવુ. ૩ ઉંચા અને હલકા

નાશ કરતો થયો સકળ પલ્હવતણો.
આ પ્રમાણે તહીં પલ્હવો શતગણા
કૌશિકકરે હણ્યા દેખીને દેવીએ
સહજ ઉત્પન્ન કર્યો ઘોર શક ને યવન.
જોતજોતા થઇ પૃથિવી સવૃત સહુ
તે મહા વીર્યવંતા પ્રભાયુક્ત શુભ [1]હેમકિંજલ્કસમ
તીક્ષ્ણ [2]અસિપટ્ટિશો મારતા,
[3]હેમવર્ણાંબરો ધારતા શક અને યવનથી
ને કર્યું દીપ્ત પાવકપઠે
દગ્ધ બલ સર્વ તે સદ્ય કૌશિકતણું.
તેથી તેજસ્વી તે નૃપતિએ
અસ્ત્ર છોડી કર્યો આકળા
સર્વ કાંબોજ, બર્બર અને યવનને.

સર્ગ ૫૫ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

વસિષ્ઠઆશ્રમવિનાશ

આમ મોહિત અને વ્યથિત કૌશિકતણા અસ્ત્રથી દેખીને
તે મહાત્માવરે પ્રેરી તે સુરભિને યોગબળથી કરી.
દિવ્ય આ ધેનુના સહજ હુંકારથી
સૂર્યસમ પ્રબળ કાંબોજ ઉત્પન્ન થયા,
સ્તનથકી શસ્ત્ર ધરી કરમહીં બર્બરો,
યવન યોનિથી, શક દેશ [4]શકૃતથકી,
રોમનાં રધ્રથી મ્લેચ્છ ને હારીતકિરાતકો.
હે રઘુનંદન ! સદ્ય સૂદન કર્યું આ સહુ નરવીરે
[5]પત્તિગજઅશ્વરથસહિત સહુ સૈન્યનું.
દેખી નિજ દળ વડું નષ્ટ થઇને પડયું

---

૧ કુસુમના સોનેરી કેસર જેવા ૨ તરવાર અને ભાલા ૩ સોનેરી રંગનાં વસ્ત્ર
૪ ગુહ્યનો ભાગ. ૫ પાળા

વિવિધ આયુધ ધરી, નયન ક્રોધે ભરી
સર્વ શત પુત્ર નૃપ કુશિકઆત્મજતણા
ધસી ગયા તે મહર્ષિ મહાત્માઉપર.
પણ મહા બ્રાહ્મણે માત્ર હુંકારથી
અશ્વરથપત્તિસહ સર્વ શત પુત્રને
એકજ મુહૂર્તમાં દહન કરી નાખીને કરી દીધા ભસ્મવત.
આમ સુત સર્વને બલસહિત
નષ્ટ અવલોકી આવિષ્ટ ચિંતાથકી
ચિંતન કરી રહ્યા કૌશિક યશસ્વી તે.
[1]ભગ્નવિષદંષ્ટ્રપન્નગસમા, વેગથી વિહીન સાગરસમા,
[2]ગ્રહિત આદિત્યસમ થઇ ગયા સત્વર પ્રભારહિત,
પુત્રબલહીન ને દીસતા દીન તે પક્ષી [3]હતપક્ષસમ.
બલ સહુ હત થતાં, હૃદય ઉત્સાહ જતાં
તુરત પામ્યા નૃપતિ પરમ [4]નિર્વેદને.
તે પછી પ્રબળ કુશિકાત્મજે એક નિજ પુત્રને
ક્ષત્રીના ધર્મથી પૃથિવીને પાળવા વચન કહી
રાજ્યની ગાદીપર યોજી પોતે પછી વન ગયા.
ત્યાંથી જઈ ઉરગકિન્નરથી સેવાયલા,
હિમથી અવરાયલા અચળ પર્વતનિકટ
યાચવા શુભ પ્રસાદી મહાદેવની
ઉગ્ર તપતા થયા તપ વર તપસ્વી તે.
કાળ કઇ વીતી જતાં આમ તપવત થતાં
આપવા વર વર તપસ્વીને
દર્શન દીધાં મહાદેવ દેવેશ વૃષભધ્વજે.
"કેમ તપ આદર્યું ? બોલ રાજન ખરૂ;
આપવા સદ્ય આવ્યો અહીં ઇષ્ટ વર હું ત્હને.
તેથી કૌશિક અહો ! કહે મ્હને સદ્ય કાંક્ષિત કહ્યા વરતણો ?"

૧ જેનો ઝેરી દાત ભાગી ગયો છે એવા નાગ સરખા. ૨ ઘેરાયલા. ૩ પાંખ વગરના પક્ષી જેવા ૪ નિરાશા, કંટાળો

શ્રવણ કરી આ વચન દેવનાં
તપસ્ત તપસ્વી પ્રણમી વદયા—
હે મહાદેવ! હે અનઘ! જો તુષ્ટ તો
પ્રભુ! ધનુર્વેદ આપો મ્હને અંગઉપાંગઉપનિષદરહસ્યસહ.
થાઉં હું યુક્ત હે અનઘ! પ્રતિભાથકી સર્વ અસ્રોવડે
જે રહ્યાં દેવદાનવઋષિયક્ષગંધર્વરાક્ષસકને.
હે ત્રિપુરના અરિ! તવ પ્રસાદે કરી
થાય પરિપૂર્ણ ઇચ્છા પરમ આ મમ.
વચન તે નૃપતિ બોલી રહ્યા એટલે
અસ્તુ કહી સદ્ય દેવેશ ચાલ્યા ગયા.
પ્રાપ્ત અસ્રો કરી દેવની પાસથી
મહત તે દર્પથી યુક્ત બળવાન કૌશિક મુનિ પૂર્ણ દર્પે થયો.
પર્વણીપર મહાસાગરસમાન તે વીર્યથી વૃદ્ધતો
માનતો મનમહીં કે હવે છે મુઓ મુનિવર વસિષ્ઠ તે.
તે પછી પાર્થિવે આશ્રમપદે જઇ અસ્ર છોડયાં બહુ.
અસ્રનાં તેજથી દગ્ધ લાગ્યું થવા તે તપોવન સહુ.
મુક્ત ધીમતતણાં અસ્ર નીરખી ઘણાં
ભયથકી ભીત થઈ, વિધવિધ દિશા લઇ
ન્હાસતા વનથકી મુનિ સહુ સેંકડો.
ભયથકી ત્રાસતા, ચોદિશે ન્હાસતા
મુનિવર વસિષ્ઠના શિષ્યમૃગપક્ષીઓ.
એક ક્ષણનીમહીં આશ્રમ થયુ રહી
તે મહાત્માતણું શૂન્ય નિ:શબ્દ વેરાનસમ.
નિરખીને આ સ્થિતિ વચન વદતા યતિ-
" કો ન ધરશો ભીતિ નાશ હુ કરીશ
તે મહામતિ નૃપતિ ગાધેયનો
સદ્ય ભાસ્કર કરે જેમ ધુમ્મસતણો."
વચન આ બોલીને જયપરાયણ મહાતેજ

મુનિવર વધ્યા વાક્ય સક્રોધ કૌશિકપ્રતિ–
" હે દુરાચાર ! હે મૂઢ ! તું જીવશે નહીં હવે,
કેમકે નાશ આજે કર્યો [1]ચીરસંવૃદ્ધ આશ્રમતણો. "
આમ કહીને વચન પરમ સંક્રુદ્ધ
[2]વીનધૂમ કાલાગ્નિસમ મુનિવરે
તત્ક્ષણે ફેરવ્યો અપર નિજ દંડ યમદંડસમ.

સર્ગ ૫૬ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

બ્રહ્મબળ

આમ મુનિએ કહ્યું એટલે
કૌશિક બલાઢ્ય અગ્ન્યાસ્ત્ર ઉદ્દેશીને
બોલતા–" ઉભો રહે, ઉભો રહે. "
આથી ભગવાન તે ક્રોધથી વચન વદતા હવા
સત્વર ઉગામી બ્રહ્મદંડ નિજ અપર યમદંડસમ—
" અધમ ક્ષત્રી અહો ! ત્હારૂં દર્શાવ બળ હું અહીં સ્થિત રહ્યો.
ગાધિઆત્મજ ! ઉતારીશ હું આજ આ દર્પ તવ શસ્ત્રનો.
હે કુળકલંક ! ક્યાં ત્હારૂં આ ક્ષાત્રબળ ક્યા મહત બ્રહ્મબળ.
જો તું હે ગાધિસુત દિવ્ય બળ બ્રહ્મ મુજ. "
આમ કહીને વચન વન્હિના વેગનું જેમ વારિ કરે
તેમ કૌશિકતણા ઘોર ઉત્તમ મહા અસ્ત્રનું
દિવ્ય બ્રહ્મદંડથી સહજ સાંત્વન કર્યું.
કુપિત તે નૃપતિએ હે રઘુકુળતિલક !
મુનિવર વસિષ્ઠપર અસ્ત્ર છોડયા પછી.
રૌદ્ર ઐષિક અને ઐંદ્ર વારુણ અને પાશુપત,
ઘોર ગાંધર્વ જૃંભન વિલાપન વળી
સબળ સંતાપન સ્વાપન;

---

૧ લાખો વખત થયા સમૃદ્ધિવાળુ. ૨ ધુમાડા વગરના.

અસ્ત્ર માનવ અને મોહન પ્રચંડ બહુ.
શ્રેષ્ઠ શોષણ અને દર્પદળ દારણ.
પાશ ત્રણ બ્રહ્મ વારુણ અને યમતણા.
પ્રખર પિનાક વળી શુષ્ક ને આર્દ્ર અશનિ મહા.
ઘોર દડાસ્ત્ર પૈશાચ ને ક્રૌંચ વળી
ચક્ર ત્રણ ધર્મ યમ વિષ્ણુનાં, મથન હયશિરસ
વાયવ્ય કુંકાલ ને મુસળ બે શક્તિઓ.
દારુણ ત્રિશૂલ કાપાલ કાલાસ્ત્ર
કુંકણ અને ઘોર વૈદ્યાધર મહાસ્ત્ર જે.
પરમ અદ્ભુત થયું. સર્વ આ અસ્ત્રને
સહજ ગ્રસતા હતા બ્રહ્મસુત દંડથી.
શાંત થયલાં સહુ અસ્ત્ર આ જોઇને
કાઢ્યુ કુશિકાત્મજે પરમ બ્રહ્માસ્ત્રને.
દેખી ઉદ્યત મહા અસ્ત્ર સંભ્રાંત સર્વે થયા
અગ્નિસહ દેવદેવર્ષિગંધર્વઉરગો મહા.
અસ્ત્ર મોચન થતાં [1]ત્રસ્ત ત્રૈલોક્ય સહુ.
પણ મહાઘોર હે રામ ! બ્રહ્માસ્ત્રનુ
બ્રહ્મતેજે કરી પ્રબળ બ્રહ્મદંડથી ગ્રસન મુનિએ કર્યું.
આમ બ્રહ્માસ્ત્રના ગ્રસનથી સ્વરૂપ મુનિનું થયું
રૌદ્ર દારુણ અતિ મોહન ત્રિલોકને.
રોમનાં રંધ્રથી નીસરતાં કિરણ જે
ધૂમઆકુલ અતિ અગ્નિની જ્વાલસમ.
મહત મુનિએ ઉગામેલ બ્રહ્મદંડ તે
ભાસતો જ્વલિત વિધૂમ કાલાગ્નિના અપર યમદંડસમ.
આ પ્રમાણે થતાં મુનિગણો
મુનિવર વસિષ્ઠનું સ્તવન કરતા હવા–
" શ્રેષ્ઠ બ્રાહ્મણ અહો ! બળ તુજ [2]અમોઘ છે.

૧ ભયભીત. ૨ નિષ્ફળ ન જાય એવું.

ધારી લે તેજને તેજથી. દ્વિજ ! પરાજીત થયો
આજ ત્હારાથી મહાબળ કુશિકઆત્મજ.
વારણ વ્યથા કરો લોકની શ્રેષ્ઠ હે બ્રહ્મસુત !
બળ તવ અમોઘ છે." સ્તવન આવું થતાં
થઈ ગયા શાંત શુભ પરમ તેજસ્વી તે.
ગાધિસુત આ થતાં પરમ નિસ્તેજ નિશ્વાસ નાખી વદ્યા-
"ધિક્ક છે, ધિક્ક છે ક્ષત્રીના બળ ત્હને-
બળ ભલું બ્રહ્મબળ. સર્વ અસ્ત્રો થયાં
વિફળ મમ એક બ્રહ્મદંડથી.
નિરખી અદ્ભુત આ આચરીશ તપ મહા
દમન કરી મન અને ઈંદ્રિયો સઘ બ્રહ્મત્વના કારણે.

સર્ગ ૫૭ મો

વિશ્વામિત્રઆખ્યાન.

રાજર્ષિપદપ્રાપ્તિ

તપ્ત હૃદયે પરાજયનું કરતા સ્મરણ નાખી નિશ્વાસ
આ મહાત્માસાથ કરી વૈર તે મહાતપ કૌશિક
રામ ! મહિષીસહિત દક્ષિણ દિશામહીં
જઇ તહીં આદર્યું પરમ તપ ઘોર જે.
ફલ અને મૂલ આહારતા,
ઇદ્રિયો નિયમમા રાખતા પરમ તપ તે તપે.
તે સમય ત્હેમને ચાર પુત્રો થયા
સત્ય ધર્મિષ્ઠ દૃઢનેત્ર ને મહારથ
શુભ હવિષ્પંદ ને મધુષ્પંદ પ્રબળ.
આમ તપતાં તપ સહસ્ર વર્ષો થતાં
લોકના તાત બ્રહ્મા વદ્યા વચન કૌશિક તપોધનપ્રતિ-
"હે કુશિકઆત્મજ ! પ્રાપ્ત કીધું મહાતપવડે
લોક રાજર્ષિ તેં. ઘોર તપ તું તપ્યો

તેથી ગણીએ ત્હને આજ રાજર્ષિ."
કહી એમ તેજસ્વી તે લોકના નાથ
સહુ દેવસંગાત ચાલ્યા ગયા દિવ્ય બ્રહ્મલોકમાં.
કરી શ્રવણ કથન આ આનન કરી નીચું
કુશિકઆત્મજ મહા દુઃખઆવિષ્ટ થઇ
વચન બોલ્યા મુનિ ખેદ કરતા હૃદય—
"મહત તપ મ્હેં કર્યું તે છતાં દેવ ને ઋષિગણો
સર્વ ગણતા મ્હને માત્ર રાજર્ષિ.
હું આ નથી માનતો તપતણું યોગ્ય ફળ."
આમ નિશ્ચય કરી આત્મવત પરમ કાકુત્સ્થ!
ધર્મિષ્ઠ તે મહાતપ તપ યથાન્યાય કરતા હવા.
આ સમય રામ હે! સત્યવાદી જિતેંદ્રિય મહારાજ
ઇક્ષ્વાકુકુળવર્ધન ત્રિશંકુ વિખ્યાતને
યજ્ઞ કરી સ્વદેહે પરમ ગતિ દેવની
પ્રાપ્ત કરવાતણી બુદ્ધિ ઉત્પન્ન થઈ.
તેથી તે નૃપતિએ સઘ આમંત્રીને
ગુરુવર વસિષ્ઠને વાત મનની કહી.
પણ મહાત્મા વસિષ્ઠે નહીં શક્ય કહેવાથકી
ભગ્ન આશા થતાં કાર્ય નિજ સાધવા
રાય ચાલ્યો ગયો દક્ષિણ દિશામહીં,
જ્યાં કરે તપ પરમ સુત મહા તાપસ વસિષ્ઠના.
તત્ર દર્શન કર્યાં તે મહાતેજ ત્રિશંકુએ
પરમ ભાસ્વર મનસ્વી ઋષર્ષભતણાં સર્વ શત પુત્રનાં.
જઈ પછી સર્વ ગુરુસુત મહાત્માકને
નૃપ યથાયોગ્ય અભિવંદીને
કંઇક આનન નીચું શરમથી નાખીને
રાખીને ઉભય કર યુક્ત બોલ્યો વચન તે મહાત્માપ્રતિ—
"આજ આવ્યો અહીં હું ત્હમારે શરણ.

શરણુ હું શરણ્યને. કામના થઇ મહા યજ્ઞ કરવાતણી
પણ મહાત્મા વસિષ્ઠે કીધો ભગ્નઆશા મ્હને.
તેથી હે મુનિવરો ! આજ હું દીનપર કંઇ અનુજ્ઞા કરો.
સર્વ ગુરુપુત્રની પ્રસાદીકારણે
નમન હું અર્પીને શિરથકી પ્રણમીને
યાચન કરૂં ત્હમો બ્રાહ્મણ તપસ્વીનું
કે ત્હમે સિદ્ધિઅર્થે કરી સ્થિર હૃદય
કરાવો યજ્ઞ શુભ જેથી પ્રાપ્તિ મ્હને
થાય સુરલોકની સદેહે.
અન્ય ગતિ છે નહીં હુંજ [1]હુતઆશની
હે તપોધન ! ત્હમો ગુરુસુત શિવાય કો.
પરમ ગતિ પુરોધા સર્વ ઈક્ષ્વાકુની
તેથી દૈવત અનતર ત્હમે મ્હારૂં છો.

સર્ગ ૫૮ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

ત્રિશંકુ

શ્રવણ કરી વચન આ ક્રોધથી યુક્ત શત પુત્ર બ્રાહ્મણતણા
વાકય બોલ્યા પછી રામ ! રાજાપ્રતિ—
"નૃપતિ દુર્મેધ હે ! સત્યવાદી ગુરુએ કહી
ના ત્હને, તે છતાં કેમ આ વચન ભંજન કરી
આજ આવ્યો અહીં મહીપ ! શાખાંતરે ?
પરમ ગતિ પુરોધા સર્વ ઈક્ષ્વાકુની,
શકય વળી છે નહીં ભગ કરવાનું આ સત્યવાદીવચન.
યજ્ઞ જેને કહ્યો ભગવત મહર્ષિએ અશકય
શકય તે થાય શે અમથકી.
નૃપતિ ! [2]બાલિશ તું છે. જા પુન: સ્વનગરે.

[1] આશા જેની નાશ પામી છે એવા [2] છોકરવાદી

ઋષિવર સમર્થ એ યજ્ઞ આરભવા સહજ ત્રણ લોકનો.
કેમ અપમાન ત્હેનું થતું અમથકી ? ”
ક્રોધથી આકળાં વચન આ સાંભળી રાય વાણી વદયો–
“ આમ હતઆશ હું ગુરુ અને ગુરુતણા પુત્રથી
માર્ગ બીજો લઇશ. ભદ્ર હે તપોધન ! સહુ લ્હમારૂં થજો.”
ઋષિસુત તપસ્વીએ ઘોર વચનો સુણી
પરમ સંક્રુદ્ધ થઇ શાપ આપ્યો—
“ તું ચાંડાલપણું પ્રાપ્ત કર. ”
આમ બોલી વચન તે મહાત્મા સહુ આશ્રમપ્રતિ ગયા.
વીતી જતાં રાત ચાંડાલ નૃપતિ થયો.
વસ્ત્ર નીલાં સહુ, નીલ ને પરુષ અંગે બહુ,
[1]ધ્વસ્ત શિરવાળ, કંઠે કરેણુતણી માળ,
ચોળેલ સમશાનની અંગપર ભસ્મ,
લોખડનાં આભરણ. જોઇ આ રૂપ
સહુ મંત્રી, અનુચર અને પૌરજન ત્યાગ કરીને છૂટયા.
તેથી કાકુત્સ્થ હે ! આત્મવત નૃપતિ તે
એકલો પડી જતાં, દગ્ધ નિશદિન થતાં
આવી પ્હોંચ્યો કુશિકસુત તપોધનકને.
જોઇ ચાંડાલના રૂપમાં [2]વિફ્લીકૃત ભૂપને
હૃદય કૌશિકતણું રામ ! પીગળી ગયું સહજ કારુણ્યથી.
પરમ તેજસ્વી તે ધાર્મિકે
વચન આ ઘોરદર્શન નૃપતિને કહ્યાં—
“ હે મહાબળ અયોધ્યાધિપતિ રાજવી !
શાપથી તું બન્યો વીર ચાંડાલ, શીદ કામ આવ્યો અહીં ? ”
વચન આ સાંભળી નૃપતિ વાકયજ્ઞ ચંડાલ તે
ઉભયકર જોડીને વાક્યકોવિદપ્રતિ વચન કહેતો હવો—
“ હે મુનિવર ! થયો છું હું ભગ્નાશ ગુરુપુત્ર ને ગુરુથકી.

૧ ખરી ગયલા. ૨ નિષ્ફળ ગયલ.

હે કુશિકપુત્ર ! કરવા જતાં પૂર્ણ મનકામના
આમ આવી પડયો [1]અકથ આપત્તિમાં.
સૌમ્યદર્શન અહો ! મ્હારી ઇચ્છા જવા સ્વર્ગમાં સદેહે.
યજ્ઞ શત મ્હેં કર્યા, વિફળ પણ સહુ થયા,
ગાધિસુત સૌમ્ય હે ! મ્હેં ન પૂર્વે કદી ઉક્તિ [2]અનૃત વદી;
વદીશ નહી વચન અનૃત કદી વળી કહું
ક્ષત્રીના ધર્મના શપથ લઇ
આવી પડતી ભલે મહત આપત્તિઓ.
યજ્ઞ બહુવિધ કર્યા, પાળી ધર્મે પ્રજા.
શીલવૃત્તે કરી તુષ્ટ કીધા મહાત્મા અને ગુરુ ઘણા.
ધર્મ કરવાતણા યત્ન હું બહુ કરૂં,
યજ્ઞ કરવાતણી કામના મન ધરૂં,
પણ ન પામે પરિતોષ ગુરુઓ હજુ.
માનું મુનિવર અહો ! પરમ છે દૈવ, પુરુષાર્થ છે નિરર્થક.
આક્રમણ સર્વપર દૈવજ કરે ખરે; પરમ ગતિ દૈવ છે.
તેથી કૌશિક અહો ! દૈવથી કર્મ [3]ઉપહત થતાં
હું પરમ [4]આર્ત ઉત્સુક તમ પ્રસાદનો.
અન્ય મમ નહીં ગતિ, શરણ અન્યજ નથી·
કુશિકઆત્મજ નિવર્તન કરો
દૈવનું સદ્ય પુરુષાર્થથી.

સર્ગ ૫૯ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

વસિષ્ઠપુત્રોને શાપ.

વચન પુરાં થતાં કરી કૃપા કૌશિકે
મધુર વાકયો કહ્યાં રાય સાક્ષાત ચાંડાલને-
"રાજ ઇક્ષ્વાકુવંશજ અહો ! સ્વાગત અહીં તું છે,

૧ ન કહેવાય એવી ૨ અસત્ય. ૩ નાશ પામતા, હારી જતા. ૪ દુખી.

વત્સ! ત્હારૂં મ્હને વિદિત ધાર્મિકપણું.
નૃપતિશાર્દૂલ! હું શરણુ આપીશ ત્હને, ભયતણો ત્યાગ કર.
અત્ર આમંત્રશું પુણ્યકર્મી સહુ
યજ્ઞમાં સાહ્ય કરવા મહર્ષિ મહાત્મા વડા.
યજ્ઞ કરજે પછી પરમ નિર્વૃત[1] થઇ.
શાપકૃત રૂપ કદિ જો નહીં જાય તો
એજ રૂપે જઇશ સ્વર્ગમાં સદેહે.
કૌશિકશરણ્યનું શરણુ ત્હારૂ કર્યું
તેથી હું માનું હે નૃપતિ! કે સ્વર્ગ તવ હસ્તમાં."
આમ કહીને મહાતેજ કુશિકાત્મજે
પરમ ધાર્મિક મહાપ્રાજ્ઞ નિજ પુત્રને
સદ્ય આજ્ઞા કરી રામ! [2]સંભાર કરવા સહુ.
નિકટ સહુ શિષ્યને કહ્યું બોલાવીને
મ્હારી આજ્ઞાથકી તેડી લઇ આવજો
સર્વ ઋષિબ્રાહ્મણ વસિષ્ઠના પુત્રસહ,
શિષ્યસહ [3]સુહૃદ ને ઋત્વિજો [4]બહુશ્રુત.
મુજ વચનબળથી આમંત્રિત પુરુષ કદા
કંઈ વચન કહે તો અથઇતિ સર્વ કહેજો મ્હને
એવી ઉક્તિ અનાદરભરી.
શ્રવણ વચનો કરી સર્વ આજ્ઞાથકી શિષ્ય ચોદિશ ગયા.
વિવિધ દેશોથકી આવતા બ્રહ્મવાદી થયા.
શિષ્ય પાછા ફર્યા બ્રહ્મવાદીતણા વચનની
વાત કહેતા હવા જ્વલિત તેજસ્વી મુનિ ગાધિસુતને પછી—
"તમ વચન સાંભળી સર્વ દ્વિજ ઉત્તમો
સર્વ દેશોથકી અત્ર આવ્યા અને આવતા.
માત્ર આવ્યો નહીં મહોદય પુત્ર વળી મુનિવર વસિષ્ઠના.
ક્રોધથી આકળા અક્ષર વદયા મુનિ!

---

૧ સંતુષ્ટ. ૨ સામગ્રી. ૩ મિત્રો ૪ વિદ્વાન.

તે ત્હમે સાંભળો—"ક્ષત્રી [1]યાજક વ યજમાન ચંડાલ,
તેની સભામાં શી રીતે થશે
ઋષિ અને દેવ ઉપભોગ કરનાર શુભ હવીના.
મહાત્માઓ અને બ્રાહ્મણો ખાઇ ચંડાલભોજન
શી રીતે જશે સ્વર્ગમાં ગાધિનો પુત્ર પાલક છતાં."
આમ નિષ્ઠુર વચન સહુ સુત વસિષ્ઠના
મહોદયસહ વધા રક્ત લોચન કરી.
વચન આ સાંભળી સહુ ઋષિપુત્રનાં
ક્રોધથી રક્ત નયનો કરી
વાકય મુનિપુંગવ સરોષ બોલ્યા પછી—
"હું અદોષિત છતાં દે હું આ ઉગ્ર તપમગ્નને દોષ
તેથી દુરાત્મન સહુ સદ્ય નિઃસંશય થઇ જશે ભસ્મવત.
કાલપાશેથી બંધાઈ જઇ,
યમતણા કરથકી મૃત્યુવશ થઇ જઇ,
[2]પ્રેતનાં વસ્ત્રને પહેરતા, શ્વાનના માંસને ભક્ષતા
[3]નિર્ઘૃણ [4]વિરૂપ [5]વિકૃત સદા વિચરશે લોકમાં
સપ્તશત જન્મસુધી ખ્યાત થઇ મુષ્ટિકા નામથી.
દૂષિત કહ્યો મ્હને હું અદૂષિત છતાં
તેથી દુર્બુદ્ધિ તે મહોદય
લોકમાં દૂષિત મહા [6]નિષાદત્વને પામશે.
પ્રાણના નાશમાં [7]નિરત તે પરમ નિર્દય થઇ
પામશે દુર્ગતિ દુષ્ટ ચિરકાળ મમ ક્રોધથી."
વચન બોલી મુનિબ્રાહ્મણસમાજમાં
તે મહાતપ મહામુનિ મહાતેજ વિરમ્યા પછી ગાધિસુત.

૧ યજ્ઞ કરનાર. ૨ મુડદાના ૩ દયા વગરના ૪ બદશીકલ.૫ બેડોળ, અભક્ષના આવે એવા. ૬ ચંડાળપણાને. ૭ આસકત.

સર્ગ ૬૦ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

સ્વર્ગારોહણ

સુત સહુ વસિષ્ઠના તપતણા બળથકી
હત થયા જાણીને તે મહાતેજ કૌશિક મુનિ
વચન બોલ્યા ઋષિઓપ્રતિ—
વિશ્રુત ત્રિશંકુ [1]ઇક્ષ્વાકુદાયાદ
ધર્મિષ્ઠ દાનેશ મુજ શરણ આવેલ છે
પરમ ઉત્સુક થતાં દેવલોકે જવા સદેહે.
તેથી હે વિપ્ર! પ્રવૃત્ત થાઓ ત્હમે
સાહ્ય કરવા મ્હને યજ્ઞના કાર્યમાં,
જેથી નૃપ જાય આ સ્વર્ગમાં સદેહે.
વચન આ સાંભળી કુશિકઆત્મજતણાં
સર્વે એકત્રિત મહર્ષિઓ પરમ ધર્મજ્ઞ સહુસા વદયા
વાકય સહધર્મ આ—"પરમ ક્રોધી કુશિકપુત્ર છે મહામુનિ;
પાળવાં એમનાં વચન વિનસંશયે.
અગ્નિસમ કદપિ ભગવાન એ યુક્ત રોષે થશે
આપશે શાપ એ સર્વને.
યજ્ઞની કાર્યપ્રવૃત્તિ કરીએં સહુ
જેથી ઈક્ષ્વાકુઆત્મજ હવે
જાય કૌશિકતણા તેજથી શરીરસહ સ્વર્ગમાં."
એમ કહી ઋષિગણે યજ્ઞની ક્રિયાઓ આદરી.
યાજક થયા મહાતેજ કૌશિક મુનિ.
મંત્રકોવિદ સહુ ઋત્વિજોએ તહીં
સર્વ કર્મો કર્યાં મંત્રસહ ન્યાયવિધિક્રમયથા
તે પછી કૌશિક મહાતપે ભાગઅર્થે કર્યું

---

૧ વારસ, પુત્ર.

સર્વ દેવોનું આવાહન.
પણ ન કો દેવ ત્યાં આવતા
કોપઆવિષ્ટ થઇ [1]સ્રુવ ઉગામી કરે
ક્રોધથી વચન બોલ્યા ત્રિશંકુપ્રતિ—
"હે નરેશ્વર! તું જો વીર્ય [2]સ્વાર્જીત તપસ્યાતણું.
જાઉં લઇ સ્વર્ગમાં સદેહે નૃપતિ! ઓજસવડે.
હે નરેશ્વર! હવે જાની સહ શરીર તું સ્વર્ગ [3]દુષ્પ્રાપમાં.
ફળ રહ્યુ કઇક સ્વાર્જીત તપસ્યાતણું
તે ફળબળે તું જા સ્વર્ગમાં સદેહે."
વચન વદતાં મુનિ સર્વના દેખતાં
તે નરેશ્વર ગયો સ્વર્ગમાં સદેહે.
જોઇને રાય આવેલ તહીં સ્વર્ગમા
દેવદેવેશ સહુ આમ બોલ્યા વચન—
"પુન ફર ત્રિશકુ! પ્રાપ્ત કીધું નથી સ્થાન તે સ્વર્ગમા.
મૂઢ! તું ગુરુતણા શાપથી હત થયો
પુન પડ ભૂમિપર થઈ હવે [4]અધોમુખ."
ઇંદ્ર વાણી વદે રાય પાછો પડે
[5]ક્રોશ કરતો મહા કૌશિક મુનિપ્રતિ "ત્રાહિ ત્રાહિ મ્હને."
ક્રોશ આ સાંભળી રોષ અંતર ધરી
કૌશિક વદ્યા વચન—"ઉભો રહે, ઉભો રહે."
સહુ મુનિસમાજમાં સમપ્રજાપતિ અપર
પરમ તેજસ્વીએ પુન ઉત્પન્ન કર્યા
[6]અપર સપ્તર્ષિ [7]માર્ગસ્થ દક્ષિણ દિશે.
ક્રોધથી [8]કલુષ અતિ કૌશિકે
તહીં ઋષિસમાજમાં સૃષ્ટિ કરી દક્ષિણ દિશામહીં

---

૧ આહુતિ આપવાનો સરવો ૨ પોતે પેદા કરેલુ ૩ ન મળી શકે એવું; મેળવવું મુશ્કેલ ૪ ઉંધે મોઢે. ૫ વિશ્વામિત્રને ઉદ્દેશીને બૂમ પાડતો ૬ બીજા ૭ ફરતા. ૮ કાળા.

સ્થિત અપર વંશ નક્ષત્રની.
"ઇંદ્ર અન્ય હું કરીશ કે થશે લોક આ "ઇંદ્રહીન"
વચન કહી ક્રોધથી તે મહાતાપસે સૃષ્ટિ કરી દેવની.
આ થતાં પરમ સંભ્રાંત ઋષિસંઘ સુરઅસુર સહુ
વિનયથી વાક્ય કહેતા હવા કુશિકઆત્મજપ્રતિ—
"હે મહાભાગ! આ રાય ત્રિશંકુ છે ક્ષત ગુરુશાપથી
તેથી હે તપોધન! એ નહીં યોગ્ય છે આવવા
સ્વર્ગમાં સદેહે. વચન આ સાંભળી કૌશિક મહામુનિ
મહત આ વાક્ય કહેતા હવા—
"ભદ્ર ત્હમને હજો. પણ પ્રતિજ્ઞા કરી
ભૂપ ત્રિશંકુના સ્વર્ગમાં ગમનની સદેહે
તે હું મિથ્યા થવા કદિ ન ઉદ્યમ કરૂં.
આ ત્રિશંકુ નૃપતિ [1]શાશ્વત શરીરસહ દેવલોકે રહો.
[2]ધ્રુવ વળી સર્વ નક્ષત્ર મમ સૃષ્ટિ છે જ્યાંલગી લોક સહુ.
આ પ્રમાણે થવા આજ આજ્ઞા ત્હમે પણ કરો હે સુરો!"
"એ પ્રમાણે થશે" દેવ બોલ્યા, "મુનિ! ભદ્ર ત્હારૂં થજો.
વિવિધ નક્ષત્ર આ ગગનમાં સ્થિત થશે
બ્હાર રહી સર્વ [3]વૈશ્વાનરના માર્ગની
[4]અવિરત પ્રકાશશે જ્જ્વલિત જ્યોતિથી
શિર ઉંધે ત્રિશંકુ અવનિપતિ અમરસમ.
[5]જ્યોતિમય અગ આ વિચરશે ગગનમાં
સર્વ કૃતઅર્થ ને યશસ્વી નૃપતિસત્તમપુઠે
જેમ એ સ્વર્ગગત હોયની."

---

૧ હમ્મેશ ૨ જ્યાલગણ સહુ લોક રહે ત્યાલગણ સર્વ નક્ષત્ર વગેરે મ્હારી સૃષ્ટિ પણ અચળ રહો ૩ રાશિચક્ર ૪ નિરંતર ૫ કૃતાર્થ થયેલો યશસ્વી રાજા જાણે સ્વર્ગમા ગયેલો હોય તેપ્રમાણે તેની પછાડી સર્વ નક્ષત્રાદિ તેજસ્વી અગો આકાશમાં ફરશે

આપ્રમાણે વચન દેવનાં નીકળતાં
પરમ તેજસ્વી ધર્મિષ્ઠ કૌશિક મુનિ
" વારૂ બહુ સારૂં " અક્ષર વદયા તહીં ઋષિસમાજમાં.
યજ્ઞ પૂરો થતાં હે નરોત્તમ ! પછી
મહાત્મા દેવ ને ઋષિ તપોધન ગયા નિજનિજ સ્થાનમાં.

સર્ગ ૬૧ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

અંબરીષનો યજ્ઞ

આમ પ્રસ્થિત થતાં ઋષિજનો
હે નરોત્તમ ! મહાતેજ કૌશિક મુનિ
સર્વ ઋષિઓપ્રતિ વચન કહેતા હવા-
" પ્રાપ્ત આ દક્ષિણ દિશામહીં વિઘ્ન મ્હોટું થયું
તેથી જઇએં હવે અન્ય કો દિશામાં તપતણા કારણે
હે મહાત્મા ! હવે પશ્ચિમ વિશાળમા
સુખદ પુષ્કર તપોવનમહીં
તપસ્યા ઉગ્ર તપીએ પરમ સુખથી આપણે. "
આમ કહી મુનિ મહાતેજ વર પુષ્કરવિષે જઇ
ફળ અને મૂળ અશની થઇ
સદ્ય કરતા થયા તપ દુરાધર્ષ ને ઉગ્ર જે.
આ સમય યજ્ઞ કરતો હતો
નૃપ અયોધ્યાધિપતિ અંબરીષ નામનો.
હરણ યજમાનના પશુતણું ઇંદ્ર દેવે કર્યું
તેથી વિપ્રો વદયા વચન આ નૃપપ્રતિ—
" યજ્ઞ પશુનું થયું હરણ તવ [1]દુર્નયે.
હે નરેશ્વર ! કરે નાશ આ નૃપતિનો

---

૧. ગેરવર્તણુક

દોષવારણ ન જો સદ્ય એનું કર્યું.
આ મહા દોષની પ્રાયશ્ચિત્તિ મહા.
શીઘ્ર લાવો હવે તેથી હે મહીપતિ !
અશ્વ કે મનુષ કો જ્યાંલગી કર્મ ચાલુ રહ્યું. ”
વચન સુણી આ ઉપાધ્યાયનાં
તે મહાબુદ્ધિ નરવર નૃપ
સહસ્ર ગાયો લઇ શોધ કરતો થયો
દેશ જનપદ નગર વન અને પુણ્ય આશ્રમમહીં.
આમ કરતાં અટન વત્સ હે રામ !
ભૃગુતુંગપર નૃપની નજરે પડયો
મહા મુનિ ઋચીક નિજ પત્ની ને પુત્રસહ
તપવડે દીપ્ત મુનિ શ્રેષ્ઠને સત્વર પ્રસન્ન કરી પ્રણમીને
અમિત પ્રભાયુક્ત તેજસ્વી રાજર્ષિએ કુશળ સહુનુ પૂછી
વચન મધુરાં કહ્યાં મહાત્મા ઋચીકને.
“ હે મહાભાગ ! જો તુ શત સહસ્ર ગાયો લઇ
[1]પુત્રવિક્રય કરે યજ્ઞપશુકારણે
ભાર્ગવ મહર્ષિ ! તો થઇશ કૃતકૃત્ય હું.
અટન સહુ દેશમાં બહુ કર્યું
પણ ન યજ્ઞિય પશુ કઇ મળ્યું,
તેથી હે મહર્ષિ ! એક તમ પુત્ર આપો મ્હને મૂલ્ય લઇ. ”
વાક્ય આ સાભળી ઋચીક તેજસ્વી બોલ્યા વચન-
“ હે નરોત્તમ ! ન હું કોઇ રીતે કરૂં જ્યેષ્ઠનો વિક્રય. ”
કથન આ શ્રવણ કરી પુત્રમાતા વદી નૃપતિ અંબરીષપ્રતિ-
“ જ્યેષ્ઠ ભગવાન ભૃગુપુત્રને છે [2]અવિક્રેય તો
પ્રિય મ્હને હે પ્રભુ ! શુનક સુત કનિષ્ઠ.
તેથી પાર્થિવ ! નહી આપુ મુજ પુત્ર પ્રિય શુનક આ.

---

૧. છોકરાને વેચે ૨. ન વેચાય એવો

હોય છે બહુ કરી નૃપતિ નરશ્રેષ્ઠ હે !
જ્યેષ્ઠ પ્રિય તાતને [1]કનીયસ માતને.
રક્ષણ કરીશ હું તેથી હે મહીપતિ !
પરમ પ્રિય શુનક મુજ કનીયસ પુત્રનું.
શ્રવણ સઘળાં કરી વચન પતિપત્નીનાં
સુત શુનઃશેપ મધ્યમ સ્વતઃ વાક્ય આવાં વદયો–
" હે અયોધ્યાધિપતિ સુત અવિક્રેય છે
જ્યેષ્ઠ મુજ તાતને કનીયસ માતને,
તેથી લઈ જા મ્હને પુત્ર [2]વિક્રેય હું મધ્યમ. "
વચન પૂરાં થતાં બ્રહ્મવાદીતણાં
હે મહાબાહુ રઘુકુળતિલક !
કોટિ બહુ હેમ ને રત્નની રાશિઓ
ગાય શત સહસ્રો વિપ્રને આપીને
સુત શુનશેપ સાથે લઇ પરમ પ્રમુદિત થઇ
તે મહાતેજ ને યશસ્વી રાય અંબરીષ ચાલ્યો ગયો

સર્ગ ૬૨ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

શુનઃશેપ.

હે નરશ્રેષ્ઠ રઘુનંદન ! તે મહાયશ મહીપ ઉત્તમે
લઈ શુનશેપને સાથમાં
કર્યો મધ્યાન્હવિશ્રામ પુષ્કરમહીં.
આમ પુષ્કરમહીં આવતા
પરમ આતુર મહાયશ શુનશેપને
પુણ્ય દર્શન થયાં રામ !
તપ ઉગ્ર કરતા ઋષિસંગ [3]માતુલ કુશિકપુત્રનાં.

---

૧ ન્હાનો ૨ વેચવા જોગો ૩ મામા.

દીન શ્રમતૃષાએ, ખિન્નવળી આનને
જઇ પડયો તે મહા મુનિતણા અંકમાં
વચન વદતો-“ પ્રભુ ! માત મ્હારે નથી, તાત મ્હારે નથી,
કો ન મ્હારૂં સગું, કો ન બાંધવ વળી કો સ્થળે.
તેથી રક્ષણ કરો સૌમ્ય ! મ્હારૂં ત્હમે ધર્મથી.
પરમ ત્રાતા નરોત્તમ ! ત્હમે સર્વના શરણ્ય.
થાય આ રાય કૃતકાર્ય ને તપ હું ઉત્તમ કરી,
દીર્ઘ આયુ લઇ [1]અવ્યય થઇ જઇ
સ્વર્ગમાં જાઉં એવું ત્હમે પ્રભુ ! કરો.
ભવ્ય હૃદયે થઇ નાથ હું અનાથના
તારણ કરો ત્હમે મહત સંકટથકી તાત જયમ પુત્રનું.
વચન આ સાંભળી શાંત બહુવિધ કરી તે ઋચીકપુત્રને
તે તપોધન વદયા વેણ પુત્રોપ્રતિ—
“ તાત ઉત્પન્ન કરે પુત્ર પરલોકહિતકારણે;
આજ પુત્રો ! થયો સમય શુભ પ્રાપ્ત તે.
બાળ મુનિપુત્ર આ શરણ મમ ઇચ્છતો,
તેથી રક્ષણ કરી વિપ્રબાળકતણું પુત્ર ! મમ પ્રિય કરો.
સુકૃત કરો ત્હમે, ધર્મ સુ ધરો ત્હમે,
તૃપ્તિ આપો ત્હમે અગ્નિને પશુ થઇ નરેંદ્રનું.
હે સુત ! સનાથ આ બ્રહ્મબાળક થશે,
યજ્ઞનું વિઘ્ન વળી ટળી જશે,
દેવ સહુ તૃપ્ત થઇ વચન સિદ્ધિ થશે. ”
મુનિવચન સુણી મધુચ્છંદ આદિ સુતો
ધરી અભિમાન [2]લીલાસહિત બોલતા-
“ કેમ નીકળ્યા વિભુ ! આમ પરપુત્રને રક્ષવા
કરી પરિત્યાગ હે તાત ! નિજ પુત્રનો.

૧. અમર. ૨. છણકો, ગુસ્સો.

કાર્ય આ ભાસતું શ્વાનના માંસભોજનસમું."
વચન આ સાંભળી રક્ત લોચન કરી વાક્ય મુનિવર વદ્યા—
"તાતશાસન ઉલ્લંઘન કરી વચન બોલ્યા ત્હમે
ઘોર ઉદ્ધત અને [1]રોમહર્ષણ વળી ધર્મવિપરીત જે;
તેથી થઈ સર્વ વાસિષ્ઠની જાતના
માંસ ભક્ષણ કરી શ્વાનનાં પૃથિવીપર જઈ વસો
સત્વર સહસ્ર વર્ષોસુધી."
શાપથી યુક્ત નિજ પુત્ર સહુને કરી,
[2]આર્ત ઋષિબાલને આપીને શરણ
કરતાં [3]નિરામય વચન આમ મુનિવર વદ્યા-
"[4]પુણ્યપાશેથી બંધાયલો
રક્ત માળા અને લેપ ધારણ કરી
નિકટ જઇ [5]યૂપ વૈષ્ણવતણી
સ્તવન કરજે તું મંત્રોવડે અગ્નિનું.
હે મુનિપુત્ર! તુ નૃપતિના યજ્ઞમાં
બોલજે દિવ્ય આ દ્વિ [6]ગાથા
તેથી પ્રાપ્તિ થશે સિદ્ધિની.
આ પછી એક ચિત્તે શીખ્યો તે શુનશેપ શુભ દ્વિ ગાથા
ને જઇ રાજસિંહની કને સદ્ય તે આમ બોલ્યો વચન—
"હે મહા બુદ્ધિમત મહીપતિ! શીઘ્ર ચાલો હવે;
યજ્ઞ આરંભ કર રાય! દીક્ષા લઇ."
કથન આ સાંભળી હર્ષથી યુક્ત તે મહીપતિ
રહિત [7]તદ્રા થઇ શીઘ્ર પ્રસ્થિત થયો યજ્ઞવાટપ્રતિ.
સર્વ અનુમત થતાં શ્રેષ્ઠ યજમાન તે નૃપતિએ
રક્ત અંબર કરાવી પરિધાન

૧ રૂવાડા ઉભા કરે એવા. ૨ દુઃખી ૩ નિરોગી; કંઈ ન થાય એવો, સંરક્ષિત. ૪ પવિત્ર દોરડાની ગાંઠમા બંધાયલો. ૫ યજ્ઞમા પશુ બાંધવાનો ખીલો. ૬ વેદના મંત્ર. ૭ થાક.

શુભ લક્ષવતા શુનશેપને યૂપની સાથ બાંધ્યો
પશુ હોય મુનિબાળ શું.
આમ બધાયલા બાળકે, સ્તવન પછી ત્યાં કર્યું
અગ્નિનું, ઇંદ્રનું, ઇંદ્રના [1]અનુજનું યથાવત.
શુભ આ સ્તવનથી પરમ સતુષ્ટ થઇ
પ્રીત દેવેશ તે વાસવે દીર્ઘ આયુષ દીધું તહીં શુનશેપને.
સુર સહસ્રાક્ષના રઘુવર ! પ્રસાદથી યજ્ઞ પૂરો થતા
પ્રાપ્ત બહુ ગુણ કર્યું યજ્ઞફળ નૃપતિએ.
પુષ્કરવિશે વળી વર્ષ દશશતસુધી
કર્યું તપ ઘોર ધર્મિષ્ઠ કુશિકાત્મજે.

સર્ગ ૬૩ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

મેનકા

વત્સર સહસ્ર વીતી જતાં રામ ! વ્રતસ્નાન મુનિએ કર્યું,
સર્વ સુર એટલે સઘ આવ્યા તહીં તપનું ફળ આપવા.
પરમ તેજસ્વી બ્રહ્મા વચન રુચિર બોલ્યા—
" તું કૌશિક ! હવે ઋષિ થયો. ભદ્ર ત્હારૂં થજો.
સ્વાર્જિત થયું ત્હને ગાધિસુત ! સાધુ કર્મોવડે આ પદ. "
આમ દેવેશ વદી સ્વર્ગભણી વળી ગયા.
એટલે તે મહાતેજ કુશિકાત્મજે મહત તપ આદર્યું.
આ સમય રામ હે ! પરમ લાવણ્યવતી અપ્સરા મેનકા
સ્નાન કરવા ગયી પુષ્કરે.
દેખીને જલદમા વીજળીસમ અપ્રતિમ રૂપવતી મેનકા
પરમ તેજસ્વી કૌશિક મુનિ
કામને વશ થઇ વચન બોલ્યા મધુર—

---
૧ ન્હાનો ભાઈ.

" અપ્સરા ! અત્ર સ્વાગત તું છે.
વાસ કર આવી આશ્રમમહીં. ભદ્ર ત્હારૂં થજો.
હું થયો વિમોહિત મદનથી. "
આમ કહેવાથકી તત્ર વસતી થઇ સુભગ તે સુંદરી.
વર્ષ દશ વીતી ગયાં સુખથી સૌમ્ય હે !
આશ્રમમહીં થતાં વાસ તે રમણીનો
વિઘ્ન મ્હોટું થયું આમ તપનીમહીં
મુનિવર થયા બહુ શરમ, ચિંતા અને શોકમા પરાયણ.
ક્રોધવ્યાકુળ થઇ ધાર્યું મનનીમહીં
કર્મ આ મહત તપહરણ સહુ દેવનું,
આમ ભ્રમમાં અહોરાત્ર સરખાં ગયા સહજ દશ વર્ષ તો,
કામમોહિત થતાં વિઘ્ન આ ઉપન્યું.
દીર્ઘ નિશ્વાસ બહુ નાખતા, અતીવ અનુતાપદુખિત થતા
મુનિવરે જોઈ તે અપ્સરા
ભયથકી ધ્રૂજતી પ્રાંજલિ કરી ઉભી.
સદ્ય તે મેનકાનું વિસર્જન કર્યું
મધુર વાક્યોવડે કૌશિકે
ને પછી રામ ! તે તુરત ચાલ્યા ગયા ત્યાંથી ઉત્તરમહીં.
કૌશિકીતટ જઇ, પરમ [1]નૈષ્ઠિક થઇ,
કામને બાળતા, પૂર્ણ બ્રહ્મચર્યવ્રત પાળતા [2]દુરાસદ તપ કર્યું.
ઘોર કરતાં મહા રાઘવ ! ઉપાસના
સહજ નીકળી ગયા વત્સર સહસ્ર પર્વતઉપર ઉત્તરે.
દેવ ભયભીત થયા. સુર અને ઋષિ મળ્યા મંત્ર કરવા પછી
આપવા સદ્ય તે કૌશિક તપસ્વીને ઉત્તમ મહર્ષિપદ.
મંત્ર સર્વે કરી લોકના પિતામહ
વાક્ય મધુરાં વદ્યા કૌશિકઆત્મજ તપોધનપ્રતિ—

---

૧ જીતેંદ્રિય. ૨ અતુલ, અનુપમ.

" મહર્ષિ ! વત્સ ! સ્વાગત ત્હને.
પરમ સંતુષ્ટ તવ ઉગ્ર તપથી હવે આપું કુશિકાત્મજ !
મહત્વથી યુક્ત મુખ્યત્વ ઋષિઓતણું."
પણ ન સંતુષ્ટ થઇ બ્રહ્મના વચનથી
તે તપોધન સહિત પ્રાંજલિ પ્રણમીને
વચન બોલ્યા પિતામહપ્રતિ—" હે પ્રભુ !
પ્રાપ્ત કરવું જ છે પરમ શુભ કર્મથી અતુલ બ્રહ્મર્ષિપદ.
શબ્દ એ નવ કહ્યો લોકના તાત ભગવાન !
તેથી હજી હું નથી જીતેંદ્રિય."
વચન આ સાંભળી, " યત્ન કર જ્યાં લગી થાય તું જીતેંદ્રિય"
એમ કહી લોકના તાત તે સદ્ય ચાલ્યા ગયા સ્વર્ગમાં.
દેવ પ્રસ્થિત થતા કૌશિક મહા મુનિ
સર્વ આધારથી રહિત થઇ, ઉર્ધ્વ બાહુ ધરી,
વાયુ ભક્ષણ કરી ઉગ્ર કરતા થયા તપસ્યા.
ગ્રીષ્મમાં પચ અગ્નિમહીં,
કાળ [1]પરજન્યમાં ગગનઆશ્રય ગ્રહી,
શિશિર શીતલમહીં [2]સલિલશાયી થઇ
રાતદિન તે તપોધન પરમ તપ તપ્યા.
આમ કરતા મહા દારુણ ઉપાસના
વર્ષ નીકળી ગયાં સહસ્ર.
પરમ સતપ્ત [3]વાસવ અને દેવ સહુ
આ॰ મહાત્માતણા મહત તપથી થયા.
મરુતગણસહિત સહુ દેવના ઇશ વાસવ વદ્યા
વચન રંભાપ્રતિ સ્વહિતનાં અહિતનાં કુશિકઆત્મજતણા-

૧ ચોમાસામા. ૨ પાણીમા સુઇને ૩ ઇંદ્ર.

સર્ગ ૬૪ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

રંભા

"કાર્ય કરવાનું રંભા સહુ સુરતણું અતિશય મહત્વનું.
યુક્ત કરી કામ ને મોહથી કરની લોભન તુ કૌશિકતણું."
આમ વચનો સહસ્રાક્ષ ધીમાનના મુખથકી નીકળતાં
રામ! તે અપ્સરા ઉભય કર જોડીને
કંઇક લજ્જાથકી વદી સુરેશ્વરપ્રતિ—
"હે સહસ્રાક્ષ સુરના પતિ! ઘોર કૌશિક મહામુનિ અતિ.
દેવ! એ આપશે શાપ બહુ ઘોર એમાં ન સંશય કંઈ.
આમ ભયભીત હું, તેથી હે સુરવ પ્રસાદ હું પર કરો."
ભયથકી [1]આર્ત તે રમણીએ આમ વચનો કહ્યાં એટલે
રામ! દેવેશ તે ધ્રુજતી [2]પ્રાંજલિ કરી ઉભી અપ્સરાપ્રતિ વદ્યા—
"ભય ન તું રાખજે, ભદ્ર ત્હારૂં થજો. પાળ મુજ શાસન.
રુચિર દ્રુમયુક્ત સુ વસંતમાં [3]હૃદયગ્રાહી થઇ કોકિલા
સહિત [4]કંદર્પ હું સાથ ત્હારી રહીશ.
પરમ ભાસ્વર સ્વરૂપ બહુ ગુણ કરી તું તે
ભેદજે કૌશિક તપસ્વીને.'
વચન આ સાભળી ઉત્તમ સ્વરૂપ કરી
લલિત તે [5]શુચિસ્મિતા લોભન કરી રહી કૌશિક મહર્ષિનું.
શ્રવણ મનહરણ સ્વર મધુર કોકિલતણો
કરી મહાતાપસે નિરખી તે રમણીને હૃદય બહુ હૃષ્ટથી.
અપ્રતિમ શબ્દથી, મધુર સંગીતથી, દર્શન મનોજ્ઞથી
હૃદય સંદેહ મુનિને થયો સર્વ કૌતુક સહસ્રાક્ષનું.
ક્રોધથી યુક્ત આથી થઇ શાપ આપ્યો
કુશિકઆત્મજે પરમ તે રમણીને—

---

૧ દુખી. ૨ હાથ જોડી ૩હૃદયનું હરણ કરે એવી ૪કામદેવ ૫સુંદર હાસ્યવાળી.

"કામ ને ક્રોધપર [1]વિજયઇપ્સિત હું ગાધેયનું
લોભ ન કરે તું રંભા અહો ! તેથી હે દુર્ભગે !
તું દશસહસ્ર વર્ષોસુધી રહીશ થઇને શિલા.
તું મુજ ક્રોધથી [2]કલુષિત થએલને
મુક્ત કરશે [3]તપોબળસમન્વિત મહાતેજ બ્રાહ્મણ પછી."
આમ વચનો વદયા તે મહામુનિ મહાતેજ કુશિકાત્મજ,
ધારી શકતાં ન સંતાપ ને ક્રોધ આત્માતણો.
[4]શૈલ થઇને પડી સદ્ય તે અપ્સરા મહત આ શાપથી.
પલાયન કરી ગયો મનસિજ.
આમ અપહરણ તપનુ થતા ક્રોધને વશ જતાં
અજીત ઇંદ્રિય હતા પરમ તેજસ્વી તે શાંતિ પામ્યા નહીં.
નિશ્ચય કર્યો હવે કદિ ન વશ થવાનો ક્રોધને.
મૌન્ય ધારણ કરી શ્વાસ સો વર્ષ ઉચો ધરી
થઇ જીતિંદ્રિય હુ શોષણ કરીશ જાતનુ.
જયાંલગી પ્રાપ્ત કરૂં હુ ન બ્રાહ્મણ્ય તપસાર્જીત
ત્યાલગી-કાળ શાશ્વતલગી રહીશ ઉભો
હુ કઈ શ્વાસ કે ભોજન લીધાવગર.
ક્ષય નહીં પામશે શરિર મમ આમ તપતાં છતા.
આ પ્રમાણે રઘુનદના તે મુનિપુગવે
લોકમાં અપ્રતિમ લઇ પ્રતિજ્ઞા
પછી સદ્ય દીક્ષા લીધી વત્સર સહસ્રની.

સર્ગ ૬૫ મો.

વિશ્વામિત્રઆખ્યાન.

બ્રહ્મર્ષિપદપ્રાપ્તિ

ત્યાગ કરી [5]હૈમવતી રાઘવ ! દિશાતણો
તે મહા મુનિ જઇ પૂર્વમાં પરમ તપ ઘોર કરતા થયા.

૧ જય મેળવવાની ઇચ્છાવાળો ૨ શાપવાળી. ૩ તપના બળવાળો. ૪ શિલા.
૫ ઉત્તર

વત્સર સહસ્રનું મૌનવ્રત ધારીને
તપ કરે અપ્રતિમ પરમ દુષ્કર મુનિ.
વત્સર સહસ્ર પૂરાં થતાં, મહત બહુ વિઘ્ન નડવા છતાં
ક્રોધ અંતર ધર્યો નવ કંઇ [1]કાષ્ટવત થઈ ગયા તે મહા તાપસે.
અડગ નિશ્ચય કરી કૌશિક તપસ્વીએ રાખ્યું તપ [2]અવ્યય.
પૂર્ણ તે વ્રત થતાં તે મહાવ્રત તપસ્વી કુશિકઆત્મજ
અન્નભોજન કરે.
આ સમય ઇંદ્ર દેવેશ્વરે વેષ લઇ વિપ્રનો
રાઘવ! જઇ કરી સિદ્ધ શુભ અન્નની યાચના.
સિદ્ધ શુભ અન્ન સહુ વિપ્રને આપીને
રહિત ભોજન થયા કૌશિક તપસ્વી ભગવાન તે.
એક પણ શબ્દ બોલ્યા નહીં
મૌનવ્રત ધારતા તે મુનિ વિપ્ર યાચકપ્રતિ,
પણ લીધો શ્વાસ ઊંચો અને પુન ધારણ કરી મૌનવ્રત
તે મુનિપુંગવ રહ્યા પછી સર્વથા શ્વાસ લીધાવગર.
શ્વાસ રુધન થતાં નિસરતો ધૂમ મસ્તકથકી
ને થયું તેથી સંતપ્ત [3]સંભ્રાત ત્રૈલોકય સહુ.
દેવ, ગધર્વ, પન્નગ, ઉરગ, ઋષિ અને રાક્ષસો
ઉગ્ર તપકાર્યથી મોહિત થઇ જઇ,
તેજથી [4]મદરશ્મિ હઇ, દુઃખથી આર્ત હૃદયે થઇ,
સર્વ કહેતા હવા પિતામહપ્રતિ વચન—
"દેવ! મુનિવર કુશિકપુત્રને વિવિધ સાધનવડે
લોભ ને ક્રોધથી યુક્ત કરવાતણા આદર્યા ઉદ્યમો
પણ થઇ સહુ વિફળ એનું તપ વૃદ્ધિને પામતુ.
તેથી હે વિભુવરા! જો ત્હમે નહીં કરો
એ મહર્ષિતણી પૂર્ણ મનકામના
નાશ કરશે મુનિ તપવડે

---

૧ લાકડા જેવા ૨ અખંડિત. ૩ ગભરાયલું ૪ ઝાખા પડી જઇ

[1]ચર અને અચરસહુ સકળ ત્રૈલોકયનો.
વ્યાકુળ દિશા સહુ કંઇ ન નજરે પડે;
[2]ક્ષુભિત સહુ સાગરો, પર્વત [3]વિશીર્ણ છે,
વાય [4]સંકુલ અનિલ, કંપિત [5]વસુંધરા;
બ્રહ્મ! નવ જાણીએ શું કરવુ તે હવે.
નાસ્તિક જનો થયા, ક્ષુભિત મનકારણે મૂઢ ત્રૈલોકય છે.
પરમ તેજસ્વીના તેજથી [6]નિષ્પ્રભ થયો રવિ.
તેથી ત્રિભુવર! કરો સત્વર પ્રસન્ન
આ મહાદ્યુતિ અગ્નિરૂપ પરમ ભગવાનને
જેથી તે નવ કરે દેવ! મતિ નાશની.
ભસ્મ કાલાગ્નિસમ એ કરે અખિલ ત્રૈલોકયને
તેઅગઉ આપજો ઇચ્છતા હોય તો રાજ્ય પણ દેવનુ."
તે પછી સર્વ સુરગણ કરી પિતામહ મોખરે
તે મહાત્માપ્રતિ મધુર વચનો વદયા—
"અહો બ્રહ્મર્ષિ! સ્વાગત ત્હને આપીએ,
તેં મહાતપથી સંતુષ્ઠ અમને કર્યા.
ઉગ્ર તપથી મુનિ! પ્રાપ્ત આજે કર્યું પરમ બ્રાહ્મણ્ય તેં.
બ્રહ્મ હે! મરુતગણસહિત સહુ આપતા દીર્ઘ આયુષ ત્હને.
સ્વસ્તિ. આ લે મુનિ! ભદ્ર ત્હારૂં થજો.
સૌમ્ય હે! જા હવે યથાસુખ."
વચન આ સાંભળી પ્રણમી સહુ દેવને
મુદિત મુનિવર થઇ વાકય કહેતા હવા—
"પ્રાપ્ત બ્રાહ્મણ્ય જો મ્હેં કર્યું,
દીર્ઘ આયુષ જો મુજ થયું,
દેવ! મળજો મ્હને વેદ, ૐકાર ને વળી વષટકાર શુભ;
બ્રહ્મ ને ક્ષત્ર વેદોમહીં કુશલમાં શ્રેષ્ઠ
તે બ્રહ્મસુત વસિષ્ઠ માન્ય મુજને કરે.

૧ સ્થાવર અને જંગમ. ૨ ઉછળતા ૩ ફાટેલા. ૪ તોફાની. ૫ ધરતી. ૬ ઝાંખો.

મ્હારી એ પરમ મનકામના પાર પાડી ત્હમે
હે સુરર્ષભ! જજો સર્વે સ્વરલોકમાં "
આપછી પ્રસન્ન થઈ દેવથી
જપપરાયણવર વસિષ્ઠ બ્રહ્મર્ષિએ
" એવમસ્તુ " કહી સખ્ય કીધુ કુશિકપુત્રસહ.
" છે તું બ્રહ્મર્ષિ એમા ન સદેહ કઇ,
છે થયું પ્રાપ્ત સઘળું ત્હને. "
વચન કહી આ સહુ દેવ ચાલ્યા ગયા નિજનિજ સ્થાનમાં.
પ્રાપ્ત કરી આમ બ્રાહ્મણ્ય ઉત્તમ પછી
પરમ ધર્મિષ્ઠ કુશિકાત્મજે પૂજન કર્યું પ્રીતે
જપપરાયણવર વસિષ્ઠ બ્રહ્મર્ષિનુ;
અને કૃતકાર્ય થઇ, તપમહી સ્થિત રહી
સર્વમહીતલ ઉપર વિચરતા તે હવા.
આમ હે રામ! કર્યું પ્રાપ્ત બ્રાહ્મણ્ય એ મુનિવરે.
આજ હે રામ! મુનિશ્રેષ્ઠ તે, આજ છે મૂર્તિમત તપસ્યા.
એજ છે ધર્મપર નિત્ય ને એજ છે વીર્યનુ પરાયણ. "
આમ બોલી મહાતેજ વિરમ્યા શતાનદ તે.
રામલક્ષ્મણસમીપ મુનિ શતાનદનાં વચન શ્રવણે ધરી
જનક પ્રાંજલિ કરી કુશિકઆત્મજપ્રતિ વાકય કહેતા હવા—
" ધન્ય હુ, હે મુનિશ્રેષ્ઠ! અનુગૃહિત હુ;
આપ ગાધેય કાકુત્સ્થસહ આજ આવ્યા અહીં યજ્ઞમાં.
પાવન કર્યો મ્હને આજ બ્રહ્મર્ષિ હે!
આપ મહા મુનિતણા અમુલ દર્શનથકી.
પ્રાપ્ત બહુવિધ ગુણો આજ મુજને થયા આપથી બ્રહ્મ હે!
આજ વિસ્તારથી કીર્તન કર્યું મહાતેજ કૌશિક!
ત્હમારા મહા તપતણું, સઘળું તે સાંભળ્યું
મ્હેં અને મહાત્મા રાઘવે.

શ્રવણ બહુ ગુણ કર્યા આપના [1]સદસિના સદસ્યે.
અમિત તપ ત્હમારૂં, અમિત બળ ત્હમારૂં,
અમિત ગુણ નિત્ય તમ કુશિકઆત્મજ અહો !
પરમ આશ્ચર્યથી યુક્ત આ શ્રવણ કરતાં કથા
હે વિભુ! તૃપ્તિ વળતી નથી.
કર્મનો કાળ મુનિવર ! થયો, સૂર્યમંડળ પડે છે નીચે,
જપપરાયણમહીં શ્રેષ્ઠ હે !
પુન: મળશો મ્હને કાલ સુ પ્રભાતના,
સ્વાગત ત્હમે વિભુ ! મુજપર કરો અનુજ્ઞા ત્હમે."
વચન આવાં કહ્યાં તેથી તે મુનિવરે
બહુ પ્રશંસા કરી પ્રીત પુરુષર્ષભ સુ જનકની
ને વિસર્જન કર્યું ત્હેનુ હર્ષિત મને.
શ્રેષ્ઠ મિથિલાધિપતિ જનક વૈદેહ પણ
મુનિવરતણી કરી પ્રદક્ષિણા
સકળ બાંધવઉપાધ્યાયસહ સદ્ય સ્વસ્થાન ચાલ્યા ગયા,
ને મહાત્માથી પૂજાયલા પરમ ધર્મિષ્ઠ કૌશિક મુનિ
રામલક્ષ્મણસહિત ત્યાંજ વસતા હુવા.

સર્ગ ૬૬ મો.

શૈવ ધનુષ.

નિર્મળ પ્રભાતના પરમ કૃતકર્મ મનુજાધિપે
સ્વાગત કર્યું મહાત્મા કુશિકપુત્રનું રામલક્ષ્મણસહિત.
અર્ચન કરી યથાશાસ્ત્ર કર્મોવડે
નૃપતિ ધર્મિષ્ઠ તે આમ બોલ્યો વચન—
"ભગવાન ! સ્વાગત ત્હમે હે અનઘ ! શું ત્હમારૂં કરૂં ?
આપ આજ્ઞા કરો, યોગ્ય હું શાસન ઉઠાવવા."

---

૧ સભાના સભાસદોએ.

આમ આ મહાત્મા જનકનાં વચનથી
વાક્યકોવિદ મુનિશ્રેષ્ઠ ધર્મિષ્ઠ બોલ્યા પછી-
"ક્ષત્રી આ લોકવિખ્યાત દશરથસૂનુ
દર્શનાતુર છે શ્રેષ્ઠ તવ ધનુષ્યનાં.
તે તું દર્શાવ નૃપ! એમને, ભદ્ર ત્હારૂં થશે.
ધનુષદર્શન કરી પરમ કૃતઅર્થ થઈ
સત્વર યથેષ્ટ ચાલ્યા જશે આ નૃપતિઆત્મજો."
આમ કહેવાથકી જનક મહામુનિપ્રતિ વચન કહેતા હુવા—
"કેમ આ ધનુષ અહીં વાત તે સાભળો.
એક પૂર્વે હતો દેવરાત નૃપતિ નિમિનો જ્યેષ્ઠ સુત.
તે મહાત્માતણા હાથમાં
આવ્યું આ ધનુષ ભગવાન હે! [1]ન્યાસમાં.
દક્ષના યજ્ઞનો નાશ કરવા મહાવીર્ય ત્રિપુરારિએ
સહજ લીલાથકી આ ઉગામી ધનુષ
ક્રોધથી વચન દેવોપ્રતિ આ કહ્યાં—
"કલ્પતા નથી ત્હમે ભાગ દેવો! હું ભાગાર્થીનો
છેદું [2]પૂજાર્હ તમ શીર્ષને ધનુષથી"
આથી મુનિપુંગવ! સર્વ [3]વિમનસ્ક દેવો થઇ
ઉદ્યત થયા સહુ પ્રસન્ન કરવા મહાદેવને.
આથી થઇ પ્રીત વૃષભધ્વજે
આપ્યું આ ધનુષ મહાત્મા સહુ દેવને.
તેજ ધનુરત્ન આ મહાત્મા દેવના દેવનું
મૂક્યું જે હે વિભુ! ધનુષ પૂર્વજકને ન્યાસમાં.
એક સમયે મુનિ! ક્ષેત્રની કૃષિ હું કરતો હતો હળવડે
એક બાળા મળી ક્ષેત્રને શોધતાં
જેથી જે ખ્યાત સીતાતણા નામથી.
આમ ભૂતલથી ઉત્પન્ન થઇ ઉછરી મુજ પુત્રીસમ.

---

૧ અનામત તરીકે ૨ પૂજા કરવા લાયક. ૩ ગભરાઇ જઇ.

સ્થાપિત [1]અયોનિજા કન્યકા મ્હારી આ [2]વીર્યશુલ્કા મુનિ!
હે મુનિશ્રેષ્ઠ! આવ્યા અહીં મહત મહીપાલકો
પાણિગ્રહણાર્થ મુજ પૃથ્વીજા પુત્રીના.
પણ ન આપું મુનિ! મ્હારી આ વીર્યશુલ્કા સુતા;
તેથી સહુ નૃપતિ એકત્ર થઇ, વીર્યજીજ્ઞાસુ હઇ
આવતા હે મુનિશ્રેષ્ઠ! મિથિલામહીં.
આમ જીજ્ઞાસુ મહીપાલને શૈવ ધનુ દાખવ્યું,
પણ ન કો કરી શકયા [3]ગ્રહણતોલન મુનિ!
વીર્ય આ વીરનાં અલ્પ જાણી ન ગણના થતાં
શું થયું તે તપોધન! કહું સાંભળો.
[4]વીર્યસંદિગ્ધ સહુ નૃપતિએ
પરમ કરી કોપ લઈ ઘેરી મિથિલાપુરી પીડના.
માની ધુત્કાર મુજથી થયો એમનો
સર્વ નૃપપુગવો થઇ મહારોષઆવિષ્ટ મિથિલાપુરી પીડતા.
પૂર્ણ સંવત્સરે સર્વ સાધન મુનિશ્રેષ્ઠ! આવી જતાં
પરમ દુખિત થયો હું દીસે
ને પછી તપવડે પ્રીત કરતો થયો દેવગણ સર્વને.
થઈ પરમ પ્રીત સહુ સુરોએ આપ્યું ચતુરંગ બલ.
નષ્ટ આથી થતાં નૃપતિઓ ભગ્ન થઇ
સર્વ નાઠા ચતુર્દિશમહીં વીર્યહીન વીર્યસંદિગ્ધ થઈ
પાપકારી અમાત્યોસહિત.
હે મુનિશાર્દૂલ! દાખવીશ આજ
લક્ષ્મણ અને રામને પરમ ભાસ્વર ધનુ.
હે મુનિ! રામ આ ધનુષ આરોપશે
તો હું આપીશજ અયોનિજા મ્હારી સીતા સુતા.

---

૧ પેટે નહી અવતરેલી ૨ વીર્યવાળા પુરૂષનેજ આપવાની ૩ પકડી પણ ન શકયા તેમ ઉચકી પણ ન શકયા. ૪ વીર્યમા સંદેહવાળા.

સર્ગ ૬૭ મો.

ધનુર્ભંગ.

જનકનાં વચન આ સાંભળી મહામુનિ કૌશિકે
પૃથિવીપતિને કહ્યું રામને ધનુષ દર્શાવવા.
આથી જનક નૃપે સદ્ય કીધો હુકમ સચિવને
આણુવા ગંધમાલાથી લેપિત ધનૂ દિવ્યને.
જનકઆદિષ્ટ સચિવો સહુ સદ્ય પુરમાં જઇ
બ્હાર આવ્યા અગાડી કરી ધનુષને અમિત [1]ઓજસ્વીઓ.
એક [2]મજ્જુસમાં ગોઠવી તે મૂકયું
એક વાહનમહીં યુક્ત જે અષ્ટ ચક્રોવડે.
ખેંચતા પાંચ સહસ્ર મલ્લો મહાત્મા મહા કષ્ટથી.
લાવીને આમ લોખડનુ ધનુષ તે [2]મજ્જુષામાં મૂકી.
મંત્રીઓ દેવસમ જનક નરનાથને વચન કહેતા હુવા—
"રાજ રાજેદ્ર મિથિલાધિપ ! આ ધનુર્વર જુઓ
સર્વ [3]મનુજાધપતિઓથી પૂજાયલુ."
વચન કરી શ્રવણુ આ નૃપતિ કર જોડીને
વચન બોલ્યો મહાત્મા કુશિકપુત્ર ને રામલક્ષ્મણુપ્રતિ
"બ્રહ્મ! જનકોથી પૂજાયલુ ધનુષ આ.
એ ધનુષ છેજ પૂજાયલુ નૃપ મહાવીર્યથી
જે ન આરોપી એને શકયા.
સર્વ સુરગણુ અસુરરાક્ષસો પ્રવર,
ગંધર્વયક્ષો અને કિન્નરમહોરગો
સફળ નવ કો થયા ખેચી આરોપવા,
બાણુને યોજવા, તોળીને બ્રહ્મ ! ટકાર કરવા,
શું ગજું તો પછી મનુષનું.

---

૧. ઓજસ-તેજવાળા ૨ પેટી. ૩ રાજાઓ

શ્રેષ્ઠ આ ધનુષને આણ્યું મુનિપુંગવ!
દાખવો તે મહાભાગ! આ રાજપુત્રો મહાવીરને".
શ્રવણ કરી જનકનાં વચન ધર્મિષ્ઠ કુશિકાત્મજે
રાઘવપ્રતિ કહ્યું—"વત્સ હે રામ! આ ધનુષ જો."
ઋષિતણાં વચનથી ધનુષ પાસે જઇ
ખોલી મજ્જુસ ધનુ જોઇ બોલ્યા વચન રામ કે—
"સ્પર્શ હું કરીશ પાણિવતી દિવ્ય આ ધનુષનો;
યત્ન હું કરીશ તે ઉંચકી આરોપવા."
"વારૂ" રાજા અને મુનિ વદયા.
આમ મુનિ વચનથી નર બહુ સહસ્રના દેખતાં
રામ રઘુનંદને માત્ર લીલામહીં
ગ્રહણ કર્યું મધ્યમાં ધનુષનું;
સદ્ય આરોપીને તાંતને
ખેંચતાં ભાંગ્યું વચમાંથી તે ધનુષ નરપુંગવ યશસ્વીએ.
શબ્દ તેથી થયો મહત [1]નિર્ઘાતસમ.
હોય ફાટ્યો શું કો પર્વત મહાન ભૂકંપ તેવો થયો.
નર સહુ શબ્દથી મોહિત થઇ પડયા
જનક કૌશિક અને રાઘવશિવાયના.
સર્વ મનુષ્યોનુ સાંત્વન થતાં
ભયરહિત રાય વાકયજ્ઞ કર જોડીને
આમ મુનિપુંગવપ્રતિ વદયો—
"જોયું મ્હેં વીર્ય ભગવાન! આ દશરથાત્મજતણું.
પરમ અદભુત વળી [2]અતાર્કત [3]અચિંત્ય એ.
મ્હારી સીતા સુતા પ્રાપ્ત કરી નાથ દશરથાત્મજ રામને
સત્ય કરશે મુનિ! જનકકુળ કીર્તિમત.
સત્ય કૌશિક મુનિ! વીર્યશુલ્કા સીતા એ પ્રતિજ્ઞા થઇ.

---

૧ વીજળીના કડાકા જેવો. ૨ તર્કમા નઆવે એવું.
૩ ચિંતન-વિચારમા નઆવે એવું.

બ્રહ્મ! આપીશ હું રામને પ્રાણથી અધિક પ્રિય પુત્રીને.
ભદ્ર ત્હારૂં થજો કૌશિક! ત્હારી જો અનુમતિ
ત્વરિત રથમાં અયોધ્યા જઈ મંત્રી મુજ
નમ્ર વચનોથકી તેડી લાવે અહીં રાયને.
વીર્યશુલ્કાતણા દાનની વાત કહી સર્વશ
કુશળઅન્વય કહે નૃપતિને મુનિથી રક્ષિત સુ રાઘવતણું.
શીઘ્ર ગતિવાન જઇ સદ્ય આવે લઇ પ્રીતિથી યુક્ત [1]અવનીંદ્રને.
કૌશિકે ઠીક કહેતાંજ ધર્મિષ્ઠ તે નૃપતિએ
સદ્ય બોલાવી નિજ મંત્રીઓ
આપી શાસન સહુ વાત કહી
મોકલ્યા તેડી લઇ આવવા મહીપને.

સર્ગ ૬૮ મો.

નિમંત્રણ.

જનકઆદિષ્ટ આ દૂત સહુ ગાળીને રાત ત્રણ માર્ગમાં
શ્રમિત વાહનથી પેઠા અયોધ્યામહીં.
રાયના વચનને અનુસરી રાજમ્હેલે ગયા
દર્શન કર્યાં જહીં દેવસમ વૃદ્ધ દશરથતણાં.
ઉભય કર જોડીને ભયરહિત દૂત સહુ
મધુર અક્ષરમહીં નમ્ર વાણી વદયા—
"હે મહારાજ! મૈથિલ જનક નૃપતિએ અગ્નિહોત્રીસહિત
મધુર ને [2]સ્નેહસંરક્ત વાણીવડે
કુશળઅન્વય પૂછાવ્યું
પુરોહિતઉપાધ્યાયભૃત્યોસહિત આપનું.
કુશળઅન્વયગ્ર પૂછી નૃપતિવર! આપનું
જનક વૈદેહ મિથિલાધિપે

૧ રાજા. ૨ સ્નેહથી ઉછળતી

કુશિકઆત્મજની લઇ અનુમતિ કહાવ્યું છે આપને—
“ વિદિત મમ પૂર્વની પ્રતિજ્ઞા મ્હારી છે વીર્યશુલ્કા સુતા.
નૃપતિ નિર્વીય નિષ્ફળ થયા રાખતા દ્વેષ મ્હારીઉપર.
મ્હારી તે પુત્રીને જીતી છે રાય !
કૌશિકસહિત અહીં અકસ્માત આવેલ તવ આત્મજે.
હે મહાબાહુ ! જનની સભામહીં કર્યું
ભગ્ન મુજ દિવ્ય ધનુરત્ન
એ મહાત્મા રામ રઘુનાયકે.
મ્હારી ઇચ્છા પરમ પ્રતિજ્ઞા પાળવા
આપી મુજ વીર્યશુલ્કા સીતા મહાત્મા રામને
તેથી આપો અનુજ્ઞા ત્હમારી મ્હને.
હે મહારાજ ! આવો ત્હમે ઝટ
પુરોહિતઉપાધ્યાયસહ ને જુઓ પુત્રને.
રાજ ! નિર્વર્તન કરો ત્હમે મુજ પ્રતિજ્ઞાતણું,
પરમ આનંદ લો ઉભય તમ પુત્રના લગ્નનો.”
આ પ્રમાણે વિદેહાધિપતિ મૈથિલે મધુર કહાવ્યાં વચન
મુનિ શતાનંદનો મત અને કુશિકદાયાદ સંમત થતાં.”
શ્રવણ કરી દૂતનાં વાકય આ પરમ હર્ષિત નૃપ
વસિષ્ઠ ને વામદેવાદિ નિજ મંત્રીને વચન કહેતા હવા—
“ કૌસલ્યાનંદવર્ધન વસે રામ રક્ષિત કુશિકપુત્રથી
ભ્રાત લક્ષ્મણસહ વિદેહમાં.
જોયું છે વીર્ય કાકુત્સ્થનું જનક મિથિલાધિપે
જેથી તે ઇચ્છતો દાન કરવા નિજ સુતાતણું રામને.
જો રુચે મહાત્મા જનકની સાથ સંબંધ તો
શીઘ્ર જઇએ તહીં; યોગ્ય ન વિલંબ છે.
સર્વ મંત્રી મહર્ષિસહિત “ઠીક” બોલ્યા
અને તેથી સુપ્રીત પાર્થે કહ્યું
મંત્રીને ચાલવા સઘ વળતે દિને.

પરમ [1]સત્કૃત જનકરાયના સર્વે ગુણયુક્ત સહુ મંત્રીએ
રાત્રી બહુ ગાળી આનંદમાં.

સર્ગ ૬૯ મો.

દશરથનું આગમન.

વ્યતીત રાત્રી થતાં રાય દશરથ ઉપાધ્યાયબાન્ધવસહિત
હર્ષતા વચન બોલ્યા સુમંત્રપ્રતિ—
"મોકલો સદ્ય આગળ [2]ધનાધ્યક્ષને
વિવિધ રત્નો અને [3]વિત્ત પુષ્કળ લઇ;
શીઘ્ર વળી સચરે સૈન્ય ચતુરંગિણી ;
અશ્વ ઉત્તમ અને રથ વળી વાહનો
બ્હાર કાઢોની મુજ શાસને ;
કશ્યપ વસિષ્ઠ જાબાલી ને
વામદેવર્ષિ, દીર્ઘાયુ માર્કંડ કાત્યાયન દ્વિજ વડો—
સર્વને અગ્રમાં મોકલો ;
યોજ મુજ [4]સ્યંદન સુમંત્ર તું [5]કાળઅત્યયવિના.
દ્રુત સત્વર થવા કહે મ્હને.
આમ નૃપવરતણાં વચનથી સૈન્ય ચતુરંગિણી
સર્વ ઋષિ વર વળી રાય પાછળ ગયા.
માર્ગમાં ચાર દિન ગાળીને
આવી પહોંચ્યા સહુ નગર મિથિલાનિકટ.
જનક શ્રીમાન નૃપ પરમ હર્ષિત થયા
શ્રવણ કરી આગમન નૃપતિ દશરથતણું.
પ્રાપ્ત કરી આ રીતે વૃદ્ધ આ રાયને
પૂજન કરી મુદાયુક્ત મિથિલાધિપતિ જનક નરસત્તમે
વચન નરશ્રેષ્ઠને આ પ્રમાણે કહ્યાં—
"હે નરશ્રેષ્ઠ! સ્વાગત ત્હમે.
પ્રાપ્ત છો આપ રાઘવ સુભાગ્યે મ્હને.

---

૧ સત્કાર પામેલા ૨ ભંડારી. ખજાનચી ૩ પૈસા. ૪ રથ. ૫ વગર વિલંબે.

અનુભવો આજ આનંદ
સંપ્રાપ્ત જે ઉભય પુત્રે કર્યો વીર્યથી.
પરમ તેજસ્વી ભગવાન ઋષિસત્તમ વસિષ્ઠ
દ્વિજ શ્રેષ્ઠ સર્વેસહિત અત્ર આવ્યા
સુભાગ્યે સહસ્રાક્ષ શું દેવસંગાતમાં;
વિઘ્નવારણ સુભાગ્યે થયું.
વીર્યમાં શ્રેષ્ઠ બળવાન રાઘવતણા
આમ સંબધના યોગથી
સ્વકુળ પૂજિત થયું ભાગ્યથી.
કાલજ પ્રભાતના યજ્ઞઅંતે નરશ્રેષ્ઠ !
ઋષિસત્તમોસહિત કરજે વિવાહ."
આમ આ વચન કરી શ્રવણ મુનિમધ્યમાં
વાકયવિદ શ્રેષ્ઠ વાકયો વદયા મધુર મહીપતિપ્રતિ—
"સાંભળ્યું પૂર્વમાં [1]પ્રતિગ્રહ વશ્ય દાતારને.
તેથી કરશું અમો જેમ ધર્મજ્ઞ ! કહેશો ત્હમો."
વચન કરી શ્રવણ ધર્મિષ્ઠ વિખ્યાત સતવાદીનાં
પરમ વિસ્મિત થયો જનક મિથિલાધિપ.
સર્વ મુનિગણ મુદાયુક્ત મ્હોટા થઈ
સુખમહીં ગાળી રાત્રી પરસ્પર સમાગમથકી.
જનકઅભિપૂજિત મહારાજ તે રાઘવે
પુત્રદર્શનથકી પરમ હર્ષિત થઇ
ગાળી તહીં રાત આનંદમાં.
તત્વવિત જનક તેજસ્વી મિથિલાધિપે
યજ્ઞ ને લગ્નની કરી યથાધર્મ સર્વે ક્રિયા
નિર્ગમી સુખમહીં વિભાવરી.

---

૧ લેવું એ દાન આપનારની મરજીપર છે.

સર્ગ ૭૦ મો.

દશરથવંશવર્ણન.

નિર્મળ પ્રભાતના જનક વાકયજ્ઞ
સહુ રાણીસંગાત કર્મો કરી
વચન કહેતા પુરોહિત શતાનંદને—
"ભાઈ મ્હારો મહાતેજ બહુ વીર્યવાળો
અતિ ધાર્મિક કુશધ્વજ નામનો
વસી રહ્યો શાંકાશ્યા પુરીમહીં.
પુષ્પક વિમાનસમ પુણ્ય આ પુરીતણો
કોટ કરતો રહ્યો પાણીના પાન ઈક્ષુમતી સરિતના.
હુ અભિલાષી છુ ભ્રાતદર્શનતણો,
મુજ મહા યજ્ઞનો પાલ એ,
એ મહાતેજ ભોક્તા થશે પરમ મુજ હર્ષનો
આ પ્રસગે હુ સગાતમા."
વચન કહેતા મહા મુનિ શતાનદને
સેવક સમર્થ કઈ આવતા
હુકમ જનક નૃપતિએ કીધો.
શીઘ્ર વાજીપર નરેંદ્રશાસનથકી સચર્યા સેવકો
રાયને તેડવા ઈંદ્રઆજ્ઞાથી શું વિષ્ણુને.
પહોચી તે પુરીમહીં જઇ કુશધ્વજકને
સત્વર નિવેદી સહુ વાત ને પરમ ઇચ્છા જનકરાયની.
શ્રવણ કરી વાત બહુ વેગી આ શ્રેષ્ઠ દૂતોતણી
રાય આવ્યો કુશધ્વજ તહી નરેદ્રઆજ્ઞાથકી.
દર્શન કરી જનક ધર્મવત્સલ મહાત્માતણા,
વદી ધાર્મિક અતિ જનક વળી મુનિ શતાનંદને
રાય બેઠો નૃપતિયોગ્ય વર દિવ્ય આસનઉપર.
આસન લીધા પછી અમિત તેજસ્વી તે ઉભય ભ્રાતા વીરે

પાઠવ્યો મંત્રીસત્તમ સુદામો, તહીં
તેડી લઇ આવવા મંત્રીઆત્મજસહિત
શીઘ્ર અમિત પ્રભાયુક્ત દુર્ધર્ષ [1]ઈક્ષ્વાકુને.
જઈ રઘુવંશવર્ધનતણા દર્શન કરી
શિર નમાવી અભિવંદીને આમ કહેતો હવો મંત્રી તે—
"હે અયોધ્યાધિપતિ વીર! ઉત્સુક પુરોહિતઉપાધ્યાયસહ
આપના દર્શનાર્થે મિથિલનાથ વૈદેહ છે."
વચન કરી શ્રવણ આ મંત્રીસત્તમતણાં
રાય ઋષિસંઘબંધુસહિત આવી પહોંચ્યા નૃવર જનક જ્યાં.
વાકયવિદ શ્રેષ્ઠ મંત્રીઉપાધ્યાયબાંધવસહિત
નૃપતિ તે રાય વૈદેહને વાકય કહેતા હવા—
"હે મહારાજ! છે વિદિત આ આપને
મહત ઇક્ષ્વાકુકુલદૈવત ઋષિવર વસિષ્ઠ ભગવાન છે
સર્વ કૃત્યોમહી શ્રેષ્ઠ વકતા અને તેથી એ
સર્વ ઋષિઓ અને કુશિકઆત્મજની અનુમતિથકી
વંશવર્ણન અમ વસિષ્ઠ ધર્મિષ્ઠ કરશે મુનિ."
રાય દશરથ થયા શાંત ત્યાં તેટલે
પરમ વાકયજ્ઞ ભગવાન ઋષિસત્તમ વસિષ્ઠ તે
વાકય વૈદેહને સહુ પુરોહિતસહિત આમ કહેતા હવા—
"બ્રહ્મ [2]અવ્યક્તથી [3]ભૂત બ્રહ્મા થયા
નિત્ય, [4]અવ્યય અને [5]શાશ્વત.
મરીચિ ઉત્પન્ન થયો તેથકી, મરીચિસુત કશ્યપ,
કશ્યપાત્મજ વિવસ્વત, વિવસ્વતસુત મનુ
પ્રજાપતિ સુ વિખ્યાત છે,
મનુતણો પુત્ર ઇક્ષ્વાકુ, જે પ્રથમ પાર્થિવ અયોધ્યાતણો;
રાય ઇક્ષ્વાકુસુત કુક્ષિ શ્રીમાન વિશ્રુત વડો,
કુક્ષિઆત્મજ વિકુક્ષિ અને

૧ દશરથ રાજાને ૨ ન દેખાય એવું ૩ ઉત્પન્ન ૪ નાશ ન પામે એવા ૫ અનંત.

પુત્ર તેનો પ્રતાપી મહા બાણુ તેજસ્વી જે;
બાણુનો પુત્ર અનરણ્ય તેજસ્વી,
અનરણ્યનો પૃથુ અને પૃથુસુત ત્રિશંકુ વિખ્યાત,
ને ઉદ્દભવ્યો ધુંધુમાર ત્રિશંકુથકી;
આ મહીપતિ તણો સુત મહારથ મહાતેજ યુવનાશ્વ,
યુવનાશ્વનો પુત્ર પૃથિવીપતિ માન્ધાતા;
પુત્ર શ્રીમાન આ નૃપતિનો સુસંધિ,
પુત્ર જેના યુગલ ખ્યાત ધ્રુવસંધિ ને
ઉત્તમ પ્રસેનજીત નામથી;
પુત્ર ધ્રુવસંધિનો ભરત વિખ્યાત
ને ભરતનો અસિત તેજસ્વી જે;
યુદ્ધ કીધું મહા અસિત આ નૃપતિએ
હૈહયો, તાલજંઘો અને શૂર શશબિંદુ શત્રુસહિત;
અલ્પબળ અસિત પણ વિફળ થઇ યુદ્ધમાં
પત્નીસહ જઇ હિમાચળમહીં કાળને વશ થયો,
ઉભય આ પત્નીઓ થઈ હતી ગર્ભિણી એમ મ્હેં સાંભળ્યું;
એકના ગર્ભનાશાર્થે પણ [1]ગર દીધું
દ્વિતીય તે રાયની રાણીએ,
આ સમય ચ્યવન ભાર્ગવ મુનિ રમ્ય શૈલેશ હિમવાનમાં
થઇ [2]અભિરત, તહીં વાસ કરતા હવા.
[3]પદ્મપત્રાક્ષી મહાભાગ એકે પછી
પુત્ર ઉત્તમની અભિલાષથી વંદન કર્યું
જઇ દેવસમ પરમ તેજસ્વી ભાર્ગવકને;
આમ ઋષિપાસ જઇ વંદન કરી રહી
પુત્રઇચ્છાથકી મહિષી કાલિંદીને વચન વિપ્રે કહ્યાં—
"હે મહાભાગ! તવ કુખથી પ્રગટશે
પુત્ર મહાબળ મહાવીર્ય મહાતેજ શ્રીમાન શુભ

---

૧ ઝેર ૨ આસકત. ૩ કમળની પાખડી જેવી આખવાળી.

ગરસહિત. તેથી કમલાક્ષી હે! શોચ તું ન કરતી."
ચ્યવન મુનિને નમી રાજપુત્રી વર પતિવ્રતા;
પતિથી વિરહિત છતાં દેવીએ જન્મ આપ્યો પછી પુત્રને;
ગર્ભના નાશના હેતુથી
સપત્નીના કરથકી ગર અપાયું હતું
તેથી તે ગરસહિત સગર ઉત્પન્ન થયો;
સગરનો પુત્ર અસમંજ, અસમંજનો અંશુમત,
નરવર દિલીપ અંશુમતનો, ભગીરથ દિલીપનો;
મહીપતિ કકુત્સ્થ ભગીરથતણો, રઘુ નૃપ કકુત્સ્થનો,
રઘુતણો પુત્ર તેજસ્વી પ્રવૃદ્ધ જે પુરુષભક્ષક હતો,
તે થયો યુક્ત કલ્માષપાદ [1]પ્રથિત નામથી;
પુત્ર પ્રવૃદ્ધનો નૃપતિ શંખણ,
સુદર્શન મહાવીર્ય શંખણતણો,
અગ્નિવર્ણ વર આત્મજ સુદર્શનતણો,
અગ્નિવર્ણસુત શીઘ્રગ અને શીઘ્રગતણો મરુ,
મરુસુત પ્રશુશ્રુક, પ્રશુશ્રુકતનૂજ અંબરીષ છે;
અંબરીષતનય મહીપતિ નહુષ, નહુષનો યયાતિ,
યયાતિપુત્ર નાભાગ, નાભાગનંદન અજ,
અજથી ઉત્પન્ન થયા રાય દશરથ અને
દશરથાત્મજ રહ્યા રામલક્ષ્મણ ઉભય ભ્રાત આ.
પ્રથમથી વંશ શુદ્ધિ ધરતા, સત્યવાદી અને વીર
વળી પરમ ધર્મિષ્ઠ રાજાતણા
રાય ઇક્ષ્વાકુકુલજાત આ રામલક્ષ્મણ ઉભય ભ્રાતઅર્થે
અમે માગીએં નૃપતિ! તવ પુત્રીઓ.
દાન પુરુષર્ષભ! સમાનને યોગ્ય જ સમાનનું.

---

[1] પ્રખ્યાત.

સર્ગ ૭૧ મો.

જનકવંશવર્ણન.

આમ બોલી રહ્યા મુનિવર વસિષ્ઠ ત્યાં તેટલે
ઉભય કર જોડીને જનક બોલ્યા વચન—
"શ્રવણ અમ કુળનું વર્ણન કરોની હવે.
હે મુનિશ્રેષ્ઠ ! કુળવર્ણન સધર્મ છે [1]સદ્કુલોત્પન્નને;
તેથી હે મહામતિ ! શ્રવણ કરજો ત્હમે વંશવર્ણન હવે.
સત્ત્વવાનોમહીં શ્રેષ્ઠ ને પરમ ધર્મિષ્ઠ નિજ કર્મથી
ખ્યાત ત્રણ લોકમાં નૃપ હતો પ્રથમ નિમિ નામનો;
નિમિતણો મિથિ અને મિથિતનય જનક,
પ્રખ્યાત જનક પ્રથમ, જનકઅંગજ નૃપ ઉદાવસુ,
નંદિવર્ધન ઉદાવસુતણો,
નંદિવર્ધનસુત સુકેતુ બહુ શૂર જે; આત્મજ સુકેતુનો
દેવરાત નૃપતિ પરમ ધર્મિષ્ઠ બળવાન
ને દેવરાતસુત નૃપસત્તમ બૃહદ્રથ,
નૃપ બૃહદ્રથતણો આત્મજ પ્રતાપી મહાવીર,
સત્યવિક્રમ સુ [2]ધૃતિમાન સુધૃતિ મહાવીરનો,
ધૃષ્ટકેતુ સુ ધર્મિષ્ઠ સુધૃતિતણો,
નૃપતિ હર્યશ્વ રાજર્ષિવર ધૃષ્ટકેતુતણો;
પુત્ર હર્યશ્વનો મરુ અને મરુસુત પ્રતીન્ધક,
કીર્તિરથ રાય ધાર્મિક મહા સુત પ્રતીન્ધકતણો;
કીર્તિરથપુત્ર નૃપ દેવમીઢ નામનો,
વિબુધ દેવમીઢનો, વિબુધનો મહીધ્રક,
મહીધ્રકપુત્ર નૃપ કીર્તિરાત પ્રબળ,
રાજ રાજર્ષિ કીર્તિતણો સુત મહારોમ
ને સ્વર્ણરોમા સુ ધાર્મિક મહારોમનો;

---

૧ સારા કુળમા ઉત્પન્ન થયલાને. ૨ ધિરજ, હિમ્મતવાળો

સ્વર્ણરોમાતણો હ્રસ્વરોમા થયો;
તે મહાત્મા સુધાર્મિક મહારાજના
પુત્ર બે-જ્યેષ્ઠ હું ને કુશધ્વજ [1]અનુજ વીર મુજ.
રાજ્યઅભિષેક હું જ્યેષ્ઠ સુતનો કરી
ને કુશધ્વજતણો ભાર મુજપર ધરી તાત વનમાં ગયા.
વડિલ સ્વર્ગે જતાં વહન કરતો ધુરા ધર્મથી
નેહની નજરથી નિરખતો
દેવસમ ભ્રાત મુજ કુશધ્વજ વીરપર.
એક સમયે મહાવીર્ય રાજા સુધન્વા
પુરી શ્રેષ્ઠ સાંકાશ્યાથી આવી પહોંચ્યો અહીં
ઘેરવા નગર મિથિલા અને કહાવ્યું એણે મ્હને
આપવા શૈવ ધનુ શ્રેષ્ઠ ને પરમ કમલાક્ષી કન્યા સીતા.
એ નહીં આપતા હે મહર્ષિ! કર્યું યુદ્ધ એણે,
થઈ વિમુખ જેમાં પડ્યો રાય મુજ કરથકી.
હણી સુધન્વા નૃપતિ હે મુનિશ્રેષ્ઠ!
અભિષેક કીધો કુશધ્વજ મહાવીરનો નગર સાંકાશ્યામાં
ભાઇ ન્હાનો મુનિ! એ કુશધ્વજ અને જ્યેષ્ઠ હું.
હે મુનિપુંગવ! પરમ પ્રીતિથકી
બે [2]વધુ આપને આપશું ઊર્મિલા ને સીતા
ઉભય લક્ષ્મણ અને રામને.
ત્રણ વખત હું કહું સંશયવિહીન આપીશ વધુ
[3]વીર્યશુલ્કા સુરસુતોપમ સુતા સીતા
દ્વિતીય ઊર્મિલાને પરમ પ્રીતિથકી.
રામલક્ષ્મણનિમિત્તે નૃપતિ! આપી ગોદાન શુભ
પિતૃકાર્ય કરીને થાઓ પ્રવૃત્ત સહુ લગ્નના કાર્યમાં.
આજ નક્ષત્રે છે હે મહાબળ! મઘા

---

૧ ન્હાનો ભાઇ ૨ વહુ ૩ વીર્ય જેનું મૂલ્ય છે એવી દેવની પુત્રી જેવી મ્હારી પુત્રી સીતા.

તૃતીય દિવસે થશે ઊત્તરા ફલ્ગુની;
હે પ્રભુ! તે સમય મંગળ કરો વિવાહ;
રામલક્ષ્મણાર્થે દાન તેથી [1]સુખોદય કરો."

સર્ગ ૭૨ મો.

ભરતશત્રુઘ્નનું સગપણ.

આમ વૈદેહ બોલી રહ્યા એટલે કૌશિક મહામુનિ
મુનિવર વસિષ્ઠસહ વીર રાજાપ્રતિ આમ બોલ્યા વચન—
"હે પુરુષપુંગવ! [2]અચિંત્ય [3]અપ્રમેય છે
કુળ શુભ વિદેહઇક્ષ્વાકુનાં, એની તુલ્ય નવ કો.
યોગ્ય આ ધર્મસંબંધ ને યોગ્ય આ રૂપસંબંધ નૃપ!
રામલક્ષ્મણ અને સીતાઊર્મિલાનો.
હે નરશ્રેષ્ઠ! કર વચન મમ શ્રવણ તું.
અવનિમાં અપ્રતિમ રૂપવતી યુગલ છે
કન્યકા તરુણ તવ ભાઈ ધર્મિષ્ઠને
માગીએ એ ઉભય નૃપતિ હે!
ભરત સુ કુમાર ધીમાન શત્રુઘ્ન સારૂ અમે,
જેમ તવ પુત્રીઓ મહાત્મા રામલક્ષ્મણાર્થે.
પુત્ર આ રાય દશરથતણા રૂપયૌવનથકી યુક્ત
ને [4]લોકપાલસરખા, વિક્રમી દેવસમ.
તેથી રાજેન્દ્ર હે! ઉભય ભ્રાતા ત્હમે
થાઓ સંયુક્ત ઇક્ષ્વાકુકુલસાથ સંબંધથી.
નિશ્ચળ રહો ત્હમે પુણ્યકર્મી રૂડા કાર્યમાં."
શ્રવણ કરી વચન આ કુશિકઆત્મજતણાં
મત વળી વસિષ્ઠનો જનક અંજલિ કરી વાક્ય બોલ્યા પછી—

---

૧ સુખ ઉત્પન્ન કરે એવું. ૨ તર્કમાં ન આવી શકે એવા ૩ સમજમાં ન આવે એવાં. ૪ ઇંદ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, સોમ અને ઇશાન આ આઠ લોકપાલ અથવા દિકપાલ કહેવાય છે.

"ધન્ય મુજ કુળ ગણું કેમકે આપ મુનિપુંગવો
શાસન કરો મ્હને બાંધવા આમ સંબંધ સમ કુળતણો.
આપની જેવી આજ્ઞા મુનિ!
ઉભય પુત્રી કુશધ્વજતણી
પરમ પત્ની થશે ભરતશત્રુઘ્નની;
ગ્રહણ કરશે મુનિ! ચતુર બળવાન આ રાજપુત્રો મહા
એકજ દિને ચતુર રાજપુત્રીતણું.
બ્રહ્મન! પ્રશસ્ત નક્ષત્ર ધીમાન ગણતા
વિવાહાર્થ ભગદેવ સ્વામિત્વનું ઉત્તરા ફલ્ગુની."
સૌમ્ય વચનો વદી જનક ઉભા થઇ
અંજલિ કરી ઉભય મુનિવરપ્રતિ વદયા—
"કાર્ય કીધું મુનિ! પરમ મ્હે ધર્મનું, શિષ્ય હું આપનો.
મુખ્ય આસન ઉપર આપ બેસો મુનિપુંગવો.
જેમ દશરથ અહીં તેમ છું હું અયોધ્યામહીં,
કઇજ સંદેહ ન પ્રભુત્વનો; યોગ્ય લાગે મુનિ! તે કરો."
આમ વૈદેહ તે વચન વદતા હતા એટલે
હૃષ્ટ રઘુનંદન નૃપતિ દશરથ વદયા વચન મહીપતિપ્રતિ-
"છે ગુણ અસંખ્ય મિથિલેશ ભ્રાતાતણા.
પૂજન કર્યું ત્હમે ઋષિ અને રાજસંઘોતણું;
સ્વસ્તિ. કલ્યાણ આપનું થજો;
રાજ! સ્વસ્થાન જઇને અમે
શ્રાદ્ધ કરશું વિધિસર હવે."
આમ કહી વચન નૃપ જનકને દશરથ યશસ્વી મહારાજ
કરી આગળ મુનીંદ્રને શીઘ્ર ચાલ્યા ગયા.
વાસ જઇ શ્રાદ્ધ વિધિસર કર્યું;
ઉઠી પછી પ્રભાતના સઘ ગોદાન ઉત્તમ કર્યું;
પુત્ર ઉદ્દેશીને વિપ્ર પ્રત્યેકને
ધર્મથી આપી નરસત્તમે ગાય શતસહસ્ર;

[1]હેમશૃંગોથી સંપન્ન ને વત્સ વળી [2]કાંસ્ય દોહનસહિત
ગાય આપી ચતુર્લક્ષ પુરુષર્ષભે;
વિત્ત આપ્યું બહુ વિપ્રને દાનમાં
પુત્રશ્રેયાર્થ તે પુત્રવત્સલ રઘુનંદને.
દાન કીધા પછી શોભતો પુત્રઆવૃત મહા પાર્થ તે
લોકપાલોથી [3]વૃત સુપ્રિય પ્રજાપતિ.

સર્ગ ૭૩ મો.

લગ્નમહોત્સવ.

જે દિને દાન ઉત્તમ કર્યું ગાયનું તે દિને
ભરતનો માતુલ નૃપતિ કેકયતણો આત્મજ યુધાજિત
વીર આવ્યો તહીં રાય દશરથકને.
દર્શન કરી પુછી કુશળ બોલ્યો વચન આમ તે–
"કેકયાધિપતિએ પૂછયું છે કુશળ તમ સ્નેહથી;
જેમના કુશળની આપને કામના હાલ તે કુશળ છે.
રાજ રાજેંદ્ર ! છે મહીપતિ દર્શનાતુર બહુ
મુજ ભગિનીપુત્રના તેથી રઘુનંદન !
હું અયોધ્યા ગયો. સાંભળ્યું મ્હેં તહીં
પુત્ર આવ્યા અહીં આપસહ મંગળ વિવાહમાં.
તેથી આવ્યો અહીં દર્શનોત્સુક હઇ
શીઘ્ર મુજ ભગિનીના પુત્રનાં."
આમ આવેલ આ અતિથિ સ્નેહીતણાં દર્શન કરી
નૃપતિ દશરથે પરમ સત્કાર દઇ
યોગ્ય પૂજન કર્યું પ્રેમથી.
પુત્ર મહાત્માસહિત રાત્રી ગાળી પછી
મંગળ પ્રભાતના પુન નૃપતિ ઉઠી નિત્ય કર્મ કરીને
નીસર્યા તત્વવિત આગળ કરી ઋષિસંઘને,
સદ્ય આવ્યા નિકટ યજ્ઞના વાટની.
યુક્ત પછી વિજય મુહૂર્તે થયું એટલે

૧. સોનાના શીંગડાંવાળી. ૨. કાંસાના દોહવાના પાત્ર સાથે. ૩. વીંટળાયલો.

સર્વ આભરણભૂષિત ભ્રાતાસહિત
રામ કૌતુક ક્રિયા મંગળ કરી સહુ અપર ઋષિસાથમાં
મુનિવર વસિષ્ઠને રાખીને મોખરે
આવી પ્હોંચ્યા નિકટ યજ્ઞના વાટની.
પછી વસિષ્ઠે કહ્યાં વચન વૈદેહને—
"હે નૃપતિશ્રેષ્ઠ ! છે રાય દશરથ હવે
મંગળ કરેલ કૌતુક સ્વપુત્રોસહિત
પરમ કાંક્ષિત તું દાતાની આજ્ઞાતણા.
અર્થ સહુ થાય છે સિદ્ધ નૃપ !
ઉભય [1]દાતાગ્રહીતાવડે.
તેથી ઉત્તમ વિવાહ તું કરી
કરની પ્રતિપાદન સ્વધર્મનું.'
આ પ્રમાણે મહાત્મા મુનિ વસિષ્ઠનાં વચન શ્રવણે ધરી
પરમ ધર્મજ્ઞ, ઔદાર્યથી યુક્ત, તેજસ્વી તે નૃપ વદયો—
"કોણ ઉભો પ્રતિહાર છે!
વાટ જુઓ ત્હમે કોની આજ્ઞાતણી ?
હોયજ વિચાર શો સ્વગૃહે ? રાજ્યજ ત્હમારૂં આ.
દીપ્ત વન્હિતણી [2]અર્ચીસમી મ્હારી સહુ કન્યકા
કૌતુક કરી ઉભી વેદિના મૂલની સમીપમાં.
વેદિની નિકટ બેઠેલ હું વાટ મુનિ ! જોઉં છું આપની;
સઘળું મુનિવર ! અવિઘ્ને કરો. શું કરવા કાળક્ષેપ કરતા ? "
ઉક્ત વાકયો કરી શ્રવણ નૃપ જનકનાં
રાય દશરથ સહુ પુત્રઋષિગણસહિત સદ્મ અંદર ગયા.
તે પછી જનક મિથિલેશ્વરે વચન મંગળ કહ્યાં
મુનિવર વસિષ્ઠને-"હે ઋષિ ! ધાર્મિક પ્રભુ ! કરો
સર્વ ઋષિસાથ શુભ લોકપ્રિય રામના લગ્નકેરી ક્રિયા."
"એમ કરીએ" કહી પરમ ભગવાન તે તાપસે
આગળ કરી કુશિકપુત્ર, ધાર્મિક શતાનંદને

૧ દાન દેનાર અને લેનાર ૨ જ્વાળા.

વેદિ તૈયાર વિધિવત કરી
યજ્ઞશાળાતણી મધ્યમાં.
ગંધપુષ્પોવડે, હેમની પાળ ને [1]ચિત્ર કુંભોવડે,
[2]અંકુરથી યુકત ને ધૂમ્રથી પૂર્ણ પાત્રોવડે,
શંખ, [3]સ્રુવ, [4]સ્રુક અને અર્ઘ્યનાં પાત્ર
વળી [5]લાજ કુંકુમથકી યુકત [6]અક્ષતથી પરિપૂર્ણ પાત્રિવડે
શુભ અલંકૃત કરી વેદિને.
પાથર્યા દર્ભ [7]સમ તેઉપર મંત્રપૂર્વક વિધિસર અને
મંત્ર વિધિવતવડે કીધું આધાન અગ્નિતણું;
આપી પછી આહુતિ અગ્નિમાં મુનિવર વસિષ્ઠ તેજસ્વીએ.
સર્વ આભરણભૂષિત તહીં આણી વૈદેહિને
આપી આસન પતિ રામસન્મુખ પછી અગ્નિની સમક્ષમાં
જનક મિથિલેશ્વરે વાકય મધુરા કહ્યા
કૌસલ્યાનંદવર્ધનપ્રતિ—"રાઘવ! સ્વીકાર કર
મ્હારી પુત્રી સીતા ત્હારી સહધર્મચરી જાણીને.
ભદ્ર ત્હારૂ હજો. કરની પાણિવડે
ગ્રહણ મુજ પુત્રીના પાણિનું.
એ મહાભાગ સુ પતિવ્રતા
અનુગમન ત્હારૂ કરશે હવે નિત્ય છાયાસમી."
આમ કહીને મૂકયું મંત્રથી શુદ્ધ જળ નૃપતિએ
"સાધુ, સાધુ" વદયા સુર અને ઋષિજનો.
ગડગડયાં દુંદુભિ દેવનાં, વૃષ્ટિ થઇ પુષ્પની.
મંત્ર ને ઉદકથી આપી પુત્રી સીતા
હર્ષવ્યાકુળ જનક આમ બોલ્યા વચન—
"આવ લક્ષ્મણ અહો! ભદ્ર ત્હારૂ હજો.
રાઘવ! સ્વીકાર મુજ ઊર્મિલા, પકડની પાણિ તું વિલંબવિન"
આમ કહી સદ્ય ભરતપ્રતિ રાય બોલ્યા વચન—

૧ ચિત્રેલા ૨ જુઆરા ૩ સરવો. ૪ એક જાતનો સરવો. ૫ ધાણી ૬ ભાત.
૭ સરખે અંતરે

" હે રઘુનંદન ! પાણિ કર ગ્રહણ માંડવ્યાનો."
પરમ ધર્મિષ્ઠ મિથિલેશ્વરે વચન શત્રુઘ્નને પણ કહ્યાં–
"હે મહાબાહુ ! શ્રુતકીર્તિનો પાણિ કર ગ્રહણ તવ પાણિમાં.
સૌમ્ય સર્વે હુજો [1]સુચરિતવ્રત થજો
સર્વ રાઘવ હવે પત્નીસંયુક્ત કઇ કાળ પર્યયવિના."
વચન કરી શ્રવણ નૃપ જનકનાં મુનિવર વસિષ્ઠના મતથકી
ચાર રઘુવંશીએ પાણિને પકડી પાણિવડે
અગ્નિ ને વેદિની. રાયઋષિસંઘની
પત્નીસહ કરી પછી પ્રદક્ષિણા.
આમ રઘુમુખ્યનાં શાસ્ત્રવિધિપૂર્વક વિવાહ થતાં
અંતરિક્ષથી થઇ પુષ્પ [2]ભાસ્વરની વૃષ્ટિ મહા,
દિવ્ય દુંદુભિતણા ઘોષ નિસર્યા અને ગીતવાદિત્રના [3]નિસ્વનો,
અપ્સરાસંઘ નાચી રહ્યા, ગાય ગંધર્વ મધુરાં ગીતો.
લગ્નમાં સર્વ અદ્દભુત દીસ્યું.
આ થતાં તે રઘુનંદન મહોજસ વધૂસહિત
કરી પરિક્રમણ ત્રણ વખત અગ્નિતણું
નિજ ઉતારે ગયા ઘોષ તુરીઓતણા વાગતા.
સર્વ ઉપકાર્ય પરિપૂર્ણ છે થઇ ગયાં
જોઇ નૃપતિ ગયા સર્વ ઋષિસઘબાંધવસહિત.

સર્ગ ૭૪ મો.

[4]પરશુરામ.

વ્યતીત રાત્રી થઇ એટલે કૌશિક મહામુનિ
પૂછીને ઉભય તે રાયને સદ્ય પર્વત ગયા ઉત્તર દિશામહીં.

---

૧ સારા આચરણ, નિયમવાળા ૨ તેજસ્વી ૩ સ્વર ૪ જમદગ્નિના પુત્ર. એ જ્યારે ન્હાના હતા ત્યારે એમણે એમના પિતાની આજ્ઞાથી એમની માનો શિરચ્છેદ કરેલો અને પછી પિતાપાસે વરદાન મેળવી પાછી તેને સજીવન કરાવેલી એક વખત એઓ બહાર ગયા હતા તે વખતે કાર્તવીર્યના પૂત્રે એમના પિતાનો વધ કર્યો. તેથી ક્રોધ કરી એમણે ત્રણ વખત પૃથ્વી નક્ષત્રી કરી હતી બાકીનો વૃત્તાંત નીચે આવે છે.

આમ કૌશિક જતાં રાય દશરથ પછી
પૂછી વૈદેહ મિથિલેશને તત્પર થયા જવા નિજ પુરી,
એટલે આપ્યું કન્યાધન બહુજ વૈદેહ મિથિલેશ્વરે.
સેંકડો સહસ્રો સુરભિઓ, [1]કંબલો શ્રેષ્ઠ
ને અંબરો કોટિબંધ, હસ્તિ અશ્વરથ [2]પાદાત
વળી દિવ્ય રૂપયુક્ત ને શુભ અલંકૃત
શત અનુત્તમ કુમારિકા દાસદાસીમહીં.
આપ્યું કન્યાધન સુપ્રીત મહીપાલકે
શ્રેષ્ઠ મુક્તા અને વિદ્રુમ સુવર્ણ હિરણ્યનું.
આમ આપી બહુ પાર્થ દશરથતણી
યોગ્ય આજ્ઞા લઇ આવી મિથિલામહીં
નિજ ભવનમાં ગયા મૈથિલ મહીપતિ.
રાય દશરથ અયોધ્યાધિપતિ સચર્યા સુત મહાત્માસહિત
આગળ કરી ઋષિ સર્વને સૈન્યસંયુક્ત થઇ.
આમ નરવ્યાઘ્ર રાઘવ ઋષિસંઘસહ વિચરતાં,
ઘોર ચોમેર કરતાં હવાં શબ્દ બહુ પક્ષીઓ,
ભૂમિપરના [3]મૃગો જાય દક્ષિણમહીં.
જોઇ આ રાજશાર્દૂલ સહુ પૂછતા મુનિવર વસિષ્ઠને—
" દારુણ કરી રહ્યાં નિસ્વન વિહંગમો,
દક્ષિણમહીં મૃગો જાય છે. આ શું ?
મુનિશ્રેષ્ઠ ! કંપે હૃદય, ખેદ મન પામતું."
વચન કરી શ્રવણ આ દશરથ નૃવરનાં
મધુર વાણી મહર્ષિ વદયા—" એનું ફળ સાંભળો.
શબ્દ આકાશનાં પંખીઓ જે કરે
સૂચવે તે ઉપસ્થિત થયું ઘોર ભય.
પણ મૃગો સૂચવે શમન એ ભયતણું
તેથી સંતાપનો ત્યાગ નૃપતિ ! કરો."

---

૧ શાલ ૨ પગે ચાલનારા સિપાઇ ૩ પશુઓ.

આમ ચાલુ હતી વાત ત્યાં તેટલે
વાયુ [૧]પ્રાદુર થયો, કંપી રહી મેદિની,
પાત લાગ્યો થવા તહીં મહા દ્રુમતણો;
સૂર્ય આવરિત અંધારથી, સર્વ અદૃશ્ય થઇ ગઇ દિશા;
[૨]ભસ્મસંવૃત સહુ મૂઢ સેના થઇ;
માત્ર ચૈતન્ય ધરીને રહ્યા
દશરથ વસિષ્ઠ ઋષિ અન્ય ને રાઘવો.
ઘોર તમમાં થયું સર્વ [૩]બલ ભસ્મથી [૪]છન્ન શું.
તે સમય નૃપતિવર દશરથે તત્ર દર્શન કર્યાં
[૫]ભીમસંકાશ, ધરી મંડલજટા શિરે,
[૬]રાજવીમર્દન મહાન નર,
કેવળ [૭]અસહ્ય કાળાગ્નિ ને પરમ [૮]દુર્ધર્ષ કૈલાસસમ,
ઝળઝળીત તેજથી દીપ્ત, [૯]દુર્દર્શ સામાન્યને,
મૂકીને [૧૦]પરશુ નિજ સ્કંધપર,
કર ગ્રહી વીજળીસમ ધનુષ ને ઉગ્ર શર,
શ્રેષ્ઠ સાક્ષાત ત્રિપુરઘ્ન શંકરસમા
જામદગ્નેય [૧૧]ભાર્ગવતણાં.
ભીમસંકાશ આ દીપ્ત પાવક સમા દેખીને
હોમજપપરાયણ પ્રમુખ સુ વસિષ્ઠસહ
વિપ્ર મુનિઓ થયા તત્ર એકત્ર બોલે પરસ્પર સહુ—
" પિતૃવધથી શું ક્રોધિત થઈ ઇચ્છતા નાશ સહુ ક્ષત્રીનો ?
પૂર્વમાં ક્ષત્રવધ સાધીને,
ક્રોધને બાળીને તાપને ટાળીને
ક્ષત્રીનો નાશ કરવાની ઇચ્છા ન એને હશે."
આમ વાતો કરી, ભીમદર્શન સુ ભાર્ગવ મહાવિપ્રને

---

૧ દેખાય એવો-તોફાની ૨ રાખ-ધુળથી વીંટળાઇ ગયલી. ૩ લશ્કર ૪ ઢંકાયલું. ૫ ભયંકર જેવો. ૬ રાજાઓને મારનાર. ૭ ન સહન થાય એવો ૮ અજીત ૯ સાધારણ લોકને અદૃશ્ય ૧૦ ફરસી ૧૧ ભૃગુવંશમા ઉત્પન્ન થયલા.

અર્ધ્યે આપી, મધુર વાક્ય ઋષિઓ વદ્યા "રામ! હે રામ!" કહી.
કરી પ્રતિગ્રહણ ઋષિદત્ત પૂજાતણું
દ્વિજવર પ્રતાપી જમદગ્નિસુત રામ
બોલ્યા વચન દાશરથિ રામશું—

સર્ગ ૭૫ મો.

પરશુરામનાં વચન.

"[1]દાશરથિ રામ હે! વીર! તવ વીર્યે અદ્‌ભુત મ્હેં સાંભળ્યું;
વાત મ્હેં સાંભળી ધનુષભેદનતણી.
શ્રવણ કરી અદ્‌ભુત અચિંત્ય ધનુભંગ હું રામ! આવ્યો અહીં.
અપર શુભ ધનુષનું ગ્રહણ કર.
સ્વબળ દર્શાવ તું શર ચઢાવી હવે
ઘોર આ મહત ભાર્ગવતણા ધનુષપર.
ધનુષ આરોપતાં દેખી બળ ત્હારૂં હું
[2]દ્વદ્વ આપીશ જે [3]શ્લાઘ્ય વીરોવડે."
શ્રવણ કરી વચન આ ખિન્ન વદને મહા
દીન દશરથ વદ્યા વાક્ય અંજલિ કરી—
"શાત [4]આમર્ષ કીધો ત્હમે ક્ષત્રીઓ તરફનો.
આપ બ્રાહ્મણ તપસ્વી વડા આપવા યોગ્ય છો
અભય મુજ પુત્ર આ બાળને; આપ જન્મેલ છો
વ્રત અને વેદઆસક્ત ભાર્ગવકુળે,
શસ્ત્રનો ત્યાગ આપે કર્યો
લઇ પ્રતિજ્ઞા સહસ્રાક્ષની સમક્ષમાં.
ધર્મઆસક્ત થઇ કશ્યપ મુનીંદ્રને આ દઇ વસુંધરા
વાસ કીધો ત્હમે મહીધર મહેંદ્રમાં.
પ્રાપ્ત અમને થયા હે મહામુનિ! ત્હમે

---

૧ દશરથના પુત્ર ૨ બે માણસ યુધ્ધ કરે તે દ્વદ્વ યુધ્ધ. ૩ જેને વીર પુરૂષો વખાણે છે. ૪ ક્રોધ.

યોજવા નાશ મમ સર્વનો.
નાશ પામે કદિ એક જો રામ નવ જીવીએ અમ સહુ."
આ પ્રમાણે વચન નૃપતિ દશરથ વદયા
પણ ન ગણકારતાં તે પ્રતાપી મહા પુત્ર જમદગ્નિના
રામપ્રત્યે વદયા વાક્ય આ—
દિવ્ય દૃઢ શ્રેષ્ઠ બળવાન ને [1]લોકઅભિપૂજિત છે
મુખ્ય બે ધનુષ–[2]કૃતિ વિશ્વકર્માતણી.
એક બેમાંનું જે ભાંગ્યુ કાકુત્સ્થ ! તેં આપ્યું સહુ સુરવરે
યુદ્ધઉત્સુક સુ ત્રિપુરઘ્ન ત્ર્યંબક મહાદેવને,
દ્વિતીય દુર્ધષ આ ધનુષ આપ્યુ હતું વિષ્ણુને.
રામ ! આ ધનુષ વૈષ્ણવ [3]પરપુરંજય
સમાન છે સારમાં રૌદ્ર ધનુવરતણી.
એક સમયે સહુ દેવ શ્રેષ્ઠે નિરીક્ષા કરી જાણવા
પિતામહને કહ્યુ બળાબળ વિષ્ણુ ને રુદ્રનુ.
જાણી અભિપ્રાય આ અમરનો
સત્યવાનોમહીં શ્રેષ્ઠ બ્રહ્માજીએ
ઉભય દેવોમહીં વિરોધ ઉત્પન્ન કર્યો.
[4]રોમહર્ષણ થયું યુદ્ધ આ ઉભયનું,
વિષ્ણુ શંકર પરસ્પર વિજય ઇચ્છતા.
વિષ્ણુના રામ ! હુંકારથી
ભીમવિક્રમી ધનુષ શૈવ [5]જૃંભિત થયું,
સ્તંભિત થયા ત્રિલોચન મહાદેવ તે.
દેવ ઋષિસંઘ ને ચારણો યાચતાં
શાંત સુરસત્તમ થયા પછી,
વિષ્ણુના વીર્યથી જોઇ જૃંભિત ધનુષ શૈવને
દેવઋષિગણુ ગણે અધિક કંઇ વિષ્ણુને.

---

૧ લોકોવડે પુજાયલુ. ૨ વિશ્વકર્માએ બનાવેલા છે. ૩ દુશમનનાં નગર જીતી લે એવુ. ૪ રૂવાડા ઉભા કરે એવુ ૫ ઢીલું.

ક્રોધથી યુકત વૃષભધ્વજ યશસ્વીએ
આપ્યું [1]સાયકસહિત ધનુષ તે
રામ! રાજર્ષિ વૈદેહવર દેવરાત નૃપને.
પરપુરજય અહો રામ! વૈષ્ણવ ધનૂ
વિષ્ણુએ આપ્યું ભાર્ગવ ઋચીક વિપ્રને [2]ન્યાસ ઉત્તમ કરી.
ઋચીક તેજસ્વીએ દિવ્ય ધનુ આપ્યું નિજ પુત્ર મુજ તાત
તે અપ્રતિમકર્મ મહાત્મા સુ જમદગ્નિને.
ત્યાગ કરી શસ્ત્ર, તપ તાત મુજ આચરે જે સમય
અર્જુને બુદ્ધિ [3]પ્રાકૃત કરી મૃત્યુ કર્યું એમનું.
શ્રવણ કરી ઘોર આ અપ્રતિમરૂપ વધ તાતનો
રોષ ઉપ્તન્ન થતાં નાશ કરી સત્વર અનેકશ ક્ષત્રીનો
પ્રાપ્ત કરી અખિલ આ પૃથ્વી જે
દક્ષિણામહીં દીધી પુણ્ય કર્મ કરતા કશ્યપ મુનીંદ્રને.
આપીને દાન તપબળથી સયુક્ત હું
વાસ કરતો હતો મહીધર મહેદ્રમા.
શ્રવણ પડતાં તહીં શબ્દ ધનુભગનો શીઘ્ર આવ્યો અહીં.
તેથી હે રામ! પાલન કરી ક્ષત્રીના ધર્મનું
ગ્રહણ કર સદ્ય વૈષ્ણવ ધનૂ ઉત્તમ મહાન આ
મુજ પિતા ને પિતામહતણું,
યોજ શર પરપુરંજય ધનૂ શ્રેષ્ઠપર,
શકત જો તું થશે રામ કાકુત્સ્થ! આપીશ તો દ્વંદ્વ હું.

સર્ગ ૭૬ મો.

પરશુરામનો પરાજય.

વચન કરી શ્રવણ જમદગ્નિઆત્મજતણાં
દાશરથિ રામ નિજ તાતની સમક્ષ

૧ તીર ૨ અનામત ૩ જ ગલી

થઇ વિનયસર ગૌરવથી યુક્ત વાણી વદયા—
"ભાર્ગવ! પિતાનું ઋણ ચુકવવા કર્મ જે તેં કર્યાં
શ્રવણ તે મ્હેં ધર્યો, માન્ય વળી બ્રહ્મ! તે છે મ્હને.
પણ અવજ્ઞા તું મ્હારી કરે ક્ષત્ર ધર્મી મ્હને
સાવ ગણી હીન શક્તિ અને વીર્યથી.
આજ જો મ્હારૂં વિક્રમ અને તેજ તું."
આમ કહીને વચન ક્રુદ્ધ [1]લઘુવિક્રમી રાઘવે
કર થકી લઇ લીધાં [2]શરવરાયુધ મહાવિપ્ર ભાર્ગવતણાં.
ધનુષ આરોપીને સજ્જ શરને કરી
રામ બોલ્યા વચન ક્રોધથી રામ ભાર્ગવપ્રતિ—
"રામ ! બ્રાહ્મણ તું છે, છે વળી પૂજ્ય કૌશિકતણા કારણે;
તેથી નથી શકત શર મુક્ત કરવા હું જે પ્રાણ ત્હારા હરે.
પણ મતિ હુ કરૂં નાશ કરવા ગતિ કે તવ
અપ્રતિમ લોક [3]જે અર્જીત તપોબળે તેં કર્યા.
રામ ! [4]બળદર્પનાશક પરપુરજય સુદિવ્ય વૈષ્ણવ શર
વ્યર્થ નહીં જાય કદિ વીર્યમાં."
દર્શનાર્થે [5] વરાયુધધર શ્રી રામના
આગળ કરી સહુ લોકના તાતને
સર્વ ઋષિસ઼ઘસુર સઘ આવ્યા તહીં;
અપ્સરાસિદ્ધગંધર્વચારણ
મહા નાગકિન્નર અને યક્ષરાક્ષસ થયા
અત્ર એકત્ર સહુ દેખવા મહત અદભુત આ.
સ્હામું જોતાં જ વર ધનુર્ધર રાઘવે
ભાર્ગવ મહાન તે વીર્યથી વિહિન થઇ જડ થયા
ને રહ્યા જોઇ [6]અનિમેષ નયનોવડે રામને.

---

૧ ચપળ ૨ શર એટલે તીર અને ઉત્તમ આયુધ એટલે ધનુષ ૩ ત્હારી ગતિ અથવા તે પ્રાપ્ત કરેલા લોકનો નાશ હુ કરીશ. ૪ બળ અને અહંકારનો નાશ કરનાર ૫ ઉત્તમ આયુધ ધારણ કરેલુ છે એવા. ૬ આંખ વીંચ્યા વગર ટગર ટગર.

રામના તેજથી આમ ગતવીર્ય થઇ જડ થયા
વિપ્ર જમદગ્નિના આત્મજે
કમળપત્રાક્ષ રાઘવપ્રતિ મંદ વચનો કહ્યાં—
"આપી જે સમય મ્હેં રાઘવ! વસુંધરા કાશ્યપ મુનીંદ્રને
કાશ્યપે કહ્યું હતું તે સમય "વાસ કરતો ન મુજ દેશમાં."
ગુરુવચન અનુસરી વાસ કરતો ન હું પૃથ્વીપર રાતના;
આમ પાળેલ મ્હેં વચન કાશ્યપતણું;
નષ્ટ ના કર તુ કાકુત્સ્થ! મુજ એ ગતિ;
જઇશ હું પર્વતોત્તમ મહેંદ્રે મનોવેગથી,
રામ! કર નાશ શરમુખ્યથી વિલંબવિન
અપ્રતિમ લોક અર્જીત કર્યા તપવડે.
આ ધનુષના તવ પ્રયોગથી જાણ્યું મ્હેં
છે સુરેશ્વર તુ અક્ષય્ય મધુસૂદન.
ભદ્ર ત્હારૂં પરતપ! થજો.
[1]અપ્રતિમકર્મ ને અપ્રતિમદ્વંદ્વ રાઘવ! ત્હને
જોઇ રહ્યું અત્ર આવેલ સુરગણુ સહુ.
નવ મ્હને સ્થાન કાકુત્સ્થ! [2]વ્રીડાતણું
[3]વિમુખ આજે થતા હું તું ત્રૈલોકયના નાથથી.
મુક્ત કર રામ સુવ્રત અહો! અપ્રતિમ શર હવે
જે થતાં ઉત્તમ મહેંદ્રપર જઇશ હું."
આમ જમદગ્નિસુત રામ બોલ્યા વચન રામ રાઘવપ્રતિ
એટલે શર કર્યું મુક્ત ઉત્તમ શ્રીમાને તહીં.
નષ્ટ સ્વાર્જીત થયા લોકને જોઇને
શીઘ્ર ચાલ્યા ગયા ભાર્ગવ મહેદ્ર ગિરિશ્રેષ્ઠમાં.
સહુ દિશાઉપદિશા મુક્ત તમથી થઈ,
સ્તવન કરતા હવા ઋષિગણુસુરો સહુ
આયુધ ધરેલ રઘુરાયનું.

---

૧ કર્મમા તેમજ યુદ્ધમા જેની બરોબરી ન કરી શકે એવા ૨ લાજનુ ૩ હારી જતાં

કરી પછી પ્રદક્ષિણા દાશરથિ રામની
પ્રપૂજિત પ્રભુ મહા રામ જમદગ્નિસુત
સદ્ય સ્વસ્થાન ચાલ્યા ગયા.

સર્ગ ૭૭ મો.

સ્વસ્થાનગમન.

રામ ભાર્ગવ જતાં [1]શાંતઆત્મા
યશસ્વી મહા રામ દશરથસુતે
આપ્યું તે ધનુષવર અમિત સુર વરુણના હસ્તમાં.
રામ રઘુનંદન વસિષ્ઠ મુખીસહિત ઋષિ સર્વને વદીને
નિજ વિકલ તાત પાસે જઇ આમ બોલ્યા વચન—
"રામ ભાર્ગવ ગયા એટલે
આપથી સનાથ ચતુરંગિણી સૈન્યને
પ્રભુ! રવાને કરો પુરી અયોધ્યાતરફ."
રામનાં વચન આ સાંભળી નૃપતિવર દશરથે
ભેટી નિજ પુત્રને મસ્તક સુંઘ્યું પછી રામનુ.
રામ ભાર્ગવ ગયા સાંભળી
હૃષ્ટ પ્રમુદિત નૃપતિ એમ મન માનતા
પુનર્જન્મેલ પોતે અને પુત્ર છે.
લશ્કર ચલાવતા શીઘ્ર આવ્યા અયોધ્યાપુરી.
ધ્વજાપતાકાવડે રમ્ય ને તુરીતણા સ્વરથકી ગાજતી,
જળથકી [2]સિક્ત ને પુષ્પપુઞ્જોથકી [3]પ્રકીર્ણ
શુભ્ર રાજમાર્ગોવડે રાજતી,
રાજઆગમનથી પ્રિય મુખ ધરાવતા,
પાગ મંગળ વળી પાણિમહીં ધારતા

---

૧ શાંત આત્માવાળા ૨ પાણી છાંટેલા. ૩ નાખેલા, વેરેલાં પુષ્પોના ઢગલાઓ વાળા સુંદર રસ્તાવડે શોભતી.

પૌર સજ્જનથી પરિપૂર્ણ ને
લોકના થોકથી શુભ અલંકૃત હતી આ પુરી.
દૂર આવેલ સહુ પૌર ને વિપ્ર પુરવાસીસહ,
ચાલતા પાછળ સુ પુત્ર શ્રીમાનસહ
રાય શ્રીમાન દશરથ યશસ્વી થયા
દાખલ સુપ્રિય હિમાચળસમા મહેલમાં.
ગૃહમહીં સ્વજનથી ઇષ્ટ વસ્તુવડે
અભિપૂજિત પાર્થ તે હર્ષ પામ્યો પરમ.
યુકત થઈ કૌસલ્યા, સુમિત્રા, સુ દર સુમધ્યમા કૈકેયી
અન્ય નૃપ પત્નીસહ પ્રતિગ્રહણ પુત્રવધુઓનું કરવામહીં.
પછી કરાવ્યો શુભ પ્રવેશ ગૃહનીમહીં
રેશમી વસ્ત્રથી રાજતી પાર્થની પત્નીએ
હોમ ને ગીત મ ગળસહિત
તે મહાભાગ સીતા મહાયશસ્વી ઊર્મિલા
ને ઉભય નૃપ કુશધ્વજતણી પુત્રીને.
દેવઆલયમહીં પૂજન કરી વળી વંદયને વંદીને
મુદિત નૃપ પુત્રીઓ સ્વામીસ ગાત આન દથી
રમણ કરતી હવી સર્વ એકાતમાં
પ્રાપ્ત કરી પત્ની વળી અસ્ત્રધનસુહૃદજન
તે નરર્ષભ કરે શુશ્રૂષા તાતની.
એક સમયે પછી રાજ દશરથ રઘુન દન
આમ બોલ્યા વચન કૈકયીપુત્ર ભરતપ્રતિ-
"પુત્ર ! આ પુત્ર પૃથિવીપતિ કૈકયતણો
મહાવીર માતુલ તવ યુધાજિત,
તેડવા જે ત્હને અત્ર આવેલ તે અહીંજ છે"
વચન કરી શ્રવણ દશરથતણાં
કૈકયીપુત્ર વર ભરત ગમનાર્થ તત્પર થયો સાથ શત્રુઘ્નની.
તાતની માતની જયેષ્ઠ શુર ભ્રાતની લઈ અનુજ્ઞા ગયો

વીરવર શ્રેષ્ઠ તે ભરત શત્રુઘ્નસહ.
પ્રાપ્ત કરી ભરતશત્રુઘ્નને પરમહર્ષિત વીર યુધાજિત
દાખલ થતાં નિજ પુરીમહીં
પરમ પ્રમુદિત થયો તાત કેકયપતિ.
ભરત ચાલ્યો જતાં રામલક્ષ્મણ મહાબળ કરે
અભિપૂજન [1]દેવસકાશ નિજ તાતનું.
પિતૃના હુકમને પાળતા, પૌરકાર્ય કરતા રામ સહુ
પ્રિય અને હિત કરે સર્વનું.
નિયમસર માતૃકાર્ય કરતા,
સમયપર કાર્ય ગુરુનું કરે. પ્રીત દશરથ થયા;
પ્રીત વ્યાપારી બ્રાહ્મણ સહુ દેશના વાસીઓ
રામ રાઘવતણા શીલ આચરણથી.
સર્વ પુત્રોમહીં શ્રેષ્ઠ ગુણવાન તે
સત્યવિક્રમ દીસે રામ સહુ લોકને
સર્વ ભૂતોમહીં વર સ્વયંભૂસમા.
રામ સુ [2]મનસ્વી મન મૂકી અર્પી હૃદય
સીયસંગાત વિહર્યા તહીં બહુ ઋતુ.
[3]પિતૃકૃત પત્ની સીતા પ્રિયા રામની
ગુણ અને રૂપથી કરી રહી વૃદ્ધિ અત્યંત આનંદમાં.
[4]દ્વિગુણ અધિકાર પતિ ભોગવે પત્નીના હૃદયપર.
મૈથિલી સીય જનકાત્મજા
દેવસમ રૂપમાં શ્રીસમ સ્વરૂપમાં
જાણતી વાત અંતરતણી નાથની નિજહૃદયગુણવડે.
આવી રાજર્ષિની પુત્રી પ્રેમાળ વર રાજકન્યાસહિત
અતીવ શોભે મુદાયુક્ત કાકુત્સ્થ તે
શ્રીસહિત વિષ્ણુ અમરેશ્વર વિભુસમા.

ઇતિ શ્રી બાલકાંડ.

---

૧ દેવના જેવા. ૨ દૃઢ નિશ્ચયવાળા. ૩ પિતાએ કરી આપેલી. ૪ બેવડો.